આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાળા ગ્રંથાંક :૩૬:

શ્રી પ્રાચીન મહાપુરૂષ વિરચિત

શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ.

★ : પ્રથમ વિભાગ : ★

ચોવીસીઓ, છૂટાં ચોવીસે જિનનાં તથા પ્રકીર્ણ સ્તવનો, ચૈત્યવન્દનો, સ્તુતિઓ, તથા સ્વાધ્યાય સંગ્રહ.

: પ્રકાશક :

: શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાળા :

(ગોપીપુરા સુરત.)

શ્રી વીર સં ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી શાન્તિ ભુવન, આણંદાણાવાનો ચકલો,

જામનગર (કાઠીયાવાડ).

★

: સંપાદક :

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગત, આચાર્યદેવ
શ્રીમદ્ **વિજયમદાનસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટ
પ્રભાકર પૂ. સિદ્ધાન્ત મહોદધિ, આચાર્યદેવ
શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટ વિભૂષક, પરમ શાસન પ્રભાવક
વ્યાખ્યાન વાચસ્પતિ, મહારાષ્ટ્રદેશો
દ્ધારક, આચાયદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી
મહારાજના શિષ્ય મુનિરાજ
શ્રી **ચારિત્રવિજયજી**
મહારાજ.

★

: મુદ્રક :

જેસંગલાલ હીરાલાલ લાલન.
જૈન ભાસ્કરોદય પ્રેસ,
જામનગર.

પ્રાક્કથન

અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ આ સંસારને અનેક ઉપમાઓથી ઉપમિત કરીને એની દુઃખમયતા, દુઃખ-ફલકતા અને દુઃખાનુબન્ધિતા વર્ણવી છે. આ સંસારને એ ઉપકારિઓએ અગ્નિની, કસાઇખાનાની, રાક્ષસની, અટવીની, કેદખાનાની, રમશાનની, વિષવૃક્ષની અને ગ્રીષ્મઋતુની ઉપમા આપીને એની ભયંકરતાને વર્ણવી છે, તેમજ સાગર આદિની ઉપમાથી પણ એની ભયાનકતા વર્ણવી છે. આમ અનેક ઉપમાથી ભયંકર તરીકે ઓળખાતા આ સંસારનું અસ્તિત્વ અનાદિ-કાલીન અને અનન્તકાલીન છે. અનન્તાનન્ત જીવો આ સંસારમાં અનાદિકાલથી પરિભ્રમણ કરી રહ્યા છે. સુખના અર્થી એવા પણ જીવો આ સંસારમાં કેવી કેવી રીતિએ રીબાઇ રહ્યા છે, એ વાત આપણા અનુભવથી બહાર નથી. જીવે આ દુઃખમય સંસારમાં અનાદિ નિગોદ નામના સ્થાનમાં અનન્ત પુદ્ગલ પરાવર્તો, એક અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા શરીરમાં અનન્તની સાથે રહીને પસાર કર્યા છે. ત્યાંથી ભવિતવ્યતાના યોગે બહાર નીકળેલ જીવે બાદરનિગોદમાં, પૃથ્વીકાયાદિ સ્થા-વરપણામાં, વિકલેંદ્રિયપણામાં, પંચેંદ્રિયપણામાં અને એમાં પણ નરકાદિક ગતિઓમાં પરિભ્રમણ કરતાં પારાવાર દુઃખો અનુભવ્યાં છે.

આવા દુઃખમય, દુઃખફલક અને દુઃખાનુબન્ધી સંસારથી પાર પામવાને સાચો ઉપાય એક શ્રી જિનભક્તિ સિવાય બીજો નથી. પાંચ પરમેષ્ઠિમાં પણ પ્રથમપદે આવતા શ્રી તીર્થંકર-પરમાત્માઓ સિવાય અન્ય કોઇ આ સંસારથી પાર પામવાનો માર્ગ બતાવનાર નથી. આવા શ્રી તીર્થંકર પરમાત્માઓ આ

અનાદિ અનન્ત સંસારમાં અનંતા થઇ ગયા છે અને ભવિષ્યમાં અનન્તા થવાના છે. વર્તમાનમાં પણ વીસ તીર્થંકર મહારાજાઓ વિચરે છે. આ પરમ તારકોનું સ્વરૂપ વચનાતીત છે. યોગ્ય સામગ્રીના કાલમાં 'વર બોધિ' ને પામી 'સવિજીવ કરૂં શાસન રસી' આવી ઉત્કટ કોટિની ભાવદયાના સ્વામી બની શ્રી તીર્થંકર નામ કર્મની નિકાચના કરી પોતાના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને નિર્વાણના ક્ષણમાં નરકના જીવોને પણ શાતા આપનારા આ તારકોની જગતમાં કોઇ જોડી નથી. આવા તારકોની ભક્તિ એજ એક આ સંસારથી પાર ઉતરવાનો રાજમાર્ગ છે. સંસારથી પાર પામવાના રાજમાર્ગનું સ્થાપન કરનાર, નિષ્કારણ જગવત્સબન્ધુ, જીવમાત્રને અભય આપનારા, લોકાલોકના ત્રૈકાલીક ભાવોના જ્ઞાતા, અપૂર્વ અને અજોડ અહિંસા ધર્મના પ્રણેતા, અપ્રતિમ કરૂણાનિધિ જગદ્‌ગુરૂ શ્રી જિનેશ્વરદેવોની ભક્તિ જેઓને નથી રૂચતી તેઓ ખરેખર આ સંસારનાજ મુસાફરો છે. એ બીચારાઓ મુક્તિના રાજમાર્ગને પામવાની લાયકાત હજુ પામ્યાજ નથી એમ કહેવામાં સહજ પણ અતિશયોક્તિ નથી.

'પૂજ્યની પૂજા કરનારો પૂજક પૂજ્ય બને' એમાં શંકાને અવકાશજ નથી. પૂજ્યોમાં પ્રથમપદે બિરાજમાન શ્રી જિનેશ્વરદેવોની ભક્તિ બે પ્રકારે થાય છે. એક દ્રવ્યથી અને બીજી ભાવથી. દ્રવ્યથી ભક્તિ અનેક પ્રકારની છે અને ભાવથી ભક્તિ એ પરમતારકોની આજ્ઞાના પાલન સ્વરૂપ છે. આજ્ઞા મુજબની શ્રી જિનની ભક્તિ ભવતારક છે, અનંત શાશ્વત અને અનુપમેય સુખની દાતા છે. આરમ્ભ પરિગ્રહથી પર બની પ્રભુમાર્ગના સર્વવિરતિ પંથે વિચરતા આત્માઓ માટે શ્રી જિનેશ્વરદેવોએ એકલી ભાવભક્તિ ઉપદેશી છે, જ્યારે

મોક્ષની કામના છતાં આરમ્ભ પરિગ્રહથી રહિત બની સર્વ વિરતિ પંથે વિચરવાની જેઓની શક્તિ નથી તેઓ માટે દ્રવ્ય ભક્તિ પૂર્વકની ભાવ ભક્તિ એ પરમારતકોએ ઉપદેશી છે. દ્રવ્ય ભક્તિ પણ ભાવ ભક્તિ માટેજ છે, એ વાત પ્રભુશાસનના આરાધકો કદી ભૂલતા નથી. જેઓ સર્વવિરતિ સ્વરૂપ ભાવ-ભક્તિને પામી શકતા નથી તેઓ આરમ્ભ પરિગ્રહમાં પ્રસકત હોવા છતાં ભાવભક્તિમાં કારણભૂત બનનારી દ્રવ્યભક્તિનો અપલાપ કરે છે તેઓ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાના અપલાપનું પાપ કરનારાઓ છે. કાર્ય ક્ષુધાને શમાવવાનું છે તેમ છતાં પણ તે પૂર્વની અનાજ મેળવવા આદિની પ્રવૃત્તિને જેમ કોઇ પણ સમજુ નિરૂપયોગી કહી શકતો નથી તેમ ભાવભક્તિની જનેતા દ્રવ્યભક્તિને પણ કોઇ સુજ્ઞ નિરૂપયોગી કહી શકતો નથી.

સમ્યકૃત્વને ધરનારા અને સર્વવિરતિને ધરવાની શક્તિના અભાવમાં દેશ વિરતિને ધરનારા પુણ્યાત્માઓ સર્વ-વિરતિને પામવાના અભિલાષને સફળ કરવા માટે દ્રવ્યભક્તિ પૂર્વકની ભાવભક્તિમાં ખૂબજ આનંદ અનુભવે છે. એવા આત્માઓ હૃદયપૂર્વક માને છે કે-'પાપના ઉદયે-આરમ્ભ અને પરિગ્રહમાં પડેલા એવા અમે જો અમારી શક્તિના પ્રમાણમાં દ્રવ્યભક્તિને આચર્યા વિના ભાવભક્તિનીજ વાતો કરીએ તો ખરેખર અમારી એ પ્રવૃત્તિ મયૂરના નૃત્ય જેવી છે. આરમ્ભ અને પરિગ્રહમાં પડેલા એવા અમારા માટે દ્રવ્યભક્તિ એ અનિવાર્ય છે. અમારી શક્તિના પ્રમાણની સુંદર દ્રવ્યભક્તિ ભાવભક્તિની જનેતા છે. ભક્તિ માટેનો આરમ્ભ એ પ્રશસ્ત આરમ્ભ છે અને શ્રી જિનની ભક્તિમાં દ્રવ્યનો વ્યય એજ

સર્વોત્તમ દ્રવ્યભક્ત છે.' આવા આત્માઓને તો દ્રવ્યભક્તિના નિષેધકો સૂત્રવિરૂદ્ધ બોલનારાજ લાગે છે.

સર્વવિરતિની લાલસાને જન્માવનાર દેશવિરતિના અને સમ્યક્ત્વના પરિણામના યોગે અથવા મોક્ષરૂચિના પ્રતાપે 'મોક્ષ માર્ગના સ્થાપકનો ઉપકાર આ જગતમા અનેડ છે.' આવી મનોદશાને ધરનારા પુણ્યાત્માઓ ભાવભક્તિની જનેતા દ્રવ્ય-ભક્તિ વિના શાન્તિ નથી અનુભવી શકતા. દ્રવ્યભક્તિની ઇરાદા પૂર્વકની ઉણપ સાચી ભાવભક્તિ જન્મવામાં અન્તરાયભૂત થાય છે, એવો અનુભવ એ પુણ્યાત્માઓને બરાબર થાય છે. પરિગ્રહની આસક્તિજ એવી ઉણપને લાવનાર છે, એવો ખ્યાલ એવા આત્માઓને આવ્યા વિના રહેતો નથી. પોતાની શક્તિને અનુરૂપ સુંદર દ્રવ્યોથી સુંદર અંગરચનાદિ સ્વરૂપ આજ્ઞાનુ-સારિણી દ્રવ્યભક્તિ કર્યા પછી ભાવભક્તિમાં લીન થતા આત્માના અંતઃકરણમાં સુંદર ભાવોના જે ઉછાળા આવે છે, એનો અનુભવ તો તેજ આત્માઓ કરી શકે છે. એના યોગે દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય આદિની જે નિર્જરા થાય છે તે અનુપમ કોટિની હોય છે. આવી દ્રવ્યભક્તિનો અપલાપ આરમ્ભ આદિના બ્હાને કરનારા શ્રી જિન શાસનના પરમાર્થને પામ્યા નથી. પરમાર્થને નહિ પામેલા એવા આત્માઓ ઉન્માર્ગના દેશક બની ભદ્રિક આત્માઓના ધર્મપ્રાણના નાશક બની સ્વયં શ્રી જિનની આજ્ઞાના વિરાધક બની અન્યને પણ શ્રી જિનની આજ્ઞાના વિરાધક બનાવી પોતાના સંસારને વધારે છે. સર્વવિરતિ ગુણસ્થાનકને ધરનારા મહાત્માઓના દૃષ્ટાન્તથી પાંચમે અને ચોથે ગુણસ્થાનકે રહેલાઓને દ્રવ્ય-ભક્તિનો નિષેધ કરનારાઓ ગુણસ્થાનકની મર્યાદા પણ નથી સમજ્યા એ સુનિશ્ચિત છે. છઠ્ઠે ગુણસ્થાનકે રહેલા મહાત્માઓ

અનારંભી અને અકિંચન હોઇ તેઓ માટે સંસારતારક અને મોક્ષપ્રાપક શ્રી જિનેશ્વરદેવોએ એકલી ભાવભકિતજ ઉપદેશી છે. એ મહાત્માઓને દ્રવ્યભકિત કરવાના મનોરથ ન થવા જોઇએ અને થાય તો તેમાં તેઓ માટે ગુણની ઉણપ લેખાય છઠ્ઠે ગુણસ્થાનકે રહેલા મહાત્માઓ માટે જ્યારે આ વાત છે ત્યારે મોક્ષરૂચિ, સમ્યકૃત્વ અને દેશવિરતિ પરિણામમાં રમતા આત્માઓને મોક્ષમાર્ગના સ્થાપક શ્રી જિનેશ્વરદેવોની પોતાની શકિતને અનુરૂપ દ્રવ્યભકિત કરવાના પણ સુંદર સુંદર મનોરથો ન જન્મે અને યથાશકિત એનો અમલ ન કરે તો એમના એ ગુણમાં પણ ઉણપ ગણાય. જ્યાં પોત પોતાના અધિકાર મુજબ વર્તવાનું હોય ત્યાં શ્રાવકોને દ્રવ્યભકિતનો અધિકાર અને સાધુઓને કેમ નહિ? આવા પ્રશ્નને અવકાશ રહેતોજ નથી. એકજ વૈદ્ય એકને ખાવાનો નિષેધ કરે છે અને બીજાને મન ફાવે તેવી તેવી ચીજો ખાવા ખાસ ભલામણ કરે છે, ત્યાં પ્રથમનો દર્દી કહે કે- 'મને ખાવાની મના કરો છો અને આને ખાસ ખાવાની ભલામણ કરો છો માટે તમે પક્ષપાતી છો' આમ કહેનારને વૈદ્ય કહે છે કે- 'ગાંડા! આમાં પક્ષપાત નથી તારે નિરોગી થવું હોય તો હું કહું છું તેમ કર' આજ રીત ભાવરોગને દૂર કરવા ધન્વંતરી સમા શ્રી જિનેશ્વરદેવો માટે સમજવી અતિશય જરૂરી છે. જો આ વાત બરાબર સમજાઇ જાય તો બોટી વિકલ્પજાળ ઉઠે જ નહિ અને કદાચ ઉઠે તો પણ સ્વયં વિરામ પામી જાય.

દ્રવ્ય અને ભાવભકિતમાં ભાવભકિત મુકિતની સાધિકા છે અને ભાવભકિત લાવવા માટે કરાતી દ્રવ્યભકિત ભાવભકિતને લાવનારી છે એટલે દ્રવ્યભકિત પરંપરાએ મુકિતનીજ સાધક બને છે. ઉપરોકત બન્ને પ્રકારની વાસ્તવિક ભકિત,

"जिणपन्नतं तत्तं इय सम्मत्तं मए गहियं" અથવા તો "तमेव सच्चं निःसंकम् जं जिणेहिं पवेइयं" આવી અપ્રકમ્પિત માન્યતાવાળા આત્માઓજ કરી શકે છે. જ્ઞાનિઓએ દ્રવ્યભક્તિમાં કે ભાવભક્તિમાં મુક્તિ અને મુક્તિની સાધનામાં જરૂરી અંગો સિવાયની અન્ય આશંસા રાખનારાઓની ભક્તિને વાસ્તવિક દ્રવ્ય કે ભાવમાં ગણીજ નથી. 'સુરનર સુખ દુઃખ કરી લેખવે, ઇચ્છે શિવસુખ એક' આવી શુદ્ધ માન્યતાવાળા આત્માઓજ સાચી ભાવભક્તિ કરી શકે છે. સંસાર સુખના રસિઆઓ અને મોક્ષ પ્રત્યે અરૂચિવાળા આત્માઓ સાચી ભાવભક્તિ કરવા માટે અયોગ્ય છે. તેનીજ દ્રવ્યભક્તિ ભાવ-ભક્તિનું કારણ બને છે કે જેમાં પૌદ્ગલિક સુખની કામના સિવાય આત્મિક સુખની ઇચ્છાએ જ દ્રવ્યભક્તિ આચરી છે. એજ દ્રવ્યભક્તિ ભાવભક્તિનું કારણ બને છે. ઉપરોકત ઇચ્છાથી વિપરીત રીતે કરાતું અનુષ્ઠાન શુભ અનુષ્ઠાનની કક્ષાએ પહોંચી શકતું નથી. કિન્તુ અશુભ અનુષ્ઠાન બની સંસારસાગરમાં ભયંકર યાતનાઓને ઉપજાવનારૂં બને છે અને આત્માને મુક્તિથી અતિ દૂર બનાવનારૂં બને છે.

ભાવભક્તિસુખસાગરમાં ઝીલતા અનેક મહાપુરૂષો આઠે કર્મોનો વિનાશ કરી અજરામર પદને પામી સર્વ દુઃખોથી મુકત બની ગયા. ભાવભક્તિમાં ઝીલતા મહાપુરૂષોએ ભાવ-ભક્તિમાં ઝીલાવવા સુંદર પદ્યોમાં આન્તરિક સુંદર ભાવોની રેલમછેલ કરી છે. શ્રી જિનશાસનમાં સંસ્કૃત ભાષામાં, પ્રાકૃત ભાષામાં, સર્વદિક્ સાહિત્યનો પાર નથી. પ્રસિદ્ધ થયાથી કંઇગુણું સાહિત્ય અપ્રસિદ્ધ પડયું છે એજ રીતે ગુજરાતી સાહિત્ય પણ ઘણું છે. અપ્રસિદ્ધ પદ્યસગ્રહ ઘણો આંખ સ્હામે આવતાં ધીમે

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ

— સ્વર્ગસ્થ આચાર્યદેવ —




શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજના

— પટ્ટાલંકાર —



પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ

શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ, આચાર્યવર્ય શ્રીમદ્

વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાકર



પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ,

— આચાર્યદેવ —

શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

ધીમે આ સાહિત્યને સંપાદિત કરી આબાળજનભોગ્ય બનાવવાની ઇચ્છા થતાં "શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ" નામનું પચીસ ફર્માનું પુસ્તક પ્રથમ સંપાદન કરવાનું મહત સદ્‌ભાગ્ય સાંપડયું છે. જેમાં ચોવીશી સંગ્રહ નામનો પ્રથમ વિભાગ, બીજો વિભાગ પ્રકીર્ણ સ્તવન સંગ્રહ, ત્રીજો વિભાગ ચૈત્યવન્દનો અને સ્તુતિ સંગ્રહ અને ચોથો વિભાગ સ્વાધ્યાય સંગ્રહ, એમ વ્યવસ્થિત કરવામાં આવેલ છે.

આ પુસ્તકના ચોવીસીસંગ્રહ નામના પ્રથમ વિભાગમાં મહામહોપાધ્યાય શ્રી મેઘવિજયજી મહારાજની ચોવીસી પ્રથમ આપવામાં આવી છે. તેઓશ્રી તપગચ્છમાં થએલા છે અને અકબરપ્રતિબોધક જગદ્‌ગુરૂ આચાર્ય ભગવાન્ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજની પરમ્પરામાં થયા છે. એમનું કવિત્વ રોચક અને ભાવવાહી છે. આ કવિએ ભાષામાં રાસાદિ ઘણું સાહિત્ય પદ્યાત્મક રચીને ભાવિ પ્રજાને ઉપકૃત કરી છે. દેવાનંદાભ્યુદય, ચન્દ્રપ્રભા વ્યાકરણ, સપ્તસંધાન મહાકાવ્ય, શ્રી શાન્તિનાથ ચરિત્ર, તત્ત્વગીતા, ધર્મમંજુષા, યુક્તિપ્રબોધ નાટક, હૈમચંદ્રિકા, મેઘદૂતસમસ્યાદિ અનેક ગ્રન્થો રચ્યા છે. એ એમની સંસ્કૃત આદિ ભાષાની પ્રૌઢતાનું પ્રતીક છે.

ચોવીસી સંગ્રહમાં બીજી ચોવીસી મુનિવર શ્રી કેસરવિમલજીકૃત આપી છે. તેઓએ ચોવીસીના પ્રત્યેક જિનનાં સ્તવનો રચ્યા બાદ ચોવીસે જિનની ભેગી સ્તવના કરતાં ચોવીસીની રચના કયારે કરી વિગેરે જણાવ્યું છે. ૧૭૫૦ ની સાલમાં અને માંગરોલ બંદરે આ ચોવીસીની રચના કરી છે 'શાન્તિવિમલ ગુરૂરાયા એ,' એના દ્વારા પોતાના ગુરૂનું નામ પણ સૂચિત કર્યું છે.

આ પછી ત્રીજી ચોવીસી મુનિવર શ્રી જસવિજયજી મહારાજની આપવામાં આવી છે. આ ચોવીસીમાં આદિનાં ૭

સ્તવનો ઉપલબ્ધ નહિ થવાથી પ્રકાશિત કરવામાં આવ્યાં નથી. ચોવીસીના કર્તા કવિ શ્રી જશવિજયજી મહારાજાએ કલશમાં ચોવીસીના સર્જનનો કાળ 'સંજમ ભેદે સંવત જાણી, પ્રવચન આંકજ જાણીએ; ધરમ ભેદે જુગતે જોડી, વરસ (૧૭૮૪) સંખ્યા વખાણીએ.' આ પદ્ય દ્વારા સં. ૧૭૮૪ નો સમય જ્ઞાપિત કર્યો છે તેઓ તપગચ્છમાં તિલક સમાન પંન્યાસપ્રવર શ્રી સત્યવિજયજી મહારાજના શિષ્ય હતા. આ કવિનું પદ્ય સુંદર ભાવવાહી છે અને ગાતાં મનોરંજન કરે તેવું છે.

ચોથી ચોવીસી મુનિવર શ્રી રતનવિજયજી મહારાજની મૂકવામાં આવી છે. તેઓએ આ ચોવીસીની રચના સુરતમાં ચાતુર્માસ રહ્યા હતા ત્યારે કરી છે. આ કવિ અઢારમી સદીમાં થયા છે. તેઓશ્રી મુનિપુંગવ શ્રી ઉત્તમવિજયજી મહારાજના શિષ્ય છે. આ કવિએ પોતાની પૂર્વજ પરંપરા તે ચોવીસ જિનનાં પ્રત્યેક સ્તવનો રચ્યા બાદ ચોવીસે જિનની સમુહાત્મક સ્તવના કરતાં જણાવી છે.

આ પછી પાંચમી ચોવીસી શ્રી જિનહર્ષકૃત મૂકવામાં આવી છે. આ સ્તવનો પ્રાયઃ ત્રણ ત્રણ ગાથાનાં છે. રાત્રિના ભાવના વિગેરેમાં વધુ ઉપયોગી બને તેમ હોવાથી પ્રસિદ્ધ હોવા છતાં પણ આમાં દાખલ કરેલ છે.

આ રીતે પાંચ ચોવીસીમાં શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહનો પ્રથમ વિભાગ પૂર્ણ કર્યો છે.

આ પછી બીજા વિભાગમાં પ્રકીર્ણ સ્તવનોનો સંગ્રહ આપવામાં આવ્યો છે. અત્યંત ભાવવાહી અને ગાયકને સંવેગરંગમાં ઝીલાવવાના કારણરૂપ હોવાથી ક્વચિત્ ક્વચિત્ પ્રસિદ્ધ સ્તવનોને પણ આ વિભાગમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ વિભાગમાં

ચોવીસે જિનનાં, વિહરમાન જિનનાં અને તીર્થાદિનાં અપ્રસિદ્ધ સ્તવનો જેટલાં પ્રાપ્ત થયાં એટલાં સઘળાં મૂકવામાં આવ્યાં છે. શ્રી ઋષભદેવ જિનનું તેર ભવ વર્ણન સ્તવન છ ઢાળનું, પાંચ ઢાળનું આલોયણા વિચાર ગર્ભિત શ્રી આદિ જિન સ્તવન, શ્રી રંગવિજયજી કૃત શ્રી મહાવીર જિન સત્તાવીસ ભવનું સાત ઢાળનું સ્તવન, શ્રી લાવણ્યસમયજી કૃત શ્રી સીમંધર જિન વિનતિ પચાસ ગાથાની, કવિશ્રી કમલવિજયજી કૃત સાત ઢાળની શ્રી સીમંધર જિનની પત્રરૂપે વિનતિ,શ્રી શુભવિજયજી મહારાજના શિષ્ય શ્રી વીરવિજયજી મહારાજાએ બનાવેલ બાવીસ ઢાળનો શ્રી નેમનાથ ભગવાનનો વિવાહલો અને તેઓશ્રીનું કરેલ શ્રી મહાવીરસ્વામી જિન પંચ કલ્યાણક સ્તવન છ ઢાળનું, આ વિગેરે બીજા વિભાગમાં આપવામાં આવેલ છે. શ્રી શુભવીર જૈન સમાજમાં સુપ્રસિદ્ધ છે. એમનું પદ્યાત્મક સાહિત્ય જૈન સમાજમાં ઘણુંજ આવકાર પામ્યું છે. ચોસઠ પ્રકારી આદિ પૂજાઓમાં એમની વિદ્વત્તા દેખાયા વગર રહેતી નથી. તેઓશ્રીમાં શ્રી જિનશાસનની શ્રદ્ધા કોઇ અપૂર્વ કોટિની દેખાય છે. આ વિભાગમાં એમનો મોટો હિસ્સો છે. આ રીતે બીજો વિભાગ પૂર્ણ થયો છે.

ત્રીજા વિભાગમાં શ્રી ચૈત્યવન્દનો અને સ્તુતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે અને ચતુર્થ વિભાગમાં સ્વાધ્યાય (સજ્ઝાય) વિભાગ રાખવામાં આવ્યો છે. આમાં પૂર્વ મહર્ષિઓના ગુણોથી ભરેલા સ્વાધ્યાયો, વિષયોની વિષમતા, કષાયોની કટુતા, અને ઇન્દ્રિઓની અસારતાદિને વર્ણવતા સ્વાધ્યાયો આપવામાં આવ્યાં છે.

આ રીતે એક અપૂર્વ ગ્રન્થને સંકલિત કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. આ એક મહાન નિર્જરાનું કાર્ય છે. પૂર્વ પુરુષો

વિખૂટી કૃતિઓને આ રીતે સંકલિત કરવા દ્વારા કૃતિઓનો નાશ અટકાવવા પૂર્વક સર્વભોગ્ય બનાવવી, એ પણ આત્મ-કલ્યાણના અર્થી માટે મહત્ શાસન સેવા છે.

આ આખાએ સંગ્રહને એકત્રિત કરી આપનાર મુનિરાજ શ્રી માનતુંગવિજયજી છે. તેમને પ્રાચીન કાવ્યસાહિત્ય ઘણા પ્રમાણમાં કંઠસ્થ છે. એમના દ્વારા કરાતો સ્વાધ્યાય સંવેગ-સમુદ્રમાં શ્રોતાને ઝીલાવે તેમ છે. એમની આવા પ્રકારના અપ્રસિદ્ધ સાહિત્યની ખોજ કરવાની પ્રવૃત્તિ કાયમી છે. આ ગ્રન્થનું સંપાદન એમની એ પ્રવૃત્તિનેજ આભારી છે.

ઉપર્યુક્ત સંગ્રહના સંપાદનમાં, પૂ. પરમ ઉપકારી ગુરૂદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો અપૂર્વ સાથ છે. તેઓશ્રીની સંપૂર્ણ કૃપાથીજ આ સંકલન કરવા માટે હું મંદમેધા સમર્થ બની શક્યો છું.

આ સંકલનમાં મારા પ્રમાદ આદિ કારણોથી જે કાંઇ ત્રુટિઓ રહી જવા પામી હોય તેને માટે હુંજ જવાબદાર છું. અણસમજણના કારણે, પ્રાચીન સ્તવનાદિની મૂળ નકલોની અપ્રાપ્તિના કારણે અને દૃષ્ટિદોષાદિના કારણે આ સંગ્રહમાં જે કાંઇ અશુદ્ધિ આદિ રહી જવા પામેલી હોય તે અવશ્ય સુજ્ઞ-પુરૂષો મ્હારા ઉપર ઉપકાર કરી જણાવશે તો આ પુસ્તક ફરીથી પ્રગટ થવાનું હશે તો તે વખતે તે ભૂલોને સુધારી લેવાનો પ્રયત્ન પણ કરી શકીશ.

જગતમાં સ્તવના એ કોઇ નવીન વસ્તુ નથી. દુન્યવી સ્વાર્થના હેતુથી જગતમાં સુમાર વિનાની સ્તવનાઓ થાય છે. પોતાના હેતુને પાર પાડવાને માટે લોકો કૃપણને દાનવીર અને

ક્રોધમૂર્તિને ક્ષમાવતાર કહે છે. આવી સ્તવનાઓ તત્કાલ અને પરંપરાએ પણ સ્તવના કરનારને હાનિ જ કરે છે.

સ્તવના માટે સ્તવવા યોગ્યની ખોજ પહેલી જરૂરી છે. જેનામાં કોઇપણ પ્રકારના દોષનો લેશ ન હોય અને જેનામાં કોઇજ ગુણની ખામી ન હોય, એની સ્તવના અને એને એના જેવા બનવાને માટે સ્તવનારાઓની સ્તવના, એ સિવાય કોઇ જ સ્તવના કરવા લાયક નથી. એજ કારણસર, સ્તવનાદિનો અન્ય કોઇ પ્રયત્ન નહિ કરતાં શ્રી જિનેન્દ્રસ્તવનાદિ કાવ્ય-સંદોહને વિષે પ્રયત્ન કર્યો છે.

આ સ્તવના વસ્તુતઃ આત્માને પોતાને માટે જ છે. જેની સ્તવના કરાય છે તે તો રાજી કે નારાજ થાય તેવા નથી. એટલે આ સ્તવનાનું ફલ આપણે આપણા મનોભાવના આધારેજ મેળવવાનું રહે છે. મહાપુરૂષોએ પોતાનો મનોભાવ પદ્યમાં મૂક્યો, આપણે એ જોયો ને આપણને રૂચ્યો, એટલે આપણે એને આપણો બનાવી લીધો. એમાંજ આપણી સિદ્ધિ છે. આ સંપાદનનો એ આશય સ્વપરને માટે સફલ નિવડે એવી અભિલાષા સાથે વિરમું છું.

વિ. સં. ૨૦૦૪
માગસર સુદ ૧૧
શ્રી જામનગર

ચારિત્રવિજય.

વિષયાનુક્રમણિકા.

નંબર	વિષય	સંખ્યા.	પૃષ્ઠ નં૦
વિભાગ પહેલો શ્રી ચોવીસી સંગ્રહ		**ચો. ૫**	**૧ થી ૮૨**
૧	મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી કૃત ચોવીસી	સ્ત. ૨૪	૧
૨	શ્રી કેશરવિમલજી કૃત ચોવીસી તથા ચોવીસે જિનનું સ્તવન	૨૫	૧૭
૩	શ્રી ખીમાવિજયજી શિષ્ય— શ્રી જશવિજયજી કૃત ચોવીસી	૧૮	૩૪
૪	શ્રી રતનવિજયજી કૃત ચોવીસી	૨૪	૫૧
૫	શ્રી જિનહર્ષજી કૃત ચોવીસી	૨૪	૭૩
વિભાગ બીજો પ્રકીર્ણ સ્તવન સંગ્રહ.		**સ્ત. ૧૩૭**	**૮૩ થી ૨૮૩**
૧	શ્રી ઋષભદેવ જિન સ્તવનો	સ્ત ૯	૮૩ થી ૯૯
૧ થી ૬	શ્રી ઋષભદેવ જિન સ્તવનો		
૭	શ્રી સર્વાર્થસિદ્ધ ભવ વર્ણન ગર્ભિત શ્રી ઋષભદેવ જિન સ્તવન.		૮૬
૮	શ્રી ઋષભદેવ જિન તેર ભવ વર્ણન સ્તવન ઢાળ ૬		૮૮
૯	આઠોયણા વિચાર ગર્ભિત શ્રી આદિજિન સ્તવન ઢાળ ૫		૯૪
૨	શ્રી અજિતનાથ જિન સ્તવનો	૩	૯૯
૩	શ્રી સંભવનાથ જિન સ્તવનો	૨	૧૦૧
૪	શ્રી અભિનંદન જિન સ્તવન	૧	૧૦૨
૫	શ્રી સુમતિનાથ જિન સ્તવનો	૨	૧૦૪

નંબર	વિષય	સંખ્યા	પૃ.નં૦
૬	શ્રી પદ્મપ્રભજિન સ્તવન	૧	૧૦૫
૭	શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવનો	૨	૧૦૬
૮	શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવનો	૨	૧૦૮
૯	શ્રી સુવિધિનાથ જિન સ્તવનો	૩	૧૦૯
૧૦	શ્રી શીતલનાથ જિન સ્તવન	૧	૧૧૧
૧૧	શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન	૧	૧૧૧
૧૨	શ્રી વાસુપૂજ્ય જિન સ્તવનો	૨	૧૧૨
૧૩	શ્રી વિમલનાથ જિન સ્તવનો	૪	૧૧૪
૧૪	શ્રી અનંતનાથ જિન સ્તવન	૧	૧૧૬
૧૫	શ્રી ધર્મનાથ જિન સ્તવનો	૨	૧૧૭
૧૬	શ્રી શાંતિનાથ જિન સ્તવનો	૭	૧૧૮
૧૭	શ્રી કુંથુનાથ જિન સ્તવન	૧	૧૨૩
૧૮	શ્રી અરનાથજિન સ્તવન	૧	૧૨૪
૧૯	શ્રી મલ્લિનાથ જિન સ્તવન	૧	૧૨૪
૨૦	શ્રી મુનિસુવ્રત જિન સ્તવન	૧	૧૨૫
૨૧	શ્રી નમિનાથ જિન સ્તવનો	૨	૧૨૬
૨૨	શ્રી નેમિનાથ જિન સ્તવનો	૧૦	૧૨૭–૧૫૩
	૧ થી ૯ શ્રી નેમિનાથ જિન સ્તવનો		૧૨૭
	૧૦ શ્રી નેમિનાથ ભગવાનનો વિવાહલો ઢાળ ૨૨		૧૩૫
૨૩	શ્રી પાર્શ્વનાથ જિન સ્તવનો	૨૮	૧૫૩ થી ૧૭૮
	૧ થી ૧૨ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવનો		૧૫૩
	૧૩ થી ૧૭ શ્રી ગોડીપાર્શ્વનાથ જિન સ્તવનો		૧૬૦
	૧૮ થી ૨૦ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવનો		૧૬૪


નંબર	વિષય	સંખ્યા	પૃ.નં૦
	૨૧ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિન સ્તવન		૧૬૬
	૨૨ શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિન સ્તવન		૧૬૭
	૨૩ શ્રી કોકા પાર્શ્વનાથ જિન સ્તવન		૧૬૮
	૨૪ શ્રી નારંગપુર પાર્શ્વનાથ જિન સ્તવન		૧૬૯
	૨૫ શ્રી મનમોહન પાર્શ્વનાથ જિન સ્તવન		૧૭૦
	૨૬ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિન સ્તવન		૧૭૧
	૨૭ શ્રી ભાભા પાર્શ્વનાથ જિન સ્તવન		૧૭૧
	૨૮ શ્રી જિન મૂર્તિપૂજા વિધાયક પાર્શ્વનાથ જિન સ્તવન, ઢાળ-૨		૧૭૨
૨૪	શ્રી મહાવીરસ્વામી જિન સ્તવનો	૭	૧૭૮થી૨૦૧
	૧ થી ૩ શ્રી મહાવીર સ્વામી જિન સ્તવનો		
	૪ શ્રી છદ્મસ્થકાલમાં કરેલી તપશ્ચર્યાને વર્ણવતુ શ્રી વીર જિન સ્તવન		
	૫ શ્રી વસંતોત્સવે મહાવીર જિન સ્તવન		
	૬ શ્રી મહાવીર સ્વામી જિન પંચકલ્યાણક સ્તવન ઢાળ ૬		
	૭ શ્રી મહાવીર સ્વામિ જિન સત્તાવીશ ભવનું સ્તવન ઢાળ ૭		
૨૫	સામાન્ય જિન સ્તવનો	૫	૨૦૨થી૨૦૫
૨૬	શ્રી જિન જન્મ રાસ ક્રીડા સ્તવન ઢાળ ૨	૧	૨૦૫
૨૭	શ્રી શાશ્વતા જિન સ્તવન ઢાળ ૭	૧	૨૦૭
૨૮	શ્રી પંચપરમેષ્ઠિ સ્તવનો	૨	૨૧૫
૨૯	શ્રી પંચતીરથનું સ્તવન	૧	૨૧૯
૩૦	શ્રી આગમનું સ્તવન	૧	૨૨૧

નંબર	વિષય		પૃષ્ઠ નં૦
૩૧	શ્રી સિદ્ધચક્રજીનાં સ્તવનો		૨૨૨
૩૨	શ્રી દીવાળીનાં સ્તવનો		૨૨૫
૩૩	શ્રી અષ્ટાપદ તીર્થનું સ્તવન	૧	૨૨૭
૩૪	છ અઠ્ઠાઇનું સ્તવન ઢાળ-૯	૧	૨૨૯
૩૫	શ્રી વિહરમાન જિન સ્તવનો	૧૫	૨૩૬ થી ૨૬૬
	૧ ઉત્કૃષ્ટકાલીન શ્રી ૧૭૦ વિહરમાન જિન સ્તવન		૨૩૬
	૨-૩ શ્રી વીસ વિહરમાન જિન સ્તવનો		૨૩૭
	૪થી૯ શ્રી સીમંધર જિન સ્તવનો		૨૩૮
	૧૦ આત્મનિંદાગર્ભિત શ્રી સીમંધર જિન વિનતિ ઢાળ-૩		૨૪૩
	૧૧ ચોત્રીસ અતિશયગર્ભિત શ્રી સીમંધર જિનસ્તવન ઢાળ-૩		૨૪૭
	૧૨ શ્રી સીમંધર જિન વિનતિ ગાથા-૪૯		૨૪૯
	૧૩ શ્રી સીમંધર જિનને પત્ર રૂપે વિનતિ ઢાળ-૭		૨૫૭
	૧૪ શ્રી યુગમંધર જિન સ્તવન		૨૬૫
	૧૫ શ્રી દેવયશા જિન સ્તવન		૨૬૬
૩૬	શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનો	૯	૨૬૭ થી ૨૭૮
	૧ થી ૫ શ્રી શત્રુંજય મહાતીર્થનાં સ્તવનો		૨૬૭
	૬ શ્રી સિદ્ધાચલજીનું પ્રભાતીયું		૨૭૨
	૭-૮ શ્રી શત્રુંજય મંડન શ્રી ઋષભદેવ જિન સ્તવનો		૨૭૨
	૯ શ્રી શત્રુંજયમંડન શ્રી આદિજિન વિનતિ ઢાળ-૫		૨૭૪
૩૭	શ્રી અષ્ટકર્મ સ્તવન ઢાળ-૩	૧	૨૭૮
વિભાગ ત્રીજો શ્રી ચૈત્યવંદન સ્તુતિ સંગ્રહ.			**૨૮૪ થી ૩૨૧**
૧	**ચૈત્યવંદનો**	**૧૩**	**૨૮૪ થી ૨૯૨**
	૧ શ્રી ઋષભદેવ જિન ચૈત્યવંદન		૨૮૪
	૨ શ્રી અજિતનાથ જિન ચૈત્યવંદન		૨૮૪
	૩ આત્મનિંદાગર્ભિત શ્રીશીતલનાથ જિન સ્તુતિ ૨૧ ગાથા		૨૮૫

નંબર	વિષય	સંખ્યા	પૃષ્ઠાંક
૪	શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન		૨૮૭
૫	શ્રી મહાવીર સ્વામી જિન ચૈત્યવંદન		૨૮૭
૬-૭	શ્રી શાશ્વતા જિન ચૈત્યવંદન		૨૮૭
૮	ભાવિજિન ચોવીસી ચૈત્યવંદન		૨૮૮
૯	શ્રી સીમંધર જિન ચૈત્યવંદન		૨૮૯
૧૦	શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન		૨૮૯
૧૧	શ્રી પંચતીર્થનું ચૈત્યવંદન		૨૯૦
૧૨	શ્રી સિદ્ધચક્રનું ચૈત્યવંદન		૨૯૦
૧૩	શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન		૨૯૧
૨	સ્તુતિ સંગ્રહ.	૩૪	૨૯૨ થી ૩૨૧
૧	શ્રી ચોવીસે તીર્થંકર ભગવાનની સ્તુતિઓ		૨૯૨
૨ થી ૪	શ્રી ઋષભદેવ જિન સ્તુતિઓ		૨૯૮
૫-૬	શ્રી નેમિનાથ જિન સ્તુતિઓ		૩૦૦
૭ થી ૯	શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તુતિઓ		૩૦૧
૧૦	શ્રી વીર જિન સ્તુતિ		૩૦૩
૧૧	શ્રી શાશ્વત જિન સ્તુતિ		૩૦૩
૧૨	શ્રી સીમંધર જિન સ્તુતિ		૩૦૫
૧૩	શ્રી સામાન્ય જિન સ્તુતિ (પ્રાકૃત)		૩૦૫
૧૪-૧૫	શ્રી સિદ્ધચક્રની સ્તુતિઓ		૩૦૬
૧૬	શ્રી રોહિણી તપની સ્તુતિ		૩૦૭
૧૭-૧૮	પંચમીની સ્તુતિ		૩૦૮
૧૯	મૌન એકાદશીની સ્તુતિ		૩૦૯
૨૦	એકમની સ્તુતિ		૩૧૦
૨૧	બીજની ,,		૩૧૧
૨૨	ત્રીજની ,,		૩૧૧
૨૩	ચોથની ,,		૩૧૨

નંબર	વિષય		સંખ્યા	પૃ.નં.
૨૪	પાંચમની	સ્તુતિ		૩૧૨
૨૫	છઠની	,,		૩૧૩
૨૭	સાતમની	,,		૩૧૪
૨૮	આઠમની	,,		૩૧૪
૨૮	નોમની	,,		૩૧૫
૨૯	દશમની	,,		૩૧૬
૩૦	અગીયારસની	,,		૩૧૬
૩૧	બારશની	,,		૩૧૭
૩૨	તેરશની	,,		૩૧૮
૩૩	ચૌદશની	,,		૩૧૯
૩૪	પૂનમની	,,		૩૨૦
૩૫	અમાસની	,,		૩૨૦
૩૬	શુકલપક્ષ કૃષ્ણપક્ષની સ્તુતિ			૩૨૧
વિભાગ ચોથો સજઝાય સંગ્રહ			૪૨	૩૨૨ થી ૩૯૨
૧	શ્રી નવકાર મંત્રની	સજઝાય		૩૨૨
૨	શ્રી જિન વાણીની	,,		૩૨૩
૩-૪	શ્રી સુધર્મા ગણધરની	,,		૩૨૩
૫	શ્રી યુગપ્રધાન સંખ્યા બતાવતી	,,		૩૨૫
૬	શ્રી સાધુગુણની	,,		૩૨૭
૭	કર્મગતિ વિષયક શ્રી કૃષ્ણ વાસુદેવની	,,		૩૨૮
૮	શ્રી ઢંઢણ ઋષિની	,,		૩૩૩
૯	શ્રી ગજસુકુમાલની	,,		૩૩૫
૧૦	શ્રી નંદિષેણની	,,		૩૩૮
૧૧	શ્રી મેઘકુમારની	,,		૩૩૯
૧૨	શ્રી જિનપાલિત-જિનરક્ષિતની	,,		૩૪૪
૧૩	પ્રદેશી રાજાના દશ પ્રશ્નની	,,		૩૪૮

નંબર	વિષય	સંખ્યા	પૃ.નં.
૧૪	શ્રી સર્વાર્થસિદ્ધ વિમાનની	સજ્ઝાય	૩૫૦
૧૫	વિષયની વિષમતાની	,,	૩૫૧
૧૬	વિષયતૃષ્ણા નિવારક	,,	૩૫૨
૧૭	શીયલની નવ વાડની	,,	૩૫૩
૧૮	શીયલ બત્રીસી	,,	૩૫૫
૧૯	રાજીમતીની	,,	૩૫૮
૨૦-૨૧	ચંદનબાળાની	,,	૩૫૯
૨૨	સતી સીતાની	,,	૩૬૧
૨૩ થી ૨૫	વૈરાગ્યની	,,	૩૬૩
૨૬	ક્રોધની	,,	૩૬૬
૨૭	માનની	,,	૩૬૭
૨૮	માયાની	,,	૩૬૮
૨૯	લોભની	,,	૩૬૮
૩૦	નિદ્રાની	,,	૩૬૯
૩૧	ગુણસ્થાનકની	,,	૩૭૦
૩૨-૩૩	ઉપશમની	,,	૩૭૨
૩૪	આધ્યાત્મિકપદ	,,	૩૭૫
૩૫-૩૬	શ્રી આત્મબોધના	,,	૩૭૫
૩૭	હિત શિખામણની	,,	૩૭૭
૩૮	શ્રી આત્મબોધની	,, ઢાળ ૮	૩૭૮
૩૯	આત્મશિક્ષા રૂપ નાણાવટીની	,,	૩૮૬
૪૦	દાનધર્મની	,,	૩૮૭
૪૧	શ્રી સ્થૂલિભદ્રજીની	,,	૩૮૮
૪૨	આત્મભાવના બત્રીશી	,,	૩૯૦



સ્વ. વોરા ઉમેદલાલ કાળીદાસ

સહાયકનો ટૂંક પરિચય.

વિ. સં. ૧૯૫૪ માં વોરા ઉમેદલાલનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ શ્રી કાન્તિદાસ વોરા અને તેમનાં માતાનું નામ સાકરબાઇ. તેઓ જામનગરના વતની હતા. વોરા ઉમેદલાલ સાત વર્ષની વયના થયા, ત્યાં તો તેમના પિતાશ્રીનું દેહાવસાન થયું. નાનપણમાં થોડું ઘણું શિક્ષણ મેળવીને તેઓ અર્થોપાર્જનના વ્યવસાયમાં પડયા; કારણકે તેમના ઘરની આર્થિક સ્થિતિ તદ્દન સાધારણ હતી અને કોઇ કમાનાર ન હતું.

વોરા ઉમેદલાલે જામનગરથી મુંબઇ જઇ નોકરી કરવા માંડી. તેમની નિમકહલાલીથી તે આગળ વધતા ગયા. ક્રમે કરીને તેમણે પોતાનો સ્વતન્ત્ર ધંધો શરૂ કર્યો અને તેમાં તેમને સારી સફળતા મળી તેઓની સમૃદ્ધિ દિવસે દિવસે વધવા લાગી.

યોગ્ય વયે તેમનાં લગ્ન થયાં. તેમનાં ધર્મપત્નીનું નામ હેમકોરબાઇ. એ બન્ને વચ્ચે સારો મેળ હોવા ઉપરાન્ત તેઓ પરસ્પર ધર્મસહાયક બન્યાં. વોરા ઉમેદલાલની સરલતા અને ઉદારતા ધ્યાન ખેંચે તેવી હતી.

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજા, પોતાના પટ્ટધર પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા તથા તેઓશ્રીના પટ્ટધર પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ આદિ મુનિરાજો સાથે મુંબઇ પધારતાં, આ દમ્પતિએ પણ ધર્મશ્રવણ આદિનો લાભ લીધેલો અને એથી તેમની ધર્મશ્રદ્ધા સુંદર વિકાસને પામેલી.

વોરા ઉમેદલાલ અને સૌ હેમકોરબાઇ ધીમે ધીમે વ્રત-નિયમાદિમાં જેમ આગળ વધવા લાગ્યાં, તેમ નિઃસાર લક્ષ્મીથી

સારભૂત અર્થને સાધવાને માટે ધર્મમાર્ગે લક્ષ્મીનો સદ્વ્યય પણ કરવા લાગ્યાં. વિ. સં. ૧૯૯૮ માં તેમણે જામનગરમાં વિરાજતા પંન્યાસ શ્રી માનવિજયજી ગણિવરની નિશ્રામાં શ્રી ઉપધાન તપ કરવાનો અને કરાવવાનો લાભ લીધો તેમજ દેશવિરતિપણાનો પણ સ્વીકાર કર્યો.

તે પછી, મુંબઇ પાછા આવ્યા બાદ, વિ. સં. ૧૯૯૯ માં વોરા ઉમેદલાલનું હૃદય અચાનક બંધ પડી જતાં તેમનુ દેહાવસાન થયું. તેમનાં ધર્મપત્નિ તો તે વખતે જામનગર હતાં. સંસારના સાથીપણામાંથી ધર્મના સાથીપણાને પણ આપનારા પોતાના પતિનું દેહાવસાન થતાં, ગં. સ્વ. હેમકોરબાઇને જે આઘાત લાગ્યો, તે આઘાતે તેમના વૈરાગ્યભાવને પ્રબળ બનાવ્યો. પોતના પુણ્યશાલી પતિની લક્ષ્મીનો સદ્વ્યય કરીને તેમણે ભાગવતી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો.

ગં. સ્વ હેમકોરબેને જામનગરની નજદિકના અલીયાબાડા ગામમાં શ્રી જિનમંદિર નહિ હોવાથી, ત્યાં પોતાના ખર્ચે શિખરબંધી ભવ્ય જિનાલય બંધાવ્યું અને તેની પ્રતિષ્ઠા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે વિ. સં. ૨૦૦૦ માં કરાવી. તે વખતે લગભગ ૫૦૦૦ ભાઇ-બહેનો એકઠાં થયેલાં. આઠ દિવસનો ભવ્ય ઉત્સવ ઉજવાયો, તેનો સઘળોય ખર્ચ તેમણે આપ્યો.

પરમ તારક શ્રી સિદ્ધગિરિજી ઉપર પરમાર્હત શ્રી કુમારપાલ મહારાજાએ બંધાવેલા જિનાલયમાં ગોખમાં શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા પણ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહરાજાના વરદ હસ્તે ગં. સ્વ. હેમકોરબેને કરાવી.

ભલસાણ નામના ગામમાં ઉપાશ્રયની મુશ્કેલી હતી, તેથી ત્યાં પણ ગં. સ્વ. હેમકોરબેને નીચેનો ઉપાશ્રય કરાવી ત્યાંના સંઘને અર્પણ કર્યો.

વડાલા ગામે શ્રી જિનમન્દિરના જિર્ણોદ્ધારમાં રૂા. ૨૦૦૦ આપવા ઉપરાન્ત, આવાં બીજાં પણ ધર્મક્ષેત્રોમાં તેમણે આશરે દોઢ લાખ રૂપીઆનો સદ્વ્યય કર્યો. આ સ્તવનાવલિ માટે પણ ગં. સ્વ. હેમકોરબેને રૂા. ૨૦૦૦ આપ્યા હતા. આસિવાય સમ્યગ્ જ્ઞાનના પ્રચારમાં પણ યથાશક્તિ લક્ષ્મીનો સદ્વ્યય કર્યો હતો.

આ પછી, વિ. સં. ૨૦૦૩ ના વૈ. શુ. ૧૦ ના શુભ દિને પૂ. શ્રી સંઘસ્થવિર, શાન્તતપોમૂર્તિ, આરાધ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે, ગં. સ્વ. હેમકોરબેને ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. તેમનું નામ સાધ્વી શ્રી મણિપ્રભાશ્રીજી રાખીને, તેમને સાધ્વીજી શ્રી સુમંગલાશ્રીજીનાં શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યાં.

ગં. સ્વ. હેમકોરબેનને દીક્ષા લેવાની હોવાથી, તેમના તરફથી જામનગરમાં અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો હતો. તેમણે અમદાવાદ આવ્યા બાદ પણ શ્રી વિદ્યાશાળામાં અને પાંજરા-પોળમાં પૂજા ભણાવરાવી હતી. તેમની દીક્ષા બાદ, અગાઉથી કરેલ વ્યવસ્થા મુજબ તેમના તરફથી પ્રભાવના પણ થઇ હતી.

આ ટૂંક પરિચયથી પણ અનેકોને પ્રેરણા મળશે, એ ઇચ્છાથી તેમજ આ પુસ્તક અંગે તેમણે કરેલ સહાયની યાદગીરી નિમિત્તે અત્રે આપવામાં આવ્યો છે.

: પ્રકાશક. :



ગં. સ્વ. હેમકોરબેન

(હાલ – સાધ્વી શ્રી મલીપ્રભાશ્રીજી)



શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ

વિભાગ પહેલો : ચોવીશી સંગ્રહ

[૧]

મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી કૃત ચોવીશી.

(૧) શ્રી ઋષભદેવ જિન સ્તવન

(શ્રી સુપાસ જિનરાજ—એ દેશી)

શ્રી જિન જગ આધાર, મરૂદેવી માત મલ્હાર;
આજ હો સ્વામી રે, શ્રી ઋષભ જિનેશ્વર સેવીયેજી. ૧

શત્રુંજય ગિરિ છત્ર, નાભિ નરેસર પુત્ર;
આજ હો જપે રે, જગદીસર તેજે ભાણનેજી. ૨

આયો હું પ્રભુ પાસ, સેવક ધો શાબાશ;
આજ હો આશા રે, સાહિબ વિણ કેહની દાસનેજી. ૩

મન માને અરદાસ, માને મોટિમ જાસ;
આજ હો તોહે રે, મન મોહે નયન પસાઉલેજી. ૪

નામ ધરી જે નાથ, લે સહુનાં દિલ હાથ;
આજ હો નેહી રે, સ્થિતિ એહી મોટા મેઘનીજી. ૫

(૨) શ્રી અજિતનાથ જિન સ્તવન.

(સંખેશ્વર સાહિબ સાચો—એ દેશી)

જયકારી અજિત જિનેશ, મોહન મન મહેલ પ્રદેશ;
પાવન કરીએ પરમેશ રે, સાહિબજી છો રે સોભાગી. ૧

સાહિબજી છો રે સોભાગી, તુજ સુરતિશું રતિ જાગી;
મુજ એક રસે લય લાગી રે,—સાહિબજી૦ ૨

જિનપતિ! અતિશય ઇંતબારે, દેવ! સેવક રહું દરબારે;
અવસર શિર કયું ન ચિંતા રે,—સાહિબજી૦ ૩

ગુણવંતા ગરવ ન કીજે, હિતુઆશું હેત ધરીજે;
પોતાવટ પેરે પાળીજે રે,—સાહિબજી૦ ૪

તુમ બેઠા કૃતારથ હોઇ, સેવકનું કામ ન કોઇ;
તો પણ ન હુએ તુજ કાંઇ રે,—સાહિબજી૦ ૫

સાહિબને ચાહીને જોવે, સેવક જન નિજ શિર ઠોવે;
મેઘની સરસાઇ હોવે રે,—સાહિબજી૦ ૬

(૩) શ્રી સંભવનાથ જિન સ્તવન.

(અજિત જિણુંદશું પ્રીતડી—એ દેશી.)

ભવતારણ સંભવ પ્રભુ, નિત નમીયે હો નવ નવ ધરી ભાવકે;
નવરસ નાટક નાચીયે, વળી રાચીયે હો પૂજા કરી ચાવકે-
સેનાનંદન વંદિએ. ૧

દુઃખ દોહગ દૂરે કરે, ઉપગારી હો મહી મહિમાવંત કે;
ભગવંત ભક્તવચ્છલ ભલો, સાંઇ દીઠે હો તનમન વિકસંત કે-સે૦ ૨

અપરાધી તેં ઉદ્ધર્યા, હવે કરીયે હો તેહની કેહી વાત કે;
મુજ વેળા આળસ ધરે, કિમ વિણસી હો જિનજી! તુમ ઘાત કે-સે૦ ૩

ઉભા ઓળગ કીજીયે, વલી લીજીએ હો નિત પ્રત્યે તુમ નામ કે;
તો પણ મુજરો નવિ લહો, કેતા દિન હો ઇમ રહે મન ઠામ કે–સે૦ ૪
ઇમ જાણીને કીજીયે, જગઠાકર! હો ચાકર પ્રતિપાળ કે;
તું દુઃખ તાપને ટાળવા, જયવંતો હો પ્રભુ! મેઘ વિશાળકે–સે૦ ૫

(૪) શ્રી અભિનંદન જિન સ્તવન.

(સિદ્ધારથ રાજા કુળ તિલોએ—એ દેશી.)

અભિનંદન જિન વંદના એ, કરીયે ધરીય ઉચ્છાહ તો;
ઘર સવિ સંપદ સંપજે એ, વર મંગલ વિવાહ તો. અ૦ ૧
પુરૂષોત્તમ પરમેસરૂ એ, સકળ સ્વરૂપ અનંત તો;
મોહ તિમિર મદ મોડવા એ, ઉદયો રવિ ઉલ્લસંત તો. અ૦ ૨
સસનેહા સવિ દેવતાએ, તું નિઃસનેહો નાહ તો;
તો પણ સેવકને કરો એ, દિલ દેઇ નિરવાહ તો. અ૦ ૩
ગુણવંતા આદર કરે એ, સવિ નિગુણા પણ સ્વામ તો;
નિગુણાને પણ ગુણ કરે એ, એ જગ પ્રભુ અભિરામ તો. અ૦ ૪
સુતાં સુપને સાહિબો એ, આવે અતિશયવંત તો;
તો જાણું જગનો ધણી એ, રાખે મહેર મહંત તો. અ૦ ૫
શ્રી જિનવર પદ પંકજે એ, ભમર પરે રમે જેહ તો;
મેઘ તણી પરે મહિઅલે એ, જગવલ્લભ હુએ તેહ તો. અ૦ ૬

(૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન.

(કુંથુ જિનેશ્વર જાણજો રે લાલ—એ દેશી)

સુમતિ જિનેશ્વર સાહિબો હો લાલ, સમરૂં હું નિશદિશ રે, જિણંદરાય;
ચકવો જિમ રવિ બિંબને હો લાલ, સેવક પ્રભુ જગદીસ રે, જિ૦–સુ૦ ૧
તુજ જસ રસ રસીયા જિકે હો લાલ, તિસીયા દરીસણ કાજ રે, જિ૦
ઉલ્લસ્યા તુજ ગુણ ગીત શું હો લાલ, તે વસીયા શિવરાજ રે, જિ૦–સુ૦ ૨

ગયણંગણ તારા પરે હો લાલ, તુમ ગુણ ગણણ અસંખ રે, જિ૦
લોકાલોક ન લંઘીયે હો લાલ, જો હોય પરિગલ પાંખ રે. જિ૦-સુ૦ ૩
તોપણ તુમ ગુણ બોલથી હો લાલ, પાવન કીજે જીહ રે, જિ૦
દરીસણ કીજે દેવનું હો લાલ, ધન ધન તે મુજ દીહ રે. જિ૦-સુ૦ ૪
પતિત પાવન તુંહીજ પ્રભુ હો લાલ, મેં દીઠા મહારાજ રે, જિ૦
મેઘવિજય જયવંતની હો લાલ, લોક વધારે લાજ રે, જિ૦-સુ૦ ૫

(૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

(શ્રી નમિ જિનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે, ઘનાઘન ઉનમ્યો-એ દેશી.)

પદ્મપ્રભ ભગવંત, મહંત હૈયે રમ્યો રે, મહંત હૈયે રમ્યો.
જ્ઞાનનિધાન આનંદ, અમીરસ મય જમ્યો રે, —અમી૦
અવર દેવતા સેવ, સ્વભાવ સહી વમ્યો રે, —સ્વ૦
કલિયો બલીયો મોહ, મહા રિપુને દમ્યો રે, —મહા૦ ૧

ભક્તિરાગનો લાગ, જિનેસર શું કરે રે, —જિ૦
તે નર વંછિત ભોગ, સંજોગ લીલા વરે રે, —સં૦
મહિમાદિક સવિ સિદ્ધિ, પ્રસિદ્ધિ સુવિસ્તરે રે, —પ્ર૦
અપરંપાર સંસાર, મહોદધિ નિસ્તરે રે, —મહો૦ ૨

દીઠે જિન દેદાર, ઉદાર દિશા જગી રે, —ઉ૦
બલીયો બીનતિ યોગ કે, વિનતિ સવિ લગી રે, —વિ૦
પવિત્ર કરૂં તન એહ, સનેહ શું ઓળગી રે, —સ૦
થાયે સ્વામી પ્રસાદથી, સિદ્ધિ વધૂ સગી રે, —સિ૦ ૩

તુજ નામે આરામ, હુએ મન માહરે રે, —હુ૦
પામું સુખ સંજોગ, સુણ્યે જસ તાહરે રે, —સુ૦
તું મુજ જીવનપ્રાણ કે, આણ વહું સહી રે, —આ૦
રહું સદા લયલીન, હજુરે ગહગહી રે, —હ૦ ૪

જસ કરી જે આશ કે, તાસ વેસાસશું રે, —તા૦
વાધે રંગ તરંગ કે, મન આસાસશું રે, —મ૦
મેઘ મહોદય દેખ, મયૂર વિલાસશું રે, —મ૦
ખેલે તેમ પ્રભુ પાસ કે, દાસ ઉલ્લાસશું રે, —દા૦ ૫

(૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

(સુણ સુગુણ સનેહિ રે સાહિબા—એ દેશી)

પ્રભુ વદન વિરાજે રે કમલ જયું, નયણાં તિહાં વિકસિત પત્ર રે;
વલી શ્યામ ભમુહ ભમરા ણન્યા, અધરચ્છવી પલ્લવ તત્ર રે. ૧
જિનરાજ સુપાસજી જગ જયો, માહરો મન મોહનકર મંત્ર રે;
વર સિદ્ધિ વધૂ વશ આણવા, ઇણે ધરીયું ધ્યાનનું તંત્ર રે. જિ૦ ૨
કરે દેવ દાનવ માનવ પતિ, શિર અંજલિ જોડી સેવ રે;
પરિવારે કમલાકર જિસ્યા, નવરંગ ભરે નિતમેવ રે. જિ૦ ૩
જયકમલા કેલિ કરે ઘણું, જન કમલા કોઇ ન થાય રે;
દેવ દુંદુભિના રવ ગડગડે, જિન સમવસરણ જિહાં થાય રે. જિ૦ ૪
ધ્રમ ત્રિભુવન પ્રભુતા ભોગવે, એસી ત્રિગડે સ્વામી સ્વરૂપ રે;
ભણે ભવિયણ એ ભગવંતને, જોગીસર જોગ અનુપ રે. જિ૦ ૫
ધૂર ધર્મચક્રે રવિ ઝળહળે, ણળભળે કુમતિ વિકાર રે;
સહી વરસે ગંધોદક તણો, નવ મેઘ તિહાં તેણી વાર રે. જિ૦ ૬

(૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

(ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે—એ દેશી.)

ચાંદલીયા સંદેશો કહે મારા સ્વામીને રે, વંદન વારંવાર;
શ્રી ચંદ્રપ્રભ ચરણે તું વસે રે, મુજ મન તાપ નિવાર. ચાં૦ ૧

દૂર દેશાંતર દેવ! તુમે વસો રે, કારજ સવિ તુમ હાથ;
સાથ ન કોઇ તેહવો સાંપડે રે, નયન મિલાવે નાથ. ચાં૦ ૨

તુમ ગુણ સુણતાં મુજ મનડું ઠરે રે, નવલો જાગે નેહ;
સાસોસાસ સમા તુમ સાંભરે રે, મન માને નિઃસંદેહ. ચાં૦ ૩

મુગતિ માનિની મોહન મોહિયારે, આનંદમય અવતાર;
વાત ન પૂછો સેવકની કદા રે, એ કુણ તુમ આચાર. ચાં૦ ૪

ચતુરને ચિંતા ચિત્તની શું કહું રે, તુમ છો જગના જાણ;
આપ સ્વરૂપ પ્રકાશો આપશું રે, મહીયલ મેઘ પ્રમાણ. ચાં૦ ૫

(૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

(અનંતવીરજ અરિહંત! સુણો મુજ વિનતિ—એ દેશી.)

વિધિશું સુવિધિ જિનેશને વંદવા ઉમહ્યા,
મન મેરા જિનનાથ! ગુણે કરી ગહગહ્યા;
અપરાધિના વાંક તુમે સવિ સાંસહ્યા,
ઇણ વાતે એક આંક જગત શિર સદ્દહ્યા. ૧

તેં સમતા સંતોષ, દયા ગુણ સંગ્રહ્યા,
માયા મમતા દોષ, સવે તેં નિગ્રહ્યા;
ધ્યાન અનલ બલયોગથી, ઇંધણ પરે દહ્યા,
શુક્લ ધ્યાન જલ પાયકે, પંક સવે વહ્યા. ૨

તેં બાવીશ પરિસહ, સાહસધર સહ્યા,
તું મુજ મન વિશ્વાસ, ચરણ તુમ મેં ગ્રહ્યા;
ઉગમતે જિમ ભાણ, પંખીજન ચહચહ્યા,
તિમ તુમ દીઠે નૂર, ભવિ સહુ સામહ્યા. ૩

ભાગ્ય ઉદયથી આજ, ભલા પ્રભુ એ લહ્યા,
અંગ અડ્યો બહુ રંગ, અમીરસ પરિવહ્યા;
ઉપગારી જિનરાજ, સમા જગ કુણ કહ્યા,
તપજપ હીણા તે પણ, તેં જન નિરવહ્યા. ૪

મુજ મન કમલે નિત્ય, હંસા પરે તુમે રહ્યા,
જસ પરિમલ તુજ સ્વામી, સદા જગ મહમહ્યા;
તારક! પાર ઉતાર, મેં પાયક તુજ ગ્રહ્યા,
કરો સરસ રસ રેલ કે, મેઘ જ્યું ઉન્નહ્યા. ૫

(૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન.

(ધરમ જિનેસર ગાઉં રંગશું—એ દેશી.)

શીતલ શીતલ ઉપશમ આદરે, દશમો જિણંદ દયાલ, શુભંકર;
ભવભય ભંજન રંજન જન તણો, મુનિમન કમલ મરાલ, જયંકર;
નંદા નંદન દેવ જિનેસરૂ. ૧

જિમ જિમ કીજે દરિસણ જિન તણો, તિમ તિમ તેજ પ્રકાર, શુભંકર;
એકતારીશું જે પ્રભુ ઓળગે, અધિકો તસ અધિકાર, જયંકર; નંદા૦ ૨

જે તુજ ચરણે શરણે આવીયા, તેહને કીધ પસાય, શુભંકર;
આપ સમોવડ વડિલ દેઈ ધણી, થાપ્યા ત્રિભુવનરાય, જયંકર; નંદા૦ ૩

તુજ દરબારે રેખ ઇસી પડે, કીજે રંકને રાજ, શુભંકર;
સાચું સાહિબ બિરૂદ વહે સહી, નાથ ગરીબ નિવાજ, જયંકર; નંદા૦ ૪

અંતર દુશ્મન દૂર કરી સહુ, આપો અરિહંત! સિદ્ધિ, શુભંકર;
મેઘ મહોદધિ મોટા રાજની, તુઠા હુએ નવ નિધિ, જયંકર; નંદા૦ ૫

(૧૧) શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

(સાહેલા હે કુંથુ જિનેસર દેવ—એ દેશી)

નાયકજી હો, શ્રી શ્રેયાંસ જિણંદ કે, ભગતે હું તુમ ભોળીયોજી;
નાયકજી હો, સવિ સંસારી વાત, વિસારી હુઓ પોળીયોજી. ૧

નાયકજી હો, દેવ અવર સહુ છાંડી, માયા ધરી તુમ ઉપરેજી;
નાયકજી હો, સુજસ સુણ્યો છે અખંડ, અપરાધી પણ ઉદ્ધરેજી. ૨

નાયકજી હો, મુજ અવગુણ છે અનેક, તોપણ તે મન મત ધરોજી;
નાયકજી હો, વહીયે રાજ વિવેક, ગતિ પડતાં ઉદ્ધરોજી. ૩

નાયકજી હો, દાખે નહિ જગદોષ, રાખે લાજ રહ્યા તણીજી;
નાયકજી હો, આખે આપણો તોષ, મહેર કરે મોટા ધણીજી. ૪

નાયકજી હો, શું કહીયે બહુવેલ, મેલ મિલાવો મન તણોજી;
નાયકજી હો, મેઘ મહા રસપૂર, ઉપજે આનંદ અતિ ઘણોજી. ૫

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

(સંજમ રંગ લાગ્યો—એ દેશી.)

વાસુપૂજ્ય જિન વંદીયે, ભાવ ધરી ભગવંત રે, જિનપતિ જસધારી;
દીઠો દેવ દયાળ તે, નયણાં હેજે હસંત રે. જિન૦ ૧

હરિહર જેણે વશ કર્યા, ઇંદ્રાદિક જસદાસ રે, જિન૦
તે મન્મથનો મદ હર્યો, તેં પ્રભુ કીધો ઉદાસ રે. જિન૦ ૨

મયણ મયણ પરે ગાળીયો, ધ્યાન અનળ બળ દેખ રે, જિન૦
કામિની કોમળ વયણશું, ચૂક્યો નહિ રાઇ રેખ રે. જિન૦ ૩

નાણ દરિસણ ચરણ તણો, જે ભંડાર જયવંત રે, જિન૦
આપ તરી પર તારવા, તું અવિચળ બળવંત રે. જિન૦ ૪

મન મેરો તુમ પાખલી, રસીયો ફરે દિન રાત રે, જિન૦
સરસ મેઘને વરસવે રે, નાચે મોર વિખ્યાત રે. જિન૦ ૫

(૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન.

(દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે—એ દેશી.)

વિમલ જિનેસર વાંદવા રે, જાગે રાગ વિશેષ;
તે નરને નરપતિ નમે રે, વૈર વિરોધ ઉવેખ;
જગતગુરૂ કર અમને ઉપગાર,
તુમે કરૂણા રસ ભૃંગાર, જગતગુરૂ૦ તુમે સિદ્ધિ વધૂ શૃંગાર; જગત૦ ૧

નામ અનેક જિણંદનાંરે, પણ પરિણામે એક;
ધારાધર જળ એકશાંરે, વૂઠે ઠામે વિવેક; જગત૦ ૨

નામ થાપના દ્રવ્ય શું રે, તું તારે બહુ લોક;
ભાવે ભગતિ સહુ કરે રે, જાણે લોકાલોક; જગત૦ ૩

કામધેનુ ચિંતામણિરે, નાથ ન આવે જોડ;
છીલ્લર સર કહો કિમ કરે રે, ખીર સમુદ્રની હોડ; જગત૦ ૪

મોટાના પગ તુસવે રે, લઘુ પણ મોટાં નામ;
મેઘ સમુદ્ર રસ મેલશું રે, પામે ઇંદ્રનું ઠામ; જગત૦ ૫

(૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન.

(તુમે બહુ મિત્રી રે સાહિબા—એ દેશી.)

જ્ઞાન અનંત અનંતનું, દરિસણ ચરણ અનંત;
સરસ કુસુમ વરસે ઘણાં, સમવસરણ સુમહંત;
અતિશય દીસે જિનનાથના. ૧

નવ પલ્લવ દેવે રચ્યો, તરૂવર નામ અશોક;
દેઇ પ્રદક્ષિણા દેવને, વાણી સુણે સવિ લોક. અતિ૦ ૨

વાણી જોજનગામિની, સુર નર ને તિરીયંચ;
ધ્વનિ મધુરી પ્રતિબુઝવે, કહે સંસાર પ્રપંચ. અતિ૦ ૩

ચિહું દિશિ વર ચામર ઢળે, સુરપતિ સારે છ સેવ,
મણિમય કનક સિંહાસને, બેઠા દેવાધિદેવ. અતિ૦ ૪
પુંઠે ભામંડળ ઝળહળે, ગાજે દુંદુભિ ગાજ;
છત્રત્રયી શિર ઉપરે, મેઘાડંબર સાજ. અતિ૦ ૫

(૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન.

(ઋષભ જિણંદા ઋષભ જિણંદા—એ દેશી.)

ધરમ જિનેસર કેસર વરણા, અલવેસર સરવાંગી શરણા;
એ ચિંતામણિ વાંછિત કરણા, ભજ ભગવંત ભુવન ઉદ્ધરણા. ધ૦ ૧
નવલે નૂરે ચઢતે શૂરે, જે જિન ભેટે ભાગ્ય અંકૂરે;
પ્રગટ પ્રભાવે પુન્ય પડૂરે, દારિદ્ર દુઃખ તેહનાં પ્રભુ ચૂરે. ધ૦ ૨
જે સેવે જિન ચરણ હજૂરે, તાસ ઘરે ભરે ધન ભંડારે;
ગાજે અંબર મંગળ તૂરે, અરિયણના ભય ભાંજે દૂરે. ધ૦ ૩
ગજ ગાજે શોભિત સિંધૂરે, જન સહુ ગાજે સુજસ સપૂરે;
ગંજ્યો જાય ન કિણહી કરે, અરતિ થાય ન કાંઈ અણુરે. ધ૦ ૪
જિમ ભોજન હોય દાલને કૂરે, જીપે તે રણ તેજે શૂરે;
મેઘ તણાં જળ નદીય હલૂરે. તિમ તેહને સુર લખ્મી પૂરે. ધ૦ ૫

(૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(સાહિબ બાહુ જિનેસર વિનવું—એ દેશી.)

સજની, શાંત મહારસ સાગર, સેવો શાંતિ જિણંદ હો;
સ૦ આશ પૂરે સવિ દાસની, વિચરે કાંઇ વિદેશ હો. સ૦ શાં૦ ૧
સ૦ સમતા શું મમતાધરી, સંધરી રાખી શાંતિ હો,
સ૦ એ પ્રભુ સેવાથી સહી, ભાવઠ ભાંજે ભ્રાંતિ હો. સ૦ શાં૦ ૨

સ૦ ઇણે ઘરવાસે ભોગવી ષટખંડ ઋદ્ધિ નાથ હો;
સ૦ તીર્થંકર પદ સંપદા, ભોગવી શિવપુર સાથ હો. સ૦ શાં૦ ૩
સ૦ દેવ અવર જે આદરે, જે છંડી જિનરાય હો;
સ૦ તે સુરતરૂ છાયા તજી, બાઉલીયા દિશિ ધાય હો. સ૦ શાં૦ ૪
સ૦ પરિજન અરિજન બેહુ સમાં, સમ વળી રંક ને રાય હો;
સ૦ પ્રભુ સમતારસ પૂરીયો, મેઘ સમો કહેવાય હો. સ૦ શાં૦ ૫

(૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન.

(સાંભળજો મુનિ સંજમ રાગે—એ દેશી.)

આવોરે મન મહેલ હમારે, જિમ સુખ બોલ કહાય રે;
સેવકને અવસરસર પૂછો, તો વાતે રાત વિહાય રે. આ૦ ૧
અપરાધી ગુણહીણા ચાકર, ઠાકુર નેહ નિવાજે રે;
જો તે અવર નરાં દિશિ દોરે, પ્રભુ ઇણ વાતે લાજે રે. આ૦ ૨
કુંથુ જિનેસર સરણા સાંઇ, પર ઉપગારી પૂરા રે;
ચિત્તવંતા ચાકર નવિ તારે, તો કયા અવર અધુરા રે. આ૦ ૩
મુજ અનુચરની મામ વધારો, તો પ્રભુ વ્હેલા પધારો રે;
ઉંચી નીચી મત આધારો, સેવક જન્મ સુધારો રે. આ૦ ૪
શ્રી નામે જનની ધન્ય જિનની, જિણે જન્મ્યો તું જ્ઞાતા રે;
મેઘ તણી પરે મોટા નાયક, દીજે શિવ સુખ શાતા રે. આ૦ ૫

(૧૮) શ્રી અરનાથ જિન સ્તવન.

(સંભવ જિન અવધારીયે, મહેરકરી મહેરબાન. સનેહી—એ દેશી.)

શ્રી અર જિનવર વિનતિ, કીજે લાગી પાય; પ્રભુજી,
તું પરમેસર સાચલો, મેં પરખ્યો મહારાય; પ્ર૦ શ્રી૦ ૧

રાખે રમણી રાગીયા, લાગીયા મનમથ રંગ; પ્ર૦
ઉતારે નહિ અંગથી, ભગતે ભણે નિઃકલંક; પ્ર૦ શ્રી૦ ૨

રીશ ભરે આયુધ ધરે, કેઈ ક્રોધ વિરૂપ; પ્ર૦
મોહ નટાવે નાચવ્યા, નાચે નટ્ટ સ્વરૂપ; પ્ર૦ શ્રી૦ ૩

તું મન માંહે ધરે નહિ, મોહ કોહ ને રાગ; પ્ર૦
મૂરતિ નિરંજન દેખતાં, જાગે જન વૈરાગ; પ્ર૦ શ્રી૦ ૪

ઉપશમ વંત હૈયા થકી, તું મત દૂરે થાય; પ્ર૦
વૂઠે મેઘ પ્રસંગથી, વાયે શીતલ વાય; પ્ર૦ શ્રી૦ ૫

(૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

(સહીયા શેત્રુંજાગઢ ભેટણ ચાલો હો—એ દેશી.)

મલ્લિ જિનેસર મહિમા ધારી, સોહે સુરતિ અતિશય સારી હે;
મૂરત ભવિયણ મોહનગારી, દૂર ન મુકી જાય લગારી હે. મ૦ ૧

અરજ સુણીજે એક અમારી, એ મુજ દેઈ તુજ પર વારી હે;
જોગી પણ જગે આણ ચલાવે, રાજરાણા તુજ ગુણ ગાવે હે. મ૦ ૨

જે સહુ ઠામે સમતા રાખે, દેવ પરમપદ તું તસ દાખે હે;
રાતદિવસ હુ તુજ જસ ગાઉં, તો પણ મુજરો કાંય ન પાઉં હે. મ૦ ૩

તું પોતાનો પરનો ન જાણે, લોક વિવેકી સહુ વખાણે હે;
એહ સહજ કિમ આવે ટાણે, જિમિયે તો જો લોજન ભાણે હે. મ૦ ૪

નિગુણો પણ નેહે નિરવહીયે, સધલા સુગુણા કિહાંથી લહીયે હે;
જલથલ મેઘ સમા સદ્દહીયે, સાચો સાહિબ ઇણ ગુણ કહિયે હે. મ૦ ૫

(૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(શ્રી ચંદ્રપ્રભ જિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ-મનનામાન્યા-એ દેશી)

મુનિસુવ્રત જિન રાજીઓ રે, ગાજીયો મહિમા અગાધ; ભવિજન હોજો.

સજલ જલદ પરે શામલો રે, જોગીસર શિરતાજ-ભ૦
ભેટો ભેટો હો સુજાણ જન ભેટો, ભાવો ઉજવલ ધરમનું ધ્યાન-ભ૦ ૧
લાખ ચોરાશી યોનિમાં રે, ભમતાં વાર અનંત-ભ૦
ચિંતામણિ સમ પામીયો રે, નામી સ્વામી સંત-ભ૦ ૨
મોહ તણાં બળ ચુરવારે, સબળો તું બળ શૂર-ભ૦
ચતુરાઇશું ચિત્ત વસ્યો રે, પલક ન કીજે દૂર-ભ૦ ૩
આયા જે તુજ આગળે રે, પાતકીયા પણ લોક-ભ૦
તે પણ સહુ સુખીયા કર્યા રે, પાયા જ્ઞાન આલોક-ભ૦ ૪
ભવભ્રમ ટાળો માહરો રે, આણી કરૂણા નેહ-ભ૦
તુજ મુજ મેઘ મયૂરનો રે, સગપણ સમરથ શેહ-ભ૦ ૫

(૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન.

(અબ ભવિકજન જિન પૂજલે—એ દેશી.)

નમિનાથ આથ અનંત તાહરે, નાણ દંસણ ચરણની;
ભગવંત! ભક્તની વાત મનમેં, ભાવો ભવજળ તરણની. ૧
ગુણવંત સંત જયંત જગમે, પૂજ પામે દેવતા;
મેં સર્વ પાયા તેહ તુમથી, પાદ પંકજ સેવતા. ૨
છહ ઋતુ આપે ફુલ નવનવા, ભવિક નવનવ ભાવના;
નવનવા ઉપજે દ્રવ્ય દેશે, કરણ પ્રભુની સેવના. ૩
વિદ્યા વિવેક વિબોધ વૈભવ, ચતુર ચામીકર મણિ;
જિનરાજ પૂજા કાજ વિધિના, કર્યા જય જય જગધણી. ૪
નવ નવે ભાંતે જ્યાતિ પામે, લોક તે ગુણ સેવતા;
જગ ઉપર ગરજે દુઃખ વરજે, મેઘ સેવક દેવતા. ૫

(૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન.

(દીઠો સુવિધિ જિણંદ, સમાધિ રસે ભર્યો હો લાલ સ૦— એ દેશી.)

રાજી કરીયે આજ કે, યાદવ રાજીયા હોલાલ કે યાદવ રાજીયા;
નાથ નિવાજ અવાજના, વાજા વાજીયા હોલાલ કે —વા૦
જળપરે જગ સુધ્યાન કે, રાજે રાજીયા હોલાલ કે —રા૦
દીજે મુજ શિર હાથ કે, છત્ર જ્યું છાજીયા હોલાલ કે —છ૦ ૧

તુમ સોભાગી સ્વામી, રાગી જન ઘણા હોલાલ કે —રા૦
વલી સેવાનો જોગ ન, પામે તુમ તણા હોલાલ કે —પા૦
અવધારો અરદાસ, સદા કુણ કેહની હોલાલ કે —સ૦
ભાવ તિસિ દીયો સિદ્ધિ કે, નિશ્ચય નેહની હોલાલ કે —નિ૦ ૨

સ્વારથીયાની વાત, નકો મન સદ્દહે હોલાલ કે —ન૦
પરમારથીયા લોક, તુમે સહુકો કહે હોલાલ કે —તુ૦
શિવ સારથીયા જીત, જગત્રય ધારીયે હોલાલ કે —જ૦
સહુ સાથે તિમ નાથ, નેહી પણ તારીયે હોલાલ કે —ને૦ ૩

તુમ પ્રસાદ જસવાદ, સવાદ સવે મલે હોલાલ કે —સ૦
ન હુએ કોઇ અપવાદ, નિવાજ સરસ ભલે હોલાલ કે —નિ૦
તુઠ્યો જાણી જિણંદ કે, પૂઠો પડિવજ્યો હોલાલ કે —પૂ૦
અષ્ટ સિદ્ધિ લઇ હાથ કે, મહિમા વજવજ્યો હોલાલ કે —મ૦ ૪

જુગતે આઠે જામ કે, નામ ન વિસરૂં હોલાલ કે —ના૦
ગુણે તુમહિ જાણી મન. મોટીમ હું ધરૂં હોલાલ કે —મો૦
મયા કરો મહારાજ, નિવાજે ઇણિ પરે હોલાલ કે —નિ૦
પિયુ પિયુ સાદે મેઘ. મહીતલ સર ભરે હોલાલ કે —મ૦

(૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(તે મુનિવર જગ વંદીયે—એ દેશી.)

જિનવર પાસ પસાઉલે, ઘર છાજે હો વર મંગલ કેલિ કે;
પ્રભુ બગસીસ કરે સહી, સહુ કાજે હો રાજે રંગરેલિ કે. ૧
સોભાગી એ જિન સેવીયે, સેવાનો હો સાહિબ છે જાણ કે;
મંત્ર તંત્રાદિ જપ્યા વિના, સેવકને હો કરે જગ સુલતાન કે. સો૦ ૨
પુરીસાદાણી પાસજી, મહી મહિમાહો જાગે જયવંત કે;
ધરણેન્દ્ર ને પદ્માવતી, કરે સાનિધ હો ભગતા ભગવંત કે. સો૦ ૩
દાસ કહે કરજોડીને, તેં કીધા હો જગ મહા ઉપગાર કે;
નારાયણ નર રાજ્યો, તે તુજને હો છાજ્યો છત્રધાર કે. સો૦ ૪
કમલ રમલ કરે ધણી, ધણીઆણી હો આણી અતિરૂપ કે;
ભોગ ભલી પરે ભોગવે, તુજ ધ્યાને હો માંન થયા ભૂપ કે. સો૦ ૫
સાહી બાંહ તેં જેહની, પાતશાહી હો આવી તસ હાથ કે;
સોવન રૂપા મેઘ જ્યું, સહી વરસે હો નમતાં તુમ નાથ કે. સો૦ ૬

(૨૪) શ્રીમહાવીર જિન સ્તવન.

(સુણ જિનવર શેત્રુંજા ધણીજી—એ દેશી)

કોડી ગમે ગુન્હા કર્યા જી, વિષય થયો લયલીન;
તે બગસીસ હવે કરોજી, અરિહંત વીર! અમીન;
જિનેસર શાસનનો શણગાર. ૧
એળગીયા એળંભડેજી, મત આણો મન રીશ;
જે પુંઠે સરજ્યા સદાજી, જંપે ઇમ જગદીશ. જિ૦ ૨
ઘણી ઘણી લટકે પાયે પડુંજી, વળી વળી વિનવું એહ;
સમકિત ચિત્ત તુમશું મિળ્યોજી, મત મુકાવો તેહ જિ૦ ૩

કહો કેહી પરે કીજીએજી, વ્હાલો તું વીતરાગ;
ભગતે કાંઇ ન રીજીયેજી, લાલચનો શો લાગ. જિ૦ ૪
ધ્યાતા દાતા ધન તણોજી, ત્રાતા તું જિનરાય;
કેવલ લક્ષ્મીવર કરોજી, મેઘવિજય ઉવજઝાય. જિ૦ ૫

કલશ

ઇમ થુણ્યા જિનવર સરસ રાગે, ચોવીશે જગના ધણી,
થિર રાજ આપે, જસ જાપે, આપ આવે સુરમણિ;
સવિ સિદ્ધિ સાધો જિન આરાધો, સ્તવન માળા ગળે ધરી,
બહુ પુન્ય જોગે સુખ સંજોગે, પરમ પદવી આદરી. ૧
તપગચ્છ રાજે તેજ તાજે, શ્રી વિજયપ્રભ ગણધરૂ,
તસ પટ્ટધારી વિજયકારી, વિજયરત્ન ધુરંધરૂ;
કવિરાજ રાજે સુગુણ ગાજે, કૃપાવિજય જયંકરૂ;
તસ શિષ્ય ગાવે ભગતિ ભાવે, મેઘ વાચક જિનવરૂ. ૨



[૨]

શ્રી કેસરવિમલજી કૃત ચોવીશી.

(૧) શ્રી ઋષભદેવ જિન સ્તવન.

(લાડીલો લાખેણી લાડી વખાણો આયો—એ દેશી.)

સહીયાં ઋષભ જિણુંદ શું મન લાગ્યું, ચોલ તણી પરે રંગ લાગે હે.
મોરૂં મન રાતું એ પ્રભુ રાગે, જેહવું હીર કીરમજી રાગે હે;
રાત દિવસ જે પ્રભુ મુખ આગે, મીન જ્યું રમે નીર અથાગે હે. સ૦ ૧
મેહે મોરા ચંદ ચકોરા, જિમ કોયલ વલી સહકારા હે;
તિમ પ્રગટે બહુ નેહા મેરા, એહ મૂરતિ શું અધિકેરા હે. સ૦ ૨
શોભા દેખી પ્રભુ મુખ કેરી, આંખલડી ઉલ્લસે અધિકેરી હે;
જાણું જે કીજે સેવા ભલેરી, ટાલે દૂર ભવની ફેરી હે. સ૦ ૩
મોહન મૂરતિ મોહનગારી, એ સમ નહિ જગ ઉપગારી હે;
એહીજ સાચી કામણગારી, જિણે વશ કરી મુગતિ કુંગારી હે. સ૦ ૪
જિમ જિમ દેખું નયણ નિહારી, તિમ મુજ મન લાગે પ્યારી હે;
એહ મૂરતિ દેખી મનોહારી, હરીસણુની જાઉં બલિહારી હે. સ૦ ૫
નાભિ નરેસર કુલ અવતારી, મરૂદેવી માતા જેણે તારી હે;
સુનંદા સુમંગલા વરી જેણે નારી, યુગલા ધર્મ નીવારી હે. સ૦ ૬
રાજ્યની રીતિ જેણે વિસ્તારી, નિરમલ વર કેવલધારી હે;
શેત્રુંજ ગિરિવર પ્રભુ પાઉ ધારી, મહિમા અનંત વધારી હે. સ૦ ૭
ઋષભ જિનેસર મૂરતિ સારી, શેત્રુંજ ગિરિવર શોભાકારી હે;
કેસર વિમલ કહે જે નરનારી, પ્રણમે તે જગ જયકારી હે. સ૦ ૮

(૨) શ્રી અજિતનાથ જિન સ્તવન.

(અનુમતિ દીધી રે માયે રોયતાં—એ દેશી.)

મુજ અજિત જિનેસર મન વસ્યો, જિમ કમલિની મન રવિરાય;
હાંજી મુખ દીઠે મન ઉલ્લસે, જાયે પાતિક દૂર પલાય,
મુજ વ્હાલોજી અજિત જિનેસરૂ. ૧

હાંજી મોહન મહીયલે દીપતો, પ્રભુ નાણ અનંત પ્રકાશ;
હાંજી મોહ તિમિરભર ભંજણો, કરે ભવિયણ કમલ વિકાસ.મુ૦ ૨

હાંજી અનુપમ અતિશય આગલો, પ્રભુ મહિમાવંત મહંત;
હાંજી ગુણ ગાવે સુર જેહ તણા, પ્રણમી પૂજી ભગવંત.મુ૦ ૩

હાંજી ભવિજન મન સુખ કારણે, તું ઉદયો જિન જગભાણ;
હાંજી તુજ દરીસણથી સંપજે, મનવંછિત ફળ મહીરાણ.મુ૦ ૪

હાંજી વિજયાનંદન વાલહો, જિતશત્રુ નૃપ સુખકંદ;
હાંજી **કેસર** કહે જિનરાજજી, દ્યો દરીસણ મુજ સુખકંદ.મુ૦ ૫

(૩) શ્રી સંભવનાથ જિન સ્તવન.

(ઋષભ જિણંદા ઋષભ જિણંદા—એ દેશી)

સેવો સંભવ જિન સુખકારી, એહીજ સાહિણ જગ જયકારી;
મૂરતિ જેહની મોહનગારી, દેખત દુરગતિ દૂર નીવારી. સે૦ ૧

નિત આરાહે જે નરનારી, સાચી ભક્તિ હૈયે અવધારી;
તસ ઘર લચ્છી ત્રિભુઅન કેરી, નિશદિન નિવસે આવી ઘણેરી. સે૦ ૨

સેના માતા તાત જિતારિ, હય લંછન સોહે મનોહારી;
નિરમલ કેવલ કમલા ધારી, શિવ રમણી દીયે ભવજળ તારી. સે૦ ૩

સુણ સાહિણ મનમાં અવધારી, મહેર કરો મુજ હેત વધારી;
કહે **કેસર** તુમ શું એકતારી, દિન દિન દેજો સેવા સારી. સે૦ ૪

(૪) શ્રી અભિનંદન જિન સ્તવન.

(સુણ જિનવર શેત્રુંજા ધણીજી—એ દેશી.

નિરમલ નાણ ગુણે કરીજી, તું જાણે જગભાવ;
જગ હિતકારી તું જયોજી, ભવજલ તારણ નાવ;
જિનેસર સુણ અભિનંદ જિણંદ, તુજ દરિસણ સુખકંદ. જિ૦ સુ૦ ૧

તુજ દરીસણ મુજ વાલહુંજી, જિમ કુમુદિની મન ચંદ;
જિમ મોરા મન મેહલોજી, ભમરા મન અરવિંદ. જિ૦ સુ૦ ૨

તુજ વિણ કુણ છે જગતમાંજી, જ્ઞાની મહા ગુણજાણ;
તુજ ધ્યાયક મુજ મહેરથીજી, હિત કરી ધ્યો બહુમાન. જિ૦ સુ૦ ૩

તુજ હેતથી મુજ સાહિબાજી, સીઝે વાંછિત કાજ;
તિણ હેતે તુજ સેવીયેજી, મહેર કરો મહારાજ. જિ૦ સુ૦ ૪

સિદ્ધારથા ઉર હંસલોજી, સંવર નૃપ કુલ ભાણ;
કેસર કહે તુજ હેતથીજી, દિન દિન કોડી કલ્યાણ. જિ૦ સુ૦ ૫

(૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન.

(શ્રી ચંદ્રપ્રભ જિન સાહિબા રે—એ દેશી.)

સુમતિ જિનેસર સાહિબારે, તું મન વસીયો આય; મનના માન્યા.
જિમ ચાતક મન મેહલો રે, કમલિની મન રવિરાય. મન૦
મન મોહ્યું રે જિણંદ મન મોહ્યું, મનમોહન તું મહીમાંહિ. મન૦ ૧

જિમ મન ઉલ્લસે માહરું રે, તેમ ઉલ્લસે તુજ હેજ; મન૦
તો વાંછિત સઘલાં ફલેરે, જાણીજે તુમ તેજ. મન૦ ૨

મુજ મન મંદિર તું વસે રે, જાણે જગત સ્વભાવ; મન૦
કિશુંય કહાવે મો ભણીરે, મુજ હૈડાના ભાવ. મન૦ ૩

હિતકર સુમતિ જિણુંદજી રે, કીજે સવિ સુખ સંગ; મન૦
સોવન વાન સદા જયોરે, **કેસર** અરચિત અંગ. મન૦ ૪

(૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

(પુષ્કલવઇ વિજયે જયોરે—**એ દેશી**.)

પદ્મપ્રભ જિન ભેટીયેરે, સાચો શ્રી જિનરાય;
દુઃખ દોહગ દૂરે ટળેરે, સીઝે વાંછિત કાજ;
ભવિકજન! પૂજો શ્રી જિનરાય, આણી મન અતિઠાય. ભવિ૦ ૧

શિવ રામા વશ તાહરે રે, રાતો તેણે તુમ અંગ;
કમલ રહે નિજ પગ તલે રે, તે પણ તિણહીજ રંગ. ભવિ૦ ૨

રંગે રાતા જે અછે રે, વિચે રહ્યા થિર થાય;
તું રાતો પણ સાહિબા રે, જઇ બેઠો સિદ્ધિમાંય. ભવિ૦ ૩

અધિકાઇ એ તુમ તણી રે, દીઠી મેં જિનરાજ;
ઠકુરાઇ ત્રણ જગતણી રે, સેવ કરે સુરરાજ. ભવિ૦ ૪

દેવાધિદેવ એ તાહરૂં રે, નામ અછે જગદીશ;
ઉદારપણું પણ અતિ ઘણું રે, રંક કરો ક્ષણ ઇશ. ભવિ૦ ૫

એહવી કરણી તુમ તણી રે, દેખી સેવું તુજ;
કેસર વિમલ કહે સાહિબા રે, વાંછિત પૂરો મુજ. ભવિ૦ ૬

(૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

(સંભવ જિનવર વિનતિ—**એ દેશી**)

સાંભળો સ્વામી સુપાસજી, તુંહીજ જગત આધારો રે;
અવર ન કોઇ તુજ સમો, મહિમાવંત ઉદારો રે. સાં૦ ૧

ઇણ જગે સમરથ તું અછે, પૂરણ મનની આશો રે;
તુજ ચરણે મુજ મન રમે, દિન દિન અધિક ઉલ્લાસો રે. સાં૦ ૨

તુમ સેવા મુજ મન વસી, જિમ રેવા ગજવાસો રે;
તુજ સેવાથી સહુ ફલે, પૂગે મનની આશો રે. સાં૦ ૩

રયણાયરને સેવતાં, લહીયે રયણભંડારો રે;
સંગતિ સરખાં ફલ હુએ, સયણા એહ વિચારો રે. સાં૦ ૪

સુગુણ સંવાસો સેવતાં, ભવ તણી ભાવઠ જાયે રે
(સદ્દહણા એ હૃદયે ધરતાં) કહે **કેસર** સુખ થાયે રે. સાં૦ ૫

(૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

(સહજ સલુણો હો મીલીયો મારો સાહિબો—**એ દેશી**)

આજ મેં દીઠો મીઠો જિનજી આહમો, ચંદ્રપ્રભુ બહુ પ્રેમ;
મૂરતિ નિરખી હો હરખી મોરી આંખડી, ચંદ ચકોરી જેમ. આજ૦ ૧

ચંદો વારી હો વારી નાખું વારિમાં, સાહિબ તુજ મુખ દેખી;
ચંદો છે સરીસો હો જો પણ આહમો, તું સુખદાયી વિશેષ. આજ૦ ૨

ઉજલો ગુણ શું હો જોહી તોહી માહરૂં, તું મન રંજે રાય;
એહ અચંભો હો મુજ મન રાગે તું રમે, તોહિ ન રંજ્યો જાય. આજ૦ ૩

તું નવિ રંજે હો રંજે સુરનર ચિત્તડાં, તુંહી નિરંજન તેણ;
અંતરગતની હો તાહરી વાત કો લહે, અકલ સરૂપી જેણ. આજ૦ ૪

એકજ તુમચી હો મૂરતિ મુજ હિયડે વસી, (પુણ્યથી) સહઉલ્લાસ
સુપ્રસન્ન થઇ હો સાહિબ મુજ ભગતે મિલો, પૂરો મનતણી આશ. આજ૦ ૫

અંક વિરાજે હો શરદ પૂનમનો ચંદ્રમા, ચંદ્રપ્રભ જિનરાય;
કેસર જંપે હો સેવક જાણી આપણો, મહેર કરો મહારાય. આજ૦ ૬

(૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

(બંધ સમય ચિત્ત ચેતીયે—એ દેશી.)

સુવિધિ જિનેસર સાંભળો, તું પ્રભુ નવનિધિ દાય; સાહિબજી,
તુજ સુપસાયે સાહિબા, મનવાંછિત ફળ થાય. સા૦ સુ૦ ૧
તું સાહિબ સમરથ લહી, બીજા શું કેહી પ્રેમ; સા૦
છોડી સરોવર હંસલો, છીલ્લર રીઝે કેમ. સા૦ સુ૦ ૨
રયણ ચિંતામણિ પામીને, કુણ કાચે લોભાય; સા૦
કલ્પતરૂ છાયા લહી, કુણ બાવલ કને જાય. સા૦ સુ૦ ૩
થોડી હી અધિકી ગણું, સેવા તુમચી દેવ; સા૦
કરે ગંગાજલ બિંદુઓ, નિરમલ સર નિતમેવ. સા૦ સુ૦ ૪
સમરથ દેવા શિરતિલો, ગુણનિધિ ગરીબ નિવાજ; સા૦
મોહે નિવાજો મયા કરી, સાહિબ સુવિધિ જિનરાજ. સા૦ સુ૦ ૫
તુજ ચરણે મુજ મન રમે, જેમ ભ્રમર અરવિંદ, સા૦
કેસર કહે સુવિધિ જિના, તુમ દરીસણ સુખકંદ. સા૦ સુ૦ ૬

(૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન.

(વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ—એ દેશી.)

દશમો દેવ દયાલ મયાલ મનોહરૂ,
નયણાનંદ જિણંદ અમંદ સુહંકરૂ;
સેવીજે સુખદાય સુરાસુર શિર તિલો,
શીતલ શીતલ વાણી ગંભીર ગુણે નિલો. ૧
શીતલ ચંદન ચંદ જ્યું દરીસણ તુમ તણો,
નિરખી નિરખી જિનનાહ હૈયે આનંદ ઘણો;
ધન ધન દિન મુજ આજ દીઠો મુખ તુજ તણો,
સુરતરૂ સુરમણિ જેમ મનોરથ પૂરણો. ૨

તું પ્રભુ રયણનિધાન પ્રધાન ગુણે કરી,
દ્યો એક સમકિત રયણ વયણ મુજ મન ધરી,
ભવ ભવ ભાવઠ દૂર સાંઇ કરૂણા કરે,
રવિમંડલ જ્યું તિમિરનિકર દૂરે હરે. ૩

મુજ મન નિવસી આપ ભગતિ પ્રભુ તુમ તણી,
તુજ દરીસણકી ચાહ તેણે મુજ મન ઘણી;
દ્યો દરીસન સુપ્રસન્ન મનોરથ પૂરવો,
(ગુણઘાતક જે પાપ તે મુજ ચૂરવો.) ૪

સુણ શીતલ જિનભાણ સુજ્ઞાણ સુહંકરૂ.
દઢરથ રાયકુલચંદ નંદાનંદન વરૂ;
કહે **કેસર** જિનનાહ કહું એક તુજ ભણી,
આપણો જાણી જિણંદ મયા કરજો ઘણી. ૫

(૧૧) શ્રી શ્રેયાંસ જિન સ્તવન.

(અરિહંત પદ ધ્યાતો થકા—એ દેશી.)

શ્રી શ્રેયાંસ જિન સાંભળો, સિંહપુર નગર નિવાસીરે;
તુમ સેવા મુજ મન વસી, ગજ મન રેવા જેસીરે. શ્રી૦ ૧

જો આપો તુમ સેવના, તો મન હરખ ન માયરે;
કસ્તુરી અંબર બહી, જિમ અધિકી મહમાયોરે. શ્રી૦ ૨

ગિરૂઆ જનની સેવના, કદીય ન નિષ્ફલ થાયરે;
હરિ રયણાયર સેવતાં, લચ્છી લહી સુખ દાયરે. શ્રી૦ ૩

રિસહેસર સેવા થકી, નમિ વિનમિ નૃપ થાયરે;
હર સેવત ગંગા લહ્યો, હરસિર ઉત્તમ ઠાયરે. શ્રી૦ ૪

તિમ પ્રભુ તુજ સેવા થકી, સીઝે વાંછિત આશોરે;
તુજ સુપસાયે સાહિબા, લહીયે લીલ વિલાસોરે. શ્રી૦ ૫

લોહચમક જયું માહરો, મન લાગ્યો તુમ સાથેરે;
તિમ જો મોશું તુમે મિલો, તો મુગતિ મુજ હાથેરે. શ્રી૦ ૬
મનમોહન મુજ વિનતિ, શ્રી શ્રેયાંસ જિન સ્વામીરે;
ઘો પ્રભુ તુમ પય સેવના, **કેસર** કહે શિરનામી રે. શ્રી૦ ૭

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

(આચારજ ત્રીજે પદે—એ દેશી)

વસુપૂજ્ય નૃપ કુલચંદલો, શ્રી વાસુપૂજ્ય જિનરાયરે;
રાણી જયા ઉર હંસલો, મહિષ લંછન જસ પાયરે; ૧
શ્રી વાસુપૂજ્ય જિન વિનતિ, સુણ ત્રિભુવન જયકારીરે;
મનહ મનોરથ પૂરવો, અંતર દૂર નિવારીરે; શ્રી વા૦ ૨
મહિયલ તું મહિમા નીલો, નહિ કોઇ તાહરી જોડીરે;
જિમ સૂરજ સમ કો નહિ, તારાગણની કોડીરે. શ્રી વા૦ ૩
જે તુમ જાણપણું અછે, બીજામાં નહિ તેહોરે;
તિમિર નવિ તારા હરે, ચંદ હરે છે જેહોરે. શ્રી વા૦ ૪
મોહ્યો મુજ મન હંસલો, તુજ ગુણ ગંગ તરંગે રે;
અવર સુરા છિલ્લર જલે, તે કિમ રાચે રંગે રે. શ્રી વા૦ ૫
ભાવ ભગતે પ્રભુ વિનવું, સુણ સ્વામી અરદાસ રે;
કેસર વિમલ કહે સહિબા, પૂરો મુજ મન આશરે. શ્રી વા૦ ૬

(૧૩) શ્રી વિમલનાથ જિન સ્વતન.

(સંભવ દેવ તે ધૂર સેવો સવેરે—એ દેશી.)

સાંભળ વિમલ જિનેસર વિનતિ રે, તુમ્હશું સહજ સનેહ;
ચંદન સહજ સ્વભાવે શીતલો રે, જગસુખદાયી મેહ. સાં૦ ૧

વાંછિતદાયક સુરતરૂ સુરમણિરે, રવિ કરે તેજ પ્રકાશ;
છાયા શીતલ શીતલ ચંદલોરે, સુરગવી પૂરે આશ. સાં૦ ૨

સહજ સ્વભાવે જિમ એ સુખ દીયેરે, તું જગતારક તેમ;
તો હવે તારક બિરૂદને સાહિબારે, હેજ ન કીજે કેમ, સાં૦ ૩

એકને તારો ન તારો એકનેરે, એકને નિજ પદ દેહ;
એક અધિકો એક ઓછો પાંતિમાંરે, કરવો ન ઘટે એહ; સાં૦ ૪

સહુશું સરીખા હેજે જે હુએરે, બિરૂઆ તે ગુણવંત;
અંતર ન કરે મોટા નાનડારે, મોટા તેહ મહંત. સાં૦ ૫

નિગુણ સુગુણ પણ સેવક આપણારે, બિરૂઆ નિવહે જાણુ;
શશી દોષી પણ ઇશ શિરે ધરીરે, જિમ નિવહ્યો નિરવાણુ. સાં૦ ૬

તો હવે જાણી સેવક આપણોરે, પરમ કૃપાપર દેવ;
કેસર વિમલ જિનેસર વિનવેરે, હિત ધરજો નિતમેવ. સાં૦ ૭

(૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન.

(સાહિબ માહરા જિનેસર વિનવું—**એ દેશી.**)

સાહિબ અનંત જિણુંદ મયા કરો, આપણો જાણી જિણુંદ હો;
સા૦ સહજ સનેહ હૈયે ધરી, ધો દરીસણ સુંખકંદ હો. સા૦ અ૦ ૧

સા૦ વિણ કહેવે જ્ઞાને કરી, તું જાણે જગ ભાવ હો;
સા૦ તુજ દીઠે મન ઉલ્લસે, મિલણ તણો ધરી દાવ હો. સા૦ અ૦ ૨

સા૦ થોડોહી પણ તુમ તણો, મિલણ મહા સુખદાય હો;
સા૦ એકજ બિંદુ અમી તણો, તાપ નિવારક થાય હો. સા૦ અ૦ ૩

સા૦ જ્યું મન માહરે તું રમે, તિમ તુમ મન મુજ વાસ હો;
સા૦ જો પ્રભુ મન શું મન મિલે, તો પુગે મન આશ હો. સા૦ અ૦ ૪

સા૦ મુજ ભગતે સુપ્રસન્ન થઇ,તારો અનંત જિણુંદ હો;
સા૦ કેસર વિમલ ઇમ વિનવે,તુજ દરીસણુ સુખકંદ હો.સા૦ અ૦ ૫

(૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન.

(વીર જિણુંદ જગત ઉપકારી—એ દેશી.)

ધર્મ જિનેસર સુણુ પરમેસર, તુજ ગુણ કેતા કહાયજી;
તુજ વચને તુજ રૂપ જણાયે, અવર ન કોય ઉપાયજી. ધર્મ૦ ૧

તાહરે મિત્ર અને શત્રુ સમ, અરિહંત તુંહી ગવાયજી;
રૂપ સ્વરૂપ અનુપમ તું જિન, તોહી અરૂપી કહાયજી. ધર્મ૦ ૨

લોભ નહિ તુજમાંહિ તો પણુ, સઘલા ગુણ તેં લીધજી;
તું નીરાગી પણુ તેં રાગી, ભગત તણું મન કીધજી. ધર્મ૦ ૩

નહિ માયા તુજમાં જિનરાયા, પણ તુજ વશ જગ થાયજી;
તુંહી સકલ તુજ અકલ કલે કુણુ, જ્ઞાન વિના જિનરાયજી. ધર્મ૦ ૪

સુગુણુ સનેહી મહેર કરો મુજ, સુપ્રસન્ન હોઇ જિણુંદજી;
પભણે કેસર ધર્મ જિનેસર, તુજ નામે આણંદજી. ધર્મ૦ ૫

(૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ—એ દેશી)

સાંભળ હો પ્રભુ સાંભળ શાંતિ જિણુંદ,
વિનતિ હો પ્રભુ વિનતિ માહરા મનતણીજી;
પૂરણ હો પ્રભુ પૂરણ મનની આશ,
પામ્યો હો પ્રભુ પામ્યો મેં તું સુરમણિજી. ૧

તુજ શું હો પ્રભુ તુજશું લાગ્યું મન,
નેહી હો પ્રભુ નેહી મેહા મોર જ્યુંજી;
લોચન હો પ્રભુ લોચન તુજ મુખ દેખી,
હરખે હો પ્રભુ હરખે ચંદ ચકોર જ્યુંજી. ૨

તુજશું હો પ્રભુ તુજશું સાચો પ્રેમ,
પંકજ હો પ્રભુ પંકજ રવિ જ્યું ઉલ્લસ્યોજી;
તું પણ હો પ્રભુ તું પણ સુપસન્ન થાય,
સુખકર હો પ્રભુ સુખકર જો મુજ મન વસ્યોજી. ૩
કીજે હો પ્રભુ કીજે મુજશું હેત,
સાચી હો પ્રભુ સાચી પ્રીત મનમાં ધરીજી;
સેવા હો પ્રભુ સેવા તો પરમાણુ,
જાણું હો પ્રભુ જાણું તેં જાણી ખરીજી ૪
હેજે હો પ્રભુ હેજે હૈયે ધરી આપ,
દીજે હો પ્રભુ દીજે વાંછિત સુખ ઘણુંજી;
દરસણ હો પ્રભુ દરસણ દેઇ દેવ,
પૂરો હો પ્રભુ પૂરો મનોરથ મન તણુંજી. ૫
અચિરા હો પ્રભુ અચિરાનંદન દેવ,
જાણી હો પ્રભુ જાણી વિનતિ જગધણીજી;
કેસર હો પ્રભુ કેસર કહે જિનરાય,
દીજે હો પ્રભુ દીજે દરીસણ મુજ ભણીજી. ૬

(૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન.

(રાગ–મલ્હાર–લલ–વીંછીયાની.)

કુંથુ જિનેસર સાંભળો, એક અરજ કરૂં કરજોડ રે લાલા;
મહેર કરી મુજ સાહિબા, ભવ ભવ તણી ભાવઠ છોડ રે લાલા. કુંથુ૦ ૧
અંતરજામી માહરા, હિયડાના જાણે ભાવ રે લાલા;
ભક્તવચ્છલપણું તુમ તણું, જણાવો ભવજલ નાવ રે લાલા. કુંથુ૦ ૨
ભવ દુઃખ વારો ભવિતણાં, દેઈ દેઈ દરિસણ નૂર રે લાલા;
નિશદિન નિવસો મુજ મને, તો કાં ન કરો દુઃખ દૂર રે લાલા. કુંથુ૦ ૩

તું નિવસંત મુજ હિયડલે, કહો કિમ રહે દુરિત દુરંતરે લાલા;
તિમિરપટલ તિહાં કિમ રહે, જિહાં દિનયર તેજ દીપંતરે લાલા. કુંથુ૦ ૪

કુંથુ જિણુંદ મયા કરો, મનવલ્લભ જિન જગદીશ રે લાલા;
કેસર વિમલ ઇમ વિનવે, ભુધ કનકવિમલ ગુરૂ સીસરે લ લા. કુંથુ૦ ૫

(૧૮) શ્રી અરનાથ જિન સ્તવન.

(પુષ્કલવઇ વિજયે જયોરે—એ દેશી.)

કવિ કુમુદ વન કૌમુદીરે, સમરી શારદ માય;
અરજ કરૂં અરજિન ભણીરે, ભાવ ધરી મનમાંય;
જિણુંદરાય! અવધારો અરદાસ, તું પ્રભુ પૂરણ આશ. જિણુંદરાય. ૧

તું સમરથ ત્રિહું લોકમાંરે, ગિરૂઓ ગરીબ નિવાજ;
તુજ સેવાથી સાહિબારે, સીઝે વાંછિત કાજ. જિણું૦ ૨

શિવ સુખદાયક તું જયોરે, ભવ ભય ભંજનહાર;
તુજશું મુજ મન નેહલોરે, ચાતક જિમ જલધાર. જિણું૦ ૩

તુજ પદ પંકજ ફરસથી રે, નિરમલ આતમ હોય;
લોહ સોવનતા જિમ લહેરે, વેધક રસથી જોય. જિણું૦ ૪

તુજ પ્રણમીજે પૂજીયેરે, તે દિન સફલ વિહાણ;
તુજ હિતથી પ્રભુ મુજતણુંરે, જીવિત જન્મ પ્રમાણ. જિણું૦ ૫

અંતરજામી માહરારે, અરજ કરૂં કરજોડ;
ભગતે તુમપદ સેવનારે, દ્યો મુજ એહીજ કોડ. જિણું૦ ૬

સુખદાયક ત્રિભુવન ધણીરે, ભવજલ તારણ નાવ;
કેસર વિમલ ઇમ વિનવેરે, અરજિન ભક્તિ પ્રભાવ. જિણું૦ ૭

(૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

(તુજ શાસન અમૃત મીઠું, સંસારમાં નવિ દીઠું રે, મનમોહન સ્વામી–એ દેશી)

સેવો ભવિયણ મલ્લિ જિનેસર, ભાવ ભગતિ મન આણી રે,
મારો જિનજી સુહાવે;
ગંગોદક જલ કુંભ ભરી ભરી, સ્નાત્ર કરો ભવિ પ્રાણીરે,
મારો જિન મનોહારી. મારો૦ ૧

કેસર ચંદન ભરીય કચોલી, આણી ફુલ ચંગેરી રે મારો૦
નવ નવ અંગે પૂજો મૂરતિ, મલ્લિ જિનેસર કેરીરે. મારો૦ ૨

દેવાધિદેવ તણી જે પૂજા, કીજે આઠ પ્રકારી રે; મારો૦
તે તો આઠ મહા સિદ્ધિ આપે, આઠે કરમ નિવારી રે. મારો૦ ૩

ધન તે દીહા છહા તે ધન, જેણે પ્રભુ ગુણ ગાઇજે રે; મારો૦
જિણે પ્રભુ દેખી હરખ લહીજે, સો નયણાં ફલ લીજે રે. મારો૦ ૪

જિણ નયણે દીઠો એ જિનવર, તેહીજ જિન હૈયે વહીયે રે; મારો૦
ધન તે હૈયું નયન થકી પણ, આધિક કૃતારથ કહીયે રે. મારો૦ ૫

તે ધન હાથ જેણે પ્રભુ પૂજે, તે ધન શિર જેણે નમીયે રે; મારો૦
જિનગુણ ગાતાં ભક્તિ કરતાં, શિવ રમણી શું રમીયે રે. મારો૦ ૬

શિવસુખકારી ભવભયહારી, મૂરતિ મોહનગારી રે; મારો૦
કહે કેસર નિત સેવા કીજે, મલ્લિ જિનેસર કેરી રે. મારો૦ ૭

(૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(પંથીડા સંદેશો પૂજ્યજીને વિનવે રે—એ દેશી.)

સાંભળ સુવ્રત સ્વામી શામળા રે, શ્રી હરિવંશવિભૂષણ રયણ રે;
નયણાં હરખે તુજ મુખ દેખવારે, તુજ ગુણ ગાવા ઉલ્લસે વયણ રે. સાં૦ ૧

તુજ ગુણ નિરમલ ગંગ તરંગમે રે, મોહ્યો મુજ મન બાલ મરાલરે;
ત્રિભુવન મોહ્યો તુજ મહિમા કરીરે, સાચો મોહન તું હી મયાલ રે. સાં૦ ૨

મહેર કરી જે સ્વામી મો ભણીરે, દીજે સમકિત રયણ સુહેજ રે;
જો દીયે સાહિબ મુજ સુહેજથી રે, તો નિત્ય દીપે સેવક તેજરે. સાં૦ ૩

ભકતવત્સલ જગબાંધવ તું હિ તું રે, તું જગજીવન તું ગુણગેહરે;
જો હિત વહેસ્યો અમશું આપણો રે, તો નિરવહેસ્યો ધર્મ સનેહરે. સાં૦ ૪

શ્રી મુનિસુવ્રત જિનશું નેહલો રે, તે તો શશિ જિમ સિંધુ ઉલ્લાસરે;
કેસર જંપે સ્વામી માહરા રે, દરશન દેઇ પૂરો આશરે. સાં૦ ૫

(૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન.

(પંડતીયા હો તું જોયને જોશ કે અમગુરૂ કહ્યેં આવશેજી–**એ દેશી.**)

જગ નાયક હો સુણ નમિ જિનરાયકે, તુજ દરિસણ મુજ વાલહુંજી
જિમ વાલ્હો હો મોરા મન મેહ કે, હંસા સરોવર વાલહુંજી. ૧

તુજ મુખડું હો નિરખી શશી જેમકે, હિયડું કુમુદ જયું ઉલ્લસેજી;
મુજ મીઠડું હો લાગે તુજ વયણુકે, સરસા અમીરસ જિહાં વસેજી. ૨

અતિ સુંદર હો નિરખી તુજ નયણુકે, પંકજ જળમાં તપ કરેજી;
વલી ખંજન હો ગયા ગગન મોઝારકે, હાર્યા મૃગ વન વન ફરેજી. ૩

એણે નયણે હો પ્રભુ તું મુજ જોય કે, હેજ હિયામાં દાખવોજી;
દેઇ દર્શન હો ભવજલનિધિ તારકે, સુપ્રસન્ન મુજ સાહિબ હુવોજી. ૪

તુજ ચરણે હો નમતાં નિત્ય મેવકે, મનહ મનોરથ સવિ ફલેજી;
સમરંતાં હો તુજ નામ સુમંત્ર કે, સંકટ સવિ દૂરે ટળેજી. ૫

સુખદાયક હો સુણ નમિ જિનરાયકે, મહેર કરે જો મો ભણીજી;
ભક્તી ભગતે હો કહે કેસર એમકે, આશ પૂરો પ્રભુ મુજ ધણીજી. ૬

(૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન.

(વર્ધમાન જિનવર વરદાયી—એ દેશી.)

સાંભળ સ્વામી ચિત્ત સુખકારી, નવભવ કેરી હું તુજ નારી;
પ્રીતિ વિસારી કાં પ્રભુ મોરી, કયું રથ ફેરી જાઓ છોરી. ૧

તોરણ આવી શું મન જાણી, પરિહરી માહરી પ્રીતિ પુરાણી;
કિમ વન સાધે વ્રત લીયે આધે, વિણ અપરાધે શ્યે પ્રતિબંધે. ૨

પ્રીતિ કરી જે કિમ તોડી જે, જેણે જસ લીજે તે પ્રભુ કીજે,
જાણ સુજાણજ તે જાણીજે, વાત જે કીજે તે નિવહીજે. ૩

ઉત્તમહી જો આદરી છંડે, મેરૂ મહીધર તો કિમ મંડે;
જો તુમ સરીખા સયણ જ ચૂકે, તો કિમ જલધર ધારા મૂકે. ૪

નિગુણા ભૂલે તેતો ત્યાગે, ગુણ વિણ નિવહી પ્રીતિ ન જાયે;
પણ સુગુણા જો ભૂલી જાયે, તો જગમાં કુણને કહેવાયે. ૫

એક પખી પણ પ્રીતિ નિવાહે; ધનધન તે અવતાર આરાહે;
ઇમ કહી નેમશું મલી એકતારે, રાજુલ નારી જઇ ગિરનારે. ૬

પૂરણ મનમાં ભાવ ધરેઇ, સંયમી હોઇ શિવસુખ લેઇ;
નેમશું મલીયાં રંગે રલીયાં. કેસર જંપે વંછિત ફલીયાં. ૭

(૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(નમો રે નમો શ્રી શેત્રુંજા ગિરિવર—એ દેશી.)

સુણ સાહેબ પ્રભુ પાસ જિનેસર, નેહ નજરથી નિહાળરે;
તુજ સાનિધ્યથી હેલાં લહીયે, દિન દિન મંગલમાળરે. સુણ૦ ૧

કારણ મહીયલે શિવસુખ કેરો, એક તુંહીજ જિનરાજરે;
જયું વ્યવહાર સદા જગજનનો, વરતાવણ દિનરાજરે. સુણ. ૨

મોહવશે તુમ છંડી જે જન, અવર સુદેવ કરી જાણેરે;
સજલ સરોવર છંડી તે મન, મૃગજલશું સુખ માણેરે. સુણ૦ ૩
દર્શનભેદે તું બહુરૂપી, પરમારથ એક રૂપરે;
સ્ફટિક મણિ જ્યું વરણ ઉપાધે, આભાસે બહુરૂપરે. સુણ૦ ૪
ભવ દુઃખ ભંજન તું જગરંજન, તુંહી નિરંજન દેવરે;
કહે **કેસર** પ્રભુ પાસ જિનેસર, દીજે તુમ પદ સેવરે. સુણ૦ ૫

(૨૪) શ્રીમહાવીર જિન સ્તવન.

(સાંભળજો મુનિ સંજમ રાગે, ઉપશમ શ્રેણે ચડીયારે—**એ દેશી**)

વીર જિનેસર સુણ મુજ સ્વામી, વિનવીયે શિરનામી રે;
તું પ્રભુ પૂરણ મન હિત કામી, તું મુજ અંતરજામી રે. વીર૦ ૧
એકજ તું શિર સાહિબ કીજે, તુમ સમ કોણ કહી જે રે;
ભગતિ કરતાં જો તું રીઝે, તો મન વાંછિત સીઝે રે. વીર૦ ૨
તુજ હિતથી સુખ સંપદ આવે, દાલિદ દૂર ગમાવે રે;
જગબંધવ જિન તુંહી કહાવે, સુરનર તુજ ગુણ ગાવેરે. વીર૦ ૩
તું પ્રભુ પ્રીતિ ન હેત જણાવે, પણ સેવક સુખ પાવેરે;
ગિરૂઆ સેવા ફલ નવિ જાવે, સેવીજે ઇણ ભાવે રે. વીર૦ ૪
ત્રિશલાનંદન વીર જિનેશ્વર, વિનતડી અવધારી રે;
કેસર જંપે દરીસણ દીજે, દુરગતિ દૂર નિવારી રે. વીર૦ ૫

શ્રી ચોવીશ જિન સ્તવન.

(આજ માહરે આંગણે કાંઇ, જાણું સુરતરૂ ફલીઓરે—**એ દેશી**)

(રાગ ધનાશ્રી)

સેવોને રે ભવિ સેવોને, ચોવીશે જિનરાયા બે,
ભવભયવારક શિવસુખદાયક, ત્રિભુવનમાંહી સુહાયા બે. સેવો૦

પૂરવ પુણ્ય લહી અવતરીયા, ચૌદ સુપન કરી જાયા એ.
ચોસઠ ઇંદ્ર મિલી બહુ ભગતે, મેરૂ શિખર નવરાયા એ. સેવો૦ ૨
અનુક્રમે પૂરવ પુણ્ય વશે વરી, રાજ લીલા વરનારી એ;
ભોગ ભોગવી વરદાને વરસી, વ્રત લીલા અવધારી એ. સેવો૦ ૩
તપ કરી ઘનઘાતિ મલ ટાળી, ઉજ્જવલ કેવલ પાયા એ;
સમવસરણે બેઠા પ્રભુ શોભે, ચોવીશે જિનરાયા એ. સેવો૦ ૪
ચોત્રીશ અતિશય જે પ્રભુ રાજે, પાંત્રીશ વચન વિરાજે એ;
મધુર ધ્વનિ પ્રભુ દેશના ગાજે, પ્રભુતા અધિકી છાજે એ. સેવો૦ ૫
પૂજે પ્રણમે જે પ્રભુ સમરે, ધ્યાવે ધ્યાવે જગતે એ;
દુઃખ દોહગ તસ દૂર પણાસે, જે સેવે જિન ભગતે એ; સેવો૦ ૬
ધણિ પરે ચોવીશે જિન ગાયા, ભાવ ભગતિ પરસંગે એ;
સત્તર પચાશે રહી ચોમાસે, માંગલોર મનરંગે એ. સેવો૦ ૭
તપગચ્છ સિંધુ સુધાકર સરીસા, શ્રી વિજયપ્રભસૂરિંદા એ;
તસપટ્ટ ગયણુ પ્રભાકર ઉદયા, શ્રી વિજયરત્નમુણિંદા એ. સેવો૦ ૮
તેહ તણે રાજે પંડિતવર, શાંતિવિમલ ગુરૂરાયા એ;
તસ બાંધવ બુધ કનકવિમલ ગુરૂ, સુરગુરૂ બુદ્ધિ સવાયા એ. સેવો૦ ૯
તાસ ચરણ પંકજ સુપસાયે, **કેસર** વિમલ ગુણ ગાયે એ;
ભણે ગુણે જે જિનવરના ગુણ, જનમ સફલ તસ થાયે એ. સેવો૦ ૧૦

—: કલશ :—

ઇમ વિશ્વનાયક મુગતિદાયક, થુણ્યા ચોવીશ જિનવરા;
જિત રૂપ રતિવર સયલ યતિવર, શ્રી વિજયરત્ન સૂરીશ્વરા,
તસ તણે રાજે કવિ વિરાજે, શાંતિ વિમલ બુધ સિંધુરા;
તસ સીસ **કેસર** વિમલ કહે જિના, સર્વ સંઘ મંગલ કરા. ૧

[૩]

શ્રી ખિમાવિજયજી શિષ્ય શ્રી જશવિજયજી કૃત ચોવીશી.

(પ્રથમનાં છ સ્તવનો મલ્યાં નથી)

(૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

(અજિત જિણુંદશું પ્રીતડી—એ દેશી.)

શ્રી સુપાસ જિન સાહિબા,
સુણો વિનતિ હો પ્રભુ પરમ કૃપાલ કે;
સમકિત સુખડી આપીયે,
દુઃખ કાપીયે હો જિન દીન દયાલ કે. શ્રી સુ૦ ૧

મૌન ધરી બેઠા તુમે,
નિચિંતા હો પ્રભુ થઇને નાથ કે;
હું તો આતુર અતિ ઉતાવલો,
માગું છું હો જોડી દોય હાથ કે. શ્રી સુ૦ ૨

સુગુણા સાહિબ તુમ વિના,
કુણ કરશે હો સેવકની સાર કે;
આખર તુમહીજ આપશો,
તો શાને હો કરો છો વાર કે. શ્રી સુ૦ ૩

મનમાં વિમાસી શું રહ્યા,
અંશ ઓછું હો તે હોય મહારાજ કે;
નિરગુણ ને ગુણ આપતાં,
તે વાતે હો નહિ પ્રભુ લાજ કે. શ્રી સુ૦ ૪

મોટા પાસે માગે સહુ
કુણ કરશે હો ખોટાની આશ કે;
દાતાને દેતાં વધે ઘણું,
કૃપણને હો હોય તેહનો નાશ કે. શ્રી સુ૦ ૫

કૃપા કરી સામું જો જૂએ,
તો ભાંજે હો મુજ કર્મની જાલ કે;
ઉત્તર સાધક ઉભાં થકાં,
જિમ વિદ્યા હો સિદ્ધ હોય તત્કાલ કે. શ્રી સુ૦ ૬

જાણ આગળ કહેવું કિશ્યું,
પણ અરથી હો કરે અરદાસ કે;
શ્રી **ખિમાવિજય** પય સેવતાં,
જસ લહીયે હો પ્રભુ નામે ખાસ કે. શ્રી સુ૦ ૭

(૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

(અંતરજામી હે કે શિવપુર ગામી, મારાલાલ—એ દેશી.)

ચંદ્રપ્રભની હો કે સેવા કીજે મારાલાલ,
અવસર પામી હો કે લાહો લીજે મારાલાલ;
દિલભર દિલ શું હો કે સાહિબ રીઝે–મા૦
વેગે વંછિત હો કે કારજ સીઝે—મા૦ ૧

દશ દૃષ્ટાંતે હો કે દુરલભ જાણી–મા૦
પુનરપિ સુલભ હો કે નહિ ભવિ પ્રાણી—મા૦
મણુય જનમ છે હો કે ગુણની ખાણી–મા૦
પ્રભુપદ સેવી હો કે કરો કર્મ હાણી—મા૦ ૨

શ્રદ્ધા સાચી હો કે ચિત્તમાં આણી–મા૦
કર્ણ કચોલે હો કે પીએા જિનવાણી—મા૦
જિન ગુણ ગાણી હો કે મુગતિ સેંનાણી–મા૦
ભગત જુગત કરી હો કે લીજે તાણી—મા૦ ૩

ભવ ભવ ભમતાં હો કે પ્રભુ મુજ મલીયેા–મા૦
આજ મનોરથ હો કે સવી મુજ ફલીયેા—મા૦
કર્મ પ્રબલથી હો કે થયેા હું ગલીયેા–મા૦
હવે તુમ સાહ્યે હો કે હોઇશ બલીયેા—મા૦ ૪

દુશ્મન દૂરે હો કે પ્રભુજી વારેા–મા૦
ભવસાયરથી હો કે સાહિબ તારેા—મા૦
શ્રી **ઋિમાવિજય** ગુરૂ હો કે દિલમાં ધારેા–મા૦
કહે **જસ** વહેલે હો કે પાર ઉતારેા—મા૦ ૫

(૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

(દુનિયામાં દેવ ન દુજાજી, જિનવર જયકારી—**એ દેશી.**)

સુણેા સુવિધિ જિણેસર સામીજી,
સાહિબ સાંભલેા, તું મુજ અંતરજામીજી; સા૦
આજ અવસર એ પામીજી, સા૦
હું અરજ કરૂં શિરનામીજી. સા૦ ૧

કાલ અનંતેા ભમીયેાજી, સા૦
દુઃખ અનંતાં ખમીયેાજી; સા૦
હું તેા મેાહરાય વશ પડીયેાજી, સા૦
મિથ્યા મંત્રી મુજ નડીયેાજી. સા૦ ૨

પ્રમાદ મદિરાપાન પાયોજી, સા૦
ચિંહુ ગતિ માંહે ભમાયોજી; સા૦
તિહાં દુઃખ હું બહુ પાયોજી, સા૦
ન મલ્યો કોઇ શરણ સખાયોજી. ૩
રાગ કેસરીયે હું ઘેર્યોજી, સા૦
દ્વેષ ગજેન્દ્રે હું ફેર્યોજી, સા૦
તૃષ્ણા તરૂણીએ વગોયોજી, સા૦
વિષયા દાસી હું મોહ્યોજી. સા૦ ૪
કામ કોટવાળે દુઃખ દીધોજી, સા૦
વિકથા જોગણનો કહેણ કીધોજી; સા૦
રતિ અરતિ મળી ધુતારીજી, સા૦
તેણે દાખી દુરગતિ બારીજી. સા૦ ૫
હવે તુમ ચરણે હું આયોજી, સા૦
એ દુઃખ દૂરે ગમાયોજી; સા૦
સેવકને શરણે રાખોજી, સા૦
તુમથી અધિકો કુણ દાખોજી. સા૦ ૬
હવે ભવોભવ તુમ સેવાજી, સા૦
માગું હું દેવાધિદેવાજી; સા૦
શ્રી **ખિમાવિજય** ગુરૂ રાયજી, સા૦
જસ વાધે સેવતાં પાયજી. સા૦ ૭

(૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન.

(જુહો વિમલ જિનેસર સુંદર—એ દેશી.)

જુહો શ્રી શીતલ જિન ભેટતાં, જુહો ઉલટ અંગે ન માય;
જુહો રોમ રોમ તનુ ઉલ્લસે, જુહો હિયડે હરખ ભરાય;
જિનેસર ભેટયો ભલે તું આજ, મુજ સારો વાંછિત કાજ. જિ૦ ૧

જીહો ધન વેલા ધન તે ઘડી, જીહો ધન મુજ જીવિત એહ;
જીહો વિકસિત વદન રહે સદા, જીહો જ્યું આપીયડા મેહ. જિ૦ ૨
જીહો આજ અપૂરવ દિન ભલો, જીહો નયણે નિરખ્યો નાથ;
જીહો પરમ પુરૂષ મેં પરખીયો, જીહો મલીયો શિવપુર સાથ. જિ૦ ૩
જીહો જાગી ભાગ્યદશા હવે, જીહો પ્રગટયો પૂન્ય અંકુર;
જીહો ચિત્ત ચમકે તિમ માહરૂં, જીહો દેખી ચંદ ચકોર. જિ૦ ૪
જીહો પ્રભુ દરીસણ લહી પ્રાણીયા, જીહો આલસ આણેરે જેહ;
જીહો તેહ પછે પસ્તાયશે, જીહો પંથ ચીલે રહ્યો છેહ. જિ૦ ૫
જીહો ભદ્દીલપુર નયરી ધણી, જીહો દ્રઢરથ રાયનો નંદ;
જીહો માત નંદાયે જનમીયો, જીહો પ્રગટયો સુરતરૂ કંદ. જિ૦ ૬
જીહો શ્રી વચ્છ લંછન શોભતું, જીહો સોવન વરણી કાય;
જીહો શ્રી ગુરૂ **ખિમાવિજય** તણો, જીહો **જસ** પ્રણમે નિત પાય જિ૦ ૭

(૧૧) **શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.**

(નાણ નમો પદ સાતમે—**એ** દેશી.)

શ્રી શ્રેયાંસ જિન અગીઆરમા, સુણો સાહિબ જગદાધાર–મોરાલાલ;
ભવભવ ભમતાં જે કર્યાં, મેં પાપસ્થાન અઢાર–મોરાલાલ. શ્રી૦ ૧
જીવહિંસા કીધી ઘણી, બોલ્યા મૃષાવાદ–મોરાલાલ;
અદત્ત પરાયાં આદર્યાં, મૈથુન સેવ્યાં ઉન્માદ–મો૦ શ્રી૦ ૨
પાપે પરિગ્રહ મેલીયો, કર્યો ક્રોધ અગનની ઝાળ–મો૦
માન ગજેન્દ્રે હું ચઢયો, પડીયો માયા વંશ જાળ–મો૦ શ્રી૦ ૩
લોભે થોભ ન આવીયો, રાગે ત્યાગ ન કીધ–મો૦
દ્વેષે દોષ વાધ્યો ઘણો, કલહ કર્યો પરસિદ્ધ–મો૦ શ્રી૦ ૪

કૂડાં આળ દીયાં ઘણાં, પરચાડી પાપનું મૂળ–મો૦
ઇષ્ટ મળે રતિ ઉપની, અનિષ્ટ અરતિ પ્રતિકુળ–મો૦ શ્રી૦ ૫

પરનિંદાએ પરિવર્યો, બોલ્યો માયા મોસ–મો૦
મિથ્યાત્વશલ્યે હું ભારીયો, નાણ્યો ધરમનો સોસ–મો૦ શ્રી૦ ૬

એ પાપ થકી પ્રભુ ઉદ્ધરો, હું આલોઉં તુમ સાખ–મો૦
શ્રી **ખિમાવિજય** પદ સેવતાં, **જસ**ને અનુભવ દાખ–મો૦ શ્રી૦ ૭

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

(જગજીવન જગ વાલ હો—**એ દેશી**)

વાસુપૂજ્ય જિન વાલહા, અરજ સુણો મુજ એક; લાલરે;
અવર દેવ ઇચ્છું નહિ, એ મુજ મોટી ટેક. લાલરે. વાસુ૦ ૧

હરિ હરાદિક દીઠડે, ગુણનું કારણ નેય; લાલરે;
પરતક્ષ દેખી પટંતરો, પ્રભુ ગુણ પરતીત હોય. લાલરે. વાસુ૦ ૨

શૂલ ચાપ ચક્ર નવિ ધરે, નવિ ધરે ગદા શંખ પાણિ; લાલરે;
દોષ અઢાર વરજીત સહી, તેહની શિર આણ. લાલરે. વાસુ૦ ૩

અંતરંગ રિપુ હણે, તોય સમતાવંત કહેવાય; લાલરે;
ક્રોધ વિના હણવું કિશ્યું, એ અચરીજ મુજ થાય. લાલરે. વાસુ૦ ૪

એહ ભેદ સાચો સહિ, શીતલતા ગુણ હોય; લાલરે;
વિણ વન્હિયે વન દહે, શીત કાલે હિમ સોય. લાલરે. વાસુ૦ ૫

વિણ ભણ્યે વિદ્યા ઘણી, અનલંકાર ઓપે દેહ; લાલરે;
દ્રવ્યરહિત પરમેસરૂ, ઉપમા નાવે કેહ. લાલરે. વાસુ૦ ૬

પ્રભુ ગુણ પાર ન પામીએ, સહસ મુખે કહે કોય; લાલરે;
શ્રી ગુરૂ **ખિમાવિજય** પય, પ્રણમ્યે જગ **જસ** હોય. લાલરે. વાસુ૦ ૭

(૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન.

(સંભવ જિનવર વિનતિ—એ દેશી.)

વિમલ જિનેસર વંદિયે, કંદીયે મિથ્યા ભૂલો રે;
આનંદીયે પ્રભુ મુખ દેખીને, તો લહીયે સુખ અનુકૂલોરે. વિ૦ ૧

વિમલ નાણ છે જેહનું, વિમલ દંસણ સોહે રે;
વિમલ ચારિત્ર ગુણે કરી, ભવિયણનાં મન મોહે રે. વિ૦ ૨

વિમલ બુદ્ધિ તો ઉપજે, જો વિમલ જિનેસર ધ્યાય રે
વિમલ ચરણ પ્રભુ સેવતાં, વિમલ પદારથ પાય રે. વિ૦ ૩

વિમલ કમલ દલ લોયણાં, વદન વિમલ સસી સોહે રે;
વિમલ વાણી પ્રભુની સુણી, ભવ્ય જીવ પડિ બોહે રે. વિ૦ ૪

વિમલ જીહા તસ જાણીયે, જે વિમલ જિણંદગુણ ગાવે રે;
શ્રી ખિમાવિજય પય સેવતાં, વિમલ જસ બહુ પાવે રે. વિ૦ ૫

(૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન.

(શ્રી સુપાસ જિનરાજ—એ દેશી.)

અનંત પ્રાણિનો નાથ, અનંત ગુણ મણિ આથ
આજ હો નામ રે, પરીણામે જુગતું જેહનેજી. ૧

દરિસણ નાણ અનંત, તિમ વળી સુખ અનંત;
આજ હો વીર્ય, વિરાજે અનંતું જેહનેજી. ૨

આણી કર્મનો અંત, એમ લહી ચાર અનંત;
આજ હો રાજે રે, શિવ પદવી છાજે જેહનેજી. ૩

ભમતાં ભવ અનંત, જો મિલીયો ભગવંત;
આજ હો હરખ્યો રે, મેં પરખ્યો પુન્ય પટંતરોજી. ૪

દરિસણ દુર્લભ દેવ, વળી તુમ ચરણની સેવ;
આજ હો સ્વામી રે, મેં પામી પ્રેમે તે ભલીજી. ૫

કૃપા કરો ભગવંત, જિમ લહું કર્મનો અંત;
આજ હો જાચું રે, નવિ રાચું અવરને દેખીનેજી. ૬
શ્રી **ખિમાવિજય** ગુરૂ નામ, જાણે ક્ષમા ગુણ ધામ;
આજ હો પામીરે, શુભ કામી **જસ** લહીયે ઘણેાજી. ૭

(૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન.

(નારી તે પિયુને વિનવે હેા લાલ—**એ દેશી.**)

ધર્મ જિનેસર ધ્યાવવા હો લાલ, મુજ મન ધરે ઉહાડ—
સલુણા સાહિબા;
પણ આઠ અરિ આડા ફરે હો લાલ, જેહની મોટી ધાડ–સલુણા૦ ૧
પહેલેા અજ્ઞાન પટ આડો ધરે હો લાલ, તો કિમ દેખું રૂપ–સ૦
બીજો રાખે રોકીને હો લાલ, મિલવા ન દીયે જિનભૂપ–સ૦ ૨
મધુર ખડગ ધાર ચાટવી હો લાલ, ત્રીજો દેખાડે સુખ–સ૦
જીભ છેદથી વેદના હો લાલ, તિમ ભોગવાવે દુઃખ–સ૦ ૩
ચોથે મદિરાપાન પાઇને હો લાલ, વિકલ કરે મુજ બુદ્ધ–સ૦
યથા તથા પણે બોલતાં હો લાલ, પાછળ ન રહે શુદ્ધ–સ૦ ૪
હેડે ઘાલે પાંચમો હો લાલ, રાખે ભવ પર્યંત–સ૦
જન્મ મરણ કરાવે ઘણું હો લાલ, નાવ્યો ભવનો અંત–સ૦ ૫
છઠ્ઠો વિવિધ રૂપ દાખવે હો લાલ, ચિતારા સમ તેહ–સ૦
ગતિ જાતિ નામે કરી હો લાલ, બોલાવે બહુ એહ–સ૦ ૬
ઉંચ નીચ કુલ ઉપજાવતો હો લાલ, દે હેલના બહુમાન–સ૦
કુલાલ સમ તે જાણીયે હો લાલ, સાતમાનું અભિધાન–સ૦ ૭
દાન દેતાં રાજા પ્રતે હો લાલ, રાખે રખવાલ જિમ–સ૦
દાનલાભાદિક લબ્ધિને હો લાલ, આઠમો વારે તિમ–સ૦ ૮

એ અરિને અલગા કરો હો લાલ, વિનવું વારો વાર–સ૦
શ્રી ગુરૂ ખિમાવિજય સેવતાં હો લાલ, જસને દ્યો ભવપાર–સ૦ ૯

(૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(વિનતિ અવધારોરે, પુરમાંહે પધારો રે—એ દેશી)

સુણો શાંતિ જિણુંદારે, તુમ દીઠે આણંદા રે,
દૂર ટળે ભવફંદા દરીસણ દેખતાં રે. ૧

મુદ્રા મનોહારી રે, ત્રિભુવન ઉપકારી રે,
પ્યારી વળી લાગે સહુને પેખતાં રે. ૨

સૌમ્યતાએ શશી નાસી રે, ભમે ઉદાસી રે,
આવ્યો મૃગ પાસે અધિકાઇ જોવતો રે. ૩

તેજે ભાણુ ભાગો રે, આકાશે જઇ લાગો રે,
ધરે વજી રાગો રૂપે મોહતો રે. ૪

પરમાણુ જે શાંત રે, નિપની તુમ કાંત રે,
ટળી મન ભ્રાંત પરમાણુ એટલા રે. ૫

દેવ જોતાં કોડી રે, નાવે તુમ હોડી રે,
નમે કર જોડી સુર જે ભલા રે. ૬

જનમે ઇતિ વારી રે, અટખંડ ભોગ ધારીરે,
થયા વ્રતધારી નારી પરિહરી રે. ૭

વરસી દાન વરસી રે, સંજમ શ્રેણી ફરસી રે,
કરી કરમ રાશિ નરસી તે થર હરીરે. ૮

ધ્યાનાનલ જોગે રે. આતમ ગુણ ભોગે રે,
રોગે ને સોગેથી તું દૂરે રહે રે. ૯

પ્રણમે પ્રભુ પાયા રે, ખિમાવિજય ગુરૂરાયા યે;
તુમ ગુણ પ્રતિભાયા જસ તે લહે રે. ૧૦

(૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન.

(ત્રિશલાનંદન ચંદન શીત—એ દેશી.)

કુંથુ જિનેશ્વર સાચો દેવ, ચોસઠ ઇંદ્ર કરે જસ સેવ-સાહિબ સાંભળો;
તું સાહિબ જગનો આધાર, ભવ ભમતાં મુજ નાખ્યો પાર-સા૦
કહું મુજ મનની વાત, મૂકી આંબલો.-સા૦ ૧

પરશંસા ઉપર મુજ રીઝ, નિંદા કરે તે ઉપર બીજ-સા૦
એ બે તુમને છે સમભાવ, તે માગું છું પામી દાવ-સા૦ ૨

પુદ્ગલ પામી રાચું રે હું, તે નવિ ઇચ્છે પ્રભુજી તું-સા૦
એ ગુણ મોટો છે તુમ પાસ, તે દેતાં સુખીયો હોય દાસ-સા૦ ૩

વિષય વયરી સંતાપે જોર, કામે વાહ્યો ફરૂં જિમ ઢોર-સા૦
વલી વલી દુઃખદીયે ચાર ચોર,તુમ વિના કુણ આગળ કરૂં સોર-સા૦ ૪

તુમથી ભાગ્યા લાગ્યા મુજ કેડ, ચિહું ગતિની કરાવે એડ-સા૦
જાણી તુમારો દેજો માર, તો કિમ ન કરો પ્રભુજી સાર-સા૦ ૫

સેવક સન્મુખ જુઓ એકવાર, તો તે ઉભા ન રહે લગાર-સા૦
મોટાની મીટે કામ થાય, તરણિ તેજે તિમિર પલાય-સા૦ ૬

કરૂણાવંત અનંત બળ ધણી, વાર ન લાગે તુમ તારવા ભણી-સા૦
શ્રી ગુરૂ ખિમાવિજય નો શીસ,જસ પ્રેમે પ્રણમે નિશ દિશ-સા૦ ૭

(૧૮) શ્રી અરનાથ જિન સ્તવન.

(મારો મુજરો લેજો રાજ—એ દેશી.)

મારા સાહિબ શ્રી અરનાથ, અરજ સુણો એક મોરી;
પ્રભુજી પરમ કૃપાલ, ચાકરી ચાહું તોરી;
ચાકરી ચાહું પ્રભુગુણ ગાઉં, સુખ અનંતાં પાઉં. મા૦ ૧

જિન ભગતે જે હોવે રાતા, પામે પરભવ શાતા;
પ્રભુ પૂજનએ આળસુ થાતા, તે દુઃખીયા પરભવ જાતા. મા૦ ૨

પ્રભુ સહાયથી પાતક ધ્રુજે, સારી શુભ મતિ સુઝે;
તે દેખી ભવિયણ પ્રતિબૂઝે, વળી કર્મરોગ સવિ રૂઝે. મા૦ ૩

સામાન્ય નરની સેવા કરતાં, તે પણ પ્રાપતિ થાય;
તો ત્રિભુવન નાયકની સેવા, નિશ્ચય નિષ્ફળ ન જાય. મા૦ ૪

સાચી સેવા જાણી પ્રાણી, જે જિનવર આરાધે;
શ્રી **ખિમાવિજય** પયપામી પુન્યે, **જસ** સુખ લહે નિરાબાધે. મા૦ ૫

(૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

(સિદ્ધારથના રે નંદન વિનવું—એ દેશી.)

સેવો મલ્લિ જિનેસર મન ધરી, આણી ઉલટ અંગ;
નિત નિત નેહ નવલ પ્રભુશું કરો, જેહવો ચોલનો રંગ. સે૦ ૧

જિણે પામી વલી નરભવ દોહિલો, નવિ સેવ્યા જગદીશ;
તે તો દીન દુઃખી ઘર ઘર તણાં, કામ કરે નિશદિશ. સે૦ ૨

પ્રભુ સેવ્યે સુર સાનિધ્ય ઇહાં કરે, પરભવ અમરની રિદ્ધ;
ઉત્તમ કુલ આરજ ક્ષેત્ર લહી, પામીયે અવિચલ સિદ્ધ. સે૦ ૩

પ્રભુ દરિસણ દેખી નવિ ઉલ્લસે, રોમાંચિત જસ દેહ;
ભવસાયર ભમવાનું જાણીયે, પ્રાયે કારણ તેહ. સે૦ ૪

જિનમુદ્રા દેખીને જેહને, ઉપજે અભિનવો હર્ષ;
ભવદવ તાપ શમે સહી તેહનો, જિમ વૂઠે પુષ્કર વર્ષ. સે૦ ૫

તુમ ગુણ ગાવારે જીહ્વા ઉલ્લસે, પુન્ય પડૂર હોય જાસ;
બીજા કલેશ નિંદા વિકથા ભયા, કરે પરની અરદાસ. સે૦ ૬

ગિરૂઓ સાહિબ સહેજે ગુણ કરે, આપે અવિચલ ઠામ;
શ્રી ગુરૂ **ખિમાવિજય** પય સેવતાં, સફલ ફલે **જસ** કામ. સે૦ ૭

(૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(આતમભક્તિ મિલ્યા કેઈ દેવા—એ દેશી)

શ્રી મુનિસુવ્રત સ્વામી હો, જિનજી, સુણ સેવકની વિનતિ,
આ ભવસાયરથી તાર હો, જિ૦ કરૂં તુજને બહુ મીનતિ;
તુજ સમ અવર ન કોય હો, જિ૦ જે આગળ જઈ જાચીએ;
જે નવિ પામ્યા પાર હો, જિ૦ તે દીઠે કિમ રાચીયે. શ્રી૦ ૧

જે હોવે ધનવંત હો, જિ૦ તે અવરાને ઉદ્ધરે,
આપ હોવે નિરધન હો, જિ૦ કિમ બીજાને સુખ કરે;
પામી સુરતરૂ સાર હો, જિ૦ કુણ જઈ બાવલ બાથ ભરે,
રતન ચિંતામણિ છાંડ હો, જિ૦ કહો કુણ કાચ કરે ઘરે. શ્રી૦ ૨

સાલ દાલ લહી સાર હો, જિ૦ કુકસ ભોજન કુણ જમે,
ગંગાજલ ઉવેખ હો, જિ૦ છિલ્લર જલ કો કિમ ગમે,
પરિહરી પાધરો પંથ હો, જિ૦ ઉવટ વાટે કુણ ભમે,
તિમ તુજ આદરી સેવ હો, જિ૦ અવર દેવ જઈ કુણ નમે. શ્રી૦ ૩

હવે મુજ વંછિત આપ હો, જિ૦ આશ ધરી હું આવીયો,
તાહરે તો બહુ દાસ હો, જિ૦ મુજ ચિત્ત તુંહીજ ભાવીયો;
આપશો આખર દેવ હો, જિ૦ તો શી ઢીલ કરો તમે,
માગવા મોટી મોજ હો, જિ૦ કિમ અવસર લહેશું અમે. શ્રી૦ ૪

માટે થઇ મહેરબાન હો, જિ૦ વેગે મુઝને તારીયે,
કુમતિ પડી છે કેડ હો, જિ૦ તેહને સાહિબ વારીયે;
વિષધર ચાર કષાય હો, જિ૦ તોહનો ભય નિવારીયે,
શ્રીખિમાવિજય પય સેવ હો, જિ૦ લહી **જસ** કહે કિમ હારીયે શ્રી૦ ૫

(૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન.

(સુમતિનાથ ગુણથું મિલીજ—એ દેશી.)

એકવીશમા જિન આગલેજી, અરજ કરૂં કર જોડ;
આઠ અરિએ મુજ બાંધીયોજી, તે ભવ બંધન તોડ.
પ્રભુ પ્રેમ ધરીને અવધારો અરદાસ. ૧

એ અરિથી અલગા રહ્યાજી, અવર ન દીસે દેવ;
તો કિમ તેહને જાચીયેજી, કિમ કરૂં તેહની સેવ. પ્રભુ૦ ૨

હાસ્ય વિલાસ વિનોદમાંજી, લીન રહે સુર જેહ,
આપે અરિગણ વશ પડ્યાજી, અવર ઉગારે કિમ તેહ. પ્રભુ૦ ૩

છત હોય તિંહા જાચીયેજી, અછતે કિમ સરે કાજ;
યોગ્યતા વિણ જાચતાજી, પોતે ગુમાવે લાજ. પ્રભુ૦ ૪

નિશ્ચય છે મન માહરેજી, તુમથી પામીશ પાર;
પણ ભુખ્યો ભોજન સમેજી, ભાણે ન ટકે લગાર. પ્રભુ૦ ૫

તે માટે કહું તુમ ભણીજી, વેગે કીજે સાર;
આખર તુમહીજ આપશોજી, તો શી કરો હવે વાર. પ્રભુ૦ ૬

મોટાના મનમાં નહિજી, અરથી ઉતાવળો થાય;
શ્રીઋિમાવિજય ગુરૂ નામથીજી, જગ જસ વાંછિત પાય. પ્રભુ૦ ૭

(૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન.

(કુંથુ જિનેસર જાણજોરે લાલ—એ દેશી.)

સૌરીપુર સોહામણું રે લાલ, સમુદ્રવિજય નૃપનંદરે–સોભાગી,
શિવાદેવી માતા જનમીયોરે લાલ, દરિસણ પરમાનંદરે–સો૦
નેમિ જિનેસર વંદિયેરે લાલ. ૧

જોબન વય જબ જિન હુઆરે લાલ,
આયુધ શાળા આયરે—સો૦
શંખ શબ્દ પૂર્યો જદારે લાલ,
ભયભ્રાંત સહુ તિહા થાયરે—સો૦ નેમિ૦ ૨

હરિ હઇડે એમ ચિંતવે રે લાલ,
એ બલીયો નિરધારરે—સો૦
દેવવાણી તબ ઇમ હુઇ રે લાલ,
બ્રહ્મચારી વ્રત ધારરે—સો૦ નેમિ૦ ૩

અંતે ઉરી સહુ ભેલી થઇ રે લાલ,
જલશ્રૃંગી કર લીધ રે—સો૦
મૌનપણે જબ જિન રહ્યા રે લાલ.
"માન્યું માન્યું" એમ કીધ રે—સો૦ નેમિ૦ ૪

ઉગ્રસેન રાય તણી સુતા રે લાલ,
જેહનું રાજુલ નામ રે—સો૦
જાન લેઇ જિનવર ગયા રે લાલ,
ફલ્યો મનોરથ તામ રે—સો૦ નેમિ૦ ૫

પશુય પોકાર સુણી કરીરે લાલ,
ચિત્ત ચિંતે જિનરાય રે—સો૦
ધિગ! વિષયા સુખ કારણે રે લાલ,
બહુ જીવનો વધ થાય રે—સો૦ નેમિ૦ ૬

તોરણથી રથ ફેરીયો રે લાલ,
દેઇ વરસી દાન રે—સો૦
સંજમ મારગ આદર્યો રે લાલ,
પામ્યા કેવળ જ્ઞાન રે—સો૦ નેમિ૦ ૭

"અવર ન ઇચ્છું કંઈ ભવે" રે લાલ,
રાજુલે અભિગ્રહ લીધ રે—સો૦
પ્રભુ પાસે વ્રત આદરી રે લાલ,
પામી અવિચળ રિદ્ધ રે–સો૦ નેમિ૦ ૮
ગિરનાર ગિરિવર ઉપરે રે લાલ,
ત્રણ કલ્યાણુક જોય રે—સો૦
શ્રી ગુરૂ **ખિમાવિજય** તણો રે લાલ,
જસ જગ અધિકો હોય રે–સો૦ નેમિ૦ ૯

(૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(શ્રી અરજિન ભવજળનો તારૂ—**એ દેશી.**)

પાસ જિનેસર પુન્યે મલીયો, સ્હેજે સુરતરૂ ફલીયો રે;
પ્રભુ પુરીસાદાણી, અનંત ગુણમણિખાણી, પ્રભુ પુરીસાદાણી,
ધન્ય દિવસ મુજ આજથી વલીયો, જિનશાસનમાં ભલીયોરે. પ્ર૦ ૧

સમર્યો સંકટ સહુનાં ચૂરે, સાચો વાંછિત પૂરે રે; પ્ર૦
પ્રભુ પદ પામી જે રહે દૂરે, તે તો પરભવ ઝૂરે રે. પ્ર૦ ૨

કષ્ટ કરંતા કમઠને વારી, નાગને થયા ઉપગારી રે; પ્ર૦
અંત સમય પંચ પદ દાતારી, તિણે હુઓ સુર અવતારી રે. પ્ર૦ ૩

છાંડી ભોગ સંજોગ અસાર, આદરે મહાવ્રતભાર રે; પ્ર૦
કમઠ કોપે મૂકે જળધાર, ધ્યાનથી ન ચલ્યા લગાર રે. પ્ર૦ ૪

ઘાતી કર્મ તણો કરી નાશ, કેવળ લહી ઉલ્લાસ રે; પ્ર૦
અણ હુંતે કોડી એક પાસે, દેવ કરે અરદાસ રે. પ્ર૦ ૫

આઠ મહા પ્રાતિહાર્ય બિરાજે, ઉપમા અવર ન છાજે રે; પ્ર૦
પાંત્રીશ ગુણ વાણીયે ગાજે, ભવિના સંશય ભાંજે રે. પ્ર૦ ૬

અનેક જીવને પાર ઉતારી, આપ વર્યા શિવનારી રે; પ્ર૦
શ્રી ખિમાવિજય પય સેવા સારી, જસ લેવા દિલ ધારી રે. પ્ર૦ ૭

(૨૪) શ્રી મહાવીર જિન સ્તવન.

(તાર હો તાર પ્રભુ–મુજ સેવક ભણી—એ દેશી.)

વીર વડ ધીર મહાવીર મોટો પ્રભુ,
પેખતાં પાપ સંતાપ નાસે;
જેહના નામ ગુણ ધામ બહુ માનથી.
અવિચલ લીલ હૈયે ઉલ્લાસે. વી૦ ૧

કર્મ અરિ જીપતો દીપતો વીર તું,
ધીર પરિષહ સહે મેરૂ તોલે;
સુરે બલ પરખીયો રમત કરી નિરખીયો,
હરખીયો નામ મહાવીર બોલે. વી૦ ૨

સાપ ચંડકોશીયો જે મહારોષીયો,
પોષીયો તે સુધા નયન પૂરે;
એવડા અવગુણ શા પ્રભુ મેં કર્યા ?
તાહરા ચરણથી રાખે દૂરે. વી૦ ૩

શૂલપાણિ સુરને પ્રતિબોધીયો,
ચંદના ચિત્ત ચિંતા નિવારી;
મહેર ધરી ઘેર પહોતા પ્રભુ જેહને,
તેહ પામ્યા ભવ દુઃખ પારી. વી૦ ૪


ગૌતમાદિકને જઇ પ્રભુ તારવા,
વારવા યજ્ઞ મિથ્યાત્વ ખોટો;
તેહ અગીઆર પરિવાર શું બૂઝવી,
રૂઝવી રોગ અજ્ઞાન મોટો. વી૦ ૫

હવે પ્રભુ મુજ ભણી તું ત્રિભુવન ધણી,
દાસ અરદાસ સુણી સામું જોવે;
આપ પદ આપતાં આપદા કાપતાં,
તાહરે અંશ ઓછું ન હોવે. વી૦ ૬

ગુરૂગુણે રાજતા અધિક દિવાજતા,
છાજતા જેહ કલિકાલ માંહે;
શ્રી **ખિમાવિજય** પય સેવ નિત્યમેવ લહી,
પામીયે શમરસ **સુજસ** ત્યાંહે. વી૦ ૭

— કલશ —

જિનભગતિ જાણી ગુણખાણી, હરખ આણી જે ગાવશે;
સિદ્ધિ રિદ્ધિ સુલદ્ધિ લીલા, તેહ જગ જસ પાવશે. ૧
તપગચ્છ તિલક સમાન સોહે, **સત્યવિજય** ગુરૂ ગુણનીલો;
તસ સીસ સોહે કપુરવિજય, કપુર પરે જગ જસ ભલો. ૨
તસ ચરણ સેવી નિત્યમેવી, **ખિમાવિજય** ગુરૂ રાજીયો;
શ્રી નારંગ પાસ પસાય ગાતાં, **જસ** મહિમા જગ છાજીયો. ૩
સંજમભેદે[૧૭] સંવત જાણી, [૮]પ્રવચન આંકજ જાણીયે;
ધરમભેદ[૪] જુગતે જોડી, વરસ (૧૭૮૪) સંખ્યા વખાણીયે. ૪
અલ્પમતિ યથાશક્તિ, રહી પાટણ રચી જિન સ્તુતિ;
ભાદ્રવા વદી પાંચમ દિને, ગુરૂવારે હુઇ પ્રાપતિ. ૫



[૪]

શ્રી રતનવિજયજી કૃત ચોવીશી.

(૧) ઋષભદેવ જિન સ્તવન.

(સિદ્ધચક્રનર સેવા કીજે, નરભવ લાહો લીજેજી—એ દેશી.)

ઋષભ જિનેસર વંછિત પૂરણ, જાણું વિશવા વીશ;
ઉપગારી અવનીતલે મોટા, જેહની ચડતી જગીશ;
જગગુરૂ પ્યારો રે;
પુન્ય થકી મેં દીઠો મોહનગારો રે, સરસ સુધાથી મીઠો. જગ૦ ૧

નાભિનંદન નજરે નિરખ્યો, પરખ્યો પૂરણ ભાગ્યે;
નિરવિકારી મુદ્રા જેહની, દીઠે અનુભવ જાગે. જગ૦ ૨

આતમ સુખ ગ્રહવાનું કારણ, દર્શન જ્ઞાન ચારિત્ર;
તેને ભય વલી મિથ્યા અજ્ઞાન, અવિરતિ જેહ વિચિત્ર. જગ૦ ૩

સકલ જીવ છે સુખના કામી, તે સુખ અક્ષય મોક્ષ;
કર્મજનિત સુખ તે દુઃખ રૂપ, સુખ તે આતમ ઝાંખ. જગ૦ ૪

નિરૂપાધિક અક્ષયપદ કેવલ, અવ્યાબાધ તે થાવે;
પૂરણાનંદ દશાને પામે, રૂપાતીત સ્વભાવે. જગ૦ ૫

અંતરજામી સ્વામી મારો, ધ્યાનરૂચિમાં લાવે;
જિન ઉત્તમ પદને અવલંબી, **રતનવિજય** ગુણ ગાવે. જગ૦ ૬

(૨) શ્રી અજિતનાથ જિન સ્તવન.

(એક દિન પુંડરીક ગણધર રે લાલ—એ દેશી.)

અજિત જિનેસર વાલહા હો રાજ,
આતમના અધાર—મોરા સાહિબા;
શાંત સુધારસ દેશના હો રાજ,
ગાજે જેમ જલધાર—મોરા૦ અ૦ ૧

ભવિજન સંશય ભાંજવા હો રાજ,
તસ અભિપ્રાયનો જાણુ—મો૦
મિથ્યાતિમિર ઉચ્છેદવા હો રાજ,
ઉગ્યો અભિનવ ભાણુ—મો૦ અ૦ ૨

સારથવાહ શિવપંથનો હો રાજ,
ભવોદધિ તારણહાર—મો૦
કેવલજ્ઞાન દિવાકર હો રાજ,
ભાવ ધરમ દાતાર—મો૦ અ૦ ૩

ક્ષાયિકભાવે ભોગવે હો રાજ,
અનંત ચતુષ્ટય સાર—મો૦
ધ્યેયપણે હવે ધ્યાવતાં હો રાજ,
ધ્યાયક થાયે નિસ્તાર—મો૦ અ૦ ૪

વસ્તુસ્વભાવને જાણવે હો રાજ,
આતમસંપદ ઇશ—મો૦
અષ્ટ કરમના નાશથી હો રાજ,
પ્રગટ્યા ગુણ એકત્રીશ—મો૦ અ૦ ૫

વિજયાનંદન એમ થુણ્યા હો રાજ,
જિતશત્રુ કુલ દિનકાર—મો૦
કંચન કાંતિ સુંદર હો રાજ,
ગજ લંછન સુખકાર—મો૦ અ૦ ૬

સમેતશિખર સિદ્ધિ વર્યા હો રાજ,
સહસ પુરૂષની સાથ—મો૦
ઉત્તમ ગુરુ કૃપા લહેરથી હો રાજ,
રતન થાશે સનાથ—મો૦ અ૦ ૭

(૩) શ્રી સંભવનાથ જિન સ્તવન.

(અષ્ટાપદ ગિરિજાત્રા કરણકું—એ દેશી.)

સંભવ જિનવર સાહિબ સાચો, જે છે પરમદયાલ;
કરૂણાનિધિ જગમાંહિ મોટો, મોહન ગુણમણિમાલ;
ભવિયાં ભાવ ધરીને લાલ, શ્રી જિન સેવા કીજે;
દુરમતિ દૂર કરીને લાલ, નરભવ સફલો કીજે. ૧

એહ જગતગુરૂ જુગતે સેવો, ષટ કાય પ્રતિપાળ;
દ્રવ્યભાવ પરિણતિ કરી નિરમલ, પૂજે થઇ ઉજમાલ. ભ૦ દુ૦ ૨

કેસર ચંદન મૃગમદ ભેળી, અરચો જિનવર અંગ;
દ્રવ્ય પૂજા તે ભાવનું કારણ, કીજે અનુભવ રંગ ભ૦ દુ૦ ૩

નાટક કરતાં રાવણ પામ્યો, તીર્થંકર પદ સાર;
દેવપાલાદિક જિનપદ ધ્યાતાં, પ્રભુપદ લહ્યું શ્રીકાર. ભ૦ દુ૦ ૪

વીતરાગ પૂજનથી આતમ, પરમાતમ પદ પાવે;
અજ અક્ષય સુખ જિહાં શાશ્વતાં, રૂપાતીત સ્વભાવે. ભ૦ દુ૦ ૫

અજર અમર અવિનાશી કહીયે, પૂરણાનંદ જે પામ્યા;
લોકાલોક સ્વભાવ વિભાસક, ચઉગતિનાં દુઃખ વામ્યા. ભ૦ દુ૦ ૬

એહવા જિનનું ધ્યાન કરંતાં, લહીયે સુખ નિરવાણ;
જિન ઉત્તમ પદને અવલંબી, **રતન** લહે ગુણખાણ. ભ૦ દુ૦ ૭

(૪) શ્રી અભિનંદન જિન સ્તવન.

(પાપનું સ્થાનક હો કે, ચૌદમું આકરૂં—એ દેશી.)

ચોથો જિનપતિ હો કે, સેવો ચિત્ત ખરે,
ગુણમણિ દરીયો હો કે, પરખો શુભ પરે;
વંછિત દાતા હો કે, પ્રગટયો સુરતરૂ,
મોહન મૂરતિ હો કે, રૂપ મનોહરૂ. ૧

સૂરતિ સારી હો કે, ભવિજન ચિત્ત વશી,
મુખકજ સોહે હો કે, જાણે પૂરણ શશી;
લોચન સુભગાં હો કે, નિરૂપમ જગધણી,
ભાવે વંદો હો કે, પ્રત્યક્ષ સુરમણિ. ૨

જગ ઉપગારી હો કે, જગગુરૂ જગત્રાતા,
જસ ગુણ થુણતાં હો કે, ઉપજે અતિ શાતા;
નામ મંત્રથી હો કે. આપદા સવિ ખસે,
ક્રોધાદિક અજગર હો કે, તેહ નવિ ડસે. ૩

પરમેસર પૂરણ હો કે, જ્ઞાન દિવાકરૂ,
ચઉગતિ ચૂરણ હો કે, પાપ તિમિર હરૂ;
સહજ વિલાસી હો કે, અડ મદ શોષતા,
નિષ્કારણ વત્સલ હો કે, વૈરાગ્ય પોષતા. ૪

નિજધન પરમેશ્વર હો કે, સ્વ સંપદ ભોગી,
પરભાવના ત્યાગી હો કે, અનુભવ ગુણ યોગી;
અલેશી અણાહારી હો કે. ક્ષાયિક ગુણધરા,
અક્ષય અનંતા હો કે, અવ્યાબાધ વરા. ૫

ચાર નિક્ષેપે હો કે, જે નિજ ચિત્ત ધરે,
એ લહી અવલંબન હો કે, પંચમગતિ વરે;
શ્રી જિન ઉત્તમની હો કે, સેવા જે કરે,
તે રતન અમૂલક હો કે, પામે શુભ પરે. ૬

(૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન.

(મોહનગારા હો રાજ રૂડા–મારા સાંભળ સુગુણા સુડા—એ દેશી.)

સુમતિ જિનેશ્વર સાહિબોજી, સુમતિ તણો દાતાર;

ચઉગતિ મારગ ચૂરતોજી, ગુણમણિનો ભંડાર કે;
જિનપતિ જુગતે લાલ, વંદીજે ગુણખાણી. ૧

સહજાનંદી સાહિબોજી, પરમ પુરૂષ ગુણધામ;
અક્ષય સુખની સંપદાજી, પ્રગટે જેહને નામ કે. જિ૦ ૨

નાથ નિરંજન જગધણીજી, નિરાગી ભગવાન;
જગબંધવ જગવત્સલુજી, કીજે નિરંતર ધ્યાન કે. જિ૦ ૩

ધ્યાન ભુવનમાં ધ્યાવતાંજી, હોવે આતમ શુદ્ધ;
સાધે સંવર નિર્જરાજી, અવિરતિનો કરી રોધ કે. જિ૦ ૪

જ્ઞાનાદિ ગુણ સંપદાજી, પ્રગટે આક અમાલ;
ચિદાનંદ સુખ રમણુતાજી, પામે ગુણમણિ માલ કે. જિ૦ ૫

પંચમ જિન સેવા થકીજી, પાપ પંક ક્ષય જાય.
દ્રવ્ય ભાવ ભેદે કરીજી, કારજ સઘલો થાય કે. જિ૦ ૬

મંગલાસુત મનોહરૂજી, કુલમાં તિલક સમાન;
પંડિત **ઉત્તમવિજય** તણોજી, **રતન** ધરે તુમ ધ્યાન કે. જિ૦ ૭

(૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

(તુજ મુજ રીઝની રીત, અટપટ એહ ખરીરી—**એ દેશી.**)

પદ્મપ્રભ જિનરાજ, સુરનર સેવ કરે રી;
પુષ્ટાલંબન દેવ, સમરે દુરિત હરે રી. ૧
ટાલે મિથ્યા દોષ, સમકિત પોષ કરે રી;
ભવિ કમલ પડિબોહ, દુરગતિ દૂર હરે રી. ૨
ત્રિગડે ત્રિભુવન સ્વામી, બેસી ધર્મ કહે રી;
શાંત સુધારસ વાણુ, સુણતાં તત્ત્વ ગ્રહે રી. ૩

ક્રોધાદિકનો ત્યાગ, સમતા સંગ સજોરી;
મન આણી સ્યાદ્વાદ, અવિરતિ સર્વ તજોરી. ૪

અનુભવ ચારિત્ર જ્ઞાન, જિનઆણા શિર ધરોરી;
અક્ષય સુખનું ધ્યાન, કરી ભવજલધિ તરોરી. ૫

રક્તવર્ણ તનુ કાંતિ, વર્ણ રહિત થયોરી;
અજર અમર નિરૂપાધિ, લોકાંતિક રહ્યોરી. ૬

નિરાગી પ્રભુ સેવ, ત્રિકરણ જોહ કરેરી;
જિન ઉત્તમની આણ, રતન તે શિર ધરેરી. ૭

(૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

(શ્રી અનંત જિનશું રંગ, સાહેલડીયાં—એ દેશી.)

પૃથ્વીસુત પરમેસરૂ, સાહેલડીયાં, સાતમો દેવ સુપાસ, ગુણવેલડીયાં;
ભવ ભવ ભાવઠ ભંજણો, સા૦ પૂરતો વિશ્વની આશ—ગુ૦ ૧

સુરમણિ સુરતરુ સારીખો, સા૦ કામકુંભ સમ જોહ—ગુ૦
તેહથી અધિકતર તું પ્રભુ સા૦ તેહમાં નહિ સંદેહ—ગુ૦ ૨

નામ ગોત્ર જસ સાંભળે, સા૦ મહા નિર્જરા થાય—ગુ૦
રસના પાવન સ્તવનથી, સા૦ ભવભવનાં દુઃખ જાય—ગુ૦ ૩

વિષય કષાયે જે રતા, સા૦ હરિહરાદિક દેવ—ગુ૦
તેહ ચિત્તમાં નવિ ધરૂં, સા૦ ન કરૂં તેહની સેવ—ગુ૦ ૪

પરમ પુરૂષ પરમાતમા, સા૦ પરમાનંદ સ્વરૂપ—ગુ૦
ધ્યાનભુવનમાં ધારતાં, સા૦ પ્રગટે સહજ સ્વરૂપ—ગુ૦ ૫

તૃષ્ણા તાપ સમાવતો, સા૦ શીતલતાયે ચંદ—ગુ૦
તેજે દિનમણિ દીપતો, સા૦ ઉપશમ રસનો કંદ—ગુ૦ ૬

કંચન કાંતિ સુંદરૂ, સા૦ કાંતિ રહિત કૃપાલ—ગુ૦
જિન **ઉત્તમ** પદ સેવતાં, સા૦ **રતન** લહે ગુણમાલ—ગુ૦ ૭

(૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

(તુમે બહુ મૈત્રી રે સાહિબા—એ દેશી.)

ચંદ્રપ્રભ જિન સાહિબા, શરણાગત પ્રતિપાલ;
દર્શન દુર્લભ તુમ તણું, મોહન ગુણ મણિમાલ. ચં૦ ૧

સાચો દેવ દયાળવો, સહજાનંદનું ધામ;
નામે નવ નિધિ સંપજે, સીઝે વાંછિત કામ. ચં૦ ૨

ધ્યેયપણે રે ધ્યાવતાં, ધ્યાતા ધ્યાન પ્રમાણ;
કારણે કારજ નીપજે, એહવી આગમ વાણ. ચં૦ ૩

પરમાતમ પરમેસરૂ, પુરૂષોત્તમ પરધાન;
સેવકની સુણી વિનતિ, કીજે આપ સમાન. ચં૦ ૪

શ્રદ્ધા ભાસન રમણતા, આણી અનુભવ અંગ;
નિરાગી શું રે નેહલો, હોયે અચલ અભંગ. ચં૦ ૫

ચંદ્રપ્રભ જિન ચિત્તથી, મુકું નહિ જિનરાજ;
મુજ તનુ ઘર માંહે ખેંચીયો, ભક્તે મેં સાતરાજ. ચં૦ ૬

ગુણનિધિ ગરીબ નિવાજ છો, કરુણા નિધિ કીરપાલ;
ઉત્તમવિજય કવિરાજનો, **રતન** લહે ગુણમાલ. ચં૦ ૭

(૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવન

(જ્ઞાનપદ ભજીયેરે જગત સુહંકરૂ—એ દેશી.)

સુવિધિ જિનેસર સાહિબ સાંભળો, તુમે છો ચતુર સુજાણોજી;
સાહેબ સનમુખ નજરે જોવતાં, વાધે સેવક વાનોજી. સુ૦ ૧

ભવમંડપમાં રે ભમતાં જગગુરૂ, કાળ અનાદિ અનંતોજી;
જનમ મરણનાં રે દુઃખ તે આકરાં, હજુય ન આવ્યો અંતોજી. સુ૦ ૨

છેદન ભેદન વેદન આકરી, ગુણનિધિ! નરક મોઝારોજી;
ક્ષેત્ર કુંભી વૈતરણી વેદના, કથતાં નાવે પારોજી. સુ૦ ૩

વિવેક રહિત વિગલપણે કરી, ન લહ્યો તત્ત્વ વિચારોજી;
ગતિ તિર્યંચમાંરે પરવશપણે કરી, સહ્યાં દુઃખ અપારોજી. સુ૦ ૪

વિષયાસંગેરે રંગે રાચીયો, બંધાણો મોહ પાસોજી;
અમરીસંગેરે સુરભવ હારિયો, કીધા દુરગતિ વાસોજી. સુ૦ ૫

પુન્ય મહોદય જગગુરૂ? પામીયો, ઉત્તમનર અવતારોજી;
આરજ ક્ષેત્રેરે સામગ્રી ધર્મની, સદ્‌ગુરૂ સંગતિ સારોજી. સુ૦ ૬

જ્ઞાનાનંદેરે પૂરણ પાવનો, તીર્થપતિ જિનરાજોજી;
પુષ્ટાલંબન કરતાં જગગુરૂ, સીધ્યાં સેવક કાજોજી. સુ૦ ૭

નામ જપંતાંરે સવિ સંપત્તિ મળે, સ્તવતાં કારજ સીધોજી;
જિન ઉત્તમ પદ પંકજ સેવતાં, **રતન** લહે નવ નિધોજી. સુ૦ ૮

(૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન.

(શ્રી સુપાસ જિન વંદીયે, સુખ સંપત્તિનો હેતુ, લલના—એ દેશી.)

શીતલ જિનપતિ સેવીયે, દશમો દેવ દયાલ, લલના;
શીતલ નામ છે જેહનું, શરણાગત પ્રતિપાલ, લલના. શી૦ ૧

બાહ્ય અભ્યંતર શીતલુ, પાવન પૂરણાનંદ, લલના;
પ્રગટ પંચ કલ્યાણકે, સેવે સુરનર વૃંદ, લલના. શી૦ ૨

વાણી સુધારસ જલનિધિ, વરસે જ્યું જલધાર, લલના;
ત્રિગડે ચઉમુખ દેશના, કરતા ભવિ ઉપગાર, લલના. શી૦ ૩

મિથ્યા તિમિર ઉચ્છેદવા, તીવ્ર તરણિ સમાન, લલના;
સમકિત પોષ કરે સદા, આપે વાંછિત દાન, લલના. શી૦ ૪

અઘમોચન અલવેસરૂ, મુજ માનસ સર હંસ, લલના;
અવલંબન ભવિ જીવને, દેવ માનું અવતંસ, લલના. શી૦ ૫

અષ્ટાદશ દોષે કરી, રહિત થયો જગદીશ, લલના;
યોગીશ્વર પણ જેહનું, ધ્યાન ધરે નિશદીશ, લલના. શી૦ ૬

ધ્યાન ભુવનમાં ધ્યાઇએ, તો હોય કારજ સિદ્ધ, લલના;
અનુપમ અનુભવ સંપદા, પ્રગટે આતમ ઋદ્ધ, લલના. શી૦ ૭

કોડ ગમે સેવા જેહની, દેવ કરે કરજોડ, લલના;
તે નિર્જરાનું ફલ લહે, કુણ કરે એહની હોડ. લલના. શી૦ ૮

જિન ઉત્તમ અવલંબને, પગ પગ ઋદ્ધિ રસાળ, લલના;
રતન અમૂલખ તે લહે, પામે મંગળ માળ, લલના. શી૦ ૯

(૧૧) શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

(જગજીવન જગ વાલહો – એ દેશી.)

શ્રી શ્રેયાંસ જિણુંદની, સુંદર સુરતિ દેખ, લાલરે;
રૂપ અનુત્તર દેવથી, અંનત ગુણું તે પેખ, લાલરે. શ્રી૦ ૧

અંગના અંકે ધરે નહિ, હાથે નહિ કરવાલ, લાલરે;
વિકારે વર્જિત જેહની, મુદ્રા અતિહી રસાળ, લાલરે. શ્રી૦ ૨

વાણી સુધારસ સારિખી, દેશના દિયે જલધાર, લાલરે;
ભવદવ તાપ શમાવતા, ત્રિભુવન જન આધાર, લાલરે. શ્રી૦ ૩

મિથ્યા તિમિર વિનાશતો, કરતો સમકિત પોષ, લાલરે;
જ્ઞાન દિવાકર દીપતો, વર્જિત સઘળા દોષ, લાલરે. શ્રી૦ ૪

પરમાતમ પ્રભુ સમસ્તાં, લહીયે પદ નિરવાણ, લાલરે;
પામે દ્રવ્ય ભાવ સંપદા, એહવી આગમ વાણ, લાલરે. શ્રી૦ ૫
જૈનાગમથી જાણીયું, વિગતે જગગુરૂ દેવ, લાલરે;
કૃપાકરી મુજ દીજીયે, માગું તુમ પદ સેવ, લાલરે. શ્રી૦ ૬
તુમ દરિસણથી પામીયો, ગુણનિધિ આનંદપૂર, લાલરે;
આજ મહોદય મેં લહ્યો, દુઃખ ગયાં સવિ દૂર, લાલરે. શ્રી૦ ૭
વિષ્ણુનંદન ગુણનીલો, વિષ્ણુ માત મલ્હાર, લાલરે;
અકે ખ્ંગી દીપતો, ગુણમણિનો ભંડાર, લાલરે. શ્રી૦ ૮
સમેતશિખર સિદ્ધિ વર્યા, પામ્યા ભવોદધિ પાર, લાલરે;
જિન ઉત્તમ પદ પંકજે, **રતન** મધુપ ઝંકાર, લાલરે. શ્રી૦ ૯

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

(એ તીરથ તારૂ—એ દેશી.)

વાસુપૂજ્ય જિન અંતરજામી, હું પ્રણમું શિરનામીરે—
મારા અંતરજામી.
ત્રિકરણ જોગે ધ્યાન તુમારૂં, કરતાં ભવભય વારૂ રે. મા૦ ૧
ચોત્રીશ અતિશય શોભાકારી, તુમચી જાઉં બલિહારી રે; મા૦
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, સુરપતિ ગુણ વખાણે રે. મા૦ ૨
દેશના દેતાં તખત ગિરાજે, જલધરની પેરે ગાજે રે; મા૦
વાણી સુધારસ ગુણમણિખાણી, ભાવ ધરી સુણે પ્રાણી રે. મા૦ ૩
દુવિધ ધરમ દયાનિધિ ભાખે, હેતુ જુગતે પ્રકાશે રે; મા૦
ભેદ રહિત પ્રભુ નિરખો મુજને, તો શોભા છે તુજને રે. મા૦ ૪
મુદ્રા સુંદર દીપે તાહરી, મોહ્યા અમર નરનારી રે; મા૦
જ્ઞાનેશ સમતારસનો ઝરીયો, માર્દવ ગુણથી ભરીયો રે. મા૦ ૫

સહજાનંદી સાહિબ સાચો, જેમ હોયે હીરો જાચો રે; મા૦
પરમાતમ પ્રભુ ધ્યાને ધ્યાવો, અક્ષય લીલા પાવો રે. મા૦ ૬
રક્ત વર્ણ દીપે તનુ કાન્તિ, જોતાં ટળે ભવભ્રાંતિ રે; મા૦
ઉત્તમવિજય વિબુધનો શીશ, **રતનવિજય** સુજગીશ રે. મા૦ ૭

(૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન.

(બીજ ચંદન પૂજના રે—એ દેશી.)

વિમલ જિનેસર સુંદર રે, નિરૂપમ છે તુમ નામ–જિનેસર સાંભરે;
પૂરણાનંદી પરમેસર રે, આતમ સંપદા સ્વામ–જિ૦ ૧
નીરાગીશું નેહલો રે, મુજ મન કરવા ભાવ–જિ૦
નિષ્કારણ જગવચ્છલુ રે, ભવોદધિ તારણ નાવ–જિ૦ ૨
સારથવાહ શિવપંથનો રે, ભાવ ધરમ દાતાર–જિ૦
જ્ઞાનાનંદે પૂરણો રે, ત્રિભુવન જન આધાર–જિ૦ ૩
અષ્ટ કરમ હેલા હણી રે, પામ્યા શિવપુર વાસ–જિ૦
ક્ષાયિક ભાવે ગુણ વર્યા રે, હું સમરૂં સુવિલાસ–જિ૦ ૪
ગુણ ગાતાં ગિરૂઆ તણા રે, જીહ્વા પાવન થાય–જિ૦
નામ ગોત્ર જસ સાંભળી રે, ભવભવનાં દુઃખ જાય–જિ૦ ૫
મનમોહન મુજનાથશું રે, અવર ન આવે દાય–જિ૦
પામી સુરતરૂ પરવડો રે, કોણ કરીરે જાય–જિ૦ ૬
સહજાનંદી સાહિબો રે, વર્જિત સકલ ઉપાધ–જિ૦
જિન ઉત્તમ અવલંબને રે, **રતન** હુએ નિરાબાધ–જિ૦ ૭

(૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન.

(લલુ પણ હું તુમ મન નવિ માવું રે—એ દેશી.)

અનંત જિનેસર સાહિબ માહરો રે, પુન્યે પામ્યો દરીસણ તુહારો રે;
પ્રભુ સેવા લાગે મુજ પ્યારી રે, તુમચા ગુણની જાઉં બલિહારી રે. ૧

કેવલજ્ઞાને જગતને જાણે રે, લોકાલોકના ભાવ વખાણે રે;
સમ્યગ્ જ્ઞાન તે ભવદુઃખ કાપે રે, જ્ઞાનવિના ક્રિયા ફલ નવિ આપે રે. ૨
સામાન્યે વસ્તુ પદારથ જેહ રે, એક સમયમાં જાણે તેહ રે;
કેવલ દર્શન વિગતે જાણો રે, જૈનાગમથી ચિત્તમાં આણો રે. ૩
નિરૂપાધિક નિજ ગુણ છે જેહ રે, નિજ સ્વભાવમાં સ્થિરતા તેહ રે;
ક્ષાયિક ચારિત્ર તે જગ સાર રે, જેહ આપે ભવોદધિ પાર રે. ૪
વિલસે અનંત વીર્ય ઉદાર રે, એ ભાખ્યાં અનંતા ચાર રે;
એ ગુણના પ્રભુ છો ભોગી રે, ગુણઠાણાતીત થયા અન્નેગી રે. ૫
ત્રિકરણ યોગે ધ્યાન તમારૂં રે, કરતાં સીઝે કાજ અમારૂં રે;
પુષ્ટાલંબન દેવ તું મારો રે, હું છું સેવક ભવોભવ તારો રે. ૬
સિંહસેન નૃપવંશ સુહાયો રે, સુજસા રાણીનો તું જાયો રે;
ઉત્તમવિજય વિબુધનો શિષ્ય રે, **રતનવિજય**ની પૂરો જગીશ રે. ૭

(૧૫) ધર્મનાથ જિન સ્તવન.

(વિમલ જિન દીઠાં લોયણ આજ—**એ દેશી.**)

ધર્મ જિનેસર ધ્યાઇએ રે, આણી અધિક સનેહ;
ગુણ ગાતાં ગિરૂઆ તણા રે, વાધે અમણો નેહ;
જિનેસર! પૂરો માહરી આશ, જિમ પામું શિવપુરવાસ. જિ૦ ૧
કાલ અનાદિ નિગોદમાં રે, ભમ્યો અનંતી વાર;
કર્મ નટાવે રોળવ્યો રે, સેવ્યાં પાપ અઢાર. જિ૦ ૨
પ્રાણાતિપાત મૃષા ઘણું રે, ત્રીજું અદત્તાદાન;
વિષયા રસમાં રાચીયો રે, કીધું બહુ દુરધ્યાન. જિ૦ ૩
નવવિધ પરિગ્રહ મેળવ્યો રે, કીધો ક્રોધ અપાર;
માન માયા લોભે કરી રે, ન લહ્યો તત્ત્વ વિચાર. જિ૦ ૪

રાગ દ્વેષ કલહ કર્યા રે, દીધાં પરને આળ;
પૈશૂન્ય રતિ અરતિ વળી રે, સેવતાં દુઃખ અસરાળ. જિ૦ ૫
દોષ દીયા ગુણવંતને રે, કીધાં માયા મોષ;
મિથ્યાશલ્ય દોષે કરી રે, કીધો અવિરતિ પોષ. જિ૦ ૬
પાપસ્થાનક સેવી જીવડો રે. રૂલ્યો ચઉ ગતિ મોઝાર;
જન્મ મરણાદિ વેદના રે, સહી તે અનંત અપાર. જિ૦ ૭
એહ વિડંબન આકરી રે, ટાળો શ્રી જિનરાજ;
બાંહ ગ્રહીને તારજો રે, સારો સેવક કાજ. જિ૦ ૮
ધર્મ જિણંદ સ્તવતાં થકાં રે, પોહોતી મનની આશ;
જિન ઉત્તમ પદ સેવતાં રે, **રતન** લહે શિવવાસ. જિ૦ ૯

(૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(ઢંઢણ ઋષિજીને વંદણા હું વારી— **એ દેશી**)

અચિરાનંદન વંદિયે, હું વારી, ગુણનિધિ શાંતિ જણંદરે; હું વારીલાલ;
અભયદાન ગુણ આગરૂ, હું વારી, ઉપશમ રસનો કંદરે, હું વારીલાલ.
અચિરા૦ ૧
મારી મરકી વેદના હું૦ પસરી સઘલે દેશરે; હું વારીલાલ
દુઃખદાયક અતિ આકરી, હું૦ પામે લોક કલેશરે. હું૦ અ૦ ૨
પુન્યાનુબંધિ પુણ્યથી, હું૦ ઉપન્યા ગર્ભ મોઝાર; હું૦
શાંતિ પ્રવર્તિ જનપદે, હું૦ હુઓ જયજયકારરે. હું૦ અ૦ ૩
દોય પદવી એકે ભવે, હું૦ ષોડશમો જગદીશ રે; હું૦
પંચમ ચક્રી ગુણનીલો, હું૦ પ્રહ ઉઠી નામું શીશ રે હું૦ અ૦ ૪
દીક્ષા ગ્રહે તે દીન થકી, હું૦ ચઉનાણી ભગવાનરે; હું૦
ઘાતિ કરમના નાશથી, હું૦ પામ્યા પંચમ જ્ઞાનરે. હું૦ અ૦ ૫

તીર્થપતિ વિચરે જિહાં, હું૦ ત્રિગડું રચે સુરરાય રે; હું૦
સમવસરણ દિયે દેશના, હું૦ સુણતાં ભવદુઃખ જાય રે. હું૦ અ૦ ૬
પણવીસ સય તે આગલે, હું૦ જોયણ લગે નિરધાર રે; હું૦
સ્વચક્ર પરચક્રનાં, હું૦ ભય થાયે વિસરાળ રે. હું૦ અ૦ ૭
જીવ ઘણા તિહાં ઉદ્ધરી, હું૦ શિવપુર સનમુખ કીધ રે. હું૦
અક્ષય સુખ જિહાં શાશ્વતાં, હું૦ અવિચલ પદવી દીધ રે. હું૦ અ૦ ૮
સહસ મુનિ સાથે વર્યા, હું૦ સમેત શિખર ગિરિ સિદ્ધ રે; હું૦
ઉત્તમ ગુરૂ પદ સેવતાં, હું૦ **રતન** લહે નવ નિધ રે. હું૦ અ૦ ૯

(૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન.

(નાણ નમો પદ સાતમે—**એ** દેશી)

કુંથુ જિનેસર સાહિબો, સદ્ગતિનો દાતાર; મેરેલાલ;
આરાધો કામિત પૂરણો, ત્રિભુવન જન આધાર; મેરેલાલ;
સુગુણ સનેહી સાહિબો. ૧
દુરગતિ પડતા જંતુને, ઉદ્ધરવા દીયે હાથ; મે૦
ભવોદધિ પાર પમાડવા, ગુણનિધિ તું સમરથ. મે૦ સુ૦ ૨
ભવ ત્રીજેથી બાંધીયું, તીર્થંકર પદ સાર; મે૦
જીવ સવિની કરુણા કરી, વલી સ્થાનક તપથી ઉદાર. મે૦ સુ૦ ૩
ઉપગારી અરિહંતજી, મહિમાવંત મહંત; મે૦
નિષ્કારણ જગવચ્છલુ, ગિરૂઓ ને ગુણવંત. મે૦ સુ૦ ૪
જ્ઞાનાનંદે પૂરણો, ભાખે ધરમ ઉદાર; મે૦
સ્યાદ્વાદ સુધારસે, વરસે જયું જલધાર. મે૦ સુ૦ ૫
અતિશય ગુણ ઉદધે થકી, વાણીનો વિસ્તાર; મે૦
બારે પરષદા સાંભળે, જોયણ લગે તે સાર. મે૦ સુ૦ ૬

સારથવાહ શિવપંથનો, આતમ સંપદ ઇશ; મે૦
ધ્યાનભુવનમાં ધ્યાવતાં, લહીયે અતિશે જગીશ. મે૦ સુ૦ ૭
છઠ્ઠો ચક્રી દુઃખ હરે, સત્તરમો જિન દેવ; મે૦
મોટે પુન્યે પામીયેા, તુમ પદપંકજ સેવ. મે૦ સુ૦ ૮
પરમ પુરૂષની ચાકરી, કરવી મનને કોડ; મે૦
ઉત્તમવિજય વિબુધ તણેા, **રતન** નમે કરજોડ. મે૦ સુ૦ ૯

(૧૮) શ્રી અરનાથ જિન સ્તવન.

(સંભવ જિનવર વિનતિ—**એ દેશી.**)

અર જિનવર દીયે દેશના, સાંભળજો ભવિ પ્રાણી રે;
મીઠી સુધારસ સારિખી, સુણીયે અનુભવ આણી રે. અર૦ ૧
આળસ મોહ અજ્ઞાનતા, વિષય પ્રમાદને છંડી રે;
તન્મય ત્રિકરણ જોગ શું, ધરમ સુણેા ચિત્ત મંડી રે. અર૦ ૨
દશ દ્રષ્ટાંતે દોહિલેા, નરભવનો અવતાર રે;
સુરમણિ સુરઘટ સુરતરૂ, તેહથી અધિકેા ધાર રે. અર૦ ૩
એહ અસાર સંસારમાં, ભમીયેા ચેતન એહ રે;
ધર્મે વરજીત દિન ગયા, હજીય ન આવ્યેા છેહ રે. અર૦ ૪
જ્ઞાન દર્શનમય આતમા, કર્મ પંકે અવરાણેા રે;
શુદ્ધ દશા નિજ હારિને, અતિશય દોષે ભરાણેા રે. અર૦ ૫
દોષ અનાદિથી ઉદ્ધરે, જૈન ધર્મ જગ સાર રે;
સકલ નયે જો આદરે, તો હોય ભવોદધિ પાર રે. અર૦ ૬
જિન આણા જે આરાધતા, વિધિપૂર્વક ઉજમાળ રે;
સાધે તે સંવર નિર્જરા, પામે મંગળ માળ રે. અર૦ ૭
ચક્રી ભરતે સાતમેા, અઢારમેા જિન રાય રે;
ઉત્તમવિજય કવિરાજનો, **રતન**વિજય ગુણ ગાય રે. અર૦ ૮

(૧૯) મલ્લિનાથ જિન સ્તવન.

(જગપતિ નાયક નેમિ જિણુંદ—એ દેશી.)

જગપતિ સાહેબ મલ્લિ જિણુંદ, મહિમા મહિઅલ ગુણનીલો
જગપતિ દિનકર જ્યું ઉદ્યોત—કારક વંશે કુલતિલો. ૧

જ૦ પ્રબલ પુન્ય પસાય, ઉદ્યોત નરકે વિસ્તરે;
જ૦ અંતર મુહૂરત તામ, શાતા વેદની અનુસરે. ૨

જ૦ શાંત સુધારસ વૃષ્ટિ, તુજ મુખ ચંદ્ર થકી ઝરે;
જ૦ પડિબોહે ભવિ જીવ, મિથ્યાતિમિર દૂરે કરે. ૩

જ૦ ભવસાયરમાં જહાજ, ઉપગારી શિરસેહરો;
જ૦ તુમ દરશનથી આજ, કાજ સર્યો હવે માહરો. ૪

જ૦ દીઠે મુખકજ તુજ, નાઠા ત્રણ પ્રભુ માહરે;
જ૦ દારિદ્રય પાપ દુર્ભાગ્ય, પુષ્ટાલંબન તાહરે. ૫

જ૦ ભવભવ સંચિત જેહ, અઘ નાઠાં ટળી આપદા;
જ૦ જાચું નહિ કીશો દામ, માગું તુમ પદ સંપદા. ૬

જ૦ થુણીઓ મન ધરી નેહ, ઓગણીસમો જિન સુખકરૂ;
જ૦ નીલ રયણ તનુ કાંતિ, દીપતી રૂપ મનોહરૂ. ૭

જ૦ **જિન ઉત્તમ** પદ સેવ, કરતાં સવિ સંપદ મલે;
જ૦ **રતન** નમે કરજોડ, ભાવે ભવોદધિ ભવ ટળે. ૮

(૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(વીર જિણુંદ જગત ઉપગારી—એ દેશી.)

મુનિસુવ્રત જિન અધિક દિવાજે, મહિમા મહિયલ છાજેજી;
ત્રિજગવંદિત ત્રિભુવનસ્વામી, ગિરૂઓ ગુણનિધિ ગાજેજી. મુ૦ ૧

જન્મ વખત વર અતિશય ધારી, કલ્પાતીત આચારીજી;
ચરણકરણભૂત મહાવ્રત ધારી, તુમચી જાઉં બલિહારીજી. મુ૦ ૨

જગજનરંજન ભવદુઃખભંજન, નિરૂપાધિક ગુણભોગીજી;
અલખ નિરંજન દેવ દયાળુ, આતમ અનુભવ જોગીજી. મુ૦ ૩

જ્ઞાનાવરણીય ક્ષયથી પ્રગટયું, અનુપમ કેવળ નાણજી;
લોકાલોકપ્રકાશક ભાસક, ઉદયો અભિનવ ભાણજી. મુ૦ ૪

વરસી વસુધા પાવન કીધી, દેશના સુધારસ સારજી;
ભવિક કમલ પ્રતિબોધ કરીને, કીધા બહુ ઉપકારજી. મુ૦ ૫

સંપૂરણ તેં સિદ્ધતા સાધી, વિરમી સકલ ઉપાધિજી;
નિરૂપાધિક નિજ ગુણને વરીયા, અક્ષય અવ્યાબાધજી. મુ૦ ૬

હરિવંશે વિભુષણ દીપે, રિષ્ટ રતન તનુ કાંતિજી;
સુખસાગર પ્રભુ નિરમળ જ્યોતિ, જોતાં હોય ભવ શાંતિજી. મુ૦ ૭

સમેતશિખર ગિરિ સિદ્ધિ વરીયા, સહસ પુરૂષને સાથજી;
જિન ઉત્તમ પદને અવલંબી, **રતન** થાયે સનાથજી. મુ૦ ૮

(૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન.

(સોના રૂપાકે સોગઠે સાંયાં બેઉત બાજી—**એ દેશી.**)

નિરૂપમ નમિ જિનેસરૂ, અક્ષય સુખ દાતા;
અતિશય ગુણ અધિકથી, સ્વામી જગત વિખ્યાતા. ૧

બાર ગુણો અરિહંતથી, ઉંચો વૃક્ષ અશોક;
ભવદવપીડિત જંતુને, જોતાં જાય શોક. ૨

પીતવરણ સિંહાસને, પ્રભુ બેઠા છાજે;
દીવ્ય ધ્વનિ દીયે દેશના, નાદે અંબર ગાજે. ૩

છત્ર ધરે ત્રણ સુરવરા, ચામર વીંજાય;
ભામંડલ અતિ દીપતું, પૂંઠે જિનરાય. ૪

યોજન માને સુર કરે, વૃષ્ટિ કુસુમ કેરી;
ગગને ગાજે દુંદુભિ, કરે પ્રદક્ષિણા ફેરી. ૫

અષ્ટ મહા પાડિહારથી, દીપે શ્રી જગદીશ;
અષ્ટકરમ હેલાં હણી, પામ્યા સિદ્ધિ જગીશ. ૬

નામે નવનિધિ સંપજે, સેવતાં દુઃખ જાય;
ઉત્તમવિજય વિબુધનો, **રતનવિજય** ગુણગાય. ૭

(૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન.

(હાંરે મારે ધર્મજિણંદથું લાગી પૂરણ પ્રીતજો—**એ દેશી.**)

હાંરે મારે નેમિ જિનેસર અલવેસર આધાર જો,
સાહિબરે સોભાગી ગુણમણિ આગરૂ રે લો;
હાંરે મારે પરમપુરૂષ પરમાતમ દેવ પવિત્ર જો,
આજ મહોદય દરિસણ પામ્યો તાહરૂં રે લો. ૧

હાંરે મારે તોરણ આવી પશુ છોડાવી નાથ જો,
રથ ફેરીને વળીયા નાયક નેમજી રે લો;
હાંરે મારે દેવ અટારે એ શું કીધું આજ જો,
રઢીઆળી વર રાજુલ છોડી કેમજી રે લો. ૨

હાંરે મારે સંયોગીભાવ વિયોગી જાણી સ્વામી જો,
એ સંસારે ભમતાં કો કેહનું નહિ રે લો;
હાંરે મારે લોકાંતિકને વયણે પ્રભુજી તામજો,
વરશીદાન દીયે તિણ અવસર જિન સહી રે લો. ૩

હાંરે મારે સહસાવનમાં સહસ પુરૂષની સાથ જો,
ભવ દુઃખ છેદન કારણ ચારિત્ર આદરે રે લો;
હાંરે મારે વસ્તુતત્ત્વે રમણ કરંતા સાર જો,
ચોપનમે દિન કેવલજ્ઞાન દશા વરે રે લો. ૪

હાંરે મારે લોકાલોકપ્રકાશક ત્રિભુવન ભાણુજો,
ત્રિગડે બેસી ધરમ કહે શ્રી જિનવર રે લો;
હાંરે મારે શિવાનંદન વરસે સુખકર વાણી જો,
આસ્વાદે ભવિ ભાવ ધરીને સુંદર રે લો. ૫

હાંરે મારે દેશના નિસુણી બુઝ્યાં રાજુલ નાર જો,
નિજ સ્વામિને હાથે સંયમ આદરે રે લો;
હાંરે મારે અષ્ટભવોની પાળી પૂરણ પ્રીત જો,
પિયુ પહેલાં શિવલક્ષ્મી રાજિમતી વરે રે લો. ૬

હાંરે મારે વિચરી વસુધા પાવન કીધી સાર જો,
જગ ચિંતામણિ જગ ઉપગારી ગુણનિધિ રે લો;
હાંરે મારે જિન ઉત્તમ પદ પંકજ કેરી સેવ જો,
કરતાં રતનવિજયની કીરતિ અતિ વધી રે લો. ૭

(૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(પર્વ પજુસણ આવીયાં રે લાલ---એ દેશી.)

ત્રિભુવન નામક વંદીયે રે લો, પુરીસાદાણી પાસરે–જિનેસર;
સુરમણિ સુરતરૂ સારીખો રે લો, પૂરતો વિશ્વની આશરે–જિને૦
જયો જયો પાસ જિનેસરૂ રે લો. ૧

પુષ્પાલંબન ભવિકને રે લો, મહિમાનિધિ આવાસરે–જિ૦
વામાવપુજિત વંદીયે રે લો, આણી ભાવ ઉલ્લાસ રે–જિ૦જયો૦ ૨

શ્રી જિન! તુજ દરિસણ વિના રે લોલ, ભમીયો કાલ અપાર રે-જિ૦
આતમ ધર્મ ન ઓળખ્યો રે લો, ન લહ્યો તત્ત્વ વિચાર રે-જિ૦ જયો૦ ૩
પ્રવચન અંજન જે કરે રે લો, પામી સદ્‌ગુરૂ સંગ રે-જિ૦
શ્રદ્ધા ભાસન પ્રગટતાં રે લો, લહીયે ધર્મ પ્રસંગ રે-જિ૦ જયો૦ ૪
સાધનભાવે ભવિક ને રે લો, સિદ્ધને ક્ષાયક હોય રે-જિ૦
પ્રગટયો ધર્મ તે આપણો રે લો, અચલ અભંગ તે જોય રે-જિ૦ જયો૦ ૫
તુજ ચરણાં મેં ભેટીયા રે લો, ભાવે કરી જિનરાજ રે-જિ૦
નેત્રયુગલ જિન નિરખતાં રે લો, સિધ્યાં વંછિત કાજ રે-જિ૦ જયો૦ ૬
નીલ વરણ નવ કર ભલું રે લો, દીપે તનુ સુકુમાલ રે-જિ૦
જિન ઉત્તમ પદ સેવતાં રે લો, રતન લહે ગુણમાળ રે-જ૦ જયો૦ ૭

(૨૪) શ્રી મહાવીર જિન સ્તવન.

(આવો આવો જસોદાના કંથ—એ દેશી.)

ચોવીશમો શ્રી મહાવીર, સાહિબ સાચો રે;
રત્નત્રયીનું પાત્ર, હીરો જાચો રે. ૧
આઠ કરમનો ભાર, કીધો દૂર રે;
શિવવધૂ સુંદર નાર, થઇ હજુરે રે. ૨
તુમે સાર્યાં આતમ કાજ, દુઃખ નિવાર્યાં રે;
પહોતા અવિચલ ઠામ, નહિ ભવ ફેરા રે. ૩
જિહાં નહિ જન્મ મરણ, થયા અવિનાશી રે;
આતમ સત્તા જેહ, તેહ પ્રકાશી રે. ૪
થયા નિરંજન નાથ, મોહને ચૂરી રે;
છોડી ભવભય કૂપ, ગતિ નિવારી રે. ૫
અતુલ બલ અરિહંત, ક્રોધ ને છેદી રે;
ક્ષરસી ગુણનાં ઠાણ, થયા અવેદી રે. ૬

એહવા પ્રભુનું ધ્યાન, ભવિયણ કરીએ રે;
કરીયે આતમ કાજ, સિદ્ધિ વરીએ રે. ૭
સેવો થઇ સાવધાન, આળસ મોડી રે;
નિદ્રા વિકથા દૂર, માયા છોડી રે. ૮
મૃગપતિ લંછન પાય, સોવન કાયા રે;
સિદ્ધારથ કુલ આય, ત્રિશલાએ જાયા રે. ૯
બહોંતેર વરસનું આય, પૂરણ પાળી રે;
ઉદ્ધરીયા જીવ અનેક, મિથ્યાત્વ ટાળી રે. ૧૦
જિન ઉત્તમ પદ સેવ, કરતાં સારી રે;
રતન લહે ગુણમાળ, અતિ મનોહારી રે. ૧૧

—: કલશ :—

(આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા—**એ દેશી.**)

ચોવીશ જિનેસર ભુવન દીનેસર, નિરૂપમ જગ ઉપગારીજી;
મહિમાનિધિ મોટા તુમે મહીયલ. તુમચી જાઉં બલિહારીજી. ૧
જન્મ કલ્યાણક વાસવ આવી, મેરૂ શિખર નવરાવેજી;
માનું અક્ષય સુખ લેવા સુર, આવી જિન ગુણ ગાયજી. ૨
ગૃહવાસ છંડી શ્રમણપણું લહી, ઘાતિ કરમ ખપાયાજી;
ગુણ મણિ આકર જ્ઞાન દિવાકર, સમવસરણ સુહાયાજી. ૩
દુવિધ ધરમ દયાનિધિ ભાખે, તારે ગ્રહીને હાથેજી;
વાણી સુધારસ વરસી વસુધા, પાવન કીધી નાથેજી. ૪
ચોત્રીશ અતિશય શોભાકારી, વાણી ગુણ પાંત્રીશજી;
અષ્ટ કરમ મલ દૂર કરીને, પામ્યા સિદ્ધિ જગીશજી. ૫
ચોવીશ જિનનું ધ્યાન ધરંતાં, લહિયે ગુણ મણિ ખાણજી;
અનુક્રમે પરમ મહોદય પદવી, પામે પદ નિરવાણજી. ૬

તપગચ્છ અંબર ઉદયો ભાનુ, તેજ પ્રતાપી છાજેજી;
વિજયદેવસૂરીશ્વર રાયા, મહિમા મહિયલ ગાજેજી. ૭

તાસ પાટ પ્રભાવક સુંદર, **વિજયસિંહસૂરીશજી**;
વડભાગી વૈરાગી ત્યાગી, **સત્યવિજય** મુનીશજી. ૮


તસ પદપંકજ મધુકર સરીખા, **કપુરવિજય** મુણિંદાજી;
ખિમાવિજય તસ આસન શોભિત, **જિનવિજય** ગુણ ચંદાજી. ૯

ગીતારથ સારથ સોભાગી, લક્ષણ લક્ષિત દેહાજી;
ઉત્તમવિજય ગુરૂ જયવંતા, જેહને પ્રવચન નેહાજી. ૧૦

તે ગુરૂની બહુ મહેર નજરથી, પામી અતિ સુપસાયાજી;
રતનવિજય શિષ્ય અતિ ઉછરંગે, જિન ચોવીશ ગુણ ગાયાજી. ૧૧

સુરત મંડન પાસ પસાયા, ધર્મનાથ સુખદાયાજી;
વિજયધર્મસૂરીશ્વર રાજ્યે, શ્રદ્ધા બોધ વધાયાજી. ૧૨

અઢારશેં ચોવીશ વરસે, સુરત રહી ચોમાસજી;
માધવ માસે કૃષ્ણ પક્ષમાં, ત્રયોદશી દિન ખાસજી. ૧૩



[૫]

શ્રી જિનહર્ષજી કૃત ચોવીશી.

(૧) ઋષભદેવ જિન સ્તવન.

(રાગ–ત્રેલાવલ)

રે જીવ! મોહ મિથ્યાતમેં, કયું મુઝો અજ્ઞાની;
પ્રથમ જિણંદ ભજે ન કયું, શિવસુખકો દાની: રે૦ ૧
ઓર દેવ સેવે કહા, વિષયી કે માની;
તરી ન શકે તારે કહા, દુરગતિ નીશાની. રે૦ ૨
તારણ તરણ જહાજ હૈ, પ્રભુ મેરો જ્ઞાની;
કહે **જિનહર્ષ** સુતારીયે, ભવસિંધુ સુજ્ઞાની. રે૦ ૩

(૨) શ્રી અજિતનાથ જિન સ્તવન.

(રાગ–ભૈરવ)

સ્વામી અજિત જિન સેવે ન કયું,
જો તું ચાહે શિવ પટરાણી; સ્વા૦
ઓર સકલ તજી કથા વિરાણી,
અહનિશ કીજીયે પ્રભુજીકી કહાણી. સ્વા૦ ૧
ભવવન સઘન અગની પ્રજલાણી,
મિથ્યા રજ વ્રજ પવન ઉડાણી; સ્વા૦
જૈસે તૈલ પીલન કું ઘાણી,
તૈસે કરમ પીલણ પ્રભુ વાણી. સ્વા૦ ૨
ક્રોધ દાવાનલ પાવસ પાણી,
ઉજવલ નિરમલ ગુણમણિખાણી, સ્વ૦
કહે **જિનહર્ષ** ભગતિ મન આણી,
સાહિબ ધો અપની સહિ નાણી. સ્વ૦ ૩

(૩) શ્રી સંભવનાથ જિન સ્તવન.

(રાગ–ગોડી)

અબ મોહે આપણો પદ દીજે,
કરૂણાસાગર કરૂણા કરકે, નિજ ભગતનકી અરજ સુણીજે. અ૦ ૧
તુમ હો નાથ અનાથકે પીહર, અપણેં ભવથેં તારીજે;
તુમ સાહિબ હું ફિરૂં ઉદાસી, પ્રભુકી પ્રભુતા કયા કીજે. અ૦ ૨
તુમ હો ચતુર ચતુરગતિકકે દુઃખ, મેટો અબ સેવક હિત કીજે;
કહે જિનહર્ષ સંભવ જિનનાયક,દાસ નિવાજી જગત જસ લીજે.અ૦ ૩

(૪) શ્રી અભિનંદન જિન સ્તવન.

(રાગ–નટ્ટ)

મેરો પ્રભુ! સેવકકું સુખકારી,
જાકે દરશને વાંછિત લહીયે, સો કેસે દીજે વારી. મે૦ ૧
હૃદયે ધરીયે સેવા કરીયે, પરિહરી માયા મતવારી;
તું ભવદુઃખ સાયરથી તારે, પરમાતમ આતમ ઉપકારી મે૦ ૨
એસો પ્રભુ તજી ઓર ભજે જો, કાચ ભજે સોહી મણિ હારી;
અભિનંદન જિનહર્ષ ચરણ ગ્રહી, ખરી કરી મનસેં એકતારી. મે૦ ૩

(૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન.

(રાગ–કેદારો)

જીઉરે પ્રભુચરને ચિત્ત લાય,
સુમતિ ચિત્ત ધરી સુમતિ જિનકો, ભજન કરી દુઃખ જાય. જી૦ ૧
મોહમાયાકી મહા જાલમે, કયું રહ્યો તું મુંઝાય;
અંતે જમ જબ આઇ પકરે, કાહું પે ન રહાય. જી૦ ૨

ભવ અનંત દુઃખ ટારવેકું, કયું ન ગ્રહે ઉપાય;
જિનહર્ષ પ્રભુ મુક્તિકો દાયક, પ્રીતિ અચલ બનાય. જી૦ ૩

(૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

(રાગ-કનડો)

હો જિનવર અબતો મહેર કીજે, નિજ પદ સેવા દીજે;
દરસણ દેહુ દયાલ દયા કરી, જ્યું ધીહું મન ધીજે. હો૦ ૧
હો એકતારી ધારી મેં તુમશું, અપનો કરી જાનીજે;
ઓર સબે સુર નટ વિટ જાણી, નિરખી નિરખી મન ખીજે. હો૦ ૨
અંતરજામી અંતરગતકી, જાણો કહા કરીજે;
પદ્મપ્રભ જિનહર્ષ તુમારી સોમ નજરશું જીજે. હો૦ ૩

(૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

(રાગ-દેવગંધાર.)

કૃપા કરી સ્વામી સુપાસ નિવાજે,
તુમ સાહિબ હું બીજમતગારી, એહીજ સગપણ તાજે. કૃ૦ ૧
તુમહી છોરી અવરશું ધ્યાઉં, તો પ્રભુ તુમહી લાજે;
જગતવત્સલ જગતનકે સાહિબ, તા કારણ દુઃખ ભાજે. કૃ૦ ૨
પ્રભુ મધુકર સબરસકે નાયક હો, હૃદય કમલ વિરાજો;
ચરણ શરણ જિનહર્ષ કીયે મેં, ભયે નિરભય અબ ગાજે. કૃ૦ ૩

(૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

(રાગ-સામેરી.)

ચંદ્રપ્રભ અષ્ટ કરમ ક્ષય કારી,
આપ તરી ઓરનકું તારે, આપણો બિરૂદ વિચારી. ચં૦ ૧

જિનમુદ્રા સુપ્રસન્ન પ્રભુજીકી, ઉલસત નયનાં નિહારી;
સુંદર સુરતિ મૂરતિ ઉપરે, જાઉં હું બલિહારી. ચં૦ ૨
ઐસી તનકી છબી ત્રિભુવનમેં, ઔર કિસી નહિ ધારી;
તોહી ચરન **જિનહર્ષ** ન તજીયે, દુખીયનકું ઉપગારી. ચં૦ ૩

(૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

(રાગ–જયજયવંતી)

નાથ તેરે ચરણ ન છોરૂં, જો છુરાવે કોઇ;
પકરી રહું જેસે, બાલ મા કે અંચરા. ના૦ ૧
બહુત દિવસ ભયે, પ્રભુકે ચરણ લહે;
અપની કરણ સેવા, મન ભયા ચંચરા, ના૦ ૨
કૃપા જલ સીંચે દાસ, વૃદ્ધિવંત હુએ ઉલ્લાસ;
ઉદકસું સીંચે જેસે, વધેરી ઉદંચરા. ના૦ ૩
સુવિધિજિણુંદ ગુણગેહ, ન દેખાવે છેહ;
સેવક ઉપર નિજ, હોય સુકૃપાપરા. ના૦ ૪
એસો પ્રભુ પાયકે, ચરન ગ્રહું ધાયકે;
પાયે **જિન હરખ**, હરખ સુખ સંચરા. ના૦ ૫

(૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન.

(રાગ–મારૂણી)

શીતલ લોયણા હો, જોવો શીતલનાથ;
ભવદુઃખ તાપ મિટે સખી, થઇએ પ્રભુજી સનાથ. શી૦ ૧
તુમ સમરથ સાહિબ છતાં હો, હું તો ફીરૂં અનાથ;
સેવક સુખ દેતા નથી, તો શી લહી તુમ આથ. શી૦ ૨

પોતાનો જાણી કરી હો, દો મુજ પૂંઠે હાથ;
કહે જિનહર્ષ મીલ્યો હવે, સાચો શિવપુર સાથ. શી૦ ૩

(૧૧) શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

(રાગ-કાફી.)

શ્રેયાંસ જિનેસર મેરો અંતરજામી,
ઓર સુરાસર દેખી ન રીઝું, પ્રભુ સેવા જો પામી. શ્રે૦ ૧
રંકનકી કુણ આણ ધરે શિર, તજી ત્રિભુવનનો સ્વામી;
દુઃખ ભાંજે છિનમાંહી નિવાજે, શિવસુખ દો શિવગામી. શ્રે૦ ૨
કયા કહીયે તુમશું કરુણાનિધિ, ખમજો મેરી ખામી;
કહે જિનહર્ષ પરમપદ ચાહું, અરજ કરું શિરનામી. શ્રે૦ ૩

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

(રાગ-મલ્હાર.)

હો જિનવરજી અબ મેરે ગની આઇ,
ઓર સકલ સુરકી સેવા તજી, એકશું લય લાઇ. હો૦ ૧
વાસુપૂજ્ય જિનવર વિણું ચિત્તમેં, ધારું ઓર ન કાંઇ;
પરમ પ્રમોદ ભયો અબ મેરે, જો તુમ સેવા પાઇ. હો૦ ૨
ત્રિભુવનનાથ ધર્યો શિરઉપર, જાકી બહુત વડાઇ;
કહે જિનહર્ષ અવર ન માગું, દો ભવપાસ છુરાઇ. હો૦ ૩

(૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન.

(રાગ-પુરવીગોડી.)

મેરો મન મોહ્યો પ્રભુકી મૂરતિયાં,
સુંદર ગુણમંદિર છબિ દેખત, ઉલ્લસિત હોઇ મેરી છતીયાં. મે૦ ૧
નયન ચકોર વદન સસી મોહે, જાત ન જાણું દિન રતીયાં;
પ્રાણસનેહી પ્રાણ પિયાકી, લાગત હૈયે મીઠી વતીયાં. મે૦ ૨

અંતરજામી સબ જાણત હે, કયા લીખ કે ભેજું પતીયાં;
કહે **જિનહર્ષ** વિમલ જિનવરકી, ભક્તિ કરું હું બહુ ભતીયાં. મે૦ ૩

(૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન.

(રાગ–પરજીયો.)

વ્હાલા થારા મુખડા ઉપર વારી,
અરજ સુણજો એક મારી, કાંઇ તુમને કહું છું વિચારી. વા૦ ૧

આઠ પહોર ઉભો થકોરે, સેવા કરું તુમારી;
અંતરજામી સાહિબા કાંઇ, લેજો ખબર હમારી. વા૦ ૨

સુંદર સુરતિ તાહરીરે, લાગે પ્રેમે પિયારી;
સાત ધાત ભેદી કરી, કાંઇ પેઠી હૈયા મોઝારી. વા૦ ૩

સ્વામી અનંત તુમારડારે, ગુણ અનંત અપારી;
કહે **જિનહર્ષ** સંભારજો, કાંઇ મત મુકો વિસારી. વા૦ ૪

(૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન.

(રાગ–વસંત)

ભજ ભજ મન પન્નરમો જિણુંદ, ભવ ભવકે નિવડે ફંદ; ભ૦

જાકું સેવે સુરનર ઇંદ, દરસન દેખે પામે આનંદ;
ઉલ્લસે મન જેસે ચકોર ચંદ, કાટે દુઃખ કઠોર કરમ ફંદ. ભ૦ ૧

સમકિતદાયક સુખકો નિધાન, સબ પ્રાણિકું દીયે અભયદાન;
અજ્ઞાન મહાતમ ઉદયભાન, સો પ્રભુકું ધરી હૃદય ધ્યાન. ભ૦ ૨

લહીયે જાથેં સંસાર પાર, અવિચલ સુખસંપત્તિ દેણુહાર;
નિરાધારનો તુંહી આધાર, **જિનહર્ષ** નમીજે વારંવાર. ભ૦ ૩

(૧૬) શ્રી શાંતિનાથ જિન

(રાગ-જયતસીરી)

પ્યારો પ્રેમ કો મેરો સાહિબ, ઇસી રીત જપીયે;
પ્રભુ દરિસણ મન ઉલ્લસે રે, જ્યું કેકી ઘન ગાજ;
ઔર સકલ મેં પરિહરી, મેરે એક જીવનશું કાજ. પ્યા૦ ૧

પ્રીતમ આયા પ્રાહુણારે, મો દિલમંદિર આજ;
ભગતિ કરૂં બહુ તેરીયાં, અબ છોરી સકલ ભય લાજ. પ્યા૦ ૨

હિલી મિલી સુખ દુઃખકી કહુંરે, સાહિબ દો સુખસાજ;
અંતરજામી સોળમો, તાશું પ્રીત કરૂં જિનરાજ. પ્યા૦ ૩

(૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન.

(રાગ-સોરઠ)

જ્ઞાની વિણ કિણ આગળ કહીયે,
મનકી મન મેં જાણી રહીયે; જ્ઞા૦
ભુંડી લાગે જણ જણ આગે,
કહેતાં કાંઇ ન વેદન ભાગે હો. જ્ઞા૦ ૧

અ પ નો ભ ર સ ગ મા વે,
સાજન પરજન કામ ન આવે હો. જ્ઞા૦ ૨

દુરજન હોઇ સુપરે કરે હાસા,
જાણી પડ્યા મુહ માગ્યા પાસા હો. જ્ઞા૦ ૩

તાથે મૌન ભલું મન આણી,
ધરી મન ધીર રહે નિજપાણી હો. જ્ઞા. ૪

કહે જિનહર્ષ કહેજો પ્રાણી,
કુંથુ જિણંદ આગે કહેવાણી. જ્ઞા૦ ૫

(૧૮) શ્રી અરનાથ જિન સ્તવન.

(રાગ-ગુજરી.)

અરજિન નાયક સ્વામી હમારો,
આઠ કરમ અરિયણ બલવંતે, જીતે સુભટ અટારો. અ૦ ૧
એસો કોઇ ઔર ન હોઇ, પ્રભુ સરીખો બલ ધારો;
મદન ભયો જિણ ભય અશરિરી, કહા કરે સુવિચારો. અ૦ ૨
દોષરહિત ગુણ પાર ન લહીયે, તાકી સેવા સારો;
કહે જિનહર્ષ દોય કર જોડી, અબ સેવકકું તારો. અ૦ ૩

(૧૯) શ્રી મલ્લીનાથ જિન સ્તવન.

(રાગ-શ્રીરાગ.)

મલ્લી જિણંદ સદા નમીયે,
પ્રભુકે ચરણ કમલ રસ લીણે, મધુકર જ્યું હુઇકે રમીયે. મ૦ ૧
નિરખી વદન શશી શ્રી જિનવર કો,
નિશી વાસર સુખમેં ગમીયે. મ૦ ૨
ઉજવલ ગુણ સમરણ ચિત્ત ધરીયે,
કબહુ ન ભવ સાયર ભમીયે. મ૦ ૩
સમતા રસ મેં જ્યોં ઝીલીજે,
રાગ દ્વેષ કો ઉપશમીયે. મ૦ ૪
કહે જિનહર્ષ મુગતિ સુખ લહીયે,
કઠીન કર્મ નિજ અપકમીયે. મ૦ ૫

(૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(રાગ-તોડી)

આજ સફલ દિન ભયો સખીરી,
મુનિસુવ્રત જિનવરકી મૂરતિ, મોહનગારી જો નિરખીરી. આ૦ ૧

આજ મેરે ઘર સુરતરૂ ઉગ્યેા, નિધિ પ્રગટ ધરી આજ રંગીરી;
આજ મનોરથ સકલ ફલે મેરે, પ્રભુ દેખત દિલ હરખીરી. આ૦ ૨
પાપ ગયે સબહી ભવભવકે, દુરગતિ દુરમતિ દૂર નખીરી;
કહે **જિનહર્ષ** મુગતિકે દાતા, શિર પગરી તાકી આણ રંગીરી. આ૦ ૩

(૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન.

(રાગ–કલ્યાણ)

નમિ જિનવર નમીયે ચિત્ત લાઇ,
જાકે નામે નવનિધિ લહીયે, વિપત્તિ રહે નહિ ઘરમેં કાંઇ. ન૦ ૧
દરીસણ દેખતહી દુઃખ છીજે, પાતિક કુલટાઇ જયું તજી જાઇ;
સુખ સંપત્તિકેા કારણ પ્રભુજી, તાકેા સમરણ કરહુ સદાઇ. ન૦ ૨
કહા ણહુ તેરે જ્યાં સુર સેવે, જિન કારજકી સિદ્ધિ ન પાઇ;
કહે **જિનહર્ષ** એક પ્રભુ ભજીયે, બેાધિ બીજ શિવસુખકેા દાઇ. ન૦ ૩

(૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન.

(રાગ–રામગિરિ)

નેમિ જિન જાદવ કુળ તાર્યેા,
એકહી એક અનેક ઉધારે, કૃપા ધરમ મન ધાર્યેા. ને૦ ૧
વિષય વિષેાપમ દુઃખ કે કારણ, જાણી સબિ સુખ છાયેા;
સંજમલીનેા પશુહિત કારન, મદન સુભટ મદ ગાર્યેા. ને૦ ૨
આપ તરી રાજુલકુ તારી, પૂરવ પ્રેમ સમાર્યેા;
કહે **જિનહર્ષ** હમારી કિરપા, કયા મનમાંહી વિચાર્યેા. ને૦ ૩

(૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(રાગ–લલિત)

માન તજ મેરે પ્રાણી, બેર બેર કહું વાણી,
કાહે મૂઢ ભજનકેા, આલસ કરે હે. મા૦

ઓર કોઉ નાવે કામ, સગે સયણુ દામ ધામ,
નામ એક પ્રભુજીકે, કામ સબ સરે હે. મા૦ ૧
ભવકો ભંજનહાર સુખકો દેવણુહાર,
તાકું હીયે ધાર, જો તું કરમસેં ડરે હે. મા૦
જપ જપ જગનાથ, એહી હે મુગતિ સાથ,
જાકો દરિસણુ દેખી, અખીયાં ઠરે હે. મા૦ ૨
એસો પ્રભુ કોઇ ઓર, દેખ્યો હે અપર ઠોર,
જ્ઞાનકો ભંડાર તજી, કાહે ભૂલે પરે હે. મા૦
તેવીસમો પ્રભુ પાસ, પૂરે હે સકલ આશ,
કહે **જિનહર્ષ** દાસ, જન્મ દુઃખ હરે હે. મા૦ ૩

(૨૪) શ્રી મહાવીર જિન સ્તવન.

(રાગ–કેદારો–બિહાગડો)

મેં જાણ્યું નહિ ભવ દુઃખ એસો રે હોઇ,
મોહમગ્ન માયામેં ખુતો, નિજ ભવ હારે કોઇ. મેં૦ ૧
જન્મ મરણુ ગર્ભવાસ અશુચિમેં, રહેવો સહેવો સોઇ;
ભુખ તૃષા પરવશ બંધન ટાર શકે ન કોઇ. મેં૦ ૨
છેદન ભેદન કુંભીપાચન, ખર વૈતરણી તોઇ;
કોઇ છુરાઇ શકયો નહિ વે દુઃખ, મેં સર ભરીયાં રોઇ. મેં૦ ૩
સબહી સગાઇ જગત ઠગાઇ, સ્વારથકે સબ લોઇ;
એક **જિનહર્ષ** ચરમ જિનવરકો, શરણ હિયામેં ઢોઇ મેં૦ ૪

ઇતિ વિભાગ પહેલો શ્રી ચોવીશી સંગ્રહ સમાપ્ત.

વિભાગ બીજો : પ્રકીર્ણ સ્તવન સંગ્રહ.

શ્રી ઋષભદેવ જિન સ્તવનો.

(૧)

(રાગ–રામકલિ. ઋષભદેવ હિતકારી–એ દેશી.)

તુમ દરિસણ ભલે પાયો, પ્રથમ જિન, તુમ૦
નાભિ નરેસર નંદન નિરૂપમ, માતા મરૂદેવી જાયો. પ્ર૦ ૧
આજ અમીરસ જલધર વૂઠો, માનું ગંગાજલે નહાયો;
સુરતરૂ સુરમણિ પ્રમુખ અનુપમ, તે સવિ આજમેં પાયો. પ્ર૦ ૨
યુગલા ધરમ નિવારણ તારણ, જગ જસ મંડપ છાયો;
પ્રભુ તુજ શાસન વાસન સમકિત, અંતર વૈરિ હરાયો. પ્ર૦ ૩
કુગુરૂ કુદેવ કુધર્મની વાસે, મિથ્યા મતમેં ફસાયો;
મેં પ્રભુ આજથેં નિશ્ચય કીનો, સવિ મિથ્યાત ગમાયો. પ્ર૦ ૪
બેર બેર કરૂં વિનતિ ઇતની, તુમ સેવા રસ પાયો;
જ્ઞાનવિમલ પ્રભુ સાહિબ નજરે, સમકિત પૂરણ સવાયો. પ્ર૦ ૫

(૨)

(વિનતિ અવધારો રે, પુરમાંહી પધારો રે—એ દેશી)

તુમ સેવા મેવા રે, લાગી મુજ હેવા રે, ગયવર જિમ રેવા રે;
દેવાધિદેવા, ઋષભ જિનેસરૂ રે. ૧
કામિની શણગાર રે, કુલવતી ભરતાર રે;
મોરા જલધાર, જીયું સેવા લહી રે. ૨
લોભીને આથરે, પંથિને સાથરે, પંડિતને ગ્રંથ રે;
જન્મ સુકયથ્થ, ગણું તુમ સેવના રે. ૩
દરિસણ તુમ કેરા રે, કરૂં ઉઠી સવેરા રે, મીટે મોહ અંધેરારે;
ખીજમતમાં રહું, સાહિબ! તેરી આગળે રે. ૪

સેવ્ય સેવક ભાવ રે, થયો પુણ્ય જમાવ રે, હોજો ભવોભવ રે;
વીતરાગ સ્વભાવ ન, પ્રગટે જિહાં લગે રે. ૫

પ્રભુઆણા રાગ રે, સમકિતનો લાગ રે, એહીજ ભવ તાગ રે.
શિવપદ માગ રે, કહો જિનવિજયને રે. ૬

(૩)

(તાર હો તાર પ્રભુ—એ દેશી.)

ગુણ તણી વેલડી વિપુલ વધારતો,
ફરત મહીમંડલે ઋષભદેવો;
મુનિવરા ચાર હજાર પૂંઠે ભમે,
સોઇ કરતા બહુ સુપરે સેવો. ગુણ૦ ૧

ઘોર તપ તિહાં તપે, કરમ કેતાં ખપે,
સહસવરસે હુઓ કેવલનાણી;
સમવસરણ રચી, ઋષભજિન તિહાં વસી,
સંઘ થાપે સુણાવે જ વાણી. ગુણ૦ ૨

લાખ પૂરવ લગે, શીલ સંજમ ધરી,
આપ અષ્ટાપદે ધ્યાન ધરતો;
સહસ દશ સંજમી, સાથ લેઇ સંચર્યો,
મુગતિ નારી તિહાં તેજ વરતો. ગુણ૦ ૩

વડ તપાગચ્છ પાટે પ્રભુ પ્રગટીયો,
શ્રી વિજયસેનસૂરિ પૂરે આશો;
ઋષભના નામથી સયલ સુખ પામીયે,
કહત કવિતા કવિ ઋષભદાસો. ગુણ૦ ૪

(૪)

(મેરે સાહિબ તુમહી હો—એ દેશી.)

આજ આનંદ વધામણાં, આજ હરખ સવાઇ
ઋષભ જિનેસર વંદિયે, અતિશય સુખદાઇ. આજ૦ ૧

સારથવાહ ભવે લહી, શુચિ રૂચિ હિતકારી;
જીવાનંદ ભવે કરી, મુનિસેવા સારી. આજ૦ ૨

ચક્રી ભવે સંયમ ગ્રહી, સ્થાનક આરાધી;
સરવારથસિદ્ધથી ચ્યવી, જિનપદવી લીધી. આજ૦ ૩

કાળ અસંખ્ય જિનધર્મનો, પ્રભુ વિરહ મીટાયો;
ગણધર મુનિસંઘ સ્થાપના, કરી સુખ પ્રગટાયો. આજ૦ ૪

મરૂદેવા—સુત દેખતાં, અનુભવ રસ પાયો;
દેવચંદ્ર જિનસેવના, કરી સુજશ ઉપાયો. આજ૦ ૫

(૫)

(ઋષભદેવ હિતકારી જગતગુરૂ—એ દેશી.)

દેખણ દે એસો આદિ જિણુંદા હો, દે૦
વિનીતા નગરીમાં જન્મ પ્રભુકો,
નાભિરાય કુલ પ્રગટયો દિણુંદા હો, દે૦ ૧

પાંચસે ધનુ તનુ કંચન વરની,
વૃષભ લંછન જાકે પાયે સોહંદા હો. દે૦ ૨

ભવદવ વારણ તારક જગકો,
ચરણ કમલ ચિત્ત ધ્યાન ધરંદા હો. દે૦ ૩

પૃથ્વી પાવન કરતા સ્વામી,
કંચન કમલે પાય સોહંદા હો. દે૦ ૪

વૃંદ મહી સુરનર નારીકો,
કરત નાટક પ્રભુ પાય પરંદા હો. દે૦ ૫

કીરતિવિજય ગુરૂ ચરણ પસાયે,
માણેક મુનિ વરગુણ સમરંદા હો. દે૦ ૬

(૬)

ઉસો રહેને હો જીઉરા, જિન ચરણ શીતલ છાંહિ;
ભવ દાવાનલ ઝગિત ઝાળેં, કુણ ગ્રહેગો બાંહિ. ઉસો૦ ૧
કાકા કુંપલ કામિનિ ધન, માયા મંદિર માઢ;
દુઃખ વિયોગે ધુઆં બળેં, નીલાં સુકાં ઝાડ. ઉસો૦ ૨
ગર્ભ જનમ જરા મરણ, વ્યાલ ચિતર ફાળ;
ફોગટ મેળા અંતવેળા, પશુ આંનો પોકાર. ઉસો૦ ૩
સંપદ વેળા સહુ ભેળા, નવનવા આણંદ,
તારા મંડળ ઝગઝગંતાં, રાહુ ગ્રહેં ચંદ; ઉસો૦ ૪
ચરણ શરણ શીતળ છાયા, શીતળ પૂનમ ચંદ;
શીતળ પરમાણું નિપાયો, મરૂદેવા કો નંદ. ઉસો૦ ૫
સ્વામી સલુણા દરશન પામી, અંતરજામી દેવ;
યોગ ક્ષેમંકર સાંઇ સુહંકર, કીજે સાચી સેવ. ઉસો૦ ૬
રાજા રીઝેં વંછિત સીઝેં, ભીંજે જો જિન રેહ;
શ્રી શુભવીર સનેહી સાહિબ, કેમ ન દાખે નેહ. ઉસો૦ ૭

(૭)

શ્રીસર્વાર્થસિદ્ધ-ભવવર્ણનગર્ભિત શ્રીઋષભદેવ જિનસ્તવન

(મોહ મહિપતિ મહેલમેં મેરે-એ દેશી.)

સમકિત પામી દશ ભવ વામી, અગીયારમે અણુગાર; લલના૦
સાત લવાયુ છઠ્ઠ તપ બાકી, થાકી દુઃખની થિતિ આ સંસાર;
મરૂદેવા નંદન વંદિએ હો, ધર્મમાર્ગના દાતાર. મરૂ૦ ૧

ચૌદમે શતકે પાંચમે અંગે, પાંચ વિમાને ઇમ; લલના૦
બારમે ભવ સરવારથ સિદ્ધે. પહોતા જિહાં શાતા કેરી સીમ. મરૂ૦ ૨

તન થિતિ કર એક સાગર તેત્રીશ, શય્યાએ સુખવાસ; લલના૦
તેત્રીશ વરસ હજારે આહારી, પક્ષ તેત્રીસે શ્વાસોશ્વાસ. મરૂ૦ ૩

ચંદરૂએ ચંદ્રોજ્વલ મોતી, ચોસઠ મણનું એક; લલના૦
ચાર તે બાજુ બત્રીશ મણીયાં, સોલ મણીયાં આઠ તે ફરતાં છેક. મરૂ૦ ૪

અડમણીયાં સોલ બત્રીશ ચઉમણ, મણ દોય ચોસઠ જોય; લલના૦
એકસો અડવીશ તે એક મણીયાં, સઘલાં ત્રેપન શત દોય. મરૂ૦ ૫

પવન લહેર મોતી આફલતાં, પ્રગટે મધુરો રાગ; લલના૦
તે રસ લીના કાલ ગમાવે, ધ્યાવે મુગતિ પદ કેરા લાગ. મરૂ૦ ૬

જિમ ઉપના સુર નભ અવગાહી. ભવ લગે સૂતા તેમ; લલના૦
પાંચ વિમાને પગ ન હલાવે, બોલે વિશેષાવશ્યક એમ. મરૂ૦ ૭

લઘુ થિતિ ચાર વિમાને ભાખી, પન્નવણા એકતીસ; લલના૦
સમવાયાંગે બત્રીશ બોલી, ઉત્કૃષ્ટી સાગર છે તેત્રીશ. મરૂ૦ ૮

દેવ લઘુ થિતિ દો કર દેહા, જ્યેષ્ઠાયુ એક હાથ; લલના૦
ચારમાં ચોવીશ ભવ ઉત્કૃષ્ટા, પંચમે એક ભવ બોલ્યા નાથ. મરૂ૦ ૯

વિજયાદિ સહુ અવધિ દેખે, દેશે ઉણી લોકનાલ; લલના૦
યોજન બાર ધ્વજા પર સિદ્ધિ, દેખાવણ યુગલ ને કાલ મરૂ૦ ૧૦

તેરમે ભવ શ્રી ઋષભ જિનેશ્વર, નીતિકો પંથ બતાય; લલના૦
બેલી વસંત અમર બહુ સાથે, નાથે હાથે વિરતિ પદ પાય. મરૂ૦ ૧૧

કેવલ પામી શિવ વિશરામી, અગુરૂલઘુ અવગાહ; લલના૦
શ્રી **શુભવીર** મહોદય લીલા, મગન્ન સદા સુખ શીતલ છાંહ. મરૂ૦ ૧૨

(૮)

શ્રી ઋષભદેવ જિન-તેર-ભવ-વર્ણન-સ્તવન.

દુહા.

પુરિસાદાણી પાસ જિન, બહુ ગુણ મણિ આવાસ;
ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું પરમ ઉલ્લાસ. ૧
સરસતી સામિણી વિનવું, કવિજન કેરી માય;
સરસ વાણી મુજને દીએો, મોટો કરીને પસાય. ૨
લબ્ધિવિજય ગુરૂ સમરીયે, અહનિશ હર્ષ ધરેવી;
જ્ઞાનદૃષ્ટિ દીધી જિણે, પદ પંકજ પ્રણમેવી. ૩
પ્રથમ જિનેસર જે હુએા, મુનિવર પ્રથમ વખાણ;
કેવલધર પહેલો જિકે, પ્રથમ ભિક્ષાચર જાણ. ૪
પહેલો દાતા એ કહ્યો, આ ચોવીશી મોઝાર;
તેહ તણા ગુણ વરણવું, આણી હરખ અપાર. ૫

ઢાળ પહેલી.

(નમોરે નમો શ્રી શેત્રુંજા ગિરિવર—એ દેશી)

પહેલે ભવે ધન સારથવા હે, સમકિત પામ્યું સારરે;
આરાધી બીજે ભવે પામ્યા, યુગલ તણો અવતાર રે. ૧
સેવો સમકિત સાચું પ્રાણી, એ સવિધર્મની આણીરે;
નવિ પામે જે અભવ્ય અજ્ઞાણી, એહવી જિનની વાણીરે. સે૦ ૨
યુગલ ચવી પહેલે દેવલોક, ભવ ત્રીજે સુર થાયરે;
ચોથે ભવે વિદ્યાધર કુલ થયો, મહાબલ નામે રાયરે. સે૦ ૩
ગુરૂ પાસે દીક્ષા પાલીને, અણસણ લીધું અંતરે;
પાંચમે ભવે બીજે દેવલોકે, લલિતાંગ સુર દીપંતરે. સે૦ ૪

દેવ ચવી છઠ્ઠે ભવ રાજા, વજ્રજંઘ ધતિ નામરે;
તિહાંથી સાતમે ભવ અવતરીયા, યુગલા ધર્મે સુઠામરે. સે૦ ૫

પૂરણ આયુકરી આઠમે ભવ, સૌધર્મે દેવ લોગરે;
દેવતણી ઋદ્ધિ બહુલી પામ્યો, દેવતણા વલી ભોગરે. સે૦ ૬

નવમે ભવે જીવાનંદ નામા, વૈદ્ય થયો ચવી દેવરે;
સાધુનું વૈયાવચ્ચ કરી દીક્ષા, લેઇ પાલે સયમેવરે. સે૦ ૭

વૈદ્ય જીવ દશમે ભવે સ્વર્ગે, બારસમે સુર હોયરે;
તિહાં કણે આયુ ભોગવી પૂરૂં, બાવીસ સાગર જોયરે. સે૦ ૮

અગીઆરમે ભવે દેવ ચવીને, ચક્રી હુઓ વજ્રનાભરે;
દીક્ષ લેઇ વીશ સ્થાનક સાધી, લીધો જિનપદ લાભરે. સે૦ ૯

ચૌદલાખ પૂરવની દીક્ષા, પાલી નિરમલ ભાવરે;
સરવારથ સિદ્ધે અવતરીયા, બારસમે ભવે આવીરે. સે૦ ૧૦

તેત્રીસ સાગર આયુ પ્રમાણે, સુખ ભોગવી તિહાં દેવરે;
તેરસમા ભવ કેરૂં હવે હું, ચરિત્ત કહું સંખેવરે. સે૦ ૧૧

ઢાળ બીજી.

(રંગ રસીયા રંગ રસ બન્યો—એ દેશી.)

જંબૂદ્વીપ સોહામણું, મનમોહના, લાખ જોયણ પરિમાણ-
લાલ મનમોહના;
દક્ષિણ ભરત ભલું તિહાં, મ૦ અનુપમ ધર્મનું ઠાણ-લા૦ ૧
નયરી વિનીતા જાણીયે, મ૦ સ્વર્ગપુરી અવતાર-લા૦
નાભિરાય કુલગર તિહાં, મ૦ મરુદેવી તસ નાર-લા૦ ૨
પતિભકિત પાલે સદા, મ૦ પિઉશું પ્રેમ અપાર-લા૦
સુખ વિલસે સંસારનાં, મ૦ સુર પેરે સ્ત્રી ભરતાર-લા૦ ૩
એક દિન સૂતી માલીયે, મ૦ મરુદેવી સુપવિત્ત-લા૦
ચોથ અંધારી આષાઢની, મ૦ ઉત્તરાષાઢા નક્ષત્ર-લા૦ ૪

તેત્રીસ સાગર આઉખે, મ૦ ભોગવી અનુપમ સુખ-લા૦
સર્વારથ સિદ્ધથી ચવી, મ૦ સુર અવતરીયો કુખ-લા૦ ૫
ચૌદ સુપન દીઠાં તિસ્યે; મ૦ રાણીયે મજ્ઝિમ રાત-લા૦
જાઇ કહે નિજ કંતને, મ૦ સુપન તણી સવિ વાત-લા૦ ૬
કંત કહે નિજ નારીને, મ૦ સુપન અરથ સુવિચાર-લા૦
કુલ દીપક ત્રિભુવન ધણી, મ૦ પુત્ર હોસ્યે સુખકાર-લા૦ ૭
સુપન અરથ પિઉથી સુણી, મ૦ મન હરખ્યાં મરૂદેવી-લા૦
સુખે કરે પ્રતિપાલના, મ૦ ગર્ભ તણી નિતમેવ-લા૦ ૮
નવ મસવાડા ઉપરે, મ૦ દિન હુઆ સાડા સાત-લા૦
ચૈત્ર વદી આઠમ દિને, મ૦ ઉત્તરાષાઢા વિખ્યાત-લા૦ ૯
મજ્ઝિમ રયણીને સમે, મ૦ જન્મ્યો પુત્ર રતન્ન-લા૦
જન્મમહોચ્છવ તવ કરે, મ૦ દિશિકુમરી છપ્પન્ન-લા૦ ૧૦

ઢાળ ત્રીજી.

(દેશા-હમચડીની)

આસન કંપ્યું ઇંદ્ર તણું રે, અવધિજ્ઞાને જાણી;
જિનનો જન્મમહોત્સવ કરવા, ઇંદ્ર આવે જિહાં રાણીરે.
હમચડી. ૧

સુર પરિવારે પરિવર્યા રે, મેરૂ શિખરે લઇ જાય;
પ્રભુને ન્હવણ કરીને પૂજી, પ્રણમી બહુ ગુણ ગાયરે. હમ૦ ૨
આણી માતા પાસે મેલી, સુર સુરલોકે પહોતા;
દિન દિન વાધે ચંદ્રતણી પરે, દેખી હરખે માતારે. હમ૦ ૩
વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માતા પિતા તે દેખી;
સુપનમાંહી વલી વૃષભ પહેલો, દીઠો ઉજ્વલ વેષીરે. હમ૦ ૪

તેહથી માતપિતાએ દીધું. ઋષભકુમર ગુણ ગેહો;
પાંચસેં ધનુષ્ય પ્રમાણે ઉંચી, સોવન વરણી દેહોરે. હમ૦ ૫
વીશ પૂરવ લખ કુંવરપણેરે, રહીયા પ્રભુ ઘરવાસે;
સુમંગલા સુનંદા કુમારી, પરણ્યા દોય ઉલ્લાસેરે. હમ૦ ૬
ત્યાસી લાખ પૂરવ ઘરવાસે, વસીયા ઋષભ જિણંદો;
ભરતાદિક સુત શત હુઆરે, પુત્રી દોય સુખકંદોરે. હમ૦ ૭
તવ લોકાંતિક સુર આવીને, કહે પ્રભુ તીરથ થાપો;
દાન સંવત્સરી દેઇ દીક્ષા–સમય જાણ્યો પ્રભુ આયોરે. હમ૦ ૮
દીક્ષામહોચ્છવ કરવા આવે, સપરિવાર સુરિંદો;
શિબિકા નામ સુદર્શનારે, આગલ ઠવે નરિંદોરે. હમ૦ ૯

ઢાળ ચોથી.

(સુત સિદ્ધારથ ભૂપનોરે—એ દેશી.)

ચૈત્ર વદી આઠમ દિનેરે, ઉત્તરાષાઢેરે ચંદ;
શિબિકાએ બેસી ગયારે, સિદ્ધારથ વન જિનચંદરે.
ઋષભ સંયમ લીયે. ૧
અશોક તરૂ તળે આવીનેરે, ચઉ મુઠી કરે લોચ;
ચાર સહસ્ર વડ રાજવીરે, સાથે ચારિત્ર લીધરે. ઋ૦ ૨
તિહાંથી વિચર્યા જિનપતિરે, સાધુ તણે પરિવાર;
ઘરે ઘરે ફરતા ગોચરીરે, મહીયલ કરે વિહાર રે. ઋ૦ ૩
ફરતાં તપ કરતાં થકાંરે, વરસ દિવસ હુઆ જામ;
ગજપુર નયરે પધારીયારે, દીઠા શ્રેયાંસે તામરે. ઋ૦ ૪
વરસી પારણું જિનજીએરે, શેલડી રસે તિહાં કીધ;
શ્રેયાંસે દાન દેઇનેરે, પરભવ શંબલ લીધરે. ઋ૦ ૫

સહસ વરસ લગે તપ તપીરે, કરમ કર્યાં ચકચૂર;
પુરિમતાલ પુરી આવીયારે, વિચરતા બહુ ગુણપૂરરે. ઋ૦ ૬
ફાગણ વદી અગીઆરસે રે, ઉત્તરાષાઢા જાણ;
અઠ્ઠમ તપ વડ હેઠલે રે, પામ્યા કેવલનાણરે. ઋ૦ ૭

ઢાળ પાંચમી.

(દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે—એ દેશી.)

સમવસરણ દેવે મીલી રે, રચીઉ અતિહિ ઉદાર;
સિંહાસન બેસી કરી રે, દીયે દેશના જિન સાર.
ચતુરનર! કીજે ધર્મ સદાય, જિમ તુમ શિવસુખ થાય. ચતુર૦ ૧
બારે પરષદા આગળે રે, કહે ધર્મ ચાર પ્રકાર;
અમૃત સમ દેશના સુણી રે, પ્રતિબૂઝયા નર નાર. ચતુર૦ ૨
ભરત તણા સુત પાંચસે રે, પોતરા સાતસેં જાણ;
દીક્ષ લીયે જિનજી કને રે, વૈરાગે મન આણ. ચતુર૦ ૩
પુંડરીક પ્રમુખ થયા રે, ચોરાશી ગણધાર;
સહસ ચોરાશી તિમ વલી રે, સાધુ તણો પરિવાર. ચતુર૦ ૪
બ્રાહ્મી પ્રમુખ વલી સાહૂણી રે, ત્રણ લાખ સુવિચાર;
પાંચ સહસ ત્રણ લખ ભલા રે, શ્રાવક સમકિત ધાર. ચતુર૦ ૫
ચોપન સહસ પંચ લખ કહી રે, શ્રાવિકા શુદ્ધ આચાર;
ઇમ ચઉવિહ સંઘ થાપીને રે, ઋષભ કરે વિહાર. ચતુર૦ ૬
ચારિત્ર એક લાખ પૂર્વનું રે, પાળ્યું ઋષભ જિણંદ;
ધર્મ તણે ઉપદેશડે રે, તાર્યા ભવિ જન વૃંદ. ચતુર૦ ૭
મોક્ષ સમય જાણી કરી રે, અષ્ટાપદ ગિરિ આવ;
સાધુ સહસ દશશું તિહાં રે, અનશન કીધું ભાવ. ચતુર૦ ૮

મહાવદી તેરશને દિને રે, અભિચી નક્ષત્ર ચંદ્ર યોગ;
મુગતે પહોતા ઋષભજી રે, અનંત સુખ સંયોગ. ચતુર ૯

ઢાળ છઠ્ઠી.

(તારહો તાર પ્રભુ મુજ સેવક ભણી—એ દેશી.)

તું જયો તું જયો ઋષભ જિન તું જયો,
અલજયો હું તુમ દરિસ કરવા;
મહેર કરજો ઘણી, વિનવું તુમ ભણી,
અવર ન કો ઘણી જગ ઉદ્ધરવા. તું૦ ૧

જગમાંહિ મેહને મોર જિમ પ્રીતડી.
પ્રીતડી જેહવી ચંદ ચકોરા;
પ્રીતડી રામ લખમણ તણી જેહવી,
રાત દિન ધ્યાન તિમ દરિશ તોરા. તું૦ ૨

શીતલ સુરતરૂ તણી જિમ છાંયડી,
શીઅલો ચંદ્ર ચંદન ઘસારો;
:શીઅલી કેલ કપૂર જેમ શીઅલું,
શીઅલો તિમ મુજ મુખ તુમારો. તું૦ ૩

મીઠડો શેલડી રસ જગ જાણીયે,
ખટરસ દ્રાખ મીઠી વખાણી;
મીઠડી આંબલા શાખ જેમ તુમ તણી,
મીઠડી મુજ મને તિમ વાણી. તું૦ ૪

તુમ તણા ગુણ તણો પાર હું નવિ લહું,
એક જીભે કિમ મેં કહીજે,
તાર મુજ તાર સંસાર સાગર થકી,
રંગશું શિવરમણી વરીજે. તું૦ ૫

કલશ

ઇમ ઋષભસ્વામી, મુગતિગામી, ચરણ નામી સીસ એ,
મરૂદેવી—નંદન દુઃખનિકંદન, પ્રથમ જિન જગદીશ એ;
મનરંગ આણી સુખખાણી, ગાઇએ જગ હિતકરો,
કવિરાય **લબ્ધિવિજય** સેવક, **પ્રેમવિજય** આનંદ કરો. ૧

(૯)

આલોયણા વિચારગર્ભિત શ્રી આદિ જિન સ્તવન ઢાળ પહેલી.

(ચોપાઇ)

શ્રી આદિસર પ્રણમું પાય, નાભિનંદન મરૂદેવી માય;
ધનુષ્ય પાંચસેં ઉંચી કાય, વિનીતા નયરી કેરો રાય. ૧
પ્રથમ તીર્થંકર ઋષભ જિણંદ, જિન મુખ દીઠે અતિ આણંદ;
તેહ તણા પાયે અણુસરી, પાપ આલોઉં પરગટ કરી. ૨
ચિહું ગતિ માંહે ભમતો જેહ, કર્મ કુકર્મ કર્યાં વલી તેહ;
તે સઘલાં તું જાણે સહી, પાપ પ્રકાશું મુખે ગહગહી. ૩
જલચર થલચર પંખી જીવ, સોઇ હણ્યા મેં કરતા રીવ;
કર્મ બહુ આહેડો કર્યો, મૃગ મારેવા વનમાં ફિર્યો. ૪
કર્મે હાથ ધર્યાં હથિયાર, રણમાં યોધ હણ્યા કેઇવાર;
વિણ અપરાધે દીધા ઘાય, મેલ્યા પાપ તણા સમુદાય. ૫
પુર પાટણ પરજાલ્યાં ગામ, પાપ તણાં બહુ કીધાં કામ;
ઉદર ભરેવા ખુબજ ફર્યો, નરનારીને બંધન પડયો. ૬
કર્મે વન દાવાનલ દિયો, સ્વામિ! કર્મ એણી પેરે કીયો;
હંસ મોર મૃગ મયગલ દમ્યો, તિણે કારણ દુરગતિએ ભમ્યો. ૭
માંકડ મેં તાવડે નાખીયા, જીવ જાણી મેં નવિ રાખીયા;
વિછુ જાણી બહુ ચંપીયા, તેણે ઉત્તમ કુલ નવિ પામીયા. ૮

ચાંચડ જૂઅ અગાઇ જેહ, ચાંપ્યા માર્યા દુહવ્યા તેહ;
કીડી કંથુઓ નવિ ઉગર્યો, તેણે કારણ હું દુરગતિ ફર્યો. ૯

મંકોડા મારી ધીમેલ, લીખ કાતરાં અને ચૂડેલ;
ઉંદર ઉદેહી ને મસો, મારીને હું દુર્ગતિ વસ્યો. ૧૦

માખી ઇયલ અને અલસીયાં, મારી પાતિક કીધાં ઇસ્યાં;
પરમ પુરૂષ વચને નવિ કર્યો, તો જીવે દુઃખ સઘલો સહ્યો. ૧૧

ખાંડણ પીસણ રાંધણ ઠામ, જલ ભરીયાં વાવરવા કામ;
ભોજન શયન છાશને ચંગ, ચંદુઆ નવિ બાંધ્યા રંગ. ૧૨

સંઝીરે પડિક્કમણે જાણ, વિણ ચંદુઆ જીવની હાણ;
દેરાસર નવિ બાંધ્યાં સાર, નવિ પાલ્યો ઉત્તમ આચાર. ૧૩

મૃષા તણો મુઝ લાગ્યો પાપ, તોકમ છોડયે જનઅર આપ;
મંત્ર મૂલ બહુ કામણ કર્યાં, લોભે પાપ ઘણાં આદર્યાં. ૧૪

ચોરી વ્યસન કર્યો ઉલ્લસી, પાપ કરેવા ઉઠ્યો ધસી;
પરધન ખાદ પાડીને લીયા, સ્વામી! કર્મ ઘણાં મેં કીયાં. ૧૫

દુહા.

સ્વામિ! ધર્મ ન જાણીયો, સુગુરૂ ન વંદ્યા પાય;
સમકિત શીલ ન રાખીયો, તો ભવ એળે જાય. ૧

ઢાલ બીજી.

(હવે રાણી પદ્માવતી—**એ દેશી.**)

પરનારી સાથે રમ્યો, નવિ ઇંદ્રિય વાર્યા;
વેશ્યાગમન કીધાં સહી, સાત વ્યસન ન વાર્યાં. ૧

પ્રભુજી પાતક છોડીયે, તું ઠાકુર માહરો;
હું નિગુણો ગુણહીણલો, તો પણ સેવક તાહરો. પ્રભુ૦ ૨
પોષી પરિગ્રહ મેલીયો, સ્વામી હું અજ્ઞાન;
ધન ધરતીમાં ઘાલીયો, નવિ દીધું દાન. પ્રભુ૦ ૩
દશના માન વિખોડીયા, વ્રત કીધાં ભંગ;
જિનવર ધર્મ ઉથાપીયા, કીધો મિથ્યા સંગ. પ્રભુ૦ ૪
મદિરા માંસ ન મૂકીયા, મધુ માખણ જેહ;
કંદમૂલ ભક્ષણ કીયાં, લાગ્યા પાતક દેહ. પ્રભુ૦ ૫
નિશિ ભોજન નવિ વારીયાં, પીધો નીર અણગાલ્યો.
અભક્ષ્ય અથાણાં મેં ભખ્યાં, જિન વચન ન પાલ્યો. પ્રભુ૦ ૬
બાલક માય વિછોહીયાં, વચ્છ ગાય ન મેલી;
પુરૂષ તુરંગમ માલીઆ, વૃષ નાખ્યા ઉમેલી. પ્રભુ૦ ૭
ગામ સુકાની હું થયો, બહુ દંડજ લીધા;
લોભ લગે બહુ મારીયા, આકરા કર કીધા. પ્રભુ૦ ૮
મંદિર હાર કરાવીયા, કામે રસ વાહ્યો;
ધન રમણી સંગે રમ્યો, નવિ જન્મ આરોહ્યો. પ્રભુ૦ ૯
આપ વખાણી આતમા, પરનિંદા કરતો;
મિત્ર શું માયા કેળવી, પાપે પેટજ ભરતો. પ્રભુ૦ ૧૦
ચતુરપણે ચાડી કરી બહુ લાંચજ ખાધી;
વાગરી નીચ વરાવતાં, ગયા પાતક બાંધી. પ્રભુ૦ ૧૧
કૂડા તોલજ મેં કીયાં, ઓછાં અધિકાં માપ;
થાપણ પરની ઓલવી, પ્રભુ લાગ્યાં પાપ. પ્રભુ૦ ૧૨
માન ઘણો મન આણતો, પર હાંસી કરતો;
પરહાણે અતિ હરખતો, ગુણ નવિ ઉચ્ચરતો પ્રભુ૦ ૧૩

માત પિતા નવિ માનીયા, દેવ ગુરૂ ને ધર્મ;
શ્રી જિન ધર્મ વિરાધીયા, પ્રભુ છોડો કર્મ. પ્રભુ૦ ૧૪
સાત ક્ષેત્ર નવિ સાચવ્યાં, ને મેં જ્ઞાન વિરાધ્યાં;
પુન્ય ઠામ આવી કરી, બહુ પાતક બાંધ્યાં. પ્રભુ૦ ૧૫

દુહા.

પાતક પ્રોઢાં મેં કીયાં, લવતો હિંસાવાદ;
આપ સવારથ કારણે, કરતો પરની ઘાત. ૧

ઢાળ ત્રીજી.

(પામી સુગુરૂ પસાયરે=એ દેશી.)

કીધાં કર્મ અંગાલરે, આરણ ઈંટવા, નિભાડ અતિ પચાવીયોએ. ૧
કરસણ વાડી વન્ન, વલી વૃક્ષ છેદીયાં, પુષ્પ પત્ર ફલ ચુંટીયાંએ. ૨
ગાડાં હલ દંતાલ, વેચ્યાં વાપર્યાં, મેં માગ્યાં બહુ આપીયાંએ. ૩
ભૂમિ ફોડી દ્રહ કાજ, સરોવર શોષીયાં, મચ્છ કચ્છવ બહુ મારીયાએ. ૪
વણિજ કુવણજ જેહ, તેપણ મેં કીયા, દંત ચામર નખ કેશનાએ. ૫
મોતિ મણિ ને શંખ, પ્રેમે પોષીયા, આગડ જઈને વ્હોરીયાએ. ૬

ઢાળ ચોથી.

(ચોપાઇ)

લાખ તણો કીધો વ્યાપાર, સાજી સાબુ સોમલ ખાર;
લૂણ વલી અરણેટો વલી, વોહર્યો મત ન રહી ઉજલી. ૧
મણસલ તુલસી ને ધાહડી, વણજ ન મૂકયા એકે ઘડી;
વલી વિષયની વહોરી જાત, પાપ કામ કીધાં દીન રાત. ૨

મધ માખણ ને ટંકણખાણ, ઇણ વણજે થયો બહુ ભવહાણ;
દુપદ ચોપદ લેઇ વેચતો, પાપ કરંતો ઉજમહતો. ૩
લોહ વણિજ કહ્યો જિન! જેહ, મેં પણ આદરીયો જગ એહ;
લોઢાનાં વેચ્યાં હથિયાર, ન કર્યો પાપ તણોય વિચાર. ૪
સડ્યાં અન્ન મેં વહોર્યાં સહી, ભરડ્યાં ખાંડ્યાં મન ગહગહી;
ઘાણી તિલ પીલાવ્યા જાણ, નવિ રાખી મેં જિનવર આણ. ૫
અનર્થ દંડ ન વાર્યા આપ, હાંસી કરતાં લાગ્યાં પાપ;
ચોરી વસ્તુ લેવાને ધસ્યો, પાપ કરંતો અતિ ઉલ્લસ્યો. ૬
દોય ઘડી સામાયિક તણી, તે મેં નવિ કીધી આપણી;
પાપતણાં ગુંથ્યાં જંજાલ, ક્રોધે પુન્ય કર્યો વિસરાલ. ૭
દેસાવગાસિક દશમો વ્રત, તે મેં નવિ રાખ્યો પવિત્ર;
પૌષધ એક ન પ્રેમે કર્યો, હા હું તો દિન રયણી ફર્યો. ૮
સાધુ સાધ્વી શ્રાવક સોય, શ્રાવિકા ભગતિ ન કીધી કોય;
મન શુદ્ધિ નવિ દીધો દાન, તો કેમ લખમી લહું નિધાન. ૯
તીરથ ભૂમે ન ચાલી ગયો, નાટક જોવા ઉભો રહ્યો;
અસતીપોષ કર્યા મેં બહુ, તે જિન! પાતક જાણો સહુ. ૧૦

ઢાળ પાંચમી.

(નમોરે નમો શ્રી શેત્રુંજય ગિરિવર-એ દેશી.)

ઇણિપરે પાપ કર્યાં બહુ પ્રેમે, પુન્યની વાત નજાણી રે;
ભવ અનંત ઇણ પરે હાર્યા, ન સુણી જિનવર વાણી રે. ઇણિ૦૧
ત્રિભુવનતારણ તુજ વિણ દુજા, અવર નહિ કોઇ સ્વામી રે;
તો છોડે તો હું પ્રભુ બુર, કરો કૃપા શિરનામી રે. ઇણિ૦૨
રાય પ્રદેશી ને પણ રાખ્યો, ધન્ય કેશી જગજીવો રે;
તું તો તીર્થંકર પ્રભુ પહેલો, ત્રણ ભુવનનો દીવો રે. ઇણિ.૩

ત્રિશલાનંદન વીર મનોહર, ચંડકોસીયો તાર્યો રે;
શાંતિનાથ પ્રભુ તણા જીવે, પારેવો ઉગાર્યો રે. ધણિ૦૪
હું શરણે પ્રભુ આવ્યો તાહરે, તો તે કરવી સારો રે;
સકલ પાપ તણો ભય ટાળી, ઉતારો ભવ પારો રે. ધણિ૦૫
વિનતિ કરતાં કરૂણા આવી, તું પ્રભુ ઠાકુર માહરો રે;
સકલ પાપતણો ક્ષય કીધો, તું જગ મોટો દાતારો રે. ધણિ૦૬
પૂરવ પુન્ય તણો અંકુરો, પ્રગટ થયો મુજ આજે રે;
શેત્રુંજે સ્વામી નયણે નિરખ્યાં, તો મુઝ સરીયાં કાજે રે. ધણિ૦૭
સંવત સોલ બાસઠા વરશે, શ્રાવણ સુદ દિન બીજીવો;
ત્રંબાવટી નયરી જિન સાખે, પાપ પખાળી જીવો રે. ધણિ૦૮

કલશ

તું તરણુતારણ દુઃખ નિવારણ, સ્વામી **આદિજિણંદ** એ,
પ્રભુ નાભિનંદન નયણ નિરખ્યા, હુઓ અતિ આણંદ એ;
તપગચ્છ ઠાકર વચન ચાકર, **વિજયસેનસૂરી**સરતણા.
સાંગણ તણો સુત **ઋષભ** બોલે, પાપ આલોયાં આપણાં. ૧

(૨) શ્રી અજિતનાથ જિન સ્તવનો.

(૧)

(હમ મગન ભયે પ્રભુધ્યાનમેં—એ દેશી.)

ધ્યાનમાં ધ્યાનમાં ધ્યાનમાં, તોરૂં નામ ધર્યું મેં ધ્યાનમાં;
ભવસર સહસ મથન તુજ અભિધા, સમજ ગયો હું સાનમાં. તોરૂં૦૧
જ્ઞાનકુલિશ સમતા શચી નાયક, બેઠે ચિત્તવિમાનમાં; તોરૂં૦૨
વિષય વિષમ વિષતાપ નિવારી, જેમ સુધારસ પાનમાં. તોરૂં૦૩
બહિરાતમ ભયો અંતર આતમ, લીનો વિશદ ગુણજ્ઞાનમાં. તોરૂં૦૪

અશુભ કરમ છિન એકમેં છૂટે, ધ્યાતા ધ્યેય સુતાનમાં. તોરૂં૦૫
ખિમાવિજય જિન વિજયાનંદન, સમરૂં આનપાનમાં. તોરૂં૦૬

(૨)

(એ તીરથ તારૂ—**એ દેશી.**)

અજિત જિનેસર આંખડી પ્યારી, મોહી અમર નરનારી રે;
જિનવર જયકારી.
કરૂણા શાંતિ સુધારસ કયારી, ઉપશમ રસ ભરી ન્યારી રે. જિ૦ ૧
અંજન વિણ મંજુલતા ધારી, સોહે મધુકરસે અતિ સારી રે; જિ૦
રાગ વિના રેખાંકિત નીકી, અનુપમ ટીકી જ્યાં કીકી રે. જિ૦ ૨
પૂર્ણતા મગ્નતા થિરતા લીની, પર આશાએ નહિ દીની રે; જિ૦
નિઃસ્પૃહ નિરભય સમતા ભીની, ણાર પરષદ પાવન કીની રે. જિ૦ ૩
સૌમ્ય સુભગ સુંદર સોભાગી, દેખતહી રઢ લાગી રે; જિ૦
આજ અપૂર્વ દશા મોહે જાગી, જ્ઞાન ટકોરી વાગી રે. જિ૦ ૪
જિતશત્રુ-નંદન ચંદન વાણી, ધન્ય ધન્ય વિજયાદે રાણી રે; જિ૦
ગજલંછન કંચનવન કાયા, **ખિમાવિજય જિન** પાયા રે. જિ૦ ૫

(૩)

(દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે—**એ દેશી.**)

શુભ વેલા શુભ અવસરે રે, લાગ્યો પ્રભુશું નેહ;
વાધે મુજ મન વાલહા રે, દિન દિન અમણો તેહ;
અજિત જિન! વિનતડી અવધાર.
મન માહરૂં લાગી રહ્યું રે, તુજ ચરણે એકતાર. અજિત૦ ૧
હિયડું મુજ હેજાલઉં રે, કરે ઉમાહો અપાર;
ઘડી ઘડીને અંતરે રે, ચાહે તુજ દેદાર. અજિત૦ ૨

મીઠો અમૃતની પેરે રે, સાહિબ! તાહરો સંગ;
નયણે નયણ મિલાવતાં રે, શીતલ થાયે અંગ. અજિત૦ ૩
અવશ્યપણે એકે ઘડી રે, જાયે તુજ વિણ જેહ;
વરસા સો સમ સાહિબારે, મુજ મન લાગે તેહ. અજિત૦ ૪
તુજને તો મુજ. ઉપરે રે, મહેર ન આવે કાંય;
તો પણ મુજ મન લાલચું રે, ખિણ અલગું નવિ થાય. અજિત૦ ૫
આસંગાયત આપણો રે, જાણીને જિનરાય!
દરિશન દીજે દિન પ્રતિ રે, **હંસરતન** સુખ થાય. અજિત૦ ૬

(૩) શ્રી સંભવનાથ જિન સ્તવનો.

(૧)

(ધર્મ જિનેસર ગાઉં રંગશું—એ દેશી.)

સેનાનંદન ચંદન અભિનવો, શીતલ સરસ સુગંધ; સોભાગી.
જિતારિ નૃપકુળ નંદનવને, પુણ્ય ઉદય દૃઢ બંધ. સો૦ સેના૦ ૧
અવગુણ માગી અંગ ન આભડે, સુંદર કોમલ છાય; સો૦
ક્ષણમાંહિ તાપ શમાવે પાપનો, ચારસેં ધનુષ્યની કાય. સો૦ સેના૦ ૨
ગુણગણ પરિમલ મોહિત મુનિવરા, સુરનર નાગિંદ લીન; સો૦
વિષમ વિષય વિષ મિથ્યા વાસની, વરજિત અનુભવ પીન. સો૦ સેના૦ ૩
દેશના વાસન પવન પ્રસંગથી, દુરજન સજ્જન થાય; સો૦
બહિરાતમ અંતરઆતમ થઈ, સિદ્ધ સમાન ગણાય. સો૦ સેના૦ ૪
પુણ્યવિલાસી પાટણ શહેરમાં, **ખિમાવિજય જિન** રૂપ; સો૦
નિરખે હરખે ફોફલીયાવાડે, ભક્તિમાંનવરૂપ. સો૦ સેના૦ ૫

(૨)

મન મોહન લાગે છેલડીજી, તુમારી મુદ્રા મોહન વેલડીજી;
સહસ્રનયણ ઇંદ્રા તુજ મુદ્રા, સમ જોતાં જગ સહુ મેલડીજી. તુ૦

દેખી પ્રગટ ભઇ શુચિ સરધા, માનું મૂરતિ ગુણવેલડીજી. તુ૦૧
જે જગ શાંત રાગ પરમાણું, મલી મુદ્રા ઘડી તેવડીજી; તુ૦
તુજ સમ જો જગ રૂપ ન બીજું, તિણે માનું પરમાણું જેવડીજી. તુ૦૨
પદ્માસન મુદ્રા પ્રભુ વાણી, સુણત મધુરશી શેલડીજી; તુ૦
દ્રાખ મધુર રહેતી વનવાસેં, અમૃત સર્ગ મહેલડીજી. તુ૦૩
સાકર નિજ મુખ તરણાં લેતી, જિણે નથી મધુરતા એવડીજી; તુ૦
એહ મિઠાઇરસ અનુભવતાં, ભવથિતિ ઘટાડે હેલડીજી. તુ૦૪
સંભવજિન મુદ્રા જે નિરખે, તે સંપદા પાવે એવડીજી; તુ૦
શ્રી શુભવીર વિજય શિવ હેતે, નિત ઉઠી નમે સહુ હેલડીજી. તુ૦૫

(૪) શ્રી અભિનંદન જિન સ્તવન.

(૧)

(અનંતવિજય અરિહંત—એ દેશી.)

અભિનંદન જિનરાજ સુણો મુજ વિનતિ,
વિષયાસંગી જીવકે પાપ કર્યાં અતિ;
મોહની કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટ જે ઉંચી,
સ્થાનક તેહનાં ત્રીશ સેવ્યાં મેં મનરૂચિ. ૧
જળમાં બોળી શ્વાસ નિરોધી ત્રસને,
વાઘર વીંટી શીશ મોઘર મુખ દેઇને;
મુખ દાબી ગળે ફાંસો દેઇ જીવને,
હણતાં બાંધ્યો મોહ મહા નિર્દયપણે. ૨
હણવા વાંછયું બહુ જનના અધિકારિનું,
કાર્ય કર્યું નહિ ગ્લાન તથા નિજસ્વામિનું;
ધર્મ વિષે ઉજમાળને ભ્રષ્ટ કરી હસ્યો,
જિન અરિહાના અવગુણ કહેવા ઉલસ્યો. ૩

આચારજ ઉવજઝાયની નિંદાયે દહ્યો,
ન્યાય મારગ ઉન્માર્ગ નિમિત્તાદિક કહ્યો;
તીર્થ ગચ્છના ભેદ કરાવ્યા કદાગ્રહી,
દેખી જ્ઞાની જ્ઞાન પ્રદ્વેષ ધરૂં વહી. ૪

જેહથી જ્ઞાન શોભા લઇ તેહને દુભવ્યા,
માયા કપટે દોષ પોતાના ગોપવ્યા;
જેથી જ્ઞાન પૂજા લહી અવજ્ઞા તસ કરી,
ઋદ્ધિવંત મદવંતશું પ્રવચન ઉચ્ચરી. ૫

સામા વૈર ઉદેર્યાં વિશ્વાસ ઘાતીયાં,
મિત્રાદિકની સ્ત્રીશું કામે વ્યાપીયાં;
જેણે ધનાઢય કર્યો તેહનું પણ ધન ઇહે,
અણદેખંતો દેખ પેખ્યું મુખ ઇમ કહે. ૬

સંયત થઇ કરી પંચ વિષય સુખ પોષણા,
બહુ શ્રુત તપ વિણ કીધી તેહની ઘોષણા;
બ્રહ્મચારી વિના બિરૂદ વહ્યો બ્રહ્મચારિનો,
કુમર અવસ્થાતીત કહ્યો કુમરપણો. ૭

અગ્નિ દીપાવી ગામ નગરાદિક બાળીયાં,
પોતે આચરી પાપ બીજા શિર ઢાળીયાં;
ગ્રામ નગરના નાયકનો વધ ઇચ્છીયો,
અતિ સંકલેશે આતમતત્ત્વ ન પ્રીછીયો. ૮

ત્રીશ બોલ એમ સેવી મહા મોહે રચ્યો,
શુદ્ધ દશા નિજ હારી પરભાવે મચ્યો;
ક્ષમાવિજય જિન રાજ ભક્તિ જો ચિત્ત ધરી,
જ્ઞાનચરણ નિજ ફરસિત **ઉત્તમ**પદ વરી—૯

(૫) શ્રી સુમતિનાથ જિન સ્તવનો.

(૧)

(બંધ સમય ચિત્ત ચેતીયે—એ દેશી.)

દિલરંજન જિનરાજજી, સુમતિનાથ જગસ્વામી; સલૂણા૦
જગતારક જગહિતકરૂ, ભવિજન મન વિસરામી. સલૂણા૦ ૧

મુજ ચિત્ત લાગ્યું તુમ થકી, કિમ રહો ન્યારા દેવ; સ૦
સમરથ જાણીને સહિણા, કીજીયે પદકજ સેવ. સ૦ મુ૦ ૨

દાયક નામ ધરાવીને, વળી ધરો કૃપણુતા દોષ; સ૦
ન વધે જગ જશ ઇમ કર્યાં, તિણે પ્રભુ દીજે સંતોષ. સ૦ મુ૦ ૩

કરૂણાસાગર દીજીયે, રત્નત્રયી અભિરામ; સ૦
લલચાવીને આપતાં, જલદ હુઓ જૂઓ શ્યામ. સ૦ મુ૦ ૪

તાર્યા તુમે કેઇ જીવને, અપરાધી સુખી કીધ; સ૦
શિવસુખ આપ્યું ભક્તને, તેણે તમને શું દીધ. સ૦ મુ૦ ૫

એકથી દૂર રહો વિભુ, એકને દીઓ સુખસાજ; સ૦
ઇમ કરતાં તારકપણું, ન રહે ગરીબનિવાજ. સ૦ મુ૦ ૬

સો વાતે એક વાતડી, સુણજો ત્રિભુવનનાથ; સ૦
અમૃત પદ દેઇ રંગને, તારજો ઝાલી હાથ. સ૦ મુ૦ ૭

(૨)

(તું તો પાદક પદ મન ધર હો – એ દેશી.)

સાચા દેવ ભજન મન કર હો, હો સલુણી સહિયાં૦
શિવ ફગવા વર જિનવર હો, હોરી ખેલઇયાં૦

માકંદ વનકી કુંજ યુગલમેં, ફલમેં રસ કોકિલ વર હો; હો૦
એહ વસંત તો વિરહ જગાવે, લોક ગાવે દેવ હરિહર હો. હો૦ ૧

સોય વસંત કમાવી ખેલે, વિષ મારત અમૃત જર હો; હો૦
સંત પ્રસંત વસંત ખેલાઉં, કેસુઆં અનુભવ રંગ ધર હો. હો૦ ૨
અબીર ગુલાલ સો રાગ ઉડાના, કાંસ તાલા ભાવના રસ હો; હો૦
જિનગુણ રાગ ફાગ મુખ ગાના, તંતી તાના ધ્યાન લહર હો. હો૦ ૩
ગુણ સંવેગ મૃદંગ બજાઉં, આનંદિત ચિત્તરસ ઝર હો; હો૦
સમતા સંગ સો ગંગ પ્રવાહે, તિહાં નાહી મનોમલ હર હો. હો૦ ૪
સુમતિનાથ પ્રભુ પંચમ જિનવર, પૂજન નિત ચિત્ત હિતકર હો; હો૦
કેતકી જાય ગુલાબ ચંપેલી, સહુ પહેલી પૂજે સુખકર હો. હો૦ ૫
ચાર પાંચ સાત આઠ નિવારી, એક દો તીન તેવીસ દૂર હો; હો૦
તેરકું ત્રાસી સત્તર વાસી, વીસ નાસી દૂર પન્નર હો. હો૦ ૬
ચુંની ચુંની કલિયા ફૂલકી માલા, ઠવી કંઠે ભવોદધિ તર હો; હો૦
સાંઇશું હો હોરી ખેલત પાવે, **શુભવીર** ચિદાનંદ ઘર હો. હો૦ ૭

(૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

(૧)

(મેરે સાહિબ તુમહી હો—એ દેશી.)

સકલ મંગલ પદ સદન જે, પદ્મપ્રભ જિન પૂજા;
ત્રિભુવન પતિ તુજને તજી, દિલ કુણ કરે દૂજા. સ૦ ૧
આજ્ઞા એક પ્રભુતણી, સવિ કામના સાધે;
બીજું શું ગાંઠે બાંધીયે, ચિંતામણિ લાધે. સ૦ ૨
આણ જે એહની ઉત્થાપશે, માનવ મતિહીના;
તે ઉંચા કેમ આવશે, દુઃખ દેખશે દીના. સ૦ ૩
સેવે જે શૂધે મને, ચરણે ચિત્ત લાઇ;
નરનારી જિન નિત્ય નમે, ધન્ય તેહની કમાઇ. સ૦ ૪

વાચક ઉદયની વિનતિ, પરિકર ને પૂરે
મહારાજ લેજો માની ને, સદા ઉગતે સૂરે. સ૦ ૫

(૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવનો

(૧)

(જિનજી! ચન્દ્રપ્રભ અવધારો કે—એ દેશી)

પ્રભુજી સાતમો સ્વામી સુપાસ, સોહાકર શોભતો રે લોલ;
વ્હાલાજી પાટણમાંહી પ્રસન્ન, ભય સવિ થોભતો રે લોલ. ૧

પ્ર૦ મુખમટકે સુરનારી, લીયે નિત્ય ભામણું રે લોલ;
વ્હા૦ પૃથ્વીનંદન નિશદિન, નયન કરાવે પારણું રે લોલ. ૨

પ્ર૦ દોલતદાયી દેદાર દીઠે, દિલ ઉલ્લસે રે લોલ;
વ્હા૦ દિનકર દરિસન દેખી કે, ચકવા ચિત્ત હસે રે લોલ. ૩

પ્ર૦ પઈટ્ઠુ નરેસર પુત્ત કે, પવિત્ર ગુણે ભર્યો રે લોલ;
વ્હા૦ સ્વસ્તિક મંગલ મૂલ, પગે લાંછન ધર્યો રે લોલ. ૪

પ્ર૦ કુંડલ મિષ રવિ ચંદ, રહ્યા કરે વિનતિ રે લોલ;
વ્હા૦ પરહિતકર નિઃકલંક, કરો અમ જિનપતિ રે લોલ. ૫

પ્ર૦ તુમ સમ હૂજો દેવ, જગતમાં કો નહિ રે લોલ;
વ્હા૦ સ્વયંભૂ રમણ સમાન, ઉદધિ બીજો નહિ રે લોલ. ૬

પ્ર૦ મહીમંડલ નભમંડલ, કુણ અંગુલિ મીણે રે લોલ;
વ્હા૦ તુમ ગુણ પડલ પ્રમાણ, કેવલિ વિણ કુણ ભણે રે લોલ. ૭

પ્ર૦ બહુ ગુણ રાતી માતી, મુજ જીહા લવે રે લોલ;
વ્હા૦ ભર દરિયાનું નીર, અંજલિયે જિમ મવે રે લોલ. ૮

પ્ર૦ કાલા ઘેલા બોલ, બાલકના સાંભલી રે લોલ;
વ્હા૦ મોટા મહિમા નિધાન, ખમે જિમ માવડી રે લોલ. ૯

પ્ર૦ સમકિત સુખડી ચાખી, થયોહું લાલચી રે લોલ;
વ્હા૦ વિરચું નહિ ક્ષણ માત્ર, કેવલ કમલા રૂચિ રે લોલ. ૧૦

પ્ર૦ આપ્યા વિણ શિવરાજ, કહો કેમ છૂટશો રે લોલ;
વ્હા૦ **ખિમાવિજય જિનવિજય**, મનોરથ પૂરશો રે લોલ. ૧૧

(૨)

(પ્રભુ તુંહિ તુંહિ તુંહિ તુંહિ, તુંહિ ધરતા ધ્યાન રે—**એ દેશી.**)

શ્રી સુપાસ જિણુંદ તાહરૂં, અકલ રૂપ જણાય રે;
રૂપાતીત સ્વરૂપવંતો, ગુણાતીત ગણાય રે,
કયુંહિ કયુંહિ કયુંહિ કયુંહિ, તારનારો તુંહિ રે. ૧

તારનારો તુંહિ કિમ પ્રભુ, હૃદયમાં ધરી લોક રે;
ભવ સમુદ્રમાં તુજ તારે, એ તુજ અભિધા ફોક રે. કયું૦ ૨

નીરમાં દૃતિ દેખી તરતી, જાણીયું મેં સ્વામ રે;
તે અનિલ અનુભાવ જેમતેમ, ભવિક તાહરે નામરે,
યુંહિ યુંહિ યુંહિ યુંહિ, તારનારો તુંહિ રે. કયું૦ ૩

જેહ તનુમાં ધ્યાન ધ્યાયે, તાહરૂં તસ નાશ રે;
થાય તનુનો તેહ કિમ પ્રભુ, એહ અચરીજ ખાસ રે. કયું૦ ૪

વિગ્રહનો ઉપશમ કરે તે, મધ્ય વરતી હોય રે;
તિમ પ્રભુ તમે મધ્ય વરતી, કલહ તનુ શમ જોય રે. કયું૦ ૫

તુમ પ્રમાણ અનલ્પ દીસે, તે ધરી હૃદિ ભવ્ય રે;
ભાર વિનું જિમ સીધ્ર તરીયે, એહ અચરીજ નવ્ય રે. કયું૦ ૬

મહાપુરૂષ તણો જે મહિમા, ચિંતવ્યો નવિ જાય રે;
ધ્યાન ઉત્તમ જિનરાજ કેરો, **પદ્મવિજય** તિણે ધ્યાયરે. કયું૦ ૭

(૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવનો

(૧)

(રાગ-આશાવરી, મનમાં આવજોરે નાથ—એ દેશી.)

મુજ ઘટ આવજો રે નાથ!
કરુણા કટાક્ષે જોઈને, દાસને કરજો સનાથ. મુ૦ ૧
ચંદ્રપ્રભ જિનરાજીયા, તુજ વાસ વિષમો દૂર;
મળવા મન અલજો ઘણો, કિમ આવીયે હજુર. મુ૦ ૨
વિરહ વેદના આકરી, કહી પાઠવું કુણ સાથ;
પંથી તો આવે નહિ, તે મારગે જગનાથ. મુ૦ ૩
તું તો નીરાગી છે પ્રભુ, પણ વાલહો મુજ જોર;
એક પખી એ પ્રીતડી, જિમ ચંદ્રમાને ચકોર. મુ૦ ૪
તુમ સાથે જે પ્રીતડી, અતિવિષમ ખાંડાધાર;
પણ તેહના આદરથકી, તસ ફળ તણો નહિ પાર. મુ૦ ૫
અમે ભક્તિ યોગે આણશું, મન મંદિરે તુમ આજ;
વાચક વિમળના રામશું, ઘણું રીઝશો મહારાજ. મુ૦ ૬

(૨)

(મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલને રે—એ દેશી.)

ચંદ્રપ્રભની કરતાં ચાકરી રે, ચાકર ઠાકર હોય;
સેવકને કરે આપ સમોવડો રે, સાહિબ સેવુંરે સોય. ચં૦ ૧
ધ્યાતા ધ્યેયપણું જ્યારે ધરે રે, પ્રભુનો વાધે તેમ પ્રતાપ;
આપ સરીખા આખર તે કરે રે, જે ત્રિભુવનનો હરે તાપ. ચં૦ ૨
સોળ કલાયે શશિહર શોભતો રે, પામી પુનમ કેરી રાત;
ક્ષેત્ર સંખ્યા તે અજુઆલું કરે રે, વિશ્વ જાણે છે એ વાત. ચં૦ ૩

ત્રણ ભુવનનું તિમિર નિવારવા રે, અદ્‌ભુત જેહનો ઉદ્યોત;
ચંદ્ર લંછન મિસે સેવે તેહને રે, જાણી જિનની ઝગમગ જ્યોત. ચં૦૪
અષ્ટમ જિનવર આઠ કરમતણારે, પલકમાં છોડાવે પાસ;
નિત્ય ઉદય ગુણે કરી નિરમલો રે, અવિચલ જેહનો ઉજાસ. ચં૦ ૫

(૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવનો.

(૧)

(તે દિન કયારે આવશે—એ દેશી.)

રે મન પોપટ! ખેલીયે, જિનશાસન બાગે;
કામિની નયન કમાન કી, જિહાં ચોટ ન લાગે. રે મન૦ ૧
મોહ ચીડી ઘાતક ફરે, મિથ્યાવાસન ગહને;
કોપ સિંચાણો કર ગ્રહે, તું તો નાહિ પિછાને. રે મન૦ ૨
માન છડી મોટી લીયે લોહકા પલ લંગાવે;
તુજને પકડી બાપડા, માયા જાલમેં લાવે. રે મન૦ ૩
અણુવ્રત મહાવ્રત વરતરૂ, બાર ભાવના વેલિ;
પંચાચાર સુફુલડાં, સમ સુખ ફલ કેલિ. રે મન૦ ૪
ધર્મ શુકલ દોઉ પાંખસેં, ઉડી નિજ ઘર બેસો;
રામાનંદન નિત જપો, જિનવર જગદીશો. રે મન૦ ૫

(૨)

(મેરે સાહિબા તુમહી હો – એ દેશી.)

સુવિધિ જિણંદ મેરે મન વસ્યો, જેસે ચંદ ચકોરા;
જેમ ભ્રમરશું કેતકી, જેસે મેઘને મોરા. સુ૦ ૧
એસે પ્રભુકે આશકી, જિમ કમલ પતંગ;
ચરણે ચિત્ત લાગી રહ્યો, મૃગ રાગ તરંગ. સુ૦ ૨
ત્રિવિધે તન મન વચનસેં, હું સેવક તેરા;
તિન જગતમાં તુમ બિના, ટારે કોણ ભવ ફેરા. સુ૦ ૩

ચિત્ત ચાહે તુજ ચાકરી, રૂપ ચાહે નયના;
મન તલસે તુમ મિલનકું, શ્રવણાં ચહે વયણાં. સુ૦ ૪
મુનિજન જાકે નામસેં. આનંદપદ પાવે;
ઉદય સદા સુખ હોત હે, પ્રભુ નામ પ્રભાવે. સુ૦ ૫

(૩)

(વિમલા ચલ વિમલા પ્રાણી—એ દેશી.)

ગુણવંત સલુણા સ્વામી, પરમાતમ આતિમ રામી;
જડ ઇંદ્ર ભોગ વિરામી. હો દેવ-દેવમાં દેવ નગીનો૦ ૧
રામા સુત પુરૂહુત દેવા, કરતા પ્રભુ ચરણની સેવા;
અમરાભિધ સફલ કરવા, હો દેવ—દેવ૦ ૨
પ્રભુ બ્રહ્મા વિષ્ણુ કહાવેં, જિન શંકર નામ ધરાવેં;
જોગીશ્વર ગુણચિંત ધ્યાવેં. હો દેવ—દેવ૦ ૩
મુજને સમરણની ઈહા. જીહાં ગુણસ્તુતિ ધન દીહા;
નિરંજન નાથ નિરીહા. હો દેવ—દેવ૦ ૪
તો કીણવિધ સાંઇ સમરીએ એક પખો નેહ ન ધરીએ;
કિમ પ્રીત પરાણે કરીએ. હો દેવ—દેવ૦ ૫
એક પખો નેહ જે ધરતા, કેકી ઘન ટહુકા કરતા;
વન કેતકી ભમર સમરતા. હો દેવ—દેવ૦ ૬
એ પ્રીતની રીત તો ખોટી, એહુ જણ મન મલતી કોટી;
તે પ્રેમની વાત છે મોટી. હો દેવ—દેવ૦ ૭
જગ સ્વારથિયા સંસારી, દોઇ પ્રીતેં પણ ધન હારી;
વીતરાગની વાત તો ન્યારી. હો દેવ—દેવ૦ ૮
તિણે પ્રીત પરાણે કરશું. ભગતે ખેંચીને મલશું;
જિમ લોહચમક તિમ હલશું. હો દેવ—દેવ૦ ૯

પણ મલવેં વિરહ દઝાવે, અણુમલવે ચિત્ત મુંઝાવે;
તિહાં કોઇ ઉપાય બતાવે. હો દેવ—દેવ૦ ૧૦
શિવ લેશું દુઃખ દોય નાંખી, સુવિધિજિન ચિત્તમાં રાખી;
શુભવીર વચન રસ શાખી. હો દેવ—દેવ૦ ૧૧

(૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન.

(૧)

(મારે દીવાલી થઇ આજ—એ દેશી.)

મુજ મનડામાં તું વસ્યો રે, જ્યું પુષ્પોમાં વાસ રે;
અળગો ન રહે એક ઘડી રે, સાંભરે સાસો સાસ.

તુમશું રંગ લાગ્યો, રંગ લાગ્યો સાતે ધાત. તુ૦
રંગ લાગ્યો શ્રી જિનરાજ, તુ૦ રંગ લાગ્યો ત્રિભુવન નાથ. તુ૦ ૧

શીતલ સ્વામી જે દિને રે, દીઠો તુજ દેદાર રે;
તે દિનથી મન માહરૂં, પ્રભુ લાગ્યું તાહરી લાર. તુ૦ ૨

મધુકર ચાહે માલતી રે, ચાહે ચંદ ચકોર રે;
તિમ મુજ મનને તાહરી, લાગી લગન અતિજોર. તુ૦ ૩

ભરે સરોવર ઉલટે રે, નદીયાં નીર ન માય;
તો પણ જાચે મેઘકું રે, જેમ ચાતક જગમાંય તુ૦ ૪

તેમ જગમાંહિ તુમ વિના રે, મુજ મન નાવે કોયરે;
ઉદય વદે પદ સેવના રે, પ્રભુ દીજે સનમુખ હોય. તુ૦ ૫

(૧૧) શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

(૧)

(અરિહંત પદ ધ્યાતો થકો—એ દેશી)

શ્રી શ્રેયાંસ સાહિબ સુણો, હું અરજ કરૂં છું જેહો રે,
માન ગાલે જે મોહનું, તુજ વિણ નવિ દીઠો તેહો રે. શ્રી૦ ૧

મોહ રાજાએ મેલીયા, આપ મનવા આણુ રે;
યુવતી રૂપે મહા જાલમી, પાયક પરમ સુજાણુ રે. શ્રી૦ ૨
ખુંદ્યું ખમે સહુ તેહનું, કોઇ ન ખંડે કારો રે;
સુરપતિ નરપતિ સહુનરે, આપ્યો તસ અધિકારો રે. શ્રી૦ ૩
કહ્યું ન થાયે કેહનું, હરિણાક્ષી કરે સો હોય રે;
ત્રણ ભુવનમાં તેહનું, કથન ન લોપે કોય રે. શ્રી૦ ૪
પરે પરે તેણે પરાભવી, દેવ કર્યા સહુ દાસો રે;
હરિહર બ્રહ્મ સારીખા, પલક ન છોડે પાસો રે. શ્રી૦ ૫
દેવ ગુરૂ ધર્મ દુહવે, ગાયું તેહનું ગાય રે;
રાજી એહને રાખવા, અનેક કરે તે ઉપાય રે. શ્રી૦ ૬
ચોસઠ સહસ ચકી કેડે, ઇંદ્ર કેડે કહી આઠ રે;
એક બે ચાર અનેકને, અનેક કરે તે ઠાઠ રે. શ્રી૦ ૭
આણુજ તેહની ઉત્થાપવા, એકજ તું અરિહંતો રે;
સમરથ આ સંસારમાં, ભેટ્યો મેં ભગવંતો રે. શ્રી૦ ૮
માન મોડીને મોહનું. હેજે રાજ હજુર રે;
ઉદય કહે હું આવીયો, આપો બોધિ સનૂર રે. શ્રી૦ ૯

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવનો.

(૧)

(મોહ મહિપતિ મહેલમેં બેઠે—એ દેશી.)

ચંપા બાગસી ચંપા વાસસી, ચંપા તરૂ વિસરામ; લલના૦
દુરિતહ કંપા છે પુરી ચંપા, નાથજી વાસુપૂજ્ય નામ૦
રંગીલો રાતે વાન છે હો૦
અહો મેરે લલના રાતે વાને, જીત્યા છે રંગ. રંગીલો૦ ૧

માત જયા વસુપૂજ્ય પિતાકો, નંદન ચંદન વાસ; લ૦
સિત્તેર ધનુ તનુ માન પ્રભુકો, જન્મ શતતારા કુંભ રાશ. ર૦ ૨

લંછન ગત લંછન વર મહિષ, દીક્ષા એક ઉપવાસ; લ૦
ષટપદ વૃત્તિ ષટ શત સાથે, ચંપાપુરી કેવલનાણ વિલાસ. ર૦ ૩

અપુનરાવૃત્તે અમૃત વહૂકો, તિલક કર્યો એ ભાલ; લ૦
માનું સ્વયંવર સમવસરણમેં, વિસ્તારી વિવાહ દેવ રસાલ. ર૦ ૪

આણુંતર લગનાંતર કાલે, છેક ફ્લેક અનેક; લ૦
ગામ ગામ વિચર્યા ઓચ્છવસેં, અતિશય ભૂષણ અતિરેક. ર૦ ૫

આષાઢ ચઉદશ ઉજ્જલ લગને, ઝાલ્યો શિવવહૂ હાથ; લ૦
સાદિ અનંત પદે ઘરવાસે, સુખમેં વસિયા નિરંજન નાથ. ર૦ ૬

દુગ ઉપયોગી તાલ ગજવત, હોરી અખંડ ખેલાત; લ૦
મગન સદા સુખ લહેરમાં સ્વામી, **શુભવીર**નમે નિત રોહિણી તાત. ર૦ ૭

(૨)

(એ તીરથ તારૂ—**એ દેશી.**)

વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, મેં તો પુન્યે સેવા પામી રે;
શિવપુરના વાસી.
મુજ મનમંદિર અંતરજામી, આવી વસો શિવગામી રે. શિવ૦ ૧

અહોનિશ સાહિબ આણા પાળું, કર્મરિપુ મદ ગાળું રે; શિવ૦
વિષય કષાય કંટક સવિ ટાળું, શુચિતા ઘર અજુઆલું રે. શિવ૦ ૨

ઉપશમ રસ છંટકાવ કરાવું, મૈત્રી પટકુલ બિછાઉં રે; શિવ૦
ભગતિ નીકે તકીયે બનાઉં, સમકિત મોતી બંધાઉં રે. શિવ૦ ૩

આગમ તત્ત્વ ચંદરવા બાંધું, બુદ્ધિ દોરી તિહાં સાંધું રે; શિવ૦
બોધિબીજ પ્રભુથી મુજ લાધ્યું, ચરણ કરણ ગુણ વાધું રે. શિવ૦ ૪

નય રચના મણિ માણેક ઓપે, ભક્તિ શક્તિ નવિ ગોપે રે; શિવ૦
અનુભવ દીપક જ્યોત આરોપે, પાપ તિમિર સવિ લોપે રે. શિવ૦ ૫
મુજ મનમંદિર સાહિબ આયા, સેવક બહુ સુખ પાયા રે; શિવ૦
ભગતે રીઝે ત્રિભુવન રાયા, **ન્યાયસાગર** ગુણ ગાયા રે. શિવ૦ ૬

(૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવનો.

(૧)

(વિમલાચલ નિતુ વંદીયે—**એ દેશી**.)

વિમલ વિમલ ગુણ મન વસ્યો, કોઇ અનુભવ ટાણે;
સંગમ સુરતરૂ રોપીયો, સમકિતને થાણે. વિ૦ ૧
ચઉદિશે વિચે શાખા બની, પંચમહાવ્રત કેરી;
દશવિધ ધર્મ મુણિંદનો, પ્રતિશાખા ભલેરી. વિ૦ ૨
પંચાચાર સુકુલડાં, શુભ રૂચિ મહમહકે;
પત્ર તે પચ્ચવીશ ભાવના, કુંપલ તપ લહકે. વિ૦ ૩
કરૂણા છાયા દશદિશિ, ભવ તાપ શમાવે;
વાડી દશ વ્યવહારની; અવિરલ દૃઢ ભાવે. વિ૦ ૪
મોહ મરકટને મારવા, જ્ઞાન ગોફણ લીજે;
કામ ક્રોધાદિક શૂકરા, પેસણ નવિ દીજે. વિ૦ ૫
ધ્યાન સુધારસ સિંચતાં, શિવસુખ ફળ આપે;
ક્ષમાવિજય ગુરૂ સાનિધ્યે, **જિન** કીરતિ વ્યાપે. વિ૦ ૬

(૨)

(પુષ્કલવઇ વિજયે જ્યો રે—**એ દેશી**.)

ઘર આંગણ સુરતરૂ ફલ્યોજી, કવણ કનકફલ ખાય?
ગયવર બાંધ્યો બારણે જી, ખર કિમ આવે દાય?
વિમલ જિન! માહરે તુમશું પ્રેમ. ૧

સુર સવિ કલંકિત મલ્યાજી, હિયડો હિસે કેમ? વિમલ૦ ૨
મનગમતા મેવા લહીજી, કુણ ખલ ખાવા જાય?
આદર સાહિબનો લહીજી, કુણ લે રાંક મનાય? વિમલ૦ ૩
પારસ છતે કુણ કાચને જી, અલવે પસારે રે હાથ?
કુણ સુરતરૂથી ઉઠીને જી, બાઉલ ઘાલે હાથ? વિમલ૦ ૪
દેવ અવર પ્રભુ! હું કરૂં જી, તો પ્રભુ તુમચી રે આણ;
શ્રી જિનરાજ ભવોભવે જી, તૂંહીજ દેવ પ્રમાણ. વિમલ૦ ૫

(૩)

(રાગ—ભીમપલાશ.)

પ્રભુજી! મુજ અવગુણ મત દેખો.
રાગ દશાથી તું રહે ન્યારો, હું મન રાગે વાળું;
દ્વેષ રહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલું. પ્ર૦ ૧
મોહલેશ ફરસ્યો નહિ તુંહી, મોહ લગન મુજ પ્યારી;
તું અકલંકી કલંકિત હું તો, એ પણ રહેણી ન્યારી. પ્ર૦ ૨
તુંહી નિરાશી ભાવ પદ સાધે, હું આશાસંગ વિલુદ્ધો;
તું નિશ્ચલ હું ચલ તું સૂધો, હું આચરણે ઉંધો. પ્ર૦ ૩
તુજ સ્વભાવથી અવળાં માહરાં, ચરિત્ર સકલ જગે જાણ્યાં;
એહવા અવગુણ મુજ અતિભારી, ન ઘટે તુજ મુખ આણ્યા. પ્ર૦ ૪
પ્રેમ નવલ જો હોય સવાઇ, વિમલનાથ મુખ આગે;
કાંતિ કહે ભવરાન ઉતરતાં, તો વેળા નવિ લાગે. પ્ર૦ ૫

(૪)

(લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં—એ દેશી.)

સ્વામી વિમલ વિમલ જિન નામે, નામ તિસ્યો પરિણામે; પ્રભુ તું૦

સારંગ ઝોલ ઝકુંડે કો નવિ,વિમલ વિમલ વિણ પામે,
પ્રભુ તું૦ સ્વામી૦ ૧

પ્રભુ સારંગ વિમલતા દેખી, સારંગ બહુ શરમાણો; પ્ર૦
પોહતો વિમલ કિરણુતા હેતે, સારંગ લક્ષણ ઠાણો. પ્ર૦સ્વામી૦ ૨

પ્રભુ તુજ દાન અમાન લહીને, સારંગ કરત અભ્યાસો; પ્ર૦
સારંગે સારંગ જગતકું, દેતાં ન ગઇ પ્યાસો. પ્ર૦સ્વામી૦ ૩

સારંગપતિ સ્વામી ગંભીરા, ધીરા સારંગ સ્વામી; પ્ર૦
પાઇ વિમલતા જીવી જિનંદકી, દેવ દૂસરા પામી. પ્ર૦સ્વામી૦ ૪

સારંગ પાણી સારંગ તાણી, લાજ્યો સારંગ સાઇ; પ્ર૦
સારંગ હારકું પ્યાર લગત હે, દેખી સારંગ જાઇ. પ્ર૦સ્વામી૦ ૫

શ્યામાનંદન વંદન કરતાં, હારત હાર્દ શલોકો; પ્ર૦
કુંજત વનમેં સારંગ સોરી, સારંગ ભ્રંસત ભેકા. પ્ર૦સ્વામી૦ ૬

સારંગ નિધિકો સારંગ ભરતાં, સારંગમેં ન સમાવે; પ્ર૦
તિમ પ્રભુ ગુણકો સારંગ સંચય, જ્ઞાની સબ ન કહાવે. પ્ર૦સ્વામી૦ ૭

શાવભાવસેં પણ વિતતસેં, સારંગ નિધિકું તોલે; પ્ર૦
શ્રી **શુભવીર**વિજય પ્રભુ ગયો, ચિદાનંદ ઝક ઝોલે. પ્ર૦સ્વામી૦ ૮

(૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન.

(૧)

(મેરે સાહિબ તુમહી હો—એ દેશી.)

અનંત પ્રભુકે આશકી, આઇ બની હે એસી;
ઘન શિખી ચંદ ચકોર જ્યું, જલ ને મીન જેસી. અ૦ ૧

ઓરશું રતિ સબ વિસરી, પ્રભુકી લગે પ્યારી;
જનમ જનમ સબ આહતો, ધન હી શું યારી. અ૦ ૨

નેન ન ચાહે ઓરકું, લગન જોર લગી હે;
જીહા ઓર જપે નહિ, ભ્રાંતિ દૂર ભગી હે. અ૦ ૩
પંચ વિષય સુખ પાસસેં, દુનિયાકા દિલાસા;
જીવ અબ જાને ઝહેરસ્યા, નહિ ઓરકી આશા. અ૦ ૪
આખર આપ સમા કરે, સેવક કો સાંઇ;
ઉદય વદે સબ છોરકે, મિલું ઉનસે ધાઇ. અ૦ ૫

(૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવનો.

(૧)

(સાહેબ બાહુ જિનેસર વિનવું—એ દેશી.)

સાહિબ ધરમ જિણંદશું પ્રીતડી, બની જેમ રંગ મજીઠ હો;
,, વિકસિત નયન વદન મુદ્રા, ચકવા ચંદ્રને દીઠ હો. સા૦ધ૦ ૧
,, મધુકર મન જિમ માલતી, ચાતક ચિત્તમાં મેહ હો;
,, સતીય સદા ચહે કંતને, તિમ તુમ શું મુજ નેહ હો. સા૦ધ૦ ૨
,, ખીર નીર પરે રહો સદા, કામીને મન કામ હો;
,, ધેનુ મન જિમ વાછરૂં, સૂમને વ્હાલા દામ હો. સા૦ધ૦ ૩
,, ચોત્રીશ અતિશય રાજતા, ગાજતા ગુણ પાંત્રીશ હો;
,, દોષ અઢારે દૂરે કર્યા, પૂરો સયલ જગીશ હો. સા૦ધ૦ ૪
,, રત્નપુરીનો રાજીઓ, ભાનુ નૃપતિ કુલ ચંદ હો;
,, સુવ્રતા ઉર સર હંસલો, સેવે સુરનરવૃંદ હો. સા૦ધ૦ ૫
,, મનમોહન મૂરતિ ભલી, તેજે ઝલામલ ભાણ હો;
,, વદન શરદ શશિ શોભતું, કોઇ ન લોપે આણ હો. સા૦ધ૦ ૬
,, અહનિશ ધ્યાન ધરૂં સદા, તું મન માન્યો દેવ હો;
,, **ખેમવર્ધન**ની વિનતિ, અવિહડ દેજો સેવ હો. સા૦ધ૦ ૭

(૨)

(હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં—એ દેશી.)

હમ ઇશ્કી જિન ગુણ ગાન કે,
પુદ્ગલરૂચિશું વિરમી રસીલે, અનુભવ અમૃતપાન કે. હમ૦ ૧
કેઇ ઇશ્કી વનિતા મમતા કે, કેઇ ઇશ્કી ધન ધાન્ય કે;
હમ તો લાયક સમતા નાયક, પ્રભુ ગુણ અનંત ખજાન કે. હમ૦ ૨
કેઇક રાગી હે નિજ તન કે, કેઇ અશનાદિક ખાન કે;
કેઇ ચિંતામણી સુરતરૂ ચાહે, કેઇ પારસ પાહાન કે. હમ૦ ૩
ચિદાનંદઘન પરમ અરૂપી, અવિનાશી અજલા ન કે
હમ લયલીન પીન હે અહનિશ, તત્ત્વ રસિકકે તાન કે. હમ૦ ૪
ધરમનાથ પ્રભુ ધર્મ ધુરંધર, કેવલજ્ઞાન નિધાન કે;
ચરણશરણ તે જગતશરણ હે, પરમાતમ જગપાન કે. હમ૦ ૫
ભીતિ ગઇ પ્રગટી સબ સંપત્તિ, અભિલાષી જિન આણ કે;
દેવચંદ્ર પ્રભુ નાથ કીયો અબ, તારણતરણ પિછાન કે. હમ૦ ૬

(૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવનો.

(૧)

મેં તો પરવારી હો રે મુણિંદા,
અચિરાનંદન શાંતિજિણંદા, જનપદ રોગ શમંદા. મેં૦ ૧
જેઠ અસિત તેરશ દિન જન્મ્યા, સુરપતિ આય થુણંદા. મેં૦ ૨
રૂપ અનુત્તર સુરથી અધિકપણે, વિષયી ભાવ તજંદા. મેં૦ ૩
ઘર પરિણતિ સવિ દૂર નિવારી, પૂરણ પરમાનંદા. મેં૦ ૪
પરમ શુદ્ધ પારિણામિક ભાવે, આતમ લીલ રમંદા. મેં૦ ૫

પંચમ જ્ઞાને જગદવલોકી, વીતરાગ રહંદા. મેં૦ ૬
જીવ અજીવની રચના દેખત, વસ્તુસ્વભાવ કહંદા. મેં૦ ૭
સકલ સુરાસુર નર વિદ્યાધર, મુનિ **જિન** પાય નમંદા. મેં૦ ૮

(૨)

(રાગ-બિહાગ)

દેખત નયન સુહાય પ્રભુજી, દેખત નયન સુહાય;
અજણ મૂરતિ અચિરાકો નંદન, ચંદન ચરચિત કાય. પ્રભુજી૦૧
કંચન કાંતિ પરાજિત સુરગિરિ, દીઠો નાવે દાય. પ્રભુજી૦૨
પંચમ ચક્રી સોલસમો જિન, ટાળે સોળ કષાય. પ્રભુજી૦૩
સોળ શણગાર સજી સુરરામા, રાસ રમે ચિત્ત લાય. પ્રભુજી૦૪
ખિમાવિજય જિનચરણની સેવા, કરતાં પાપ પલાય. પ્રભુજી૦૫

(૩)

(નિરખ્યો નેમિજિણંદને, અરિહંતાજી—**એ દેશી.**)

શાંતિ જિનેસર સોળમા, અરિહંતાજી, સમતા અમૃત કૂપ; ગુણવંતાજી;
ચક્રી પણ ભવચક્રથી, અરિ૦ અલગો ચક્રી રૂપ. ગુણ૦ ૧
બારમે ગુણઠાણે ચઢી, અરિ૦ કેવલી કેવલનાર; ગુણ૦
શુકલધ્યાન ચૉરી વચ્ચે, અરિ૦ પરણી પણ બ્રહ્મચાર. ગુણ૦ ૨
રાગ વિના જન રીઝવે, અરિ૦ દ્વેષ વિના હણે કર્મ; ગુણ૦
વિણ તૃષ્ણાએ સાધતો, અરિ૦ સિદ્ધ અનંતું શર્મ. ગુણ૦ ૩
સમવસરણ લીલા ધરે, અરિ૦ રતિ વિનુ સંવર લીન; ગુણ૦
અવિરતિ વિના પર પરિણતિ, અરિ૦ વારે આતમ પીન. ગુણ૦ ૪
માન વિના જગમાન છો, અરિ૦ ભય વિણ ઘટમાં વાસ; ગુણ૦
દાન વિના દાતાર છો, અરિ૦ લાભ સકલ વિણ આશ. ગુણ૦ ૫

ઉદ્યમ વિણ સુખ ભોગવો, અરિ૦ તિમ ઉપભોગ અનંત; ગુણ૦
મન વચન કાય જોડણુ વિના, અરિ૦ અકરણ વીર્ય ભદંત. ગુણ૦ ૬
અચિરાસુત અચરિજ વડું, અરિ૦ મન વિણ મેં ન કહાય; ગુણ૦
ખિમાવિજય જિન વયણડાં, અરિ૦ શ્રદ્ધામાંહી ઠરાય. ગુણ૦ ૭

(૪)

(નારે પ્રભુ! નહિ માનું—**એ દેશી**)

શાંતિકુમર સોહામણા રે, હુલરાવે અચિરા માયરે, માહરો નાનડીયો.
તુજ આગે ઇંદ્રો નમે રે, ઇંદ્રાણી પ્રણમે પાયરે. મા૦ હુ૦મા૦ ૧
છપ્પન દિશિકુમરી મલીરે, નવરાવી તુજ સાથરે;
બાંધી સર્વ શુભૌષધિ રે, રક્ષા પોટલી હાથરે. મા૦ હુ૦મા૦ ૨
કુલધ્વજ કુલચૂડામણિ રે, અમ કુલકાનન મેહરે;
તુજ ઇડા પીડા પડો રે, ખારા સમુદ્રને છેહરે. મા૦ હુ૦મા૦ ૩
આવી બેસો ગોદમાં રે, ભીડું હૃદય મોઝારરે;
રમઝમ કરતો ઘુઘરો રે, આલ્યો મુજ પ્રાણુ આધારરે. મા૦ હુ૦મા૦૪
લો લાડકડા સુખડી રે, સાકર દ્રાખ બદામ રે;
મરકડલો કરી મોહનોરે, રૂપે જીત્યો કામ રે. મા૦ હુ૦મા૦ ૫
મુખ સુષમા જિમ ચંદ્રમારે, જીભ અમીરસ નાલરે;
આંખડી અંબુજ પાંખડી રે, વાંકડી ભમુહ વિચાલ રે મા૦ હુ૦મા૦ ૬
દંતપંતિ હીરા તતિ રે, અધર પ્રવાલી રંગ રે;
વદન કનક કજ શોભા વિચે રે, માનું જડીયાં નંગ રે. મા૦ હુ૦મા૦ ૭
ખમા ખમા તુજ ઉપરે રે, હું વારી વાર હજાર રે;
સુરગિરિ જીવન જીવજો રે, વધજો તુજ પરિવારરે. મા૦ હુ૦મા૦ ૮
તુજ પગલે કુરૂદેશમાં રે, વરતી જીવઅમારી રે;
જગજીવન **જિન**! તાહરારે, ગુણ ગાયે સુરનારી રે. મા૦ હુ૦મા૦ ૯

(૫)

(મોહ મહીપતિ મહેલમેં બેઠે—એ દેશી.)

શાંતિકરણ શ્રી શાંતિ પ્રભુકી, નીકી બની અબ કાંતિ; લલના
દેખત રંગ ભયો રોમ રોમે, ફૂલ્યો સહજ વસંત;
રંગીલે કેસર મહમહે હો, અહો મેરે લલના;
અરચિત પ્રભુજીકે અંગ. રં૦ ૧

વનરાજી ગુણરાજી મોરી, રૂચિ મંજરી વિકસંત; લલના
વિરતિ દશા સો કલિ અબ નીકલી, દાયક શિવફલ સંત. રં૦ ૨

શ્રી જિનપદ પંકજ મધુમાતી, ગુંજત શુભમન ભૃંગ; લલના
પંચમ રાગ ભયો હે નીકો, સુમતિ વધૂ રસ રંગ. રં૦ ૩

જિનવાણી અમૃત ધ્વનિ માદલ, બાજત તાલ કંસાલ; લલના
ભાવ ક્રિયા એ અપૂરવ નાટક, નિરખે શુદ્ધ ચેતન બ્યાલ. રં૦ ૪

ભરી ભરી ભાવનકી પીચકારી, શાંતરસે ભરપૂર; લલના
છાંટત સમતા નારી સુહતાન, તાપ દશા ગઇ દૂર. રં૦ ૫

એહ વસંત વસંતમેં ગાવત, શાંતિ પ્રભુ ગુણ રીઝ; લલના
સમકિતવંત શુદ્ધાતમ પ્યારો, ભેદ રહિત ભઇ મોજ. રં૦ ૬

ધ્યાન અબીર ગુલાલ સુગંધે, લાલ બન્યો અબ લાલ; લલના
વાચક **રામ** પ્રભુ કરૂણાથેં, પાયો નિજ ગુણ માલ. રં૦ ૭

(૬)

(ઋષભ જિણંદા ઋષભ જિણંદા—એ દેશી.)

તુમ દેખત અમ આશ ફલીરી, પ્રભુજી પરમ દયાલ;
ભમતા ભવ અન્ય દેવ કહાવેં, ઇશ્વરને હરિ બાલ હરીરી. તુમ૦ ૧

ઇતનેં દિન અમ તાકી નોકરી, કરતે મિથ્યાપૂર;
અબ તુમ શરણ લીયો મેં તાકું, લોકત લચ્છન દૂર કરીરી. તુમ૦ ૨

કેવલ દોઇ અખૂટ ખજાને, નહિ છાને જિનરાજ;
તાકો લવદાયક! મોય દીજે, બાંહિગ્રહ્યાકી લાજ ધરીરી. તુમ૦ ૩

મદમદનોજ્જિત નાથ સદાની, દીનોદ્ધાર કૃપાલ;
વિજિતા ડઘાતાડઘાભયી સાંઇ, શિવવહૂકી વરમાલ વરીરી. તુમ૦ ૪

તુંહિ અનલ્પગરીમા હૃદયે, ધરત તરત ભવિજંત;
ભાર સહિત જલ તરિયા કિમ હો,સંત પ્રભાવ અત્યંત તરીરી. તુમ૦ ૫

ભવ પ્રતિકૂલ ભયે પ્રભુ તોભી, જે જન પૂંઠે લગંત;
તાકું ભવજલ પાર ઉતારત, કર્મ હણી દુરદંત અરીરી. તુમ૦ ૬

કુલાલ કર પાર્થિવ નિપ ચઢ્યો, સહત હુતાશન તાપ;
અદ્‌ભુત કયા તણ પૂંઠ લગત જન, ઓરકું તારત આપ તરીરી. તુમ૦ ૭

કર્મ વિપાકસેં વંધ્ય જગતગુરૂ, તારત ચિત્ર કરંત;
પાર્થિવનિપ કો અર્થ વિચારત, ઓપમ તોકું ઘટંત ખરીરી. તુમ૦ ૮

ઇમગુરૂ ઉપમ જો ધરો સાહિબ, તો કર મુજ દુઃખ ભંગ;
સુણુ અચિરાસુત **શાન્તિ** શુભંકર, **વીર** કહે રસરંગ ભરીરી. તુમ૦ ૯

(૭)

(વિમલ જિન દીઠાં લોયણ આજ—**એ દેશી.**)

આજ થકી મેં પામીયોરે, ચિંતામણિ સમ ઇશ;
સકલ મનોરથ પૂરવારે, ઉદયો વિશ વા વીશ.
ભવિકજન! સેવો શાંતિ જિણંદ. ૧

મોટાના મનમાં નહિ રે, સેવકની અરદાસ;
ઇણ વાતે જુગતું નહિ રે, જેહશું બાંધી આશ. ભ૦ ૨

સાહિબથી દૂરે રહ્યા રે, કો નવિ સીઝે કામ;
તો પણ નજરે નિહાલતાં રે, કો નવિ લાગે દામ. ભ૦ ૩

ઓલગ કીજે તાહરી રે, અહનિશ ઉભા બાર;
તો પણ તું રીઝે નહિ રે, એ છે કવણ વિચાર. ભ૦ ૪

ઉપરલી વાતો કીયાં રે, નાવે મન વિસવાસ;
આપ રૂપે આવી મિલો રે, જિમ હોવે લીલ વિલાસ. ભ૦ ૫

દૃઢ વિસવાસ કરી કહું રે, તુંહીજ સાહિબ એક;
જે જાણો તો જાણજો રે, મુજ મન એહીજ ટેક. ભ૦ ૬

શાંતિ જિનેસર સાહિબા રે, વિનતડી અવધાર;
કહે કવિયણ પ્રભુ આજથી રે, અંતર દૂર નિવાર. ભ૦ ૭

(૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન.

(૧)

(મોહ મહીપતિ મહેલમેં બેઠા—એ દેશી.)

સત્તરમા શ્રી કુંથુ જિનેસર, છઠ્ઠા ચક્રી સાર; લલના,
એક લાખને બાણુ સહસવર, ભામિનીના ભરથાર;
સોભાગી જિનવર સાહિબો હો, અહો મેરે લલના,
પ્રભુજી પરમ દયાળ. સો૦ ૧

નવ નિધાન જસ અક્ષય રાજે, ચૌદ રયણ અભિરામ, લલના;
રાગ રંગ રસ માંહે લીનો, સાહિબ સવિ ગુણ ધામ. સો૦ ૨

છન્નુ કોડ પાયક પ્રભુ આગે, સોલ સહસ પક્ષ જાણ; લલના;
બત્રીસ સહસ નૃપતિ શિરનામે, ખટ ખંડ વરતે આણ. સો૦ ૩

ગજપુર નયર વિભૂષણ સાહિબ, શૂરનૃપ શ્રીદેવીનંદ, લલના;
લંછન છાગ તનુ પાંત્રીશ ધનુ, દૂર કરે ભવફંદ. સો૦ ૪

ચક્રવર્તી ઋદ્ધિ પૂરણ પાળી, લીધો સંજમ ભાર; લલના;
કેવળ લહી શિવમંદિર પહોતા, કાંતિવિજય જયકાર. સો૦ ૫

(૧૮) શ્રી અરનાથ જિન સ્તવન.

(૧)

(ગિરૂઆરે ગુણ તુમ તણા—એ દેશી.)

પ્રભુ! તાહરો તાગ ન પામીએ, ગુણદરિઓ ઉંડો અગાધ હો;
કિહાંએ દિલનો દિલાસો નવિ મળે, કોઇ જગસે નહિ અપરાધ હો. ૧
મુજ મનનો માનીતો તૂં પ્રભુ, નિસનેહી ઘણું નિરલેપ હો;
પ્રીતિ તો કિમ હી ન પાલટે, જો કીજે કોડ આક્ષેપ હો. મુજ૦૨
જે ભજતાં ભાવ ધરે નહિ, કિમ ભજીએ તેહ ઉલ્લાસ હો;
ન્યારાશું પ્યાર કીજે કિસ્યો, પણ મેલે નહિ મન આશ હો. મુજ૦૩
જાણ આગે જણાવીએ, અમ વિનતડી વીતરાગ હો;
શું ઘણું આપ વખાણીએ, એક તુજશું મુજ મન રાગ હો. મુજ૦૪
તાહરી મહેર નજર વિના, મુજ સેવા સફળ ન હોય હો;
જો સહેજે તમે સાહમું જૂઓ, તો મુજને ગંજે ન કોય હો. મુજ૦૫
ત્રિભુવનમાં તુજ વિણ સહી, શિર કેહને ન નામું સ્વામી હો;
ઓલગડી શ્રી અરનાથની, અવસરે આવશે કામુ હો. મુજ૦૬
જાણું છું વિસવાવીશ સહી, મુજ આશા ફળશે નેટ હો;
નિત્ય ચાહું **ઉદયરત્ન** વદે, તુજ પયની ભવો ભવ ભેટ હો. મુજ૦૭

(૧૯) શ્રી મલ્લીનાથ જિન સ્તવન.

(૧)

(પાપ સ્થાનક કહ્યું હો કે, ચૌદમું આકરૂં—એ દેશી.)

મલ્લીનાથ પ્રભુશું હો કે, સાકર દૂધ પરે; ૧
મુજ મન અતિ મલીયો હો કે, પૂરવ પ્રેમ ભરે.
પ્યા રા માં હિ પ્યારો હો કે, તેજમાં તેજ ભલે;
ભૂ તે ભૂ ત ભે લા હો કે, જગમાં જેમ મલે. ૨

તન્મય તે રીતે હો કે, અંતર તજી અલગો;
પૂરણ પ્રભુ સાથે હો કે, મન માહરો વલગો. ૩
કૂલે જેમ પરિમલ હો કે, તલમાં તેલ જિસ્યો;
મુજ મનડા માંહે હો કે, તું પ્રભુ તેમ વસ્યો. ૪
કોડી ગમે કોઇ હો કે, તરજે જો ત્રટકી;
બે દીલ નવિ થાઉં હો કે, તો પણ તુમ થકી. ૫
તું મુજ સ્વામી હો કે, છે અંતર જામી;
મુજ ખમજે ખામી હો કે, કહું છું શીરનામી. ૬
ઉદયરતનની હો કે, એહવી અરજ સુણી;
પ્રભુ મિલિયા પોતે હો કે, મન ધરી મહેર ઘણી. ૭

(૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(૧)

(દીઠી હો પ્રભુ દીઠી જગ ગુરૂ તુજ—એ દેશી.)

મુનિ સુવ્રત હો પ્રભુ મુનિ સુવ્રત મહારાજ,
સુણજો હો પ્રભુ સુણજો સેવકની કથાજી;
ભવમાં હો પ્રભુ ભવમાં ભમીયો હું જેહ,
તુમને હો પ્રભુ તુમને તે કહું છું કથાજી. ૧
નરકે હો પ્રભુ નરકે નોધારો દીન,
વસીયો હો પ્રભુ વસીયો તુમ આણા વિનાજી;
દીઠાં હો પ્રભુ દીઠાં દુઃખ અનંત,
વેઠી હો પ્રભુ વેઠી નાનાવિધ વેદનાજી. ૨
તિમ વલી હો પ્રભુ તિમ વલી તિર્યંચ માંહી,
જાલીમ હો પ્રભુ જાલીમ પીડા જે સહીજી;
તુંહી જ હો પ્રભુ તુંહી જ જાણે તેહ,
કહેતાં હો પ્રભુ કહેતાં પાર પામું નહિજી. ૩

નરની હો પ્રભુ નરની જાતિમાં જેહ,
આપદા હો પ્રભુ આપદા કેમ જાયે કથીજી;
તુજ વિણ હો પ્રભુ તુજ વિણ જાણુહાર,
તેહનો હો પ્રભુ તેહનો ત્રિભુવન કો નથીજી. ૪
દેવની હો પ્રભુ દેવની ગતિ દુઃખ દીઠ,
તે પણ હો પ્રભુ તે પણ સમ્યક્ તું લહેજી;
હો જો હો પ્રભુ હો જો તુમ શું નેહ
ભવોભવ હો પ્રભુ ભવોભવ **ઉદય રતન** કહેજી. ૫

(૨૧) શ્રી નમિનાથ જિન સ્તવનો.

(૧)

(સિદ્ધ ભજો ભગવંત, પ્રાણી પૂર્ણાનંદી—એ દેશી.)

દિલભર દરશન પાઉં રે, પ્રભુજીકી જ્યોત ગની હે;
શ્રી નમિનાથ વદનકી શોભા, આભા કિણમેં ન પાઉં. પ્રભુજી૦ ૧
શીતલ વાણી અંગ શીતલ હે, શીતલ દરિસણ ચાહું; પ્રભુજી૦ ૨
પ્રભુમુખ નિરખત રોહિણી વલ્લભ, શીતલ ચંદ ઠરાઉં. પ્રભુજી૦ ૩
ચરણ ધરંતે શીતલ પંકજ, દ્રવ્યસે ભાવ ગનાઉં. પ્રભુજી૦ ૪
સમકિત સુંદર મંદિર ઘટમેં, પ્રભુગુણ ઘંટ બજાઉં. પ્રભુજી૦ ૫
શ્રી **શુભવીર** કહે સુણ સુંદરી, કેવલ જ્વાલ જગાઉં. પ્રભુજી૦ ૬

(૨)

(શ્રી સ્થુલિભદ્ર મુનિગણમાં શિરદારજો—એ દેશી)

વપ્રાનંદન ચંદન શીતલ વાણી રે,
ગાવો રે મલી આવો સહીયર ચોવટે રે,
પરમાતમ ગુણ ગાતાં મોરી સહીયરો રે,
ભવભવનાં સંચિત તે પાપ પરાં મિટે રે. ૧

લીલા પીલા ચરણા ચોલી ચીર રે,
પહેરો ઓઢો શીલ સુરંગી ઘાટડી રે;
સરસ સુકંઠે મલ્હાવો સાચાં ગીતાં રે,
જૂઠાં રે ગાવાની કીજે આખડી રે. ૨
પાંચે આશ્રવ પૂરિત સુરનાં ગીત રે,
સૂણતાં ભણતાં ગાતાં જીહ મેલી કરે રે;
તેહ હવે એણી પેરે કીજે મોરી બહેની રે,
દંસણ નાણ ચરણ ગુણ પ્રભુ હૃદયે ધરી રે. ૩
દ્રવ્ય સ્તવ અહિંસા સત્ય સ્વરૂપ રે,
પુદ્ગલ પિંડ ન લેવે દેવે કેહને રે;
શબ્દ રૂપ રસ ગંધ ફરસના ભોગ રે,
ઇચ્છા મૂર્ચ્છા ગૃદ્ધિ લોભ ન જેહને રે. ૪
જગચિંતામણિ જગગુરૂ જગનો નાથ રે,
જગસથ્થવાહ જગબાંધવ ચૂડામણિરે;
ખિમાવિજય જિન ચરણકમલની સેવા રે,
કરતાં લહીયે સંપદ અડ મદ અવગણી રે. ૫

(૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવનો.

(૧)

(**દેશી** – ફાગ.)

ગોપી ખેલે હોરી દેવર નેમકે સંગ, ગોપી;
તાલ ઓર ચંગ રંગે બજાવત, ગુંજતી ગુહિર મૃદંગ. ગોપી૦ ૧
રૂખમણી જંબૂવતી સત્યભામા, સુસીમા લક્ષ્મણા ગોરી;
પઉમાવઇ ગંધારી આદિ, સોલ સહસ મિલી ઓરી. ગોપી૦ ૨
કાન્હકો વચણ સૂણી મદમાતી, પાવસમેં જીયું મોરી;
અબીર ગુલાલ ગુલાબકો પાણી, છિંટકે કેસર ઘોરી. ગોપી૦ ૩

પ્રભુકે પલ્લવ પકરે દોરી, નવલ અયરાકી કીધોરી;
રાસ રમે જગમોહની ઘેરી, ચંચલ ચતુર ચકોરી. ગોપી૦ ૪

કમલશી કોમલ બાંહ પસારી, નેમકું ભીરે ભોરી;
અંગ ઉપાંગ દિખાવત ફેરી, ફાગમેં લજ્જા છોરી. ગોપી૦ ૫

પદ્મિની પીકસ્વરી પંકજનયની, શશિવયણી ગુણગોરી;
ઘરકો મંડન સંતતિ કારણ, દેવર! જ્યાઓ ગોરી, ગોપી૦ ૬

ગિરધર હલધર યાદવ કેરી, યાન જુરી સવિ ટોરી;
તોરણ આય ગયે રથ ફેરી, પશુયન કે બંધ તોરી. ગોપી૦ ૭

સહસાવનમેં સંજમલીનો, મનમથ બેરી ફેરી;
ખિમાવિજય જિન નેમિ નિરંજન, સંયમ મહારથ ધોરી. ગોપી૦ ૮

(૨)

(ઋષભદેવ હિતકારી જગતગુરૂ—**એ દેશી**)

સુણો સખી સજ્જન ના વિસરે, સુણો સખી૦ આંકણી૦
આઠ ભવંતર નેહ નિવાહી, નવમેં કયું બિછરે; સુ૦
નેહવિલુધા આ દુનિયામેં, ઝંપાપાત કરે. સુ૦ ૧

વર છંડી પરદેશમેં ભમતા, પૂરણ પ્રેમે ઠરે; સુ૦
જાન સજી કરી જાદવ આયે, નયનેં નયન મિલેં. સુ૦ ૨

તોરણ દેખ ગયે ગિરનારેં, ચારિત્ર લેઇ વિચરેં; સુ૦
દૂષણ ભરિયા દુરજન લોકા, દયિતા દોષ ભરે. સુ૦ ૩

માત શિવા સુત સાંભળ સજ્જન, સાચા ઇમ ઠરે; સુ૦
તોરણ આઇ મુજ સમજાઇ, સંયમ સાન કરે. સુ૦ ૪

રાજુલ રાગ વિરાગે રહેતી, ગ્યાંન વધાઇ વરેં; સુ૦
પ્રીતમ પાસે સંયમ વાસે, પાતિક દૂર હરેં. સુ૦ ૫

સહસાવનકી કુંજ ગલનમેં, જ્ઞાનસેં ધ્યાન ધરે; સુ૦
કેવલ પામી શિવગતિ ગામી, આ સંસાર તરે સુ૦ ૬

નેમિજિણેસર સુખસન્યાએ, પોહ્યા શિવનગરે; સુ૦
શ્રી **શુભવીર** અખંડ સનેહી, કીરતિ જગ પસરે. સુ૦ ૭

(૩)

(ગિરુઆ રે ગુણ તુમતણા—**એ દેશી.**)

સખિ શ્રાવણની છઠ ઉજલી, ભલી વીજલીનો ઝલકાર રે;
એતી વેલા પિઉજી રહ્યા, રાણી સન્જુલને દરબાર રે.
પિઉજી વસે કૈલાસમાં૦ ૧

પાછા તોરણ આવી વલ્યા, કરી અમને તે કંત વિયોગી રે;
કંસાર મુજ ચાખ્યા વિના, વાલ્હો હુએા છે ભિક્ષાનો ભોગી રે. પિ૦ ૨

રૂડી શ્યામ ઘટા ગગને રહી, વાલ્હો શામલ સુંદર વાને રે;
સહસાવને સમતા ધરી, રહ્યા મૌન તે ઉજ્જવલ ધ્યાને રે. પિ૦ ૩

કોઇ દોષ વિના દયિતા તજી, મને મેલી છે બાલે વેશ રે;
યૌવન વનમાં એકલી, તજી પિયુજી ચલ્યા પરદેશ રે. પિ૦ ૪

સહુ યાદવ સાખે નવિ દીએા, જે હાથની ઉપર હાથ રે;
હાથ મેલ્હાવીશ મસ્તકે, દેવ દેવી સાખે જગનાથ રે. પિ૦ ૫

ઇમ રાજુલ રાગ વિરાગસેં, નેમ નામનો મંત્ર જપાય રે;
કાલાંતરે પ્રભુ કેવલી, સુણી રાજુલ વંદન જાય રે. પિ૦ ૬

ચરણ ધરે નવ ભવ સુણી, શિવ પોહતાં સલૂણી નાહ રે;
ગોત્ર વિનાશે ઉપનો, ગુણ અગુરૂલઘુ અવગાહ રે. પિ૦ ૭

સિદ્ધ સાદિ અનંતે ભંગશું, રંગ રીઝે ધની ખરી પ્રીત રે;
શ્રી **શુભવીર** વિનોદશ્યું, નિત્ય આવે છે ખિણ ખિણ ચિત્ત રે. પિ૦ ૮

(૪)

(નયર માહણકુંડમાં વસે રે—એ દેશી.)

પિયુજી ચલ્યા પાછા વલી રે, કરી તોરણ તેજ પ્રકાશ;
પશુઆં ઉપર કરૂણા કરી રે, મને મેલી ઉભી નિરાશ રે.
મને મેલી ઉભી નિરાશ૦ ૧

યાદવ લોક જૂએ ઘણું રે, થઇ મોટા તજે મરજાદ;
બાંધવ હરિ બલદેવના રે, તમો ન કરો છોકરવાદ રે. તમો૦ ૨

સુખભર પિયુ પાછા વલો રે, દયિતાનો દેખાવો દોષ;
ગુણવંત ગુણના રાગીયા રે, પણ દોષ વિના રૂયો રોષરે. પણ૦ ૩

જાણ્યું પ્રીતમ વૈરાગીયા રે, મુઝ રાગ રસીલી કાય;
શંખ નિરંજન નાથજી રે, કેમ પ્રેમ મેલાવો થાયરે. કેમ૦ ૪

મેલા ખેલા સંસારમાં રે, મલવું બલવું એકાંત;
રાહુ ગ્રહે રવિચંદને રે, તારા પરિકર તેજે ઝગંત રે. તારા૦ ૫

ચોરીયે વાલ્હમ ચતુરે રે, મેરે કર પર ન દિયો હાથ;
સાથ અચલ પ્રેમે કરૂં રે, દીક્ષા શિર હાથ સનાથ રે. દીક્ષા૦ ૬

દાન દેઇ નેમિનાથજી રે, સહસાવન સંજમ ઠાણ;
ધ્યાનાંતર ધ્યાને ચઢી રે, પ્રભુ પામ્યા કેવલજ્ઞાન રે. પ્રભુ૦ ૭

નવ ભવ નેહ નિહાલતી રે, રાજીમતી દીક્ષા લીધ;
વરસાંતર થઇ કેવલી રે, સતીયે બોલ્યું તે કીધ રે. સતી૦ ૮

દંપતી દોય મુગતિ ગયાં રે, બની પ્રીત તે સાદિ અનંત;
સહજાનંદ વિલાસમાં રે, **શુભવીર** ભજે ભગવંત રે શુભ૦ ૯

(૫)

દરશન દીઠે દિલડાં ઠરિયાં, વાલ્હમ વલતાં વલિ ઉકલિયાં,

ધૂમ્રે આંસુ ભરિયાં નયણાં, શ્યાં કહું વયણાં રે;
વાલ્હો મારો મોજી મનડા કેરો, સુણજ્યો સયણાં રે.
નેમ વિણ ન ભજુ નાથ અનેરો. ૧

પિઉડે પ્રેમ નજર નવિ પ્રેરી, સુખભર સુરત રતિ નવિ ખેલી;
વાલ્હે મારે ભરજોવનમાં મેહલી, પરણ્યા પહેલી રે. વા૦ ૨

હાંરે વાલ્હે મુખ કંસાર ન ઘાલ્યો, વાલ્હે મારો હાથે વાલો નવિ ઝાલ્યો;
નિપુણ થઈને નેહ ન પાલ્યો, શું રથ વાલ્યો રે, વા૦ ૩

હાંરે વાલ્હા નાથ વિહુણા રહેતાં, કુલવટ સતીયપણું શિર વહેતાં;
હાંરે વાલ્હા નિત ઓલંભા સહેતાં, હવે નથી કહેતાં રે, વા૦ ૪

વાલ્હો મારો શિવરમણીનો કામી, અલવેસર આતમ વિશરામી;
ન કરું ખામી સેવા પામી, અંતરજામી રે. વા૦ ૫

ઇમ ચિંતવતી રાજુલ બાલા, પ્રભુજી પામ્યા જ્ઞાન વિશાલા;
સહસાવન સંયમ પિઉ હાથે, વિચરી સાથે રે. વા૦ ૬

પંચાવન દિન આપ કમાણી, પ્રભુ આપે જાણી પટરાણી;
દંપતી દોય મુગતિપદ પાવે, ખાયક ભાવે રે. વા૦ ૭

લોકોત્તર પ્રભુ પ્રેમ તે પાલે, દુગ ઉપયોગે વસ્તુ નિહાલે;
જગત ઉપાધિ ભાવને ટાલે સૌખ્ય વિશાલે રે. વા૦ ૮

જસ સુખ અંશ જગત નવિ માવે, યોગીશ્વર પણ જેહને ધ્યાવે;
શ્રી **શુભવીર** પ્રભુ ગુણ ગાવે, ઉલ્લસિત ભાવે રે. વા૦ ૯

(૬)

મત જાઓ મત જાઓ મત જાઓ રાજ,
નણદીરા વીરા પિયુજી મત જાઓ રાજ.
તનરા ભાવન મનરા મેલાપન, વિન મેલાવો નવિ તજો;
તજી કરી પ્રીત પતિ સતી નારી, અવર મેલાવા કિમ ભજો. મત૦ ૧

ભજતાંને ભજીયે ભગવંત, અંત લગે તે નિરવહે;
મધ્યાહ્નોત્તર તરૂની છાંય, શીતલ રવિ સાથે રહે. મત૦ ૨
નિરગુણ નર નારીશું પ્રેમ, છાયા છીલ પરભાતની;
વેધક ચતુર સનેહી સાથ, પ્રીત ભલી એક રાતની. મત૦ ૩
નારાયણ કરતા સુખલીલ, બત્રીશ સહસ પ્રિયંવદા;
હું એકાકી સ્વામી સનેહ, ગેહ રહી રમશું સદા. મત૦ ૪
દ્રવ્યથી દર્શન પૂર્ણ ન કીધ, ભાવદશા વિરહે વહી.
કૂપની છાયા કૂપ સમાય, હુંશ સવિ મનમાં રહી. મત૦ ૫
ઇમ રાજીમતી સહિયર માંહિ, વાતે વૈરાગ્યે ભલી;
પ્રીતમે પરિહરી કીધી દૂર, રાગ દશાયે સાંકલી. મત૦ ૬
પણ બીજો વર વરવા નેમ, નેમ વિના નિશ્ચય થકે;
હાથ ઉપર નવિ દીધો હાથ, હાથ મેલાવીશ મસ્તકે. મત૦ ૭
સતી સંવેગે રહી ઘરમાંહિ, પ્રભુ સહસાવન સંયમી;
કેવલ લહી જિન દીક્ષા દીધ, રાજુલને કરી નિજ સમી. મત૦ ૮
પાલે પ્રીતિ દોય અખંડિત, સાસય સુખ શિવમંદિરે;
શ્રી **શુભવીર** જાસ સનેહ, તે સુખભર લીલા કરે. મત૦ ૯

(૭)

(તીરથની આશાતના નવિ કરીયે—**એ** દેશી.)

શિવાનંદનકું ખેલાવે હરિગોરી, હાંરે હરિગોરી ખેલાવે હોરી;
હાંરે સરોવરીયાને તીર, નેમકુમર કેડે પડી હરિગોરી. શિ૦ ૧
કેસરીયા વાઘા ધરી હરિ પાસે, હાંરે હરિ પાસે રે ફૂલવાસે;
હાંરે ફૂલવાસે રે જલવાસે, હાંરે રાધા સહુ સાથ;
નેમકુમર ખેલાવતી તિહાં હોરી. શિ૦ ૨
નેમ નગીના નાથજી હોરી ખેલે, હાંરે હોરી ખેલે રસીયા ખેલે;
હાંરે રંગ ભરી ભરી રે કચોલે, હાંરે ઝકઝોલે નેમ;
કેશવ કેશુડાં ભરી રસ ઘોલે. શિ૦ ૩

ફાગ રાગ રસ રીતસેં ગીત ગાવે, હાંરે ગીત ગાવે તાન બનાવે;
હાંરે હોરી ફગુઆં ગ્યાલ ખેલાવે, હાંરે ઉડે લાલ ગુલાલ;
લાલ કન્હૈયા લાલસેં પ્રભુ ખેલે. શિ૦ ૪

ચંપક કેતકી માલતી વાસંતી, હાંરે વાસંતે તરૂઅર ફૂલિયાં;
હાંરે પ્રભુ દેખી વિનયસેં ટલિયાં, હાંરે વાજે વીણા રસાલ;
તાલ કંસાલ મૃદંગસેં હોરી ખેલે. શિ૦ ૫

ગોવિંદ ગોપી સાથમેં પ્રભુ રમતે, હાંરે તીનસેં વરસાં નિગમતે;
હાંરે રાજુલસેં મિલણાં કરતે, હાંરે સહસાવન સાંઇ;
સંજમ સાધી કેવલી હુઆ જ્ઞાની. શિ૦ ૬

રાજી હુઇ રાજીમતી વ્રત લીધું, હાંરે પોતાનું બોલ્યું કીધું;
હાંરે નાથ સરીખું નાણુ તે લીધું, હાંરે નેમ રાજુલ સાથ;
શિવમંદિરમેં મ્હાલતે ભઇ જોડી. શિ૦ ૭

જિન ગુણ રાગ સુફાગમેં ભવિ ગાવો, હાંરે દોય ધ્યાન મૃદંગ મઢાવો;
હાંરે તિહું શુદ્ધિ વેણુ વજાવો, હાંરે કંસ તાલ વિશાલ;
ચાર શતકની ભાવના ચઉતાલા. શિ૦ ૮

હાસ્ય રતિ ને મોહ અબીર વિખરીયાં, હાંરે અનુભવરસ ઘોલ કેસરીયાં;
હાંરે **શુભવીર** વચન રસ ભરીયાં, હાંરે ભાવહોરી ખેલાય;
સાકારે શિવસુંદરી ઘર લાવો. શિ૦ ૯

(૮)

(મોહમહીપતિ મહેલમેં ખેડે—**એ દેશી.**)

આયો વસંત હસંત સાહેલી, રાધ મધુ દોય માસ; લલના૦
વિરહી ડસંતો ને નામ વસંતો, સંતકુ સદા સુખવાસ;
મન માન સરોવર હંસલા હો૦ ૧

રાગ વસંત કરંતહ ગોપી, ખેલત હોરી મુકુંદ; લલના૦
કહે રાજુલ સુણ મિગાવઇ હો, વિરહીકું દુઃખદાઇ ચંદ. મન૦ ૨

મુખ મંજરી વરી કોમલ ટહુકે, જળ ફલીયો માકંદ; લલના૦
મધુકર માલતી પરિમલ લે હો, મરાલ યુગ અરવિંદ. મન૦ ૩
તરૂકે પ્રવાલ પલાસ ભયેહી, કેતકી અબીર ગુલાલ; લલના૦
રંભા શ્રીખંડ સુચંપક વિકચે, દાડીમી ફૂલ સુવિશાલ. મન૦ ૪
ખંડ સમસ્ત સુમનસ સુગંધે, કામી ચિત્ત હિતકાર; લલના૦
ઇણે અવસર ચલીએ હમ છોડી, કંતજી ગઢ ગિરનાર. મન૦ ૫
વાતાયુ શિર વંક ચઢાઇ, કયા હમ દોષ સુનાથ; લલના૦
ઇણી સમે કરપરિ પાણી ન પાએ, સંયમે શિર વર હાથ. મન૦ ૬
સંયમ વરી કરી તપ જપ ક્રિરીયા, પીયુ પહેલાં શિવ જાય; લલના૦
નિજ બેન્હી શિવવહૂ દેખણકું, સ્વભાવી સુખશું મિલાય. મન૦ ૭
કાલ અનાદિકી મોહ નોકરી, છોડવી રાજુલ નારી; લલના૦
તસ વૈરે નૃપ મોહ નોડીયો, બાંધવ રહનેમ તારી. મન૦ ૮
વરદત્ત વિપ્ર ઘરે ધુર પારણુ, એકાદશ ગણધાર; લલના૦
ગોમેધ અંબિકા સુર દેવી, નેમજી સેવ કરે સાર. મન૦ ૯
છત્તિસહિય શતપંચ મુનિયુત, એક માસી ઉપવાસ; લલના૦
બ્રહ્મ મહોદય પદ મહાનંદો, પામિયા કરમને નાસ. મન૦ ૧૦
જગ જશવાદ લહે સો બેઠો, વલી શુભવિજય વિશાલ; લલના૦
વીર કહે જે દંપતી ધ્યાવે, મંગલ તણી લહે માલ. મન૦ ૧૧

(૯)

(ધુલેવરાયની—એ દેશી.)

તોરણ આઇ કયું ચલે રે, નયણ મિલાઇ સેંણુ; મોહનિયાં૦
'મંદિર બેઠી યું કહે રે, રાજુલ ઝરતે નેંણ. મોહનિયાં૦ ૧
તેરે બિના ઓર ના ભજું ગી, દૂજી નરકી જાત; મોહનિયાં૦
કોડિ કલપ જેસી ગમે રે, વિરહાંકી દિનરાત. મો૦ તેરે૦ ૨

નાથ બિના મેં તો કયું રહુંગી, ચલિએ દ્વિવાની બનાય; મો૦
આપ ચલે અંદાજસેં રે, કયા હમ દોષ લગાય. મો૦ તેરે૦ ૩
સોલ સહસ અંતેઉરી રે, કાન્હુઇયા ઉત્સંગ; મો૦
રંગ ભર જાતિ જામની રે, રાધાજી કે સંગ. મો૦ તેરે૦ ૪
મેરે દિલથી યું ચાહેના રે, પિયુજી ખેલાયગા ખેલ; મો૦
યું ચલતે મેં દેખીએા રે, તલમેં એ તો તેલ. મો૦ તેરે૦ ૫
હાથસેં હાથ દિયા નહિ રે, રાગેં રહુંગી અગંજ; મો૦
રાજુલ રાગ વિરાગસેં રે, સહસાવનકી કુંજ. મો૦ તેરે૦ ૬
દીક્ષા કેવલ દંપતી રે, પાએે સુખ ભરપૂર; મો૦
ધ્યેય સુધ્યાને નેમજી રે, શ્રી શુભવીર હજૂર. મો૦ તેરે૦ ૭

(૧૦)

શ્રી નેમિનાથ ભગવાનનો વિવાહલો.

: ઢાલ-પહેલી :

(કહે કમલા ગોપાલ પ્રત્યે રે—એ દેશી.)

સરસ્વતી ચરણ સરોજ રમી રે, શ્રી શંખેશ્વર પાય નમી રે;
નેમિ વિવાહ તે રંગે ગાશું, જિમ નમિનાથે પૂરવ પ્રકાસ્યું, ૧
નેમ નગીના આવો ઘડી રે, મિત્ર કહે એમ પાય પડી રે;
રમતાં આયુધશાલાએે આવ્યા, ચક્ર ગદા લેઇ શંખ વજાવ્યા. નેમ૦ ૨
શબ્દ સુણી ચિંતા અધિકેરી, કુણ ઉપનો મુજ ઉપર વેરી;
દૈત્યારિ તતખિણ તિહાં જાય, તવ દીઠો મીઠો લઘુ ભાય. નેમ૦ ૩
પાણિ પસારી કરિય પરીક્ષા, ચિંતે એ કિમ લેશે દીક્ષા;
નીલવસનશું વિચાર કરે રે, તવ અંબરે સુર એમ ઉચ્ચરે રે. નેમ૦ ૪
નેમિ કુમારપણે વ્રતધારી, એકવીશમા જિન વચન વિચારી;
શ્યામે દામોદર શોક ધરે રે, ઇમ નિસુણી હરિ હર્ષ ધરે રે. નેમ૦ ૫
વલી નિશ્ચય કરવા ગોપીને, કહે વિવાહ મનાવો નેમિને;
સરોવર પાળે કેલિ કરી રે, **વીર** કહે રસરંગ ભરી રે નેમ૦ ૬

: ઢાલ-બીજી :

(પાડજી પુરમાં રે પ્યારે—**એ દેશી.**)

ગોપી આઠની રે ટોલી. બત્રીસ સહસ તે બાલી ભોલી;
નેમિ વરાસન રે થાપી, સરોવર તીરે ક્રીડા વ્યાપી. ૧

હસી હસી બોલે રે વહાલા, લાલચ લાગી પ્રભુ લટકાલા;
પાનનાં બીડાં રે ખાતી, યૌવન મદ રસમાં રંગ રાતી. હસી૦૨

દડો ફૂલ કેરો રે ઉછાલે, બીજી રંગભર રમતી ઝાલે;
નેમિને હૃદયે રે મારે, તવ એક જાઇ છાતી પંપાળે. હસી૦૩

કાંઇ દિયરીયા રે વાગ્યું, પરણવા કાયર કાં તુમ લાગ્યું;
પ્રભુને છાંટે સઘળી નારી, જલશું ભરી સોવન પીચકારી. હસી૦૪

મનમાં જાણે રે જલશું, પ્રભુને આકુલ વ્યાકુલ કરશું;
અંબરે દેવા રે વાણી, બોલે સુણજો હરિઠકુરાણી. હસી૦૫

લઘુપણે મેરૂ રે હલાવ્યા, ચઉસઠ ઇંદ્રે પ્રભુ નવરાવ્યા;
તવ વ્યાકુલતા રે નાવી, તો તુમને એ શી મતિ આવી. હસી૦૬

એમ સુણી ગોપી રે આવે, સરોવર તીરે પ્રભુને લાવે;
વીર કહે રસ રંગે ભરાણી, હવે બોલી કમલા પટરાણી. હસી૦૭

: ઢાલ-ત્રીજી :

(હાંરે મારે હામ ધરમના સાડા પચવીશ દેશજો—**એ દેશી**)

હાંરે કાંઇ રૂખમણી રાણી કહે દિયર અવધાર જો,
નારી વિના એકલડા દુઃખ પામશો રે લો;
હાંરે કાંઇ જોબનીયાનો લટકો દહાડા ચાર જો,
જાતાં રે નહિ વાર પછે પસ્તાવશો રે લો. ૧

હાંરે કાંઇ છેલછબીલી રંગીલી ભોજાઇઓ જો,
લોચનને લટકે રે તુમ સ્હામું જૂએ રે લો;

હાંરે કાંઇ મુખને મટકે કહે તુમને સુખદાય જો,
જોબનનો લાહો નારી વિણ કાં ખુવો રે લો. ૨

હાંરે કાંઇ દિયરિયા ઇમ હોશે તુમ મનમાંહિ જો,
એ બત્રીશ હજાર મળી ધિગાણીયો રે લો;
હાંરે કાંઇ પંડિત થઇ શું ન વિચારો દિલમાંહિ જો,
કહો પરણ્યા વિણ કુણ થાશે પોતાનીયો રે લો. ૩

હાંરે કાંઇ એક નારી પરણ્યા વિણ સુત નહિ નેમ જો,
પુત્ર વિના કુણ નામ તુમારૂં રાખશે રે લો;
હાંરે કાંઇ રાજ્યભાર કાયર થઇ કરશો કેમ જો,
હું કમલા વિણ ઇમ વયણાં કુણ ભાખશે રે લો. ૪

હાંરે કાંઇ કણ પીસણ જલ ભરવા જાશે કોણ જો,
ભોજાઇઓના વિશ્વાસે રહેશો નહિ રે લો;
હાંરે કાંઇ કહેવાની સગીઓ પણ નહિ દે લૂણ જો,
વીર કહે એણિપરે કમલા બોલી રહી રે લો. ૫

: ઢાલ-ચોથી :

(મારા વ્હાલાજી હો હું રે આવી છું મહી વેચવા રે લો—**એ દેશી.**)

ભામા કહે કાં ભૂલા ભમો રે લો, નારી વિના એક વાર;
મોરા દિયર હો, દાતણ જલ પણ નહિ દિઉં રે લો૦
ખટરસ ભોજન કુણ કરે રે લો, પીરસશે વિણ નાર. મો૦દા૦૧

સ્નાનવિધિ કુણ સાચવે રે લો, બેસણ આસન સાર; મો૦દા૦
શય્યાદિક કુણ પાથરે રે લો, રામા વિણ નિરધાર. મો૦દા૦૨

ભામા છે ભરતારની રે લો, સુખદુઃખ વાતની જાણ; મો૦દા૦
તુમ સરિખા જિહાં ઉપન્યા રે લો, નારી રત્નની ખાણ. મો૦દા૦૩

પ્રેમ રસે રસ કેલવે રે લો, વીસામાનું ઠામ; મો૦દા૦
એક નારીથી નિસ્તરે રે લો, સઘળું ઘરનું કામ. મો૦દા૦૪

છંદ ગીત રમણી ભણી રે લો, મન નવિ ભેદે જાસ; મો૦દ્વા૦
વીર રસે સત્યભામા કહે રે લો, નર પશુ કહિયે તાસ. મો૦દ્વા૦૫

: ઢાલ-પાંચમી :

(બંધ ટૂંકા છે પણ એવડા રે લો-એ દેશી.)

કહે જંબૂવતીનાં વયણાં ભલાં રે, એક એક સનેહે વાહલા રે;
આકાશ ફિરંતા એકલાં રે, પશુ પંખી પણ તુમથી ભલાં રે.
કાંઇ સુણ છોગાળા રે કે, નારી થકી ડરશો તો;
સુણો રઢીયાળા રે કે, રાજ્ય તે કેમ કરશો. ૧

પશુ પંખી પોપટ સૂઅડા છે, અજ્ઞાની તે પણ રૂઅડા છે;
તરૂ ઉપર એક દિશા ધારી, રહે સુખ વિલસંતાં નરનારી. કાંઇ૦ ૨

ચૂણ કરવા પરભાતે જાવે, સંધ્યાકાલે માલે આવે;
નિજ બાલકશું ભેલા ભલતાં, નરનારી પ્રેમરસે મલતાં. કાંઇ૦ ૩

તુમે રાજકુમરીયા કહેવાઓ, શું પશુઆં પંખીથી જાઓ;
જાઓ જાઓ રે દિયરીયા ધીઠા છો, હઠવાદ લેઇ શું બેઠા છો. કાંઇ૦ ૪

કિમ મૌનપણું અમશું લીધું, કે કોઇયે તુમ કામણ કીધું;
એ વીર પરાક્રમ તુમ જોયું, એક નારી વિના સહુ સુખ ખોયું. કાંઇ૦ ૫

: ઢાલ-છઠ્ઠી :

(મેં જોગ તુમારો જાણ્યોરે, પ્રીતમ પાતળિયા—એ દેશી)

તેં નારી વિના સુખ ખોયું રે, સુંદર શામળિયા૦
કાંઇ જાદવકુલ વિગોયું રે સુંદર શામળિયા૦
કહે સુસીમા હસી હસી બોલે રે, સું૦ હઇડાનું અંતર ખોલે રે.સું૦૧

મેં વાત હઇયાની જાણી રે, સું૦ ઘેર બાંધવો હાથી તાણી રે;સું૦
જો પરણો એકજ ભોલી રે, સું૦ કટિ મેખલા ચીર પટોલી રે.સું૦૨

હિંગલોનો ટીકો પ્યાગે રે, સું૦ પગે ઝાંઝરનો ઝમકારો રે;સું૦
કર કંકણ નાકે મોતી રે, સું૦ એક પહેરે ને એક ખોતી રે.સું૦૩
જે જે મન વલ્લભ લાગે રે, સું૦ તે તે તુમ પાસે માગે રે; સું૦
તરણા તૂર જાચક તિજે રે, સું૦ વિવરી લઘુ તરતમ દીજે રે. સું૦૪
વાયુ જાચકને ન ગ્રહાય રે, સું૦ કાંઇ માગે તે મોટી બલાય રે;સું૦
છો કાયર પણ થાએ ધીર રે, સું૦ તુમ બંધવ જે વડવીર રે.સું૦૫
જેમ બત્રીસ સહસનું ભરશે રે, સું૦ તુમ નારીનું પૂરું કરશે રે;સું૦
શે પરણો નહિ હવે કાંઇ રે, સું૦ કહે **વીર** સલૂણા સાંઇ રે.સું૦૬

: ઢાલ-સાતમી :

(માતા જશોદા કાંન—**એ દેશી.**)

લક્ષ્મણા કહે હલવે રહી, શે હવે નારી પરણો નહિ;
ન્હાનડીયા દિયર અવધાર, નારી વિના નિષ્ફલ અવતાર. ૧
એહવી ધીઠાઇ છે ઘણી, કુણ નારી વરશે તુમ ભણી;
એકલડા વાંઢા થઇ રહી, ઘરણી વિના ઘર શોભે નહિ. ૨
સંઘવી થાશો ઉલટ ઘણે, સંઘ ચાલે સિદ્ધાચલ ભણે;
સંઘવણ કુણ તુમ પૂછે કોઇ, શું કહેશો તિહાં નીચું જોઇ. ૩
માલ પહેરશો નારી વિના, પૂંખણ વિધિ કુણ કરશે જના;
ઉજાણી સ્વજન જાતરા, ઘર વિવાહ નહિ સુંદરા. ૪
પર્વોત્સવ ન જણાયે કદા, પેટ ભરે દીવાલી સદા;
મહોટાઇ જગમાંહિ થશે, **વીર** કહે ઘરણી ઘેર હશે. ૫

: ઢાલ-આઠમી :

(સોગઠડાં માંડયાં સોલ રે—**એ દેશી.**)

તે માટે વરો એક નારી રે,હરિનારી કહે ગંધારી રે;પ્રીતડી પાળીયે રે૦
ઘેર પ્રાહુણો એકતાન રે, કુણ દેશે આદરમાન રે. પ્રી૦ ૧

ગુરૂ આગે જાશ્યો જ્યારે રે, ગુંહલી કરશે કુણ ત્યારે રે; પ્રી૦
મુનિને દેશે કુણ દાન રે, રામા વિણ ઘર ઉદ્યાન રે. પ્રી૦ ૨
વ્યાપારે ચલે ઘરે તાળુ રે, આવી સંધ્યાએ કરશો વાળુ રે; પ્રી૦
એમ એકલા બારે માસ રે, લોક કેમ કરશે વિસવાસ રે. પ્રી૦ ૩
એકલાને સાંઢ તે કહેશે રે, કુણ પરઘર પેસણ દેશે રે; પ્રી૦
જિહાં જાશો છેલાઇને વેશે રે, લોક ભોળાઇ મહેણાં દેશે રે. પ્રી૦ ૪
કાંઇ દિયરીયા તું જાણે રે, નારી સાંભરશે ઘણું ટાણે રે; પ્રી૦
દોષાકર કિરણા લગાવે રે, કહે **વીર** તે વિરહ જગાવે રે. પ્રી૦ ૫

: ઢાલ–નવમી :

(હે સુખકારી, આ સંસારયકી જો મુજને ઉદ્ધરે—**એ દેશી.**)

સુણ અલબેલા? અલબેલી વિણ કિમ જાશો જનમારો;
હે રંગીલા? રંગીલી વિણ એળે જાશે અવતારો.
એક દિન અમે રંગભર રમતાંતાં, માહરે પગ ઝાંઝર રમઝમતાંતાં;
નમ્રતા કરી નાથને નમતાંતાં, સસનેહીનાં ખુંધાં ખમતાંતાં. સુણ૦ ૧
હરિ સમનામે સુખ સમધારી, દેખણ આવ્યો વિધુ સહ નારી;
મોરા હઇડા ઉપર નભચારી, તેણે હરિસણે હું થઇ હુંશિયારી. સુણ૦ ૨
જાણે હરિ ગોરીયે કુંવરીયો, દો ચાર ઘડી આશા ભરીયો;
મેં હરિ સાથે લીલા કરીયો, હરિ કોપે પશ્ચિમ દિશિ વળીયો. સુણ૦ ૩
એણે અવસરે રંગ રસે ભરીયો, મને **નેમ** દિયરીયો સાંભરીયો;
છે જોબન મદ પાવક જલીયો, ઘનઘોર ઘટા હોય વિજલીઓ. સુણ૦ ૪
એક પાવસ માસે જલ વરસે, એકલડો **નેમ** તે શું કરશે;
પણ જાણું છું પૂરી મરશે, એક વૈરાગ્યે શું મન ઠરશે. સુણ૦ ૫
કહે ગોરી હું તુમ દુઃખભારી, તે માટે પરણો એક નારી;
પૂર્વ સાખિ જિનવર સંસારી, કહે **વીર** પછે સંજમધારી. સુણ૦ ૬

: ઢાલ દશમી :

(વ્હાલા તુમે કિહાંના વાણી જો-એ દેશી)

કહે પદ્માવતી દિયરીયા જો, નારી નથી કુણ વરીયા જો;
હરિવંશ વિભૂષણકારીજો, મુનિસુવ્રત ઘરણારી જો.
તુમે શિવનારીના રસિયા જો, માહરે ઘેર અભિનવ વસિયા. જો. ૧
શી ઝાઝી છોકરવાદી જો, દેખોને દેવ યુગાદિ જો;
પ્રભુ જુગલા ધર્મ નિવારી જો, આપ વર્યા દોય નારી જો. તુમે૦ ૨
સુખ વિલસી સંજમ રસિયા જો, શિવમંદિરમાં પણ વસિયા જો;
પ્રભુ થાપિત વરણા વરણે જો, આજ લગી સહુ પરણે જો. તુમે૦ ૩
ચક્રી જિન શાંતિ ઉદાર જો, એક લખ બાણું હજાર જો;
સુખ વિલસી એટલી નારી જો, પછે થયા વ્રતધારી જો. તુમે૦ ૪
લહી કેવલ ભવ નિસ્તરીયા જો, મોક્ષ-વધૂ પણ વરીયા જો;
પરણી શિવમંદિર ચિઠા જો, સઘલા જિનવર દીઠા જો. તુમે૦ ૫
તુમ નવિ મુગતિ દિલ ધારી જો, વાત તુમારી ન્યારી જો;
કાં ધીઠા દેવર મલીયા જો, કહે **વીર** પરાક્રમ બલીયા જો. તુમે૦ ૬

: ઢાલ-અગિયારમી :

(વાટણમાં પંચાસરો સોહે રે—**એ દેશી**)

એમ સઘલી નાની વડેરી રે, નેમિનાથને ચિહું દિશિ ઘેરી રે;
તુમ બલનું મર્મજ લદ્ધ રે, નારી પરણો તો રહે યુદ્ધ રે, ૧
પરણી ભવ લાહો લીજે રે, પછી બલની પરીક્ષા કીજે રે;
હરિ જીતો તો જાઉં બલિહારી રે, એમ બોલે હસી કેઇ નારી રે. ૨
રામા શઠ હઠ નવિ છાંડે રે, એહશું ચતુર કુણ માંડે રે;
રહ્યા મૌન તે એમ વિચારી રે, તો પણ બોલે ધૂતારી રે, ૩

કર ઝાલી કહે મતવાલી રે, કહે કેતી તે પાલવ ઝાલી રે;
થઇ નીચું જુવે મુખ જામ રે, મુખ હસતું દીઠું તામ રે. ૪
માન્યો માન્યો વિવાહ નેમિનાથે રે, દેઇ તાલી કહે સહુ સાથે રે;
અનિષેધે અનુમતિ ન્યાય રે, પાણિગ્રહણ તે અંગીકરાય રે. ૫
કરે ઉદ્‌ઘોષણા સહુ નારી રે, નજરે નિરખી મોરારી રે;
જઇ સમુદ્રવિજયકું વધાઇ રે, દેતાં હરિ વીર સવાઇ રે. ૬

: ઢાલ-બારમી :

(માથે મટુકીને મહિયર ચાલી તો—એ દેશી.)

આગલ ભોલીને પાછલ ટોલી તો, વિચમાં નગીના નેમ ચલે;
અલબેલી સાહેલી રે, ચાલી પુરમાં૦
એક કહે સુણ ભામિની ભોલી તો, પાણિગ્રહણ માન્યું ભલે. અ૦ ચા૦૧
એક કહે મહિમા મુજ કરો તો, માહરૂં વચન એણે માનીયું; અ૦ ચા૦
કેઇ કહે માન્યું એહની મેલે તો, નહિ ચાલે એમ જાણીયું. અ૦ ચા૦૨
કેઇ કહે માહરા લોચન લટકે તો, કેઇ વચન મુજ વાંકડે; અ૦ ચા૦
કેઇ કહે માન્યું ઇણે ત્યારે તો, આવ્યા ઘણું જળ સાંકડે. અ૦ ચા૦૩
ભામિની ભાખે ધરી ઉજમાલ તો, પરણવા નારી ભણી; અ૦ ચા૦
ધરીય ગુમાન કરાવી ખુશામતી, આપણને એણે ઘણી. અ૦ ચા૦૪
કેઇ કહે ખોટી એહ વાત તો, રાખી માન્ય આપણી; અ૦ ચા૦
કરતી હાસામસી છન્નું હજાર તો, દેતી શિવકું વધામણી. અ૦ ચા૦૫
ઉગ્રસેન તણે ઘરે શ્રીકૃષ્ણ તો, પહોત્યા મન હરખે કરી; અ૦ ચા૦
તાસ સુતા માગી ગુણવંત તો, રૂપ હરત સુરસુંદરી. અ૦ ચા૦૬
પંચણાણ તણી રાજધાની તો, નામે સતી રાજીમતી; અ૦ ચા૦
ઠોઠકીને પૂછે વર લગ્ન તો, સમુદ્રવિજય ને શ્રીપતિ. અ૦ ચા૦૭

શ્રાવણ માસની ઉજ્વલ છઠ્ઠે તો, લીધું લગન ઉલ્લટ ઘણે; અ૦ ચા૦
વીર વિવેકી ચઢે વરઘોડે તો, ચાલો સખીયો જોવા ભણે. અ૦ ચા૦૮

: ઢાલ-તેરમી :

(ગોકુલ મેલી વૃંદાવન લીધું રે—એ દેશી.)

હવે વિવાહ સામગ્રી મેલી રે, દેતી તિહાં વડીયો વડેરી રે;
વળી ધવલ મંગલશું રાતી રે, શામલિયાના ગુણ ગાતી રે.
શામલિયાજી૦ ૧

પીઠી ચોલે સુગંધ ધરીને રે, વિધિપૂર્વક સ્નાન કરીને રે;
હેમ મુદ્રાએ દશ અંગુલિયો રે, બાજુબંધ ગલે સાંકલિયો રે. શા૦ ૨

કાને કુંડલ કેડે કંદોરો રે, કટિબંધ કસણની કોરો રે;
એમ શોભિત ઝાકઝમાલે રે, ધર્યો ખૂંપ તિલક શિર ભાલે રે. શા૦ ૩

કરમાં ધરી શ્રીફલ યાન રે, રથ બેઠા પતંગ સમાન રે;
વળી બલદ જોતરીયા બાલા રે, ગલે સોવન ઘુઘર માલા રે. શા૦ ૪

હય ગય ચલતા બહુ તત્ર રે, પ્રભુ શોભિત ચામર છત્ર રે;
જાદવ નારી બહુ સાથે રે, રામણદીવો માતાજીને હાથે રે. શા૦ ૫

સહસ બહોંતેર વસુદેવ-નારી રે, નારાયણ છન્નુ હજારી રે;
ઘર એકની ભામા ભણી રે, બીજી નારી કહો કેમ ગણીયે રે. શા૦ ૬

જાદવ કુલ કોડિ તે ઝાઝા રે, એક એકની ધરતા માઝા રે;
વળી દશે દશારથ તાજા રે, નારાયણ હલિધર રાજા રે. શા૦ ૭

શરણાઇ ને ભૂંગલ વાજે રે, સજી જાન તે સાજન સાજે રે;
નેમિજિન પરણા સાંભલીયારે, જોવા કૌતુક સુરનર મલીયારે. શા૦ ૮

એમ જાન સજીને જાતાં રે, મંદિરીયા તે પીલાં રાતાં રે;
ચિત્રામણ ધોલિત શું છે રે, એમ સારથિને પ્રભુ પૂછે રે. શા૦ ૯

કહે સારથિ સસરા કેરૂં રે, છે મંદિર એહ ભલેરૂં રે;
તુમ નારીની દોય સાહેલી રે, કરે વાતો મલી બે ભેલી રે. શા૦૧૦

તવ રાજીમતી ગજગેલી રે, આવી જંગમ મોહન વેલી રે;
વર દેખણ ઘો સાહેલી રે, જૂએ ઉભી સહિયરને ઠેલી રે. શા૦૧૧

અમરાવતીમાં જેમ ઇંદ્ર રે, તારાગણમાં જેમ ચંદ્ર રે;
દેખી રાજુલ ધરતી પ્રેમ રે, **વીર** વંદે નગીના નેમ રે. શા૦૧૨

: ઢાલ–ચૌદમી :

(જેસંગ મામી મામી શું કરો રે—**એ દેશી.**)

રાજુલ રૂપેશું મોહી ઘણું રે, કહે સખીયો વર કાલો શ્યામ;
આજ ભ્રમ ભાંગ્યો રે તુમ ચતુરાઇનો રે૦
એહવાં હાંસી રૂપ વયણાં સુણી રે, કહે સહિયરને રાજુલ તામ.આજ૦૧

શ્યામપણું સુંદર છે લોકમાં રે, ભૂષણને પણ દૂષણ દીધ;આજ૦
ઉજ્વલ પયમાં પૂરા કાઢીયા રે, સુણજો શ્યામ ગુણ પરસિધ.આજ૦૨

કસ્તૂરી રયણી વરભૂમિકા રે, કાલો મેઘ કરે જલ રેલ; આજ૦
કાજલ કીકી કસવટી શામલી રે, કુંતલ ચંદન ચિત્રાવેલ. આજ૦૩

કાલી રેખા જિમ ચિત્રામણે રે, વળી કર્પૂરમાં અંગાર; આજ૦
ભોજનમાં મરી એમ આશ્રયગુણા રે,કહું હવે ગોરાનો અધિકાર.આજ૦૪

નહિ મીઠાશ લવણ ગોરા તણી રે, હિમ પડંતુ જલ બાલંત; આજ૦
અતિ ગોરા નરનારી કોઢિયા રે, ગોરા કેવલ અવગુણવંત. આજ૦૫

એમ સાહેલી સાથે બોલતી રે, રાજુલ બેડી ગોખ મોઝાર; આજ૦
વીર વિવેકી વર તોરણ ભણી રે, આવે તે સુણજો અધિકાર. આજ૦૬

: ઢાલ-પંદરમી :

(રૂડો માસ વસંત ફલી વનરાજી રે—એ દેશી.)

આડંબર વર આવિયા રે, નેમીશ્વર ગુણવંત વ્હાલા;
રાવ પશુની સાંભલી રે, સારથિને પૂછંત વ્હાલા,
કરૂણાવંત શિરોમણિ રે, ભયભંજણ ભગવંત વ્હાલા. ૧

કહે સારથિ વિવાહમાં રે, ગૌરવ કારણ એહ વ્હાલા;
મેલ્યાં પશુ હરણાં ઘણાં રે, દારૂણ સ્વર કરે તેહ વ્હાલા. કરૂણા૦ ૨

નેમ સુણી ચિત્ત ચિંતવે રે, ધિગ્ માહરો વિવાહ વ્હાલા;
જાદવને ઓચ્છવ ઘણો રે, પશુઆં અંતર દાહ વ્હાલા. કરૂણા૦ ૩

ઇણે અવસરે પ્રભુ દેખીને રે, હરણો કહે સુણ નાર વ્હાલા;
મરણથકી તુજ વિરહાનું રે, હૈયડે દુઃખ અપાર વ્હાલા. કરૂણા૦ ૪

પ્રભુ દેખી હરણી કહે રે, કરૂણાવંત ભદંત વ્હાલા;
કરી વિનતિ જિમ છૂટીયે રે, મરણથકી સુણ કંત વ્હાલા કરૂણા૦ ૫

એમ સુણી મૃગ પ્રભુને કહે રે, કરીએ ભક્ષણ ઘાસ વ્હાલા;
નિઝરણાં જલ પીજીયે રે, વળી રહીયે વનવાસ વ્હાલા. કરૂણા૦ ૬

નિરઅપરાધી નાથજી રે, છોડાવો તુમે આજ વ્હાલા;
સાંભલી સારંગ વિનતિ રે, નેમીશ્વર મહારાજ વ્હાલા. કરૂણા૦ ૭

હરણી ગ્રીવા નિજ નારીને રે, કંઠે ઠવી રહ્યો હેત વ્હાલા;
તે દેખી મતિ કેળવી રે, વર કવિ ઉપમા દેત વ્હાલા. કરૂણા૦ ૮

બંધનથી પશુ છોડતો રે, પ્રભુવચને રખવાલ વ્હાલા;
નહિ પરણું નેમિ કહે રે, સારથિ! તું રથ વાલ વ્હાલા. કરૂણા૦ ૯

પાછા વલતા દેખીને રે, માતપિતાદિક આય વ્હાલા;
વીર કહે વચને કરી રે, સામલકું સમઝાય વ્હાલા. કરૂણા૦૧૦

: ઢાલ-સોલમી :

રથ ઝાલી કહે માતપિતા સુણ વ્હાલા એ,
માગું છું તુજ પાસે એક વચન;
હેજે હલી રે, માનજો માગ્યા કરી,
મુજ હૈયડાનો એહ મનોરથ પૂરવો,
વહુ પરણીને દેખાડો વદન. હેજે હલી રે—માનજો૦ ૧
નેમ કહે શ્યો આગ્રહ માતાજી કરો,
એ નારી મલમૂત્ર કેરું ધામ; હેજે૦
થોડે કાલે વિરહ તે નારી કુણ વરે,
માહરે તો છે શિવનારીશું કામ. હે૦ મા૦ ૨
જોબન રાગી પછે વિરાગી નારીયો,
અંગ અશુચિ રોગ તણો ભંડાર; હેજે૦
મદિરા ઘટ સમ નારી માંસ રૂધિર ભરી;
ભક્ષ્ય અભક્ષ્ય અસાર કરે આહાર. હે૦ મા૦ ૩
ઉડી જાતાં પ્રભાતે સહુ પંખીયાં,
એક તરૂવાસી નાના પ્રકાર; હેજે૦
પ્રેમ ભજી નરનારી પરભવ એકલાં,
માતા ઈહ ભવ સ્વારથીયો સંસાર. હે૦ મા૦ ૪
તાત કહે સુણ નંદન! એ તું શું કરે,
રૂષભાદિક પરણી સિદ્ધા જિનરાજ; હેજે૦
તેહ થકી ઉંચી પદવી કેમ પામશો રે,
કાંત્યું પીંજ્યું વિણસાડો છો આજ. હે૦ મા૦ ૫
નેમ કહે ક્ષીણ કરમ છે માહરે,
વિવાહે શ્યો આગ્રહ કરવો તાત; હેજે૦
કામિની કેરે સંગમ દુરગતિ પામીયે,
થાય વળી બહુ જંતુ કેરી ઘાત. હે૦ મા૦ ૬

એણે અવસર લોકાંતિક મલીયા દેવતા,
ધર્મ તીરથ વરતાવો જયજયકાર; હેજે૦
નેમ ગયા પાછા દેખી રાજીમતી,
લહી મૂર્ચ્છા સખી એ ચંદનના ઉપચાર. હે૦ મા૦ ૭
ચેત વલિ રોતી રાજુલ તે એમ કહે,
મુજને મેહલી શું ચાલ્યા મહારાજ; હેજે૦
કરૂણાયર મુજ ઉપર નાથ દયા કરી,
વીર કહે પાછા ઘેર આવો આજ. હે૦ મા૦ ૮

: ઢાલ–સત્તરમી :

(વિવેકી વિમલાચલ વસીયે—એ દેશી.)

આવો હરિવંશી જદુરાજા, રાખો જદુકુલની માજા;
જાદવ લોક જૂએ ઝાઝા, છોકરવાદી કરી ના જા. આવો૦ ૧
હા! જાદવકુલ ઠાકુરીયા, જગતશરણ! હા! ગુણ ભરીયા;
હા! કરૂણાયર! સુણ ઘલીયા, મને મેલી પાછા કિમ વળીયા. આવો૦ ૨
નિસ્નેહી તજતાં લાજ્જા, નિર્લજ્જ! નાવી કિમ લાજ્જા;
દેવ! કિહાં તેં એ કીધું, નિષ્ઠુર! મેં તુજ શું લીધું. આવો૦ ૩
દેવ પતિ અવલો કીધો, જીવિત શું મુજને દીધો;
રૂપ સમર બાણે છેદું, પ્રેમ રસે હૈડું ભેદું. આવો૦ ૪
સાન ને શુદ્ધ ગઇ વહેલી, ઘર ન ગમે હું થઇ ઘેલી;
મંદિરીયું ખાવા ધાશે, વાસર વરસ સમો જાશે. આવો૦ ૫
મુજ કંસાર નવિ ચાખ્યો, રહ્યો એવડો અંતર રાખ્યો;
જો અંતર હતો પહેલો, તો શું વિવાહ કર્યો વહેલો. આવો૦ ૬
કાઢો ઘેલાઇ એણે વેશે, મને સાહેલીઓ મેણાં દેશે;
નણદીરા વીર! સાંભલજો, સામલિયા પાછા વળજો. આવો૦ ૭

: ઢાલ–અઢારમી :

(સિદ્ધાચળ શિખરે દીવો રે—એ દેશી.)

તુમ નારી તણું દુઃખ દેખી હો કે, પાછા વલજો શામલિયા૦
નવિ જાશો અમ ઉવેખી હો કે, પાછા વલજો શામલિયા૦

મેહેલી જાશો આ વેશે હો કે, પા૦
મુને લોક તે ચુંટી લેશે હો કે. પા૦ ૧

તુમ હાંસી ને હું રોસી હો કે, પા૦
એહવો કુણ મલીયો જોશી હો કે; પા૦
શું હરણાં વચને લાગા હો કે, પા૦
જૂ કરડયે કુણ હોય નાગા હો કે. પા૦ ૨

એણે ચંદ્ર કલંકી કીધો હો કે, પા૦
સીતાને વિજોગ તે દીધો હો કે; પા૦
માહરો કર્યો રંગમાં ભંગ હો કે, પા૦
સાચું છે નામ કુરંગ હો કે. પા૦ ૩

સઘલા સિદ્ધની ભુગતારી હો કે, પા૦
મુગતિ ગણિકા ધૂતારી હો કે; પા૦
ધૂતારીશું કુણ મહાલે હો કે, પા૦
વેશ્યાએ ઘર કિમ ચાલે હો કે પા૦ ૪

કહે સખીયો બહેની સુણીયે હો કે, પા૦
કિમ નિસ્નેહી વર થુણીયે હો કે; પા૦
એ પ્રેમ તે હૈડું જ્વાલે હો કે, પા૦
પ્રેમ જ્ઞાનના ગુણને બાલે હો કે. પા૦ ૫

વર છાંડો એ વૈરાગી હો કે, પા૦
બીજો વર કરશું રાગી હો કે; પા૦

રાજીમતી કાનને ઢાંકી હો કે, પા૦
દૂર તજીયે વાત એ વાંકી હો કે. પા૦ ૬
કહે રાજુલ નેમને મેહેલી હો કે, પા૦
ન કરૂં બીજે સાહેલી હો કે; પા૦
હવે મન વૈરાગે વાલી હો કે, પા૦
રાજીમતી રામા બાલી હો કે. પા૦ ૭
સુણ પ્રીતમજી ગુણ રાતા હો કે, પા૦
તું અરથી જનને દાતા હો કે; પા૦
મોરી જાચના ભંગ તેં કીધો હો કે, પા૦
હાથ ઉપર હાથ ન દીધો હો કે. પા૦ ૮
પણ મેં મન નિશ્ચય કરીયો હો કે, પા૦
જો કર પર હાથ ન ધરીયો હો કે; પા૦
સંજમ લેશું પિયુ હાથે હો કે, પા૦
તવ હાથ મેલાવીશ માથે હો કે. પા૦ ૯
ઇમ રાજુલ રંગ ભર કહે છે હો કે, પા૦
નિજ સમતા ઘરમાં રહે છે હો કે; પા૦
રથ વાળી પંથ ચલાવ્યા હો કે, પા૦
કહે વીર પ્રભુ ઘર આવ્યા હો કે. પા૦ ૧૦

: ઢાલ-ઓગણીસમી :

(કાસ્યા વેસ્યા કહે રાગીજી, મનોહર મનગમતા—એ દેશી.)

હવે વરશીદાન તે દીધુંજી, જિનવર જયકારી૦
શ્રાવણ સુદી છઠ્ઠે લીધુંજી; જિનવર જયકારી૦
સહસાવન સંયમ ધારીજી, જિ૦ છઠ ભક્ત પ્રભુ અણગારીજી. જિ૦ ૧
પંચાવનમે દિનમાનજી, જિ૦ પ્રભુ પામ્યા કેવલજ્ઞાનજી; જિ૦
શિવસુંદરી વિવાહ કીધોજી, જિ૦ નિજ જ્ઞાનતિલક શિર દીધોજી. જિ૦ ૨

રાજુલ અમૃત દોય શોકયોજી,જિ૦અણમેલ્યે લગન દિન રોકયોજી;જિ૦
દોયને મેલ હોશે જ્યારેજી, જિ૦ શિવ વરશે જિનવર ત્યારેજી. જિ૦૩
એમ કવિ ઘટના ગુણ ખાણીજી,જિ૦ જિન જ્ઞાન વર્યા સુર જાણીજી;જિ૦
ઇંદ્રાદિક આવી વંદેજી, જિ૦ રચ્યું સમવસરણ આનંદેજી. જિ૦ ૪
કૃષ્ણાદિક વંદન આવેજી. જિ૦ રાજુલને હરખ ન માવેજી; જિ૦
પ્રભુ વાણી સુધારસ પીધીજી, જિ૦ દોય સહસે દીક્ષા લીધીજી.જિ૦૫
વરદત્ત આદિ નૃપ જાણોજી, જિ૦ પૂછે ત્રિહું ખંડનો રાણોજી; જિ૦
જે રાજીમતી વડભાગીજી, જિ૦ એવડી કિમ તુમચી રાગીજી, જિ૦ ૬
કહે શંકર સુણ હરિ તેહજી, જિ૦ મુજશું નવ ભવનો નેહજી;જિ૦
અમ્હે પડેલે ભવ સંસારીજી જિ૦ ધનરાજા ધનવતી નારીજી જિ૦૭
સૌધર્મે દેવા બીજેજી, જિ૦ નરનારી હુઆ ભવ ત્રીજેજી; જિ૦
નામ ચિત્રગતિ રત્નવતીજી, જિ૦ માહેંદ્રે અમર તે યુતિજી. જિ૦૮
અપરાજિત ને પ્રીતિમતીજી, જિ૦ આરણ્યે દેવા નેહ અતિજી; જિ૦
શંખરાય યશોમતી હિતેજી, જિ૦ ભવ આઠમે અપરાજિતેજી. જિ૦૯
નવમે હું રાજુલ એહજી, જિ૦ નવ ભવનો ભાખ્યો નેહજી; જિ૦
એમ કહી વિચરે જિનરાયજી, જિ૦ કહે વીર હરિ ઘર જાયજી. જિ૦૧૦

: ઢાલ-વીસમી :

(મુનિરાજ કહે સુણ વેસ્યા, હાવ ન ભાવ્યા રે—એ દેશી.)

સમવસર્યા જિનરાય, શ્રી ગિરનારે રે;
તવ વંદે હરિ પ્રભુ પાય, દુઃખડાં હારે રે. ૧
સાંભલી દેશના સાર, કેઇ પ્રતિબૂઝ્યા રે;
લહી એ સંસાર અસાર, કર્મશું જુઝ્યા રે. ૨
રાજસુતા બહુ સાથ, સંજમ લીધું રે;
કાંઇ રાજુલ નેમિહાથ, બોલ્યું કીધું રે. ૩

રહનેમિ પણ ત્યાંહિ, ચારિત્ર લીધું રે;
પણ એક દિન કંદરમાંહી, ચલચિત્ત કીધું રે. ૪
રાજીમતી પરતાપ, ધીરજ ધારી રે;
પ્રભુ પાસે આલોઇ પાપ, વરી શિવનારી રે. ૫
ઘરમાંહે સય ચાર, વરસ રહાણી રે;
વળી પાંચસેં રાજુલનાર, કેવલનાણી રે. ૬
સંજમ પાળી સાર, શિવસુખ ધરતી રે;
કહે વીર ધરી બહુ પ્યાર, ઇહનને મળતી રે. ૭

: ઢાલ–એકવીસમી :

(રસિયા કુંથુ જિનેસર કેસર બીની દેહડી રે લોલ—એ દેશી.)

રસિયા શિવનારીના સઘલા, પ્રભુના પરિકરા રે લોલ,
રસિયા એકાદશ ગુણવંત, સુહંકર ગણધરા રે લોલ;
રસિયા સહસ અઢાર અઢાર, શીલાંગ ધણી મુનિ રે લોલ,
રસિયા આણાધાર હજાર, ચાલીસ સાહુણી રે લોલ. ૧
રસિયા શ્રાવક અગણોતેર, સહસ લક્ષાધિકા રે લોલ,
રસિયા ત્રણ લાખ છત્રીશ, હજાર તે શ્રાવિકા રે લોલ;
રસિયા ત્રણસેં વરસ કુમાર, પણે ઘરમાં રહ્યા રે લોલ,
રસિયા ચોપન વાસર, છદ્મસ્થે એ લહ્યા રે લોલ. ૨
રસિયા દેસુણા સાતસેં વરસ, પ્રભુજી કેવલી રે લોલ,
રસિયા એક હજાર વરસ એ, સર્વાયુ મલી રે લોલ;
રસિયા સુદિ અષાડની આઠમે, રૈવતગિરિવરે રે લોલ,
રસિયા પાંચસેં છત્રીશ મુનિ, સાથે અણુસણ કરે રે લોલ. ૩
રસિયા એક માસી ઉપવાસે, પ્રભુજી શિવ ગયા રે લોલ,
રસિયા અવિચલ જોડી રાજુલશું, ભેલા થયા રે લોલ;

રસિયા મુગતિ મહેલમાં આત્મ,સ્વભાવિક ગુણ વર્યા રે લોલ,
રસિયા જન્મ જરા મરણાદિક, ભય ભવ નિસ્તર્યા રે લોલ. ૪
રસિયા પૂર્ણાનંદ વિલાસી, અરૂપી પદ વર્યા રે લોલ,
રસિયા અગુરૂલઘુ અવગાહ, અનંત ગુણે ભર્યા રે લોલ;
રસિયા ધ્યાન અગોચર ગોચર, જ્ઞાની ગંભીરને રે લોલ,
રસિયા મહેર કરીને શરણે, રાખો વીરને રે લોલ. ૫

: ઢાલ--બાવીસમી :

(અચિરાનંદન અરજ અમારી લાલ, પ્રભુ દિલમાં ધરજો રે--એ દેશી.)

મેં ઇમ નાથ, નિરંજન ગાયા લાલ, પ્રભુ ગુણ દિલ ધારી રે.
મલી જિમ ગોપીયે, હુલરાયા લાલ; પ્રભુ૦
પરણ્યા નહિ પણ, પ્રીતડી પાળી લાલ, પ્રભુ૦
અંતે વરીયા, શિવ લટકાળી લાલ. પ્રભુ૦ ૧
તપ ગુણ ગયણ દ્વિગુંદ સમાનો લાલ, પ્રભુ૦
શ્રી **વિજયસિંહસૂરિ** સન્નિધાનો લાલ; પ્રભુ૦
શિષ્ય તે **સત્યવિજય** ગુણગેહા લાલ, પ્રભુ૦
તસ **કપૂર ખિમાવિજય** સસનેહા લાલ. પ્રભુ૦ ૨
સેવક **જસવિજયો** જયવંતા લાલ, પ્રભુ૦
પંડિત શ્રી **શુભવિજય** મહંતા લાલ; પ્રભુ૦
તસ શિષ્યે ગરબી દેશીમાંહી લાલ, પ્રભુ૦
ગાયો **નેમવિવાહ** ઉછાંહી લાલ. પ્રભુ૦ ૩
નભ ભોજન ગજ ચંદ્ર ને(૧૮૬૦)વરસે લાલ, પ્રભુ૦
પોષ તણી વદિ આઠમ દિવસે લાલ; પ્રભુ૦
રાજનગરમાં શ્રાવક શોભે લાલ, પ્રભુ૦
ગુરૂ ઉપદેશે કુમતિ થોભે લાલ. પ્રભુ૦ ૪

વંશ શ્રીમાલી **અમીચંદ** નંદે લાલ, પ્રભુ૦
ઘરે જિન પૂજી ગુરૂ નિત વંદે લાલ; પ્રભુ૦
શાહ **પ્રેમચંદ** કહેણ ઉજમાલે લાલ, પ્રભુ૦
બાવીશમો જિન બાવીશ ઢાલે લાલ. પ્રભુ૦ ૫
થુણિયા **વીરવિજય** જયકારી લાલ, પ્રભુ૦
સુણશે ગાશે જે નરનારી લાલ; પ્રભુ૦
તસ ઘર મંગલમાલ રસાલા લાલ, પ્રભુ૦
વિમલા કમલા ઝાક ઝમાલા લાલ. પ્રભુ૦ ૬

શ્રી નેમિનાથ વિવાહલો સમ્પૂર્ણ.

(૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવનો.

(૧)

(રાગ—રામકલિ.)

અખીયાં હરખણુ લાગી, હમારી અખીયાં૦
દરીસણ દેખત પાસ જિણુંદકો, ભાગ્યદશા અબ જાગી. હ૦ ૧
અકલ અરૂપી ઓર અવિનાશી, જગજનને કરે રાગી. હ૦ ૨
શરણાગત પ્રભુ તુમ પયપંકજ, સેવના મુજ મન જાગી. હ૦ ૩
લીલા લહેર દે નિજ પદવી, તુમ સમ કો નહિ ત્યાગી. હ૦ ૪
વામાનંદન ચંદનની પરે, જે અછે મહાસોભાગી. હ૦ ૫
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન ધરંતાં, ભવભવ ભાવઠ ભાગી હ૦ ૬

(૨)

સકલ સદા ફલ રે, ચિંતામણિ સમો;
નવરંગ નારંગ રે, પાસ ભવિકા નમો. ૧

ૐ નમો ભાવે પાસ ધ્યાવે, નાથ શ્રી શ્રી ભગવતે,
ધરણેંદ્ર પદ્માવતી માયા—બીજ રાયા સંયુતે;
ૐ અટ્ટેય મટ્ટે ક્ષુદ્ર વિઘટ્ટે, ક્ષુદ્ર થંભય થંભયા,
વાજંતી ભુંગલ દૂરે મંગુલ, ચૂરે અષ્ટ મહા ભયા. ૨

આશા પૂરે રે, પાસ પંચાસરો;
શ્રી વરકાણો રે, પાસ શંખેશ્વરો. ૩

શંખેશ્વરો પ્રભુ પાસ થંભણ, ગોડી મંડણ નાહલો,
કલિકુંડ શ્રી નવખંડ એણે, જગે જાગતો જીરાવલો;
જાગતાં તીરથ હરો અનરથ, પાસ સમરથ તું ધણી,
હવે ચડો વ્હારે વિઘન ભય હરે, સારકર ત્રિભુવન ધણી. ૪

કુરૂ કુરૂ વંછિત રે, નવનિધિ સંપદા;
સ્વાહા પદશું રે, ટાળે આપદા. ૫

આપદા ટાળે રાજ્ય પાળે, પાસ ત્રિભુવન રાજીયો,
કલિકાલમાંહે પાસ નામે, મંત્ર મહિમા ગાજીયો;
દારિદ્ર ચૂરે આશ પૂરે, પાસ તું જગદીશ એ,
ચરણપ્રમોદ ગુરૂ શિષ્ય જંપે, પૂરો સંઘ જગીશ એ. ૬

(૩)

(શ્રી અરનાથજી સાંભળો—**એ દેશી**.)

પ્રાણથકી પ્યારો મને, પુરીસાદાણી પાસ;
આવ્યો તુજ મુખ દેખવા, પૂરો મુજ મન આશ. પ્રા૦ ૧

હવે મુજ તુમ મેળો થયો, નાવ નદી સંયોગ;
સેવક જાણી આપણો, દાખો નવ નવ રંગ. પ્રા૦ ૨

મેં પલ્લવ પકડ્યો ખરો, દાસ છું દીનદયાળ;
નાઠા ઇમ નવિ છૂટશો, સેવક જન પ્રતિપાળ. પ્રા૦ ૩

નિપટ કાંઇ કરી રહ્યા, આંગ્યો આડા કાન;
સેવક સમજી નિવાજજો, કીજે આપ સમાન. પ્રા૦ ૪
ભાગ્યવંત હું જગતમાં, નિરખ્યો તુમ દેદાર;
મોહન કહે કવિ રૂપનો, જિનજી જગત આધાર. પ્રા૦ ૫

(૪)

(જગપતિ નાયક નેમિ જિણંદ—**એ દેશી.**)

હિતકર પાસ જિનેસર દેવ, સેવ કરણ મન ઉલ્લસ્યો;
હિતકર ગુણનિધિ જગત દયાલ, દીઠો તિહાંથી દિલ વસ્યો. ૧
હિ૦ અવિહડ લાગ્યો નેહ, દેહ રંગાણી રાગશું;
હિ૦ પલક ન છોડ્યો જાય, સજ્જનતા ગુણ લાગશું. ૨
હિ૦ નિરગુણ દુરજન સાથ, રાગ રંગ રસ આચર્યા;
હિ૦ ક્ષણ સંયોગ વિયોગ, એકપક્ષી બહુ ભવ કર્યા. ૩
હિ૦ હવે તું મલિયો નાથ, સાથ ન છોડું તુમ તણો;
હિ૦ વીતરાગ અરિહંત, એક પખો પણ ગુણ ઘણો. ૪
હિ૦ ગંગા યમુના નીર, સ્નાને તરશ મલ પરિહરે;
હિ૦ દર્શન ફરસન તુઝ, ભવ મૃગતૃષ્ણા સંહરે. ૫
હિ૦ જાણો જગતના ભાવ, પ્રીત રીત મુઝ સવિ લહો;
હિ૦ રાગી રૂલે સંસાર, તો મુઝ સાધ્ય દિશા કહો. ૬
હિ૦ રાગ વિનાશી પ્રીત, પ્રીતિ ભક્તિયે સાંકલી;
હિ૦ ભક્તિ વશ્યે ભગવાન, ભક્તિ પ્રેમ ભાવે ભલી. ૭
હિ૦ પ્રેમ બન્યો તુમ સાથ, નાથ હૃદય ઘરમાં રમે;
હિ૦ વિશ્વંભર લઘુ ગેહ, ગજ દરપણુમાં સંક્રમે. ૮
હિ૦ અંતર વાત એકાંત, પ્રેમ મેલાવા નિત કરૂં;
હિ૦ શ્રી **શુભવીર** વિનોદ, નિરભય સુખ સંપદ વરૂં. ૯

(૫)

(જિન તેરે ચરનકી સરન ગ્રહું—એ દેશી.)

અબ ચલો દેખે પાસકુમાર,
ચુઆ ચુઆ ચંદન ઔર અગરકા, વિવિધ જાતિ ભરી થાળ. અબ૦ ૧
ચુન ચુન કલીયાં પંચ વરનકી, નીકી બની કુલમાળ. અબ૦ ૨
લે કીરતાલ બજાવે વીણા, ગુણ ગાવે સુરબાલ. અબ૦ ૩
રૂપ વિબુધનો **મોહન** પભણે. પારસ પ્રભુ દીનદયાલ. અબ૦ ૪

(૬)

(માતા ત્રિશલા નંદ કુમાર—એ દેશી.)

તારી મૂરતિનું નહિ મૂલ રે, લાગે મને પ્યારી રે;
તારી આંખડીએ મન મોહ્યું રે, જાઉં બલિહારી રે.
ત્રણ ભુવનનું તત્ત્વ લહીને, નિર્મળ તૂંહી નિપાયો રે;
જગ સઘળો નિરખીને જોતાં, તાહરી હોડકો નહિ આયો રે. લાગે૦ ૧
ત્રિભુવન તિલક સમોવડ તાહરી, સુંદર સુરતિ દીસે રે;
કોડી કંદર્પ સમ રૂપ નિહાળી, સુર નરનાં મન હીંસે રે. લાગે૦ ૨
જ્યોતિ સ્વરૂપી તૂં જિન દીઠો, તેહને ન ગમે બીજું કાંઇ રે;
જિહાં જઇએ ત્યાં પૂરણ સઘલે, દીસે તૂંહીજ તૂંહી રે. લાગે૦ ૩
તુજ મુખ જોવાને રઢ લાગી, તેહને ન ગમે ઘરનો ધંધો રે;
આળપંપાળ સવિ અળગી મૂકી, તુજશું માંડ્યો પ્રતિબંધો રે. લાગે૦ ૪
ભવસાગરમાં ભમતાં ભમતાં, પ્રભુ પાસનો પામ્યો આરો રે;
ઉદયરતન કહે બાંહ સાહીને, સેવક પાર ઉતારો રે. લાગે૦ ૫

(૭)

(મેરે સાહિબ તુમહી હો—એ દેશી.)

મુજ સરીખા બેવાસીને, પ્રભુ જો તૂં તારે;
તારક તો જાણું ખરો, જાડું મિરૂઇ શું ધારે? મુજ૦ ૧

સેવા સલામી નવિ ભરૂં, સીધી આણ ન માનું;
માહરી રીતિ પ્રીછો તમે, શું રાખીયે છાનું? મુજ૦ ૨
મહા મિથ્યાત્વ મેવાસમાં, વલી વાસ મેં કીધો;
ગુન્હી અને અકહ્યાગરો, નવિ ચાલું સીધો. મુજ૦ ૩
જે તેં વરજ્યા વેગલા, તે મેં આધા લીધા;
તુજશું બાંધી બાકરી, અન્યાયો મેં કીધા. મુજ૦ ૪
દ્વેષ ધરી તુજ ઉપરે, બીજાશું મલીઓ;
તુજ શાસન ઉત્થાપીને, પાખંડે વલીઓ. મુજ૦ ૫
છલ કરીને છ કાયની, તુજ વાડી વિણાશી;
છું અનાડી અનાદિનો, હું તો મોટો મેવાસી. મુજ૦ ૬
મેવાસીપણું મેલીને, આવ્યો તુજ ચરણે;
જો તારે તો તારજે, એહવે આચરણે. મુજ૦ ૭
વામાનંદન વંદતાં, ભવનું દુઃખ ભાગું;
ઉદયરત્ન કહે લળી લળી, પ્રભુ પાયે લાગું. મુજ૦ ૮

(૮)

(જગપતિ નાયક નેમિજિણંદ—એ દેશી.)

જિનપતિ શ્રી નવપલ્લવ પાસ, આશા પૂરણ સુરમણિ;
,, ધન્ય દિવસ મુજ આજ, પામ્યો હું સેવા તુમ તણી. ૧
,, હરિત વરણ તુમ દેહ, હરિ લંછન ચરણે રહ્યો;
,, હરિ સેવા કરે ખાસ, હરિ ભય તજી શિવસુખ ગ્રહ્યો. ૨
,, અશ્વસેન નૃપ નંદ, વામા માત ઉદર ધર્યો;
,, નયરી વારાણસી વાસ, નાથપણે સુરે શિર કર્યો ૩

,, તું તારક ભગવાન, કમઠ હઠી મદ ભંજણો;
,, સમકિતદૃષ્ટિ લોક, થોક તણા મન રંજણો; ૪
,, પામી કેવલ નાણ, મિથ્યાતિમિર દૂરે કરી;
,, તેત્રીશ મુનિ પરિવાર, સમેત શિખર શિવવધૂ વરી. ૫
,, પાસ જક્ષ કરે સેવ, શાસન સુરી પદ્માવતી;
,, પ્રભુ પદ **પદ્મ** નિવાસ, **રૂપવિજય** પદ ગાવતી. ૬

(૯)

(પ્રભુજી સુખકર સમકિત દીજે—**એ દેશી.**)

સમય સમય સો વાર સંભારૂં, તુજશું લગની જોર રે;
મોહન મુજરો માની લીજે, જયું જલધર પ્રીતિ મોર રે. સમય૦૧
માહરે તન ધન જીવન તૂંહી, એહમાં જૂઠ ન માનો રે.
અંતરજામી જગજન નેતા, તૂં કિહાં નથી છાનો રે. સમય૦૨
જેણે તુજને હિયડે નવિ ધ્યાયો, તાસ જનમ કુણ લેખે રે;
કાચે રાચે તે નર મૂરખ, રતનને દૂર ઉવેખે રે. સમય૦૩
સુરતરૂ છાયા મૂકી ગહરી, બાઉલ તલે કુણ બેસે રે;
તાહરી ઓલગ લાગે મીઠી, કિમ છોડાયે વિશેષે રે. સમય૦૪
વામાનંદન પાસ પ્રભુજી, અરજી ચિત્તમાં આણો રે;
રૂપ વિબુધનો **મોહન** પલણે, નિજ સેવક કરી જાણો રે. સમય૦૫

(૧૦)

(સાંભળજો મુનિ સંજમ રાગે—**એ દેશી.**)

પાસ પ્રભુ પણમું શિરનામી, આતમ ગુણ અભિરામી રે;
પરમાનંદ પ્રભુતા પામી, કામિત દાયક નામી રે. પા૦ ૧
ત્રેવીશમા ત્રિભુવનના નાયક, દૂર કર્યા ત્રેવીશા રે;
ટાળ્યા જિણે દંડક ચઉવીશા, કાઢયા કષાય પણવીશા રે. પા૦ ૨

લોહ કુધાતુકું કરે જે કંચન, તે પારસ પાષાણો રે;
નિરવિવેક પણ તુમચે નામે, એ મહિમા સુપ્રમાણો રે. પા૦ ૩
ભાવે ભાવનિક્ષેપે મિલતાં, ભેદ રહે કિમ જાણોરે;
તાને તાન મળે જો અંતર, એહવો લોક ઉખાણો રે. પા૦ ૪
પરમ સ્વરૂપી પારસરસશું, અનુભવ પ્રીત લગાઇ રે;
દોષ ટળે હોય દૃષ્ટિ સુનિરમલ, અનુપમ એહ ભલાઇ રે. પા૦ ૫
કુમતિ ઉપાધિ કુધાતુને તજીયે, નિરૂપાધિક ગુણ ભજીયે રે;
સોપાધિક સુખ દુઃખ પરમારથ, તે પામ્યે નવિ રંજીયે રે. પા૦ ૬
જે પારસથી કંચન સાચું, તેહ કુધાતુ ન હોવે રે;
તિમ અનુભવરસ ભાવે ભેટયો, શુદ્ધ સ્વરૂપે જોવે રે. પા૦ ૭
વામાનંદન ચંદન શીતલ, દર્શન જાસ વિભાસે રે;
જ્ઞાનવિમલ પ્રભુતા ગુણ પ્રગટે, પરમાનંદ વિલાસે રે, પા૦ ૮

(૧૧)

(વિમલ જિન દીઠાં લોયણ આજ—**એ દેશી**)

અસ્તિ સ્વભાવે આતમા રે, નાસ્તિ અપર સ્વભાવ;
અસ્તિ નાસ્તિ એકતા રે, એ સણ જડનો બનાવ;
પારસજિન! તૂં તારણ સંસાર. ૧
બંધ દેશ પ્રદેશમાં રે, આતમ રમણ અપાર;
અનંત અનંતી વર્ગણા રે, ભાસન જગદાધાર. પારસ૦ ૨
ઉપજે વિણસે કોણસેં રે, થિરતા કોણ વિચાર;
જો થિરતા ગુણ ઉપજે રે, પામે ગુણી ગુણ સાર. પારસ૦૩
નિજ સ્વરૂપે આતમા રે, નિરાવરણતા હોય;
અયોગી ગુણ સંપજે રે, સિદ્ધ અવસ્થા જોય. પારસ૦૪

તે સબ તુમરે નામસે રે, પામીયે પાસ દયાળ;
અમૃતકુશલ ગુરૂથી સદા રે, **કમલને** સુખ વિશાળ. પારસ૦૫

(૧૨)

(મનહું કિમહી ન બાઝે હો કુંથુ જિન—**એ દેશી.**)

મન મીઠડી મૂરતિ પ્યારી, વશિયા દિલ દિઠડી જ્યોતિ ઝગારી૦
નેક નજર કરી સાંઇ સલૂણા, સુણીએ અરજ હમારી; વ૦
ચરણ સરણ પ્રભુ પાસ હું આયેા, નેહ કરણ હુંશીયારી. વ૦ દિ૦ ૧
નેહ નવલ મેં પગપગ કીનેા, લીનેા પ્રેમ કટારી; વ૦
દીનેા ધન તન પ્રાન મેં અપનેા, પણ સવિ મિલિએ ગમારી. વ૦ દિ૦૨
નયન નચાવેં વચન હસાવેં, સ્વારથિયા સંસારી; વ૦
દેવી દેવા ભવ ભવ સેવ્યા, પૂરણ પ્રેમ વિચારી. વ૦ દિ૦૩
આદે સનેહી અંતે વિછેાહે, દેખત નેહ નિવારી; વ૦
પારસ નામા પૂરણ કામા, નેહકી રીત હે ન્યારી. વ૦ દિ૦૪
રંગ મજીઠમેં રાગ ભાગ હેં, ઘણુ કુટ્ટણ દુઃખ ભારી; વ૦
પણ વીતરાગશું રાગ કરંતાં, મણિ ફણિધર વિષહારી. વ૦ દિ૦૫
પારસ સંગે કંચન લેાહા, નેહ અચલ નિરધારી; વ૦
કહિએ મ દેશેા છેહ સનેહા, **વીરવિજય** જયકારી. વ૦ દિ૦૬

(૧૩)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવનેા. (૫)

(ચાલ ચાલરે કુમર ચાલ તારી, ચાલ ગમે રે—**એ દેશી**)

ચાલ ચાલ રે સહીયર ચાલ મુને, પાસ ગમેરે, શંખેશ્વર પાસ ગમે રે. ૧
આતમલીલા લચ્છી સાથે, જેહ રમે રે, શંખે૦ ૨
દેવ દાનવ રાય રાણા, આય નમે રે, શંખે૦ ૩

અંતરજામી સ્વામી સેંતી, પ્રીત જમે રે. શંખે૦ ૪
વચમાં આવી બોલે તે શું, રીસ ધમે રે. શંખે૦ ૫
સુરતરૂની છાયા છોડી તાવડે, કુણ ભમે રે. શંખે૦ ૬
ખીર ખાંડ ઘૃત પામી કુકસ, કોણ જમે રે. શંખે૦ ૭
ખિમાવિજય જિન ગેહ, મંગલગીતધુમે રે. શંખે૦ ૮

(૧૪)

(જગપતિ નાયક નેમિ જિણુંદ—**એ દેશી.**)

જિનવર! તૂંહી દેવાધિદેવ, વાંછિત પૂરણ સુરતરૂ;
જિનવર! તન્મય શુદ્ધ સ્વભાવ, આરાધ્યો સવિ અધહરૂ. જિન૦૧
જિનવર! અનંત અચલ અવિકાર, અજર અભયપદ અનુસરે;
જિનવર! રાગાદિ રિપુ હંતાર, વીતરાગ અભિધા ધરે. જિન૦૨
જિનવર! પૂરણ પ્રભુતાવંત, કંત હુઓ શિવવધૂ તણો;
જિનવર! આદિ અનંત જસ વાસ, જ્યોતિ ઝલામલ સુખ ઘણો. જિન૦૩
જિનવર! નામ ઠવણ દ્રવ્ય ભાવ, અધ્યાતમ ગુણથી લહે;
જિનવર! આકૃતિ અતિ નિર્વિકાર, ધ્યાતા ભેદજ્ઞાન ગ્રહે. જિન૦૪
જિનવર! પાશ રહિત જિન પાસ, તારક પ્રભુ ત્રેવીશમો;
જિનવર! શંખેશ્વર શિરદાર, ધીંગધવળ મુજ મન રમો. જિન૦૫
જિનવર! મહેર કરી મહારાજ, દ્યો દરિશણ સેવક ભણી;
જિનવર! અષ્ટાદશ પચવીશ, શુકલ તૃતીયા મૃગશિર તણી. જિન૦૬
જિનવર! ભક્તવત્સલ ભગવંત, સ્તવના ગુણરચના કરી;
જિનવર! લક્ષ્મીવિજય સુશિષ્ય, **જ્ઞાનવિજય** જયશ્રી વરી. જિન૦૭

(૧૫)

(ગિરૂઆરે ગુણ તુમ તણા—**એ દેશી.**)

પાસ પ્રભુ શંખેશ્વરા, મુજ દરિસણ વેગે દીજે રે;
તુજ દરિસણ મુજ વાલહું, જાણું અહનિશ સેવા કીજે રે. પા૦૧

રાત દિવસ સૂતાં જાગતાં, મુજ હૈડે ધ્યાન તુમારૂં રે;
જીભ જંપે તુમ નામને, તવ ઉલ્લસે મનડું મારૂં રે. પા૦૨
દેવ દીયે જો પાંખડી, તો આવું તુમ હજુર રે;
મુજ મન કેરી વાતડી, કહી દુખડાં કીજે દૂર રે. પા૦૩
તું પ્રભુ આતમ માહરો, તું પ્રાણ જીવન મુજ દેવ રે;
સંકટ ચૂરણ તું સદા, મુજ મહેર કરો નિત મેવ રે. પા૦૪
કમલ સૂરજ જેમ પ્રીતડી, જેમ પ્રીતિ જપૈયા મેહરે;
દૂર થકી તિમ રાખજો, મુજ ઉપરે અધિક સનેહ રે. પા૦૫
સેવક તણી એ વિનતિ, અવધારી સુનજર કીજે રે;
લબ્ધિવિજય કવિ પ્રેમને, પ્રભુ અવિચલ સુખડાં દીજે રે. પા૦૬

(૧૬)

(અડશો માં જો—**એ** દેશી.)

રહેને રહેને રહેને લીનો રહેને. પાસ શંખેશ્વર ધ્યાને, લીનો રહેને;
સમતારસ ગુણ પાને, લીનો રહેને.

મોહ મહીપતિ મદમત્તવાળો, સઘળે આણ મનાવે;
ધરમ નૃપતિનો એ મહાદ્વેષી, તસ પાસે મત જાવે. લીનો૦૧
રાગ દ્વેષ દોય સુભટ મલીને, જગમાં ધંધ મચાવે;
અહોરાત દિવસનો તૂં ભરમાયો, મૂરખ મરમ ન પાવે. લીનો૦૨
ચૌદ રાજકે ચોક વિચાલે, મમતા પાત્ર નચાવે;
મિથ્યામતિ મોટો નાટકીયો, કુમતિ મૃદંગ બજાવે. લીનો૦૩
સુમતિ નારી પિયુને પ્યારી, અરજ કરી સમજાવે;
કુમતિ ધૂતારી નિરગુણ નારી, કાહે કું બતલાવે. લીનો૦૪
પ્રભુ ગુણગણ સાંકળશું બાંધી, મન મરકટ વશ લાવે;
પ્રમોદસાગર કહે આતમ તૂંહી, તો અવિરત પદ પાવે. લીનો૦૫

(૧૭)

(મેરે સાહિબ તુમહી હો—એ દેશી.)

આજ સખી શંખેસરો, મેં નયણે નિરખ્યો,
દેખત પેખત પાસથી, જીવન મોરો હરખ્યો;
મનમોહન મોહી રહ્યો, જિન જોવા સરખો,
દેવ સવેમાં દીપતો, મેં પુન્યે પરખ્યો. ૧

પદ્માસન આસન ભલું, સિદ્ધવધૂય મિલાવે,
ભાલ સ્થલક દીપે ભલું, નાસાવંસ સુહાવે;
વદન શારદકો ચંદલો, ભવિયણ મન મોહે,
મસ્તક મુગટ સોહામણો, કાને કુંડલ સોહે. ૨

જે ભવિ ભાવે વાંદશે, તેહને શિવસુખ દેવે,
અલ્પસંસારી જે હોવે, તે પ્રભુને સેવે;
મેં તો સાહિબ પામીયો, હવે અવર ન ધ્યાઉં,
રાત દિવસ સૂતાં જાગતાં, ગુણ તોરા ગાઉં. ૩

પરચો પૂરે પરેપરે, અધિષ્ઠાયક દેવા,
ધરણેંદ્ર પદ્માવતી, કરે તોરી સેવા;
તુમ દીઠે દુઃખ વિસર્યું, મુજ દહાડો વલીયો,
ભવ અનંતનો ભય ટળ્યો, મોરો સાહિબ મલીયો. ૪

રાય રાણા આવી મળે, પ્રભુસેવા કાજે,
ભારે કરમી જે હોવે, તે દેવ દેખી લાજે;
શુભવિજય શિષ્ય વિનતિ, પ્રભુ સુણજો કહીયે,
લાભવિજય કહે ભવે ભવે, તુમ ચરણે રહીયે. ૫

(૧૮)

શ્રી ગોડી પાર્શ્વનાથ જિન સ્તવનો (૩)

(રાજગૃહી નગરીનો વાસી—એ દેશી.)

જય ગોડી પાસ જિણુંદા, પ્રણમે સુર નર નાગિંદા રે, જિનજી! અરજ સુણો.
શરણાગત સેવક પાળો, જગતારક બિરૂદ સંભાળો રે. જિનજી૦૧
તુમ સરખો અવર દીખાવો, જઇ કીજે તેહશું દાવો રે, જિનજી૦
વસુધાનો તાપ શમાવે, કુણ જલધર વિણ વનદાવે રે. જિનજી૦૨
નિરગુણ પણ ચરણે વળગ્યા, કિમ સરશે કીધા અળગા રે, જિનજી૦
પત્થર પણ તીરથ સંગે, જૂઓ તરતા નીર તરંગ રે. જિનજી૦૩
લીંબાદિક ચંદન થાય, લહી મલયાચલનો વાય રે, જિનજી૦
પામી પારસ સંયોગ, લોહ કંચન જાતિ અસોગ રે. જિનજી૦૪
ચેતન પારિણામિક ભવ્ય, તુમ્હ દરશન ફરશન ભવ્ય રે, જિનજી૦
જ્ઞાન ગોરસ ચરણ જમાવે, **જિનવિજય** પરમપદ પાવે રે. જિનજી૦૫

(૧૯)

(મેરે સાહિબ તુમહી હો—એ દેશી.)

પ્રભુશ્રી ગોડીચા પાસજી, આશ પૂરો કૃપાલ;
જગમાંહે જાણે સહુ, તુમ હો દીન દયાલ. પ્ર૦ ૧
બિરૂદ ગરીબ નિવાજનું, અશરણ આધાર;
પતિત પાવન પરમેસરૂ, સેવક સાધાર. પ્ર૦ ૨
ભૂત પ્રેત પીડે નહિ, ધરતાં તુમ ધ્યાન;
ગયવરના અસ્વારને, કહો કિમ અડે શ્વાન. પ્ર૦ ૩
એકતારી તુમ ઉપરે, દૃઢ સમકિત ધારી;
ભક્તવચ્છલ ભગવંતજી, કરો ભવજલ પારી. પ્ર૦ ૪

પાપ પડલ જાયે પરાં, વેદન વિસરાળ;
કહે **લાવણ્ય** તુમ નામથી, હોવે મંગલમાળ. પ્ર૦ ૫

(૨૦)

(અરિહંત નમો, ભગવન્ત નમો,—**એ દેશી.**)

સુણો સયણ એસે સાંઇ સલૂણે, ઘરી ઘરી મેરે દિલ આવે;
લાખ સોવન મેં દેઉં હજુરાં, ગોડીપાસ કોઇ દિખાવે. આંકણી૦

ચરણ શરણ હે તરણ ભવિકકું, કરણ ઠરણ હે શિવસુખકો;
હરણ વિઘન ઘન પવન ભરણ હે, ધરણ રૂપ હે શ્રી વૃષકો;
જગદાનંદ વિલોકત જમુના, જનક તેજકું હઠાવે-સુણો૦૧

કાશી વણારશી ગંગ સુરંગી, અશ્વસેન અમ્મા વામા;
જોવન જોર ઘોરસેં ભોગી, કુંવર હે પારસ નામા;
આપહી સોખેં ગોખમેં બેઠે, પાત્ર લોકકું નચાવે-સુણો૦૨

નવ નવ ભારી વેશ સમારી, જાતે જિન જનતા દેખી;
જિને બોલાયા કહે દરિદ્રી, બંભન સુખી દુનિયા પેખી;
કમઠ નામ તાપસ ભઇ તુમ વન, પંચાગ્નિ તનુ તપાવે-સુણો૦૩

ઉનકું નમન પૂજન જન ખુસીસેં, જાતે જવ પ્રભુ સુણીને;
બલ હલકારી ભઇ અસવારી, દેખન જન આયા મુણીને;
બડે લકડેમેં નાગહી જલતા, દેખી કમઠકું બોલાવે-સુણો૦૪

સુન હો તપસી કયા તુમ જપસી, જીવદયા વિણ ફલ નાવે;
ક્રોધી કમઠ કહે અશ્વ બોલાવો, ધરમ બાત તુમ કયોં આવે;
સાંઇ હુકમ સેવકજન તામેં, હેલા મુણી ફણિ નિકસાવે-સુણો૦૫

નાગ સુનત હે સેવક મુખસેં, સાંઇ દિલાયા નવકારા;
ક્રોધી કમઠ હુઓ મેઘમાલી, નાગ ધરણેંદ્ર અવતારા;
વરશીદાન વરસી લહી દીક્ષા, ધ્યાન લહેર કાઉસ્સગ્ગ ઠાવે-સુણો૦૬

સોઇ સુરાધમ નાણુ નિહાલી, વિકુર્વે અંધકાર ઘટા;
પ્રભંજન ભંજન ગિરિ તરૂઆં, ગીરદ બોહોત બની વિકટા;
ઉત્કટ કટક ગગન ગરજનસે, ટુહૂક ટુહૂક શિખી ટહૂકાવે–સુણો૦૭

દાવ ઝાલ ઝરકે વિજરીયાં, બાદરીયાં જલબુંદ છટા;
સાંયું કે શિર મુસલધારા, યોં બરસાવે મેઘઘટા;
ધ્યાન અચલ પ્રભુ ચંડ પવનસેં, મેરૂ કહો કયોં કંપાવે–સુણો૦૮

ધરણુરાય પદ્માવતી આયે, જળ નાસાપે જલ આયે;
ઉવસગ્ગ ટાર્યો દેવ હકાર્યો, પાર્શ્વ ચરણ સરણ આયે;
નાટક દેખત ધરણુરાયકો, મેઘમાલી સમકિત પાવે–સુણો૦૯

કેવલ લહી વિહરી શિવમંદિર, અગુરૂ લઘુ ગુણ નિપાયા;
ગોડી પાસ સોઇ રૂપ નિહાલી, જે વંદે મન વચ કાયા;
શ્રી **શુભવીરવિજય** સુર મંજરી, અંબ લેહેરીયાં સુખ પાવે–સુણો૦૧૦

(૨૧)

શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિન સ્તવન.

(પાસ શંખેશ્વરા સાર કર સેવકા—એ દેશી.)

ભીડભંજન પ્રભુ ભીડ ભાંજે સદા, નહિ કદા નિષ્ફલા નાથ સેવા;
ભવિજન ભાવશું ભજનમાંહિ લીજે, પરમપદ સંપદા તખત લેવા
ભીડભંજન૦ ૧

કાશી વાણારશી જનપદ પુર જયો, વામા અશ્વસેનસુત વિશ્વદેવો;
સેઢી વાત્રક તટે એટકપુર તપે, કલ્પની કોડી કિરપાલ જીવો.
ભીડભંજન૦ ૨

ભીડ ભવભીતિ ભાવઠ સવિ ભંજણો, ભકતજન રંજણો ભાવે ભેટયો;
આજ જિનરાજ શુભ કાજ સાધન સવે, મોહરાજા તણો માન મેટયો.
ભીડભંજન૦ ૩

કોડી મન કામના સુજશ બહુ ઠામના,સુખ સવિ ધામના આજ સાધ્યા;
મંગલમાલિકા આજ દીપાલિકા, મુજ મનમંદિરે મોદ વાધ્યા.
ભીડભંજન૦ ૪

પાઠકે ઠાઠમેં જ્ઞાતિ વદી આઠમે, સત્તર અઠ્ઠોત્તરે પાસ ગાયો;
ઉદય નિજ દાસની એહ અરદાસ સુણો,હિત ધરી નાથજી! હાથ સાહો.
ભીડભંજન૦ ૫

(૨૨)

શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિન સ્તવન.

(જગપતિ, નાયક નેમિજિણંદ—એ દેશી)

પ્રભુજી પાસ પંચાસર દેવ, દેવસયલમાં દીપતો;
પ્રભુજી ગ્રહગણ ચંદની કોડી, સહસ કિરણ પેર જીપતો. ૧

પ્ર૦ ધર્મધ્વજા ધર્મચક્ર, આકાશે વહે દેવતા;
પ્ર૦ અણહુંતે એક કોડી, ચાર નિકાયના સેવતા. ૨

પ્ર૦ દેવ કરે છંટકાવ, સુરભિ જલે મહીમંડલે;
પ્ર૦ કનક કમલ ઠવે પાય, અતિશય મહિમા કોણ કલે? ૩

પ્ર૦ વાધે ન નખ ને કેશ, ગયણે ગાજે દુંદુભિ;
પ્ર૦ જાનુ પ્રમાણે વૃષ્ટિ, પંચવરણ કુલ સુરભિ. ૪

પ્ર૦ કાંટા ઉંધા થાય, વૃક્ષ નમે સુવિચક્ષણા;
પ્ર૦ પવન છ ઋતુ અનુકુળ, પંખી દીયે સુપ્રદક્ષિણા. ૫

પ્ર૦ રૂપ્ય કનક મણિ વપ્ર, રત્ન સિંહાસન ઉપરે;
પ્ર૦ બેસી અશોકની છાંય, છત્ર ચામર સુરવર ધરે. ૬

પ્ર૦ ચઉમુખ ચઉવિધ ધર્મ, ભાંખે ચઉ ગતિ વારવા;
પ્ર૦ અક્ષય લીલ અનંત, અનુભવ સંપદ આંપવા. ૭

પ્ર૦ વરસે દેશનાધાર, સજલ જલદ સમ દેહડી;
પ્ર૦ ભાવિક હૃદય આરામ, પાલ્હવે સમકિત વેલડી. ૮

પ્ર૦ પાટણલોક પવિત્ર, પરભાતે દર્શન કરે;
પ્ર૦ મોહન મુદ્રા દેખી, ભાવ અવસ્થા સાંભરે. ૯
પ્ર૦ પરમપુરૂષની સેવ, પામી અવરને કુણ નમે;?
પ્ર૦ ખીર ખાંડ ઘૃત છાંડી, આકસ કુકસ કોણ જમે? ૧૦
પ્ર૦ કલ્પાંકુર ઉવેખી, આક ધતુરો કુણ વપે?
પ્ર૦ મૂકી તુમારી સેવ, હરિ હર બ્રહ્મા કુણ જપે? ૧૧
પ્ર૦ પુત્ર કલત્ર પરિવાર, વિદ્યા સુખ જસ સંપદા;
પ્ર૦ તુમથી પરમ વિલાસ, શિવરમણી રમણે સદા. ૧૨
પ્ર૦ ગુણઆગર ભગવાન, નાગર જન ચરણે નમે;
પ્ર૦ આકર નજર નિહાળ, જેમ સંસારે નવિ ભમે. ૧૩
પ્ર૦ પાટણ રહી ચોમાસ, સત્તર એકાણું સંવચ્છરે;
પ્રભુજી સ્તવીયો પંચાસર પાસ, **ક્ષમાવિજય જિન** સુખકરે. ૧૪

(૨૩)

શ્રી કોકા પાર્શ્વનાથ જિન સ્તવન.

(સંભવ જિનવર વિનતિ—એ દેશી.)

કોકો કામિત પૂરણો, કલિ કલ્પદ્રુમ સમાન રે;
લંછન મિષે માગે ફણિ, લોભિત અધિકો દાન રે. કોકો૦ ૧
રાખ્યો બળતી આગથી, મુજ વિષધરને દેવ રે;
દાયક બીજો કોણ છે, જેહની કીજે સેવ રે. કોકો૦ ૨
જ્ઞાનરયણ સમતા જલે, સાયર ભૂમિ લુઠંત રે;
તેજ પ્રતાપ પ્રકાશથી, રવિ આકાશ અટંત રે. કોકો૦ ૩
પૂરણ સકલ નિઃકલંકતા, નિત્યોદય મુખકાંતિ રે;
લાજ્યો વિધુ લાંછન ધરી, નાઠો ગયણ ભમંત રે. કોકો૦ ૪

સંથવ ચાલે હંસલો, હાર્યો માનસ જાય રે;
નીલ વરણ નવ કર તનુ, મરકત મણિ લજ્જાય રે. કોકો૦ ૫
અનોપમ અંગ નિહાળીને, અનંગ થયો ગતરૂપ રે;
કેવલધર પણ કિમ કહે, પ્રભુનું અકલ સ્વરૂપ રે. કોકો૦ ૬
પાટણમાં પુણ્યાત્મા, પૂજે શ્રાવક લોક રે;
ઋિમાવિજય જિન પેખતાં, હરખે માનવથોક રે. કોકો૦ ૭

(૨૪)

શ્રી નારંગપુર પાર્શ્વનાથ જિન સ્તવન.

(વિહરમાન ભગવાન—એ દેશી)

શ્રી નારંગપુર પાસ પધારો દેહરે,
પાટણ નગર મઝાર સુશોભિત પરિકરે;
ઉજ્વલ દેવલમાંહિ જિણંદ બિરાજતો,
સિદ્ધશિલાની ઉપરે સિદ્ધ જયું છાજતો. ૧
નીલવરણ તનુ શુકલધ્યાન ધારા મલી,
ચંદ કિરણ સમ દેહ તિણે થઇ નિરમલી;
ચૂઆ ચૂઆ ચંદન કેસર મૃગમદ ઘન ઘસી,
ભાવે સુરનર નારી પ્રભુ પૂજે ઘસી. ૨
પંચ વરણ શુચિ કુલ ગલે માલા ઠવી,
પંચાચાર સુરૂપ અનુપ બની છવી;
ધૂપઘટી ઘનશ્યામ કુમત અપયશ ગયો,
શ્રી જિનશાસન ભાસન ઘૃતદીપક જયો. ૩
આહારરહિત વાંછાયે નીર નિવેદશું,
શિવપદ ફલ સંકેત ફલાદિક મોદશું;
જ્ઞાનાદિક ત્રિક આંશ ધરી અક્ષત ઠવે,
મધુર સ્વરે બહુ ભાવ સહિત કાવ્યે સ્તવે. ૪

સ્વર્ગવિમાન સમાન ભુવન જિનરાજનો,
સત્તર બાણું એ વત્સર દિન અખાત્રીજ તો;
અમરદાસને રાજ્ય દેવલ શિર ધ્વજ ચઢ્યો,
પટણી સંઘનો યશ આકાશે જઈ અડ્યો. ૫

માદલનો ધોંકાર અંબર ગાજી રહ્યો,
જૈનધર્મ જશવાદ સુપર્વ ગાયન કર્યો;
ઉત્તમ વિમલ જગીશ કૃપા જિનરાજથી,
શાસનવાસન દેવ! દેજો મુજ આજથી. ૬

પાસે ગૌતમ ગણધાર સુખાકર પાદુકા,
સત્યમુનિ પરિવાર શિવશ્રી કામુકા;
ધરણવીર પદ્માવધ પાસે સેવે સદા.
ક્ષિમાવિજય જિન નામ મંગળમાળા સદા. ૭

(૨૫)

શ્રી મનમોહન પાર્શ્વનાથ જિન સ્તવન.

(તુજ મુખ સામું નિરખતાં, મુજ લોયણ અમીય ઝરંતાં હો,
શીતલ જિનવરજી—એ દેશી.)

શ્રી મનમોહન સ્વામી, સૂણો વિનતિ કહું શિરનામી હો;
સાહિબ! અરજ સૂણો.
તૂં દીન દયાલ કહાવે, મુજ કરૂણા તો કિમ નાવે હો. સા૦૧
પંચેંદ્રિ પાંચ પાડોસી, તિણે લીધો સઘળો લૂસી હો; સા૦
ક્રોધાદિક ચાર જે ચોર, તે તો નિશદિન દીયે દુઃખ જોર હો. સા૦૨
નિદ્રા વિકથા દોય દાસી, મોહ ભૂપતિ કેરી ખાસી હો; સા૦
તિણે હું બહુવિધ નડીયો, તૃષ્ણા બેડીમાંહે જડીયો હો. સા૦૩
શુભ કર્મવિવરથી આજ, ભેટ્યો તૂં ત્રિભુવનરાજ હો; સા૦
ધરી આશ આયો હું ચરણે, કરી સેવક રાખો શરણે હો. સા૦૪

હરિહર બ્રહ્માદિક દેવા, હવે ન કરૂં તેહની સેવા હો;
કુણ કુકસાની કરે હેવા, જે પામ્યા મીઠા મેવા હો. સા૦૫
પાટણમાં પુન્યે મળીયો, અણચિંત્યો સુરતરૂ ફળીયો હો; સા૦
વામા રાણીના જાયા, પ્રભુ ધ્યાનભુવનમાં આયા હો. સા૦૬
શ્રીઋિમાવિજયગુરૂરાયા, જિનજિત નિશાણ ગજાયા હો. સા૦૭

(૨૬)

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિન સ્તવન.

(વંદના વંદના વંદના રે—એ દેશી.)

પાસકી પાસકી પાસકી રે, વારી જાઉં ચિંતામણિ પાસકી;
નરક નિગોદમેં મહાદુઃખ પાયો, ખબર લીની નહિ દાસકી રે. વારી૦૧
ભમત ભમત તોરે ચરણે આયો, દ્યો સેવા પદવાસકી રે. વારી૦૨
બાલ હું મૈં તુમ કેડ લગ્યો અબ, તેરી સુરત પર આસકી રે. વારી૦૩
દિલમેં રમત તૂં દિલકી જાણે, નરક તિર્યંચ નિવારકી રે. વારી૦૪
અખય ચિદાનંદ અમૃત લીલા, દેઈ કરો ગુણ રાસકી રે. વારી૦૫

(૨૭)

શ્રી ભાભા પાર્શ્વનાથ જિન સ્તવન.

(શાસનનાયક શિવસુખદાયક જિનપતિ મારા લાલ—એ દેશી)

જ્ઞાનાગર અરિહા શંભુ નિરીહા જાણીએ, સાહેબજી.
કર્મ રૂપ ગાભા પાવક આભા માનીએ; સાહેબજી.
જાણી બહુ લાભ જિનવર ભાભા પાસને, સા૦
સેવો બહુ યુક્તિ દેવે મુક્તિ દાસને. સા૦ ૧
વરીયા શિવરામા નંદન વામા માતનો, સા૦
સુવિ સાધ્વસ ટાલ્યો કુલ અજુઆલ્યો તાતનો; સા૦

હૃદયાંતર વામા જેહથી કામા ઉપજે, સા૦
તજી તેહને ફરે આણંદપુરે શ્રી ભજે. સા૦ ૨

દાનલાભોપભોગાંતરાયગલોગા તેં તજ્યા, સા૦
અનંતઅનંતા ગુણ ભગવંતા તેં ભજ્યા; સા૦
દુગંછારતિ ને હાસ્ય રતિ ને શોક રે, સા૦
તેં ભય સવિ ભાર્યા પાર ઉતાર્યા લોક રે. સા૦ ૩

કંદર્પ મિથ્યાતો અજ્ઞાનત્રાતો ટાલિયો, સા૦
તેં અવિરતિ નિદ્રા દેખી છીદ્રા ટાલિયો; સા૦
રાગ દ્વેષ પ્રચંડ મસ્તક દંડ તેં દહ્યા, સા૦
પણ ધરી શુભ રોષા અડદશ દોષા જે કહ્યા. સા૦ ૪

દેવ દર્શન વાસે કલ્પક પણાસે દાસના, સા૦
ચોર તમ તેય નીઠે ગોઇન દીઠે ત્રાસના. સા૦
ભવિ હૃદય વહીને કર્મ દહીને શિવ લહ્યા, સા૦
તો જિન દુઃખવારક ભજવલતારક કિમ કહ્યા. સા૦ ૫

પણ સત્ય એ વાચા તારક સાચા ઇણિપરે, સા૦
અંતર્ગત વાયે કૃતિ વનમાંહી નિસ્તરે; સા૦
હુવે કાર્ય શુભંકર જો હૃદયાંતર ઉતરો, સા૦
નિધિ જ્ઞાન અખયના વીરવિજયના ઇશ્વરો. સા૦ ૬

(૨૮)

શ્રી જિન મૂર્તિ પૂજા વિધાયક શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

દુહા

પંચ પરમેષ્ઠિ પ્રણમી કરી, સ્તવશું પાસ જિણંદ;
જસ સમીપે સેવા કરે, પદ્માવતી ધરણિંદ. ૧

દેવા સુર નર જ્યોતિષી, ગ્રહ ગણ તારા ચંદ;
જક્ષ રક્ષ નાગેન્દ્ર મુનિ, સવિ ચોસઠે ઇંદ્ર. ૨
અશ્વસેન કુલ ચંદલો, વામા કુક્ષિ રતન્ન;
પાસ કુમર જેણે જનમીયા, પ્રણમું તે ધનધન્ન. ૩
ચોસઠ ઇંદ્ર આવી કરી, લેઇ જાય સુરગિરિ શૃંગ;
સોવન રૂપા ને રતન મય, કળશ કરે મનરંગ. ૪

: ઢાલ-પહેલી :

(દેશા—ચોપાઇની)

આઠ સહસ ને ચોસઠ કલશ, ખીરનીર ભરીયા અતિસરસ;
અનુક્રમે સુરવર કરે સનાત, જંબૂદ્વીપ પન્નતિ વિખ્યાત. ૧ ૫
અગર ચંદન કુસુમે મહમહે, સમકિત દૃષ્ટિ તે વિધિ લહે;
દીપ મનોહર કરે આરતી, ભાખે સ્તોત્ર દેવી નાચતી. ૨-૬
ઇંદ્રે માય પાસ જિન ઠવ્યા, અશ્વસેન મહોત્સવ માંડીયા;
દાન પુન્ય દેવ પૂજા કરે, સિદ્ધારથ શ્રાવકની પરે. ૩ ૭
દિન દિન વાધે જોવન સિરિ, પ્રભાવતી કુમરી તવ વરી;
ત્રીશ વરસ સેવા ગૃહવાસ, પછી સંયમ લેવા ઉલ્લાસ. ૪-૮

: ઢાલ-બીજી :

(જિન જન્મ્યાજી, જિણવેલા જનની ઘરે—એ દેશી.)

શ્રી પાસ જિનજી, દાન દીયે સંવત્સરી,
એક કોડીજી, આઠ લાખ દિનદિન ખરી;
વર વરીયેજી, જનજન જે કાંઇ માગતા,
તિહાં દીજેજી, તેહ તણે મન ભાવતા. ૧-૯

ભાવતા દીજે પુન્ય કીજે, કાજ સીઝે લોકના,
ચોસઠ ઇંદ્ર આવી મલ્યા તિહાં, દીક્ષા મહોત્સવ નાથના;
આઠ સહસ ચોસઠ કળશે, ન્હવણ જિનને કીજીએ,
સમકિત ધારી સુરનરા તે, ભકિત લ્હાવો લીજીયે. ૨–૧૦

વણારસીરે, નગરીએ મહોત્સવ અતિ ઘણા,
મળ્યા સુરનરરે, પાર ન જાણું તેહ તણા;
રાજલક્ષ્મીરે, અંતેઉર સહુ પરિહરે,
સંયમશ્રીરે, ત્રણસેં કુમર સાથે વરે. ૩–૧૧

ધરીય સંજમ મોહભંજન, કર્મ આઠે ખળભળે,
દિવસ ત્યાસી તપ અભ્યાસી, કેવલજ્ઞાને ઝળહળે;
ત્રિહું જ્ઞાન ધારક સુરપતિ આવે, ગાયે વાયે રણઝણી,
દેવ કોડાકોડ લેખે, કરે ભકિત સ્વામી તણી. ૪–૧૨

જોયણ ભૂમિરે, કચવર સઘળો ટાલીયે;
ગંધોદકેરે, છાંટી ભવ અજુઆલીયે;
જલ થલનારે, ફૂલપગર તિહાં પૂરીયે,
કૃષ્ણાગરૂરે, ધૂપ ભલા ઉખેવીયે, ૬–૧૩

થાપી સોવનમય સિંહાસન, બેઠા પાસ જિન શોભતા,
ત્રણ છત્ર શિર ઉપર સોહે, ચામર ઢાળે દેવતા;
નરવર આવે વાંદવા, કે પૂજવા ભાવે કરી,
અંગ ચોથે ઘણી રચના, જોજો મતિ સૂધી કરી. ૬–૧૪

જિન જીવતારે, જિનની પૂજા ઇમ કરે,
તો શ્રાવકરે, દેવપૂજા કેમ પરિહરે;
શ્રી વીરનારે, માતપિતા પૂજા કરે,
કલ્પસૂત્રેરે, જોજો જન મન વિસ્તરે. ૭–૧૫

વિસ્તરે જે જે અંગ સમમે, આણંદ સમકિત ઉચ્ચરે,
અન્ય તીર્થિ દેવ ગુરૂ તેણે, ગૃહી વ્રતમાં પરિહરે;
જિન શાસન દેવ ગુરૂજનની, તેહમાં ભક્તિ આદરે,
સાધુ જનની અશન પાને, ભક્તિ તે ભલી પરે કરે. ૮–૧૬

શ્રી ઉવવાઇરે, સૂત્રમાંહી અંબડ કહું,
વ્રત બારે રે, સમકિત મૂધું ગ્રહી રહું;
નવિ કલ્પે રે, અન્ય દેવ ગુરૂ વાંદવા,
મુજ કલ્પે રે, અરિહંત પ્રતિમા વાંદવા. ૯–૧૭

વાંદવા કલ્પે સાધુ જનને, તીર્થ જાત્રા તે સહી,
જંઘાચારણ વિદ્યાચારણ, તપ લબ્ધિ શ્રમણે લહી;
તે જઈ નંદીશ્વર મેરૂ પર્વત, દેવ વંદે તિહાં તણા,
ભગવતી માંહી એહ અક્ષર, દેવ વંદે ઇહાં તણા. ૧૦–૧૮

તે પ્રતિમારે, રતનમયી રૂપે જાણીયે;
જંબૂદ્વીપ રે, પ્રજ્ઞપ્તિ માંહી વખાણીયે,
અંગ દશમ રે, ચૈત્ય વૈયાવચ્ચ તિહાં કહ્યું,
મોક્ષ કારણે રે, સાધુ જને ઉપદેશીઉં. ૧૧–૧૯

ઉપદેશ શ્રી વીતરાગ કેરો, ભાવ પૂજા સાધુને,
દ્રવ્ય પૂજા ભાવ પૂજા, દુવિધ ભાંખી શ્રાદ્ધને;
છેદ ગ્રંથમાં એહ અક્ષર, કુમતિ મતિ કોઇ મત કરો,
ૐ નમો શ્રી પાસ જિનજી, કુમત જગમાં પરિહરો. ૧૨–૨૦

શ્રી નેમીશ્વર રે, વારે જગમાંહી જાણીએ,
એક ઇલપુર રે, જિન પ્રાસાદ વખાણીયે;
જિન પ્રતિમા રે, જિન ઘરમાંહિ દીપતી.
રાય દ્રુપદ રે, ધુઆ દ્રૌપદી પૂજતી. ૧૩–૨૧

પૂજતી પ્રતિમા છઠ્ઠે અંગે, સંસાર સુખ માગે નહિ,
અરિહંત ભગવંત તરણ તારણ, મુક્તિ સુખ માગે સહી;
નારદ આવ્યે વિનય ન કરે. અવિરતિ જાણી કરી.
એણે લક્ષણ જાણીયે તે, શ્રાવિકા સૂધી ખરી. ૧૪-૨૨

જૂઓ ભગવતી રે, તુંગીયા નગરી શ્રાવક ઘણા,
શ્રી મહાવીરરે, સમવસર્યા શ્રવણે સુણ્યા;
તવ જ્ઞાતારે, કયબલિ દેવપૂજા કહી.
વીરવંદનરે, જાયે ભાવ ઘણે સહી. ૧૫-૨૩

ભાવ સૂધે સાધુ સાધ્વી, સામાચારી જે લહી.
ગુરૂને પૂછી જાય દેહરે. કલ્પસૂત્રમાંહે કહી;
શ્રીઠાણાંગે ચાર સાચાં, વીર વચને વખાણીયે.
નામ સ્થાપના દ્રવ્ય ભાવે, દેવ એણીપરે જાણીયે. ૧૬-૨૪

અંગ પંચમેરે, ગૌતમ પૂછયે વીર કહે,
ચમરેંદ્રરે, સોહમે જાવા કિમ લહે;
શરણાગતરે, અરિહંત કે પ્રતિમાતણું,
કે સાધુનુંરે, ભાવિત આત્મા જે ઘણું. ૧૭-૨૫

ઘણું ધન હુએ ન્યાય મારગે, શ્રાવક જન તે શું કરે,
ભક્તિપદનો કરૂં વિવરો, નવે થાનકે વાવરે;
જિનભવન જિન બિંબ અનુપમ, પૂજા પ્રતિષ્ઠા અતિભલી,
સિદ્ધાંત પુસ્તક સંઘ ભક્તિ, તીર્થયાત્રા નિરમલી. ૧૮-૨૬

અતિ નિર્મલીરે, પહેલી પૂજા ઇમ કરે,
ભલે મુહૂરતેરે, કૃપણપણું તિહાં પરિહરે;
તે નક્ષત્રરે, ગણિવિજજા પયન્ને કહ્યા,
શ્રી પાસ જિનરે, ગીતારથતા એ લહ્યા. ૧૯-૨૭

લહી ઋદ્ધિ સૂરીયાભ સરખી, સબલ શક્તિ તણા ધણી,
સત્તર ભેદે કરે પૂજા, રાયપસેણી માંહી સુણી;
મોક્ષ સુખ હિત ખેમકારિણી, સબલ પરભવ કાજને,
કર જોડી મસ્તકે કહે નમુથ્થુણં, વંદે જઇ જિનરાજને. ૨૦-૨૮

શ્રી વીરની રે, મધુરવાણી દેશના સુણે,
કરજોડી રે, સેવા કરતો ધમ ભણે;
હું સૂર્યાભરે, સમકિતી કે મિથ્યામતિ,
આરાધક રે, કે હું કહોને જગપતિ. ૨૧-૨૯

જગપતિ બોલે સુણરે સૂરીયાભ, મિથ્યામતિ તુજને નહિ,
સમકિતધારી તું આરાધક, મારી આજ્ઞા છે સહી;
તિહાં અતિહી હરખી માગી અનુમતિ, કરે નાટક ભક્તિથી,
જૂએ વિજય દેવે કરીય પૂજા, જીવાભિગમ સૂત્રથી. ૨૨-૩૦

છએ આવશ્યક રે, સાધુ શ્રાવકને જાણીયે,
તિહાં સૂત્રોરે, ગણધર કીધાં વખાણીયે;
અરિહંત ચેઇએરે,સવ્વલોએ અરિહંત વાંદતા,
ફલ માગે રે, જે હુએ પ્રતિમા પૂજતાં. ૨૩-૩૧

પૂજી પ્રતિમા જિનભવનમાં, શ્રાવકજન હુએ રીઝતા,
ગીત ગાયે કરે નાટક, સ્વામિના ગુણ ભાવતા;
નંદિસૂત્રે એહ અક્ષર, સંઘ જિહાં વખાણીયે,
એ સાચી હુંડી સૂત્ર કેરી, અર્થ પરંપર જાણીયે. ૨૪-૩૨

અનુયોગદ્વારે રે, પરંપરા જિનવર કહી,
પરંપરા વિણરે, જ્ઞાન દર્શન ચારિત્ર નહિ;
પરંપરાએ રે,યતિધર્મ ગૃહીધર્મ પાલીયે,
ભવિકજના રે, કુમતિ કદાગ્રહ ટાલીયે. ૨૫-૩૩

ટાળી પ્રમાદને કરો સેવા, ગાઓ ગુણ શ્રીપાસના,
ચોર અરિ જલ જલણ વિસહર, રોગ આવે પાસ ના;
ભૂત ભૈરવ જક્ષ રાક્ષસ, કુગ્રહ પીડા નવિ કરે,
નવ ઋદ્ધિ વૃદ્ધિ દેવનાં સુખ, મુક્તિ સુખ અનુક્રમે વરે. ૨૬-૩૪

ભલી પામી રે, સદ્‌ગુરૂની મેં વાસના.
કરી વિનતિ રે, ગુણ ગાયા શ્રીપાસના;
મુજ ફલીયેા રે, ચિંતામણિ ને સુરતરૂ,
ત્રેવીસમેા રે, પામ્યેા પાસ જિનેસરૂ. ૨૭-૩૫

જિનેસર શ્રીમહાવીરનું, શાસન સંપ્રતિ જાણીયે,
સહસ એકવીશ વરસ સીમા, તિહાં લગે એ વખાણીયે;
જયવંત **શ્રી વિજયદાનસૂરિ**, તપાગચ્છમાં મુનિવરૂ,
પંડિત **શ્રીકરણ** શિષ્ય **તેજપાલ**, જયો પાસ જિનેસરૂ. ૨૮-૩૬

(૨૪) શ્રી મહાવીર જિન સ્તવનો.

(૧)

(રાગ-વસંત)

હોરી કે ખેલે ગુમાન કે, વીરજી કે આગે ગુમાન કેસો;
ગુમાન ગુમાનકી ઠોર, ભગતિમેં ગુમાન કેસો?
દશ વૈમાનિક વીશ ભુવનવઈ, બત્રીશ વ્યંતર ઇંદ્ર;
ચંદ્ર સૂરા દોય દોય કર જોડી, પ્રણમંત પય અરવિંદ. ભગતિ૦૧
દેવ અસુર વ્યંતર જ્યોતિષ વધૂ, ખેચર ભૂચર નારી;
નાચતી માચતી પ્રભુ ગુણ રાચતી, ગાવતી ગીત ધમાલ. ભગતિ૨
ચોસઠ સહસ ગજરાજ ઘટાસેં, સુરપતિ શિસ નમંતા;
માન તજી દશાર્ણ નરેસર, સંયમલીન સહંતા. ભગતિ૦૩

ઇત ગણધર ઇત કેવલી મુનિવર, સુયધર લબ્ધિ મહંત;
ઇત સાહુણી ચંદનબાલાદિક, બિચમેં વીર ભદંત. ભગતિ૦૪
સાપ શિખી મૃગ ચિત્તર કરિ હરિ, ઉંદર ઓતુ મિલંત;
વાઘણ સુરભિ મહિષ તુરંગમ, જાતિકો વેર તજંત. ભગતિ૦૫
જિનવાની પીચકારી ભારી, દુરનય તાલ કંસાલ;
ઉજ્જવલ અબીર સુવિધિકી રચના, અનુભવ લાલ ગુલાલ. ભગતિ૦૬
દુવિધ ધરમ કેસરીયા વાઘા, ધરમધ્યાન વર છાય;
ખિમાવિજય જિન ત્રિશલાનંદન,દીયે શિવફગુઆ આય. ભગતિ૦૭

(૨)

(નવરણની પૂજા રે, નિરમળ આતમા રે—**એ દેશી.**)

રૂડી ને રઢીયાલી રે, વીર તારી દેશના રે;
એ તો ભલી જોજનમાં સંભળાય,સમકિત બીજ આરોપણ થાય. રૂડી૦૧
ષટ્ મહિનાની રે ભૂખ તરસ શમે રે, સાકર દ્રાખ તે હારી જાય;
કુમતિ જનના મદ મોડાય. રૂડી૦૨
ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે, માંહી ભલી સપ્તભંગી વિખ્યાત;
નિજ નિજ ભાષાએ સહુ સમજાત. રૂડી૦૩
પ્રભુજીને ધ્યાતાં રે શિવ પદવી લહેરે,આતમ ઋદ્ધિનો ભોક્તા થાય;
જ્ઞાનમાં લોકાલોક સમાય. રૂડી૦૪
પ્રભુજી સરીખા હો દેશક કો નહિ રે,એમ સહુ **જિન** ઉત્તમ ગુણ ગાય;
પ્રભુ પદપદ્મને નિત્ય નિત્ય ધ્યાય. રૂડી૦૫

(૩)

(તપ કરીએ સમતા રાખી ઘટમાં—**એ દેશી.**)

વીર હમણાં આવે છે મારે મંદિરીએ,મંદિરીએ રે મારે મંદિરીએ વીર૦
પાય પડી હું તો ગોદ બીછાઉં, નિત નિત વિનતડી કરીયે. વીર૦ ૧

સ્વજન કુટુંબ પુત્રાદિક-સહુને, હરખે ઇણિ પરે ઉચ્ચરીએ. વીર૦૨
જબ આંગણે પ્રભુ વીર પધારે,તવ વત્સ! સન્મુખ ડગ ભરીયે. વીર૦૩
સયણાં સૂણો પ્રભુ પડિલાભીજે, તો ભવિ ભવસાયર તરીયે. વીર૦૪
અપ્રતિબદ્ધપણે પ્રભુ વીરજી, ઘર ઘર ભિક્ષાએ ફરીએ. વીર૦૫
અભિનવ શેઠ તણે ઘર પારણું, કીધું ફરંતાં ગોચરીએ. વીર૦૬
ભાવના ભાવતાં જીરણ શેઠજી,દેવદુંદુભિ સૂણી ચિત્ત ભરીએ. વીર૦૭
બારમા કલ્પનું બાંધ્યું આયુષ,**જિન ઉત્તમ** વીર ચિત્ત ધરીએ.વીર૦૮
તસ પદ **પદ્મની** સેવા કરતાં, સ્હેજે શિવસુંદરી વરીયે. વીર૦૯

(૪)

છદ્મસ્થ કાલમાં કરેલી તપશ્ચર્યાને વર્ણવતું શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન.

(સિદ્ધારથના રે નંદન વિનવું—એ દેશી.)

ગૌતમસ્વામી રે મુખ દિએ નિરમમી, માગું એક પસાય;
શ્રી મહાવીરે રે જે જે તપ કર્યા, તેહનો કહું રે વિસ્તાર,
વલી વલી વંદું રે વીરજી સોહામણા, શ્રી જિનશાસન સાર. ૧

ભાવઠ ભંજણ સુખકરણ સહી, સેવ્યાં સદ્ગતિ થાય;
નામ લીયંતાં રે સવિ સુખ સંપજે, પાતક દૂર પલાય. વલી૦૨

બારે વરસે રે વીરજીએ તપ કર્યો, ને વલી તેર જ પક્ષ;
બે કર જોડી રે સ્વામિને વિનવું, આગમ દે છે રે સાખ. વલી૦૩

નવ ચોમાસી રે વીરજીની જાણવી, એક કર્યો ષટ માસ;
પાંચે ઉણા રે છ વલી જાણીયે, બારે એકેક માસ. વલી૦૪

બહોંતેર પાસખમણ જગ દીપતા, છ દોય માસ વખાણ;
ત્રિન અઢાઇ રે બે દોય દોય કિયા, દોય દોઢ માસ તે જાણ. વલી૦૫

ભદ્ર મહાભદ્ર સર્વતોભદ્ર જાણીયે, દો ચઉદશ દિન હોય;
તેમાં પારણું રે વીરજીએ નવિ કર્યું, એમ સોલે દિન હોય. વલી૦૬
ત્રણ ઉપવાસે રે પડિમા બારમી, કીધી બારે વાર;
દોસેં બેલા રે વીરજીના જાણવા, ઓગણત્રીસ ઉદાર. વલી૦૭
નિત નિત ભોજન વીરજીએ નવિ કર્યું, ન કર્યો ચોથ અહાર;
થોડા તપમાં રે બેલો જાણીયે, તપ સઘલો ચોવિહાર. વલી૦૮
મનુષ્ય તિર્યંચ દેવે જે દીયા, પરિષહ સહ્યા અપાર;
બે ઘડી ઉપર નિદ્ર નવિ કરી, સાડાબાર વર્ષ મોઝાર. વલી૦૯
ત્રણસેં પારણાં રે વીરજીનાં જાણવાં, ને વલી ઓગણપચાસ;
એમ કરી સ્વામી કેવલ પામીયા, થાપ્યું તીરથ સાર.[1] વલી૦૧૦

(૫)

શ્રી વસંતોત્સવે મહાવીર જિન સ્તવન.

(મોહ મહિપતિ મહેલમેં બેઠે—એ દેશી.)

ચોદ સહસ મુનિ વણીજ વેપારી, ત્રિશલા સુત સત્થવાહ; લલના૦
અટવી ઓલંધી નિગોદ અનાદિ, સંસાર સમુદ્રે જૂએ રાહ.
નરભવમાં દીઠા નાથજી હો–આંકણી૦ ૧
જનમ મરણ બહુલાં જલ ખારાં, ક્રોધાદિક પાતાલ; લલના૦
સાત વ્યસન મચ્છ કચ્છ અટારા, ચિંતા વડવાનળ કેરી જાલ. નર૦ ૨
મોહાવર્ત્ત ગતિ પરવાહા, બંધ કર્મનો છોલ; લલના૦
કર્મઉદય કલસાને પવને, સંયોગ વિયોગાદિ કલ્લોલ. નર૦ ૩
ચારિત્ર નાવા તરણ સભાવા, સમકિત દર્શન બંધ; લલના૦
જિનઆણા સઢ દોર ચઢાયા, સંવરે કીધી જિહાં સંધ. નર૦ ૪

[1] કર્ત્તાનું નામ મળ્યું નથી.

જ્ઞાન ધ્રુતાગે પવન તપ રૂડો, વૈરાગી શિવ પંથ; લલના૦
પ્રભુ નિર્યામક દેખી ચઢીયા, શીલાંગમાલશું નિર્ગ્રંથ. નર૦ ૫

ધર્મધ્યાન ધ્વજ ચાર ફરૂકે, જહાજ તે ચાલ્યાં જાય; લલના૦
રહ્યા રતન દ્વીપ સોવન દ્વીપે, કોઇ નિર્યામક સાથે થાય. નર૦ ૬

સાયર તરિયા તીરે ઉતરીયા, ચઢિયા ઘાટ જિણંદ; લલના૦
ચરમ ખપક શ્રેણિ શિર ભૂમિ, ઉજ્જવળ પાયા દોય ચંદ. નર૦ ૭

યોગ રોધ શૈલેશી ટાણે, ફરસી ચરમ ગુણઠાણ; લલના૦
પંચાસી રણીયા રણ ઘેર્યા, વેર્યાં છે જિમ તમ ભાણ. નર૦ ૮

જિમ એક નગરે છે એક રાજા, રાણી ઘણી છે તાસ; લલના૦
બાવીસ નંદન એક અપમાની, રાણી છે મંત્રી કેરે પાસ. નર૦ ૯

રાણી સભર્ગા પુત્ર જનમીયો, પામ્યો યૌવન વેશ; લલના૦
વંછિત વર વરવા નૃપ બેઠી, રાધાવેધ માંડ્યો એક દેશ. નર૦૧૦

મંદ મતિ બાવીસ કુમરશું, પહોતા રાજા ત્યાંહ; લલના૦
મૂરખ બાવીસ બાણ ન લાગ્યો, ભાગ્યો છે રાજનો ઉછાહ. નર૦ ૧૧

મંત્રી નજરથી તે લઘુપુત્રે, સાધ્યો રાધાવેધ; લલના૦
રાજકુમરી વરી તે રાજકુમરે, બાવીસ ગયા તે કરતા ક્રોધ. નર૦૧૨

તિમ પ્રભુ ચરમ સમય દુગ પહેલે, ક્ષય કર્યા બહોંતેર; લલના૦
શિવરમણી પરણી જિનરાજે, ભાંજે ચરમ સમે તેર. નર૦ ૧૩

ગુણ અનંત વસંત ઋતુએ, કાલે નવિ પલટાય; લલના૦
શ્રીશુભવીર પ્રભુ ગુણ સમરી, અમરી ભમરી લળકંતી ગાય. નર૦૧૪

(૬)

શ્રી મહાવીરસ્વામિ જિન પંચકલ્યાણક સ્તવન.

દુહા.

ગુરૂકમ પંકજ ભ્રમર જ્યું, સંસેવી ત્રિક યોગ;
ગિર ગુણ પણતીસ સહ મહા-વીર સ્તવું ગતરોગ. ૧

सदा वन्दिता बुद्धिमद्भिः कवीन्द्रैः,
प्रणम्याशु तां भारतीं तीर्थनाथम् ।
त्रिधा वीरवीरं सुराद्रिरकम्पत्,
स्तविष्येऽहमप्यैन्द्रवृन्दैः स्तुतस्तम् ॥ २ ॥

ભરત અનુપમ રાજતું, જિહાં જિનવર ચોવીશ;
વીર જિણંદ જિહાં થયા, કીધા ભવ સગવીશ. ૩

ग्रामेशस्त्रिदशो मरीचिरमरो, षोढा परिव्राट् सुरः ।
संसारो बहु विश्वभूतिरमरो, नारायणो नारकी ॥
सिंहो नैरयिको भवेषु बहुश-श्चक्री सुरो नंदनः ।
श्रीपुष्पोत्तरनिर्जरोऽवतु भवा-द्वीरस्त्रिलोकीगुरुः ॥ ४ ॥

: ઢાલ-પહેલી :

(નિરખ્યો નેમિ જિણંદને, અરિહંતાજી—એ દેશી)

પ્રાણત ત્રિવિષ્ટપ વસી, સુસનેહાજી૦
શ્રીપુષ્પોત્તર ઠામ રે; શુચિદેહાજી૦
દ્વાદશ અષ્ટ અયર તણું, સુ૦ જીવિત ભોગવી સ્વામ રે. શુ૦ ૧
શુચિ સિત ષષ્ઠી વાસરે, સુ૦ ચવીયા જગદાધાર રે; શુ૦
ક્ષત્રિયકુંડ નયરપતિ, સુ૦ જંબૂ ભરત મોઝાર રે. શુ૦ ૨

સિદ્ધારથ નૃપ કંતયા, સુ૦ ત્રિશલા ગર્ભોત્પન્ન રે; શુ૦
સ્વપ્ન ચતુર્દશ સા તદા, સુ૦ ધુર હરિ દીઠ વદન્ન રે. શુ૦ ૩
અંગ સ્વપ્ન સ્વર ભૂમિ, સુ૦ વ્યંજન લક્ષણ જાણ રે; શુ૦
ઉત્પાત અંતરીક્ષ તે, સુ૦ ગ્રહ ઉદયાસ્ત વિનાણ રે. શુ૦ ૪
એ અષ્ટાંગ નિમિત્તિયા, સુ૦ કહે ચકી જિનદેવ રે; શુ૦
ધન્ન મધુ સિત તેરશે, સુ૦ જનમ્યા અરિહા દેવ રે. શુ૦ ૫
ધમ્માદિક સાતે ભુવિ, સુ૦ અનુક્રમે તામ ઉદ્યોત રે; શુ૦
રવિ શશી તિમ આભ ગ્રહ્યા, સુ૦ ગ્રહ રિખ તારક જ્યોતિ રે. શુ૦ ૬
જન્મ ને દીક્ષા કેવલે, સુ૦ ત્રિણ કલ્યાણકે હોય રે; શુ૦
ચઉવીસ જિનવર ચરિતમાં, સુ૦ પ્રગટાક્ષર એ જોય રે. શુ૦ ૭
છપ્પન દિગકુમરી મલી, સુ૦વિભુ સૂતિ ગેહ વ્યધાય રે; શુ૦
શુભ હર્ષોત્કર્ષે તદા, સુ૦ આવી ઠવે જિનમાય રે. શુ૦ ૮
અષ્ટવરગ વજી મલી, સુ૦ ત્રિદશાદ્રિ સ્નપયંત રે; શુ૦
વર્ધમાન નામે હુઆ, સુ૦ વક્ત્ર વિધુ સિત દંત રે. શુ૦ ૯

: મરહઠી-છંદ. :

જિનરાજ નમીજે સૌખ્ય વરીજે, જસ મુખ સુવિશદ ચંદ,
હરિરાજ કટીવ કટી તટિ લંકં, અંક હરિ હરિ વૃંદ;
નત વન્ન હરિ હરિ તેજસિ તલ, હરિ તીસ શરદ સુખકંદ,
લોકાંતિક આવે વીર વધાવે, જય જય ત્રિશલાનંદ. ૧

: ઢાલ-બીજી :

(સ્થુલિભદ્ર કહે સુણ બાલા રે—એ દેશી)

લોકાંતિક વયણ રસાલાં રે, સુણી જ્ઞાનત્રિકે સમયાલાં રે;
દેઇ વર્ષીદાન દયાલા રે, ક્રોડિ અઠ્યાસી ત્રિસયાલા રે. ૧

લાખ અયસી વસ્વરમાલા રે, સવિ કંચન લેને લાલા રે;
માગશર વદિ દશમે વ્હાલા રે, છઠ્ઠ ભક્ત જિણુંદ તપાલા રે. ૨

કૃત બ્રાત શિબિકા રૂઢાલા રે, સુરતરૂ પરે વીર રૂપાલા રે;
દુશ્રવન સમસ્ત મુદાલા રે, સુરવૃંદ ઘણી તસ બાલા રે. ૩

દેવ દુંદુભિ ભેરી વજાલા રે, સુણી આવે પુરની બાલા રે;
કેઇ સ્વગલ્લયો કનજલાલા રે, સ્નાતાદ્ધાંગ કાચન બાલા રે. ૪

દૃગ રસના વિશ્લથ વાલા રે, ગ્રહી ઓતુ ઠવી ઘર બાલા રે;
જિન આસ્ય હિમાંશુ વિશાલા રે, રમણી નર નેહ નિહાલા રે. ૫

દમ્ભોલીશ કંતા મુદાલા રે, જ્ઞાતનંદન ગીત રસાલા રે;
ચાલે કેઇ હસ્ત ધજાલા રે, મુખ બોલે મંગલિક માલા રે. ૬

કેઇ ચાલે કટિ લટકાલા રે, ચલે અગ્રત પુરૂષ હસાલા રે;
ભૂતમોદ કરે કેઇ ચાલા રે, ધૃત હસ્ત કેઇ કંસતાલા રે. ૭

તુરગારૂઢ ભટ કરભાલા રે, લક્ષાધિક પુરૂષ યુધાલા રે;
રૂપવંત રસિક રઢિયાલા રે, મતવાલા ને મુછાલા રે. ૮

ચલે આગલ તેજી તેજાલા રે, દ્વિપ મદ ઝરતા સુંઢાલા રે;
વિભુ અગ્રત ધાવત પાલા રે, સવિ શોભિત ઝાક ઝમાલા રે. ૯

કેઇ ચાલે નર ઘંટાલા રે, મુખ નેત્ર સહસ્રની માલા રે;
અશોક તરૂ અશોકાલા રે, ગ્રહી દીક્ષા વીરે અકેલા રે. ૧૦

ઘન ઘાતિ કર્મને બાલા રે, તવ કેવલનાણ વિશાલા રે;
ઇંદ્રાદિક સુર ગુણ માલા રે, જય જય **શુભવીર** કૃપાલા રે. ૧૧

કસાગર છંદ.

જય જિનવર નાણી, સર્વ સુપર્વ જાણી,
રચિત ગઢ ત્રયાણી, વિશ્વ વિખ્યાત વાણી;

ભવિ વનજ સુહાણી, પંચત્રિંશદ્ ગુણાણી,
અરથ સહ વખાણી, અગ્રતઃ વક્ષમાણી. ૧

: ઢાલ—ત્રીજી :

(સીમંધર તુજ મિલને દીલમેં રહ લગી તારજી—એ દેશી.)

ગુણ ગણ અંગ ગવેખી, વીર શાંત રાગ રૂચિ દેખી રે;
ચિત્તડો હલ રહ્યો અરિહાજી૦
સમ કરોન્નત દેહા, ક્ષીરાશ્રવ ભવિ રસ ગેહા રે. ચિત્તડો૦ ૧
અલગા ભવસુખ કંદી, ગૌતમ ગુરૂ અમૃતાનંદી રે, ચિત્તડો૦
પણતીસ ગુણયુત વાણી, કહું વિવરી વીર કહાણી રે; ચિત્તડો૦
અર્ધમાગધી ભાખી, સંસ્કારવત્વ તે દાખી રે. ચિત્તડો૦ ૨
ઇંદ્રાદિક ઉંચ ભાગે, હોઇ વાણી ઔદાત્ય સુરાગે રે; ચિ૦
શબ્દ કઠોર રહિતા, તે કહી ઉપચારપરીતા રે. ચિ૦ ૩
ગાજે જ્યું પડછંદાઇ, સહ તે પ્રતિનાદ વિધાઈ રે; ચિ૦
સુગમ શબ્દ સહિતા, વાણી દાક્ષિણ ઉપનીતા રે. ચિ૦ ૪
રાગત્વ તે કેશિક, માલવાદિ રાગ દેશિક રે; ચિ૦
ગૌરવ અર્થ સહિતા, ગિર તે મહાઅર્થ પ્રતીતા રે. ચિ૦ ૫
પૂર્વાપરાર્થ અણાધી, વાણી અવ્યાહત સાધી રે; ચિ૦
મારગી સર્વ જે સત્ત્વ, સમ્મત અર્થે શિષ્ટત્વ રે. ચિ૦ ૬
અથવા શિષ્ટ તે ભાખી, હોઇ વક્તાને નિરદોષી રે; ચિ૦
પ્રાગ્ સંશય દૂષણ ટાળે, તે અસંશય નામ ઉદારે રે. ચિ૦ ૭
પર દૂષણ નિવારી, નિરાકૃતાન્યોત્તર પ્યારી રે; ચિ૦
તે હૃદયંગમતાઇ, સવિ શ્રોતા ચિત્ત મુદ દાઇ રે. ચિ૦ ૮
અન્યોન્ય અર્થ સાપેક્ષા, પૂર્વાપર મિથ સાકાંક્ષા રે; ચિ૦
પ્રસ્તાવોચિત જિન પ્યારે, દ્રવ્ય ક્ષેત્રાદિક અનુસારે રે. ચિ૦ ૯

ક્ષમા કર જસવંતો, શુભ કેવલનાણ અનંતો રે; ચિ૦
વીરની દેશના સારી, શ્રવણામૃત ઘન નરનારી રે. ચિ૦ ૧૦

: ઢાલ—ચોથી :

(શાસન નાયક શિવસુખદાયક જિનપતિ મારા લાલ—એ દેશી.)

દેશન ક્લેશન કલ્ક નિવેશન સિદ્ધિની, પ્યારા લાલ૦
જે સુણશે તે લેશે સિરી સમૃદ્ધિની; પ્યા૦
મેઘ ગંભીર ઘોષત્વ તે સવિ સુખ કાજની, પ્યા૦
મેઘ પરે ગભીર ગિરા જિનરાજની. પ્યા૦ ૧

સૂત્ર ઉવવાઇ સાખે લક્ષણ તસ વરા, પ્યા૦
કંઠ વિવર વર્તુલ તેણે ગંભીર ગિરા; પ્યા૦
તત્ત્વનિષ્ઠતા તેહ એકાંત વયણ નહિ, પ્યા૦
નય ગમ ભંગ પ્રમાણ પ્રવર્તે જિન કહી. પ્યા૦ ૨

અપ્રકીરણ પ્રસ્તુતત્વ અરથ વિસ્તારતા, પ્યા૦
અ સ્વ શ્લા ઘા ન્ય નિ દ્વિતા સ મતા ગતા; પ્યા૦
નિજશંસા પરનિંદ રહિત દેશન દીયે, પ્યા૦
ધન ધન એ વીતરાગને નિત નિત વંદીએ. પ્યા૦ ૩

અભિજાત્ય ઉત્થાપી ન શકે નિરૂપમી, પ્યા૦
ચિત્તરસ ઉદ્દીપ વાણી પ્રાણી ચિત્ત ગમી; પ્યા૦
અતિસ્નિગ્ધમધુરત્વ એ જાણી ગુણલતા, પ્યા૦
સર્વને પ્રશંસવા યોગ્ય તે વાણી પ્રશસ્યતા. પ્યા૦ ૪

પર રહ દોષ અસૂચક અમર્મવેધિતા, પ્યા૦
ઇષ્ટ અરથ સંપૂર્ણ ઔદાર્ય અખેદિતા; પ્યા૦
ક્ષય ઉપશમ ધારાએ ધર્મને સાધતી, પ્યા૦
ધર્માર્થપ્રતિબદ્ધ ગુણાંકિત વાધતી. પ્યા૦ ૫

કારક લિંગ ત્રિકાલ વચન અવિરોધિકા; પ્યા૦
કારકાદ્યવિપર્યાસ ભવિ પ્રતિબોધિકા; પ્યા૦
શ્રોતા સંશય છેદ મોહ હેતુક નહિ, પ્યા૦
વિભ્રમાદિ ગત ગિર વીર ત્રિગડે કહી. પ્યા૦ ૬

: ઢાલ–પાંચમી :

(ધન ધન જિન વાણી—એ દેશી.)

મુજ ઉતકંઠા જિન ગુણ ગાવા, દેશના ભવજલ નાવા રે;
જય જિનવર વાણી૦
સુરદ્રુ પીયૂષ સમાણી રે. જય૦
ચિત્રકૃતા ગિર મુજ મન પ્યારી, સકલને આશ્ચર્યકારી રે. જ૦ ૧
અદ્‌ભુત તે વિખ્યાદ વિદારે, દુઃખ ઉદ્વેગ નિવારે રે;
ધન જ્યું અખંડ સ્વભાવિક તામો, આણુપાણુ ન વિસામો રે. જ૦ ૨
અનતિવિલંબિતનો ગુણ એહો, સુણુશે ધન તસ દેહો રે;
બહુ અલંકાર વિચાર સહિતો, અનેક જાતિ વિચિત્તો રે. જ૦ ૩
સહુ નિજ નિજ અભિપ્રાયને લેખે, આરોપિત વિશેષે રે; જ૦
ધર્મ વિષે ઉચ્છાહ વધારે, સત્ત્વ પ્રધાન ઉદારે રે. જ૦ ૪
જે સુણી ભવ લહે બંધિખાનો, તે પણ સત્ત્વ પ્રધાનો રે; જ૦
નિર્દુષ પદ વચ વર્ણ સહિતો, વર્ણ પદ વાકય વિવિકતો રે. જ૦ ૫
અસ્તોવ્યસ્તજ અરથ રહિતા, અવ્યુચ્છિત્તિ વિદિત્તા રે; જ૦
શ્રમ હેતુક ભવિને નવિ હોવે, અખેદિતા તે જોવે રે. જ૦ ૬
એ પાંત્રીશ ગિરા ગુણ છાજે, સંશય ભાંજે રે; જ૦
કેવલ દંસણ નાણ વિલાસી, તું નહિ જગનો આશી રે. જ૦ ૭
પોટિલ સુલસા રેવતીબાઇ, શતક દ્રઢાયુ ઉદાયી રે;
બાંધ્યા નવ જિન પદવી ઉલ્લાસો, શ્રેણિક શંખ સુપાસો રે. જ૦ ૮

દીનોદ્ધાર તે નામ ધરાવો, તો કિમ [illegible] રે– ૨૪૨૧
જો નવ ઉત્તમ જિનવર કીજે, તો મુઝ કાંઇક દીજે રે. જ૦ ૯
સુમ ઘન દાતા શશી ગુણ દેવે, મોટા સમચિત્ત જોવે રે;
સાહિબ કરજો **શુભ** શિવભાગી, **વીર** વિભુ વીતરાગી રે. જ૦ ૧૦

: ઢાલ-છઠ્ઠી :

(સનેહી સંત એ ગિરિ સેવો—એ દેશી)


મહાવીર વશી વીતરાગી, ગુણ ગાતાં શુભ મતિ જાગી;
યોગ ક્ષેમંકર જિન ત્યાગી, તુમશું અવિહડ લય લાગી.
મહોદય જ્ઞાનમાં સુવિલાસી, સવિ લોકાલોક પ્રકાશી. મ૦ ૧
સુરનરની પરષદ તરસી, ઘનસમ શ્રુત વાણી વરસી;
ભટ મોહ દુકાલ તે ડરસી, મન ઠરશી ભવિ ચિત્ત હરસી. મ૦ ૨
એક જીવ ઉદ્ધરતા સુધી, પાગીયે અતુલ પુન્યબંધી;
બહુ જીવ તર્યા જિન ગંધી, પણ જિન નિરણાનુબંધી. મ૦ ૩
જિન ચરમ ચોમાસું જાણી, દેશન રસિયા કેઇ પ્રાણી;
નૃપ રાજ્ય તજી ભજી વાણી, સવિ સંકંદન ઇંદ્રાણી. મ૦ ૪
અપાપાયે દેશના વરસી, સોલ પ્રહર તે અમૃત સરસી;
ગુણઠાણુ અંતિમ ફરસી, શિવ પૂર્વ પ્રયોગોત્કર્ષી. મ૦ ૫
અમાવાસ્યા કાર્તિક ભાલી, નિશિ ચાર ચરમ ઘડીયાલી;
જણ વરીયા શિવ લટકાલી, તવ પ્રગટી લોક દીવાલી. મ૦ ૬
દ્વિજને પ્રતિબોધન આત, શ્રવણે સુણી ગૌતમ વાત;
વીતરાગનું ચિંતન થાત, લહ્યું કેવલનાણ વિભાત. મ૦ ૭
બાર વરસ પુહવી વિચરીયા, ભટ મોહના ગર્વજ ગલીયા;
સોહમને પાટવી કરીયા, જઇ વીર પ્રભુને મલીયા. મ૦ ૮

હોય સિદ્ધ સ્વરૂપી અરૂપી, અજ અવિનાશી ને અનુપી;
સજ્જન સમરો મન ચૂપી, શુચિ તન વચ વસ્ત્રને ધૂપી. મ૦ ૯
શ્રીરાજનગર ગુણ ભરીયા, મુઝને વીર ગૌતમ મલીયા;
મનમંદિર સુરતરૂ ફલીયા, ગઇ ભાવઠ શુભ દિન વલીયા. મ૦ ૧૦
મહાવીરની પ્રતિમા દેખી, થુણી મેં જિન તુજ્ય ગવેખી;
દુષ્ટમતિ જેણે ઉવેખી, તે જાણો જિનમત દ્વેષી. મ૦ ૧૧
શ્રાદ્ધવિધિ સૂત્રે દૃષ્ટ, કપિલાખ્યજ કેવલી ઇષ્ટ;
તેણે કીધી બિંબ પ્રતિષ્ટા, કુમતિના મદ ઉન્મૃષ્ટ. મ૦ ૧૨
ધૃત ચિત્તે ધ્યાનજ ધરજો, સોલ પ્રહરો પોસહ વરજો;
શુભવીરને નામે તરજો, ઇમ ભાવ દીવાલી કરજો. મ૦ ૧૩

કલશ

ઇમ જ્ઞાતનંદન વજીવંદન, અર્હ અરિહા વિનવ્યા,
મુનિ બાણ ગજ હિમાંશુ[૧૮૫૭]વરસે, વીર શિવ દિન સંસ્તવ્યા;
સૂરિસિંહ શિષ્ય મુણિંદ **સત્યવિજય કપૂર** ખિમાગરો,
જસવિજય શ્રીશુભવિજય સેવક **વીરવિજયો** જયકરો. ૧

[શ્રી મહાવીરસ્વામી જિન પંચકલ્યાણક સ્તવન સંપૂર્ણ.]



(૭)

શ્રી મહાવીર જિન સત્તાવીશ ભવનું સ્તવન.

: ઢાલ-પહેલી :

(ઋષભ જિનેસર પ્રીતમ માહરોરે—એ દેશી.)

પહેલાં તે સમરૂંરે પાસ શંખેશ્વરોરે, વળી શારદ સુખકંદ;
નિજગુરૂ કેરારે ચરણ કમલ નમીરે, થુણશું વીર જિણંદ.
ભવિ સુણો સત્યાવીશ ભવ મોટકારે. ૧

નયસાર નામેરે અપર વિદેહમાંરે, મહીપતિનેરે આદેશ;
કાષ્ઠ લેવાનેરે વન ગયો પરિકરેરે, ગિરિ ગહ્વરને પ્રદેશ. ભવિ૦૨

આહાર વેળાયેરે રસવતી નીપનીરે, દાનરૂચિ ચિત્ત લાવ;
અતિથિ જૂએરે એણે અવસરેરે, ધરી અંતરંગથી ભાવ. ભવિ૦૩

પુન્ય સંયોગેરે મુનિવર આવીયારે, મારગ ભૂલ્યા છે તેહ;
નીરખી ચિંતેરે ધન્ય મુજ ભાગ્યનેરે, રોમાંચિત થયો દેહ. ભવિ૦૪

નિરવદ્ય આહાર દેઈને ઇમ કહેરે, નિસ્તારો મુજ સ્વામ;
યોગ્ય જાણીનેરે મુનિ દીયે દેશનારે, સમકિત લહ્યો અભિરામ. ભવિ૦૫

મારગ દેખાડી વાંદીને વલ્યોરે, સમરંતો નવકાર;
દેવગુરૂ ધર્મ તત્ત્વને આદર્યાંરે, શાશ્વત સુખ દાતાર. ભવિ૦૬

પહેલે ભવે ઇમ ધર્મ આરાધીનેરે, સૌધર્મે થયો દેવ;
એક પલ્યોપમ આઉખું ભોગવીરે, બીજે ભવ સ્વયમેવ. ભવિ૦૭

ત્રીજે ભવ ચક્રી ભરતેસરૂરે, તસ હુઓ મરિચિકુમાર;
પ્રભુ વચનામૃત સાંભળી રંગથીરે, દીક્ષિત થયો અણગાર. ભવિ૦૮

: ઢાલ-બીજી :

(સંભવ જિનવર વિનતિ—એ દેશી.)

એક દિન ગ્રીષમકાળમાં, વિચરંતો સ્વામી સાથરે;
વસતો ગુરૂકુલ વાસમાં, ગાતો જિન ગુણ ગાથરે.
ત્રીજે ભવ ભવિ સાંભળો. ૧-૯

તપ તપતો અતિ આકરો, મેલે મલીન છે દેહરે;
શ્રમણપણું દુષ્કર ઘણું, જળવાયે નહિ તેહરે. ત્રીજે૦ ૨-૧૦

ઘર જાવું જુગતું નહિ, ઇમ ધારીને વિરચેરે;
વેષ નવો ત્રિદંડિનો, ચંદને દેહ તે ચરચેરે. ત્રીજે૦ ૩-૧૧

કર કમલે ગ્રહું દંડને, ભગવું કપડું કરવું રે;
પાયે પનહી પેરણે, માથે છત્રને ધરવુંરે. ત્રીજે૦ ૪-૧૨

પરિમિત જલશું સ્નાનહો, મુંડ જટા જૂટ ધારૂંરે;
રાખું જનોઇ સુવર્ણની, પ્રાણી થૂલ ન મારૂં રે. ત્રીજે૦ ૫-૧૩

વેશ કરીને કુલિંગિનો, ધર્મ કહે વલી સાચો રે;
વાણી ગુણે પડિઓહતો, જેહવો હીરો જાચો રે. ત્રીજે૦ ૬-૧૪

જાણી દીક્ષા યોગ્યને, આણી મુનિને આપે રે;
જણ જણ આગળ રાગથી, સાધુતણા ગુણ થાપે રે. ત્રીજે૦ ૭-૧૫

આદિ જિણંદ સમોસર્યા, સાકેત નગર ઉદ્યાને રે;
ભરતજી વંદન સંચર્યા, વાંદે હરષ અમાને રે. ત્રીજે૦ ૮-૧૬

ભરત ભણે એ પરષદે, કોઇ અછે તુમ સરખો રે;
સ્વામી કહે સુણ રાજીયા, તુમ સુત મરિચિ એ પરખોરે. ત્રીજે૦ ૯-૧૭

વાસુદેવ પહેલો હોશે, ચક્રવર્તી ભૂકાયે રે;
તીર્થપતિ ચોવીશમો, નામે વીર કહાયે રે ત્રીજે૦૧૦-૧૮

પુલકિત થઇ પ્રભુ વાંદીને, મરિચિ નિકટે પહોતોરે;
ત્રણ પ્રદક્ષિણા દેઇને, વંદે મન ગહગહતો રે. ત્રીજો૦૧૧-૧૯
ગુણ સ્તવના કરી ઇમ કહે, વંદુ છું એ મરમરે;
વાસુદેવ ચક્રી થઇ, થાશો જિનપતિ ચરમરે. ત્રીજો૦૧૨-૨૦
જિનવચનામૃત દાખવી, રંગે ઉલટ આણીરે;
પ્રણમી ભરત ઘરે ગયો, મરિચિને ગુણનિધિ જાણી રે. ત્રીજો૦૧૩-૨૧

: ઢાલ-ત્રીજી :

(અનંતવીરજ અરિહંત સુણો મુજ વિનતિ—એ દેશી.)

મરિચિ મન ઇમ ચિંતવે ભરત વચન સુણી,
મુજ સમ અવર ન કોય અછે જગમાં ગુણી;
જેટલા લાભ જગતમાં છે તે મેં લહ્યા,
અહો! શ્રી આદિજિણુંદે તે નિજ મુખ કહ્યા. ૧-૨૨

રત્નાકર મુજ વંશ અનોપમ ગુણભિતા,
દાદો જિનમાં મૂખ્ય ચક્રીમાં મુજ પિતા;
અહો ઉત્તમ કુળ માહરૂં હું સહુમાં શિરે,
ધન ધન મુજ અવતાર હરિમાં હું ધુરે. ૨-૨૩

ચક્રવર્તી થઇ ચરમ જિનેસર થાઇશું,
કનક કમલપર નિજ પદ કમલને ઠાઇશું;
સુરનર કોડાકોડી મલી મુજ પ્રણમશે,
પ્રાતિહારજ આઠશું સમવસરણ હુશે. ૩-૨૪

મદ કરવાથી નીચ ગોત્ર ઇમ બાંધીયું,
ભવ ભવ નીચ કરમનું ફળ ઇમ સાંધીયું;
એક દિન રોગ ઉદયથી મન ઇમ ચિંતવે,
સેવાકારક શિષ્ય કરૂં કોઇક હવે. ૪-૨૫

સાર ન પૂછે એ મુનિ પરિચિત છે ઘણા,
ડુંગરા દૂર થકી દીસે રળીયામણા;
એહવે કપિલ નામે એક નૃપ સુત આવીયો,
તેહને મરિચિયે પ્રભુનો ધર્મ સુણાવીયો. ૫-૨૬

યોગ્ય જાણી કહે જાઓ મુનિ પાસે તુમે,
દીક્ષા લો શુભ ભાવથી કહીયે છીએ અમે;
કપિલ કહે તવ ધર્મ નથી શું તુમ ગચ્છે,
મનથી ચિંતે અયોગ્ય એ મુજ લાયક અછે. ૬ ૨૭

મરિચિ કહે ભો કપિલ! ઇહાં પણ ધર્મ છે,
ચિત્ત રૂચે તિહાં સેવીયે એ હિત મર્મ છે;
ઇમ ઉત્સૂત્ર કહ્યાથી સંસાર વધારીયો,
સાગર કોડા કોડી અપાર અવારીયો. ૭-૨૮

ચોરાશી લખ પૂર્વનું આયુષ્ય ભોગવી,
અંતે અનાલોચિત ત્રીજે ભવથી ચવી;
દશ સાગર ભવ ચોથે પંચમ સ્વર્ગથી,
ઉપનો પંચમ ભવ હવે બ્રાહ્મણ ગર્વથી. ૮-૨૮

એંશી પૂરવ લખ આઉખે કૌશિક દ્વિજ થયો,
થુણા નયરીએ છઠ્ઠે ભવ ભમતાં ગયો;
બહોંતેર લખ પૂર્વાયુ પુષ્પ દ્વિજ નામથી,
અંતે ત્રિદંડી થઇને મૂઓ તે અકામથી. ૯-૩૦

સાતમે સોહમ ચૈત્યપુરે ભવ આઠમે,
અગ્નિદ્યોત દ્વિજ લખ પૂર્વાયુ સાઠમેં;
અંતે ત્રિદંડી થઇને હવે નવમે ભવે,
ઇશાને અમૃત સુખ કે રંગે અનુભવે. ૧૦-૩૧

: ઢાલ-ચોથી :

(સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા—એ દેશી.)

અગ્નિભૂતિ દ્વિજ દશમે આયો,
મંદરપુરમાં તેહ સુહાયો, લાલન તેહ સુહાયો;
છપ્પન લાખ પૂરવાયુ ધરતો,
અંતે ત્રિદંડીયો થઇને તે મરતો, લાલન થઇને તે મરતો. ૧-૩૨
અગીઆરમે ભવે સનતકુમાર,
બારમે શ્વેતાંબી થયો અવતાર, લાલન થયો અવતાર;
ભારદ્વાજ દ્વિજ અંતે ત્રિદંડી,
ચુમાલીશ લાખ પૂર્વાયુ મંડી, લાલન પૂર્વાયુ મંડી. ૨-૩૩
તેરમે ભવ થયો માહેંદ્ર દેવ,
ચૌદમે થાવર બ્રાહ્મણ હેવ, લાલન બ્રાહ્મણ હેવ;
ચોત્રીશ લાખ પૂર્વાયુ પાળી,
ત્રિદંડીયો થઇ કાયાને ગાળી, લાલન કાયાને ગાળી. ૩-૩૪
પંદરમે ભવે પાંચમે સ્વરગે,
તિહાંથી ચવી ભમીયો ભવ વરગે, લાલન ભમીયો ભવ વરગે;
સોળમે ભવ વિશ્વભૂતિનામે,
ક્ષત્રિય સુત ઉપનો તે સકામે, લાલન ઉપનો તે સકામે. ૪-૩૬
વિશાખાભૂતિ ધારણીનો જાયો,
સંભૂતિ સાધુએ તેહ વંદાયો, લાલન તેહ વંદાયો;
સહસ વરસ જિણે ચરણ આરાધી,
તપસી થયો અતિ વિરમી ઉપાધિ, લાલન વિરમી ઉપાધી. ૫-૩૬
એક દિન મથુરામાં ગોચરી ચાલ્યો,
વર જાત્રાયે જાતાં ભાઇએ ભાલ્યો, લાલન ભાઇએ ભાલ્યો;
એહવે એક ગાયે તસ માર્યો,
ભૂમિ પડયો અતિ ક્રોધ વધાર્યો, લાલન ક્રોધ વધાર્યો. ૬-૩૭

તે જોતાં ગૌ ગગને ભમાડી,
ઇમ નિજ ભુજબળ તેહને દેખાડી, લાલન તેહને દેખાડી;
અણુસણ સાથે નિયાણું કીધું,
તપ સાટે બળ માગીને લીધું, લાલન માગીને લીધું. ૭-૩૮

ક્રોડ વરસનું જીવિત ધારી,
સત્તરમે શુક્ર સ્વર્ગે અવતારી, લાલન સ્વર્ગે અવતારી;
અઢારમે ભવ પુત્રીનો કામી,
પ્રજાપતિ પોતનપુર સ્વામી, લાલન પોતનપુર સ્વામી. ૮-૩૯

મૃગાવતી રાણી કુખે અવતરીયો,
સાત સુપન સૂચિત બલ ભરીયો, લાલન સૂચિત બલ ભરીયો;
બાળપણે જેણે સિંહને હણીયો,
ત્રિપૃષ્ઠ નારાયણ કરી સુણીયો, લાલન કરી સુણીયો. ૯-૪૦

ત્રણસેં સાઠ સંગ્રામ તે કીધા,
શય્યા પાલકને દુખ દીધાં, લાલન ને દુઃખ દીધાં;
લાખ ચોરાશી વરસનું આય,
ભોગવી સાતમી નરકે તે જાય, લાલન નરકે તે જાય. ૧૦-૪૧

ઓગણીશમે ભવ દુઃખ અતિ વેદી,
વીશમે ભવ હુઓ સિંહ સબેદી, લાલન સિંહ સબેદી;
ચોથી નરકે ભવ એકવીશમે,
બહુ ભવ ભમતાં હવે બાવીશમે, લાલન હવે બાવીશમે. ૧૧-૪૨

કોઇ શુભયોગે નરભવ પાયો,
તેવીશમે ભવે ચક્રી ગવાયો, લાલન ચક્રી ગવાયો;
ધનંજય ધારિણીનો બેટો,
મૂકા નગરીયે ભુજ બલ જેટો, લાલન ભુજ બલ જેટો. ૧૨-૪૩

ખટખંડ પૃથ્વીમાં આણ મનાઇ,
ચૌદ રયણ નિધિ સંપદ પાઇ, લાલન સંપદ પાઇ;
પોટિલાચાર્ય ગુરૂ તિહાં વંદી,
દીક્ષા આદરી મનથી આનંદી, લાલન મનથી આનંદી. ૧૩-૪૪

ચોરાશી લાખ પૂરવ પ્રમાણ,
આયુ પાલીહવે ચોવીશમે જાણ, લાલન ચોવીશમે જાણ;
મહાશુકે હુઓ અમર ઉમંગે,
અમૃત સુર સુખ ભોગવે રંગે, લાલન ભોગવે રંગે. ૧૪ ૪૫

: ઢાલ-પાંચમી :

(તીરથપતિ અભિનમું, ધર્મ ધુરંધર ધીરાજ—એ દેશી)

આ ભરતે છત્રિકા પુરી, પચવીસમે ભવે આયાજી,
ભદ્રા જિતશત્રુ નૃપ કુળે, નંદન નામ સુહાયાજી,
નામ નંદન ત્રિજગવંદન, પોટ્ટિલાચારજ કને;
ગૃહી ચરણ દમતો કરણ, વિચરે મૃગપતિ જિમ વને,
તિહાં માસ ખમણે વીશસ્થાનક, તપ તપી દુઃકરપણે,
પદ બાંધીયું ઇહાં તીર્થપતિનું, ભાવથી આદર ઘણે. ૧-૪૬

અભિગ્રહી માસ ખમણ કીયા, જાવ જીવ પરજંતોજી,
ઉલ્લસિત ભાવે તપ તપી, કીધો કરમનો અંતોજી,
ભવ અંત કીધો કાજ સીધો, તાસ સંખ્યા હું કહું;
અગીઆર લાખને સહસ એંશી, છસે પીસ્તાલીશ લહું,
દિન પંચ ઉપર અધિક જાણો લાખ પચવીશ વરશનું,
આયુષ્ય પાળી ભ્રમણ ટાળી, કામ સાધ્યું આપણું. ૨-૪૭

અણસણ માસ સંલેખણા, કરી વધતે પરિણામેજી,
સર્વ જગજંતુ ખમાવીને, ચવીયો તિહાંથી સકામેજી,

ચવીયેા સકામે સ્વર્ગ દશમે, વીશ અયરે સુર હુએા;
તિહાં વિવિધ સુર સુખ ભેાગવે, ખટવીસમેા ભવ એ જૂએા,
મરિચિ ભવે જે કર્મ બાંધ્યું, તે હજું ખૂટયું નહિ,
ચરમ સત્યાવીશમેા ભવ, ઉદય આવ્યું તે સહી. ૩-૪૮
ઋષભદત્ત બ્રાહ્મણ વસે, વર માહણકુંડ ગામેજી,
તસ ઘરણી ગુણ ગેારડી, દેવાનંદા ઇણે નામેજી,
દેવાનંદા કુખે આયા, ચૌદ સુમિણા નિશિ લહે;
તવ ઇંદ અવધે જોઇને, હરિણગમેષીને કહે,
નગર ક્ષત્રિયકુંડ ગામે, સિદ્ધારથ છે નરપતિ,
તસ પટ્ટરાણી નેહખાણી, નામે ત્રિશલા ગુણવતી. ૪-૪૯
તિહાં જઈ ગર્ભને પાલટેા, એહ તુમને છે આદેશજી,
કેાઇ કાળે ઇમ નવિ બન્યું, દ્વિજ કુળે હેાય જિનેશજી,
દ્વિજકુળે ન હેાય જિનપતિ, વલી એહ અચરીજની કથા;
લવણમાં જિમ અમૃત લહરી, મરૂમાં સુરતરૂ યથા,
ઇમ ઇંદ્ર વયણાં સાંભળી, પહેાંચી તિહાં પ્રણમે પ્રભુ,
બેહુ ગર્ભ પાલટી રંગથી, વાંદે જઇને નિજ વિભુ. ૫-૫૦

: ઢાલ-છઠ્ઠી :

(હાંરે મારે ઢાલ ધરમના સાડા પચવીશ દેશને— એ દેશી.)

હાંરે મારે ત્યાસી દિવસ ઇમ વસીને દ્વિજ ઘર માંહીજી,
ત્રિશલા કુખે ત્રિભુવન નાયક આવીયારે લેા;
હાંરે મારે તેહજ રાતે ચૌદ સુપન લહે માતજી,
સુપન પાઠકે તેહના અર્થ સુણાવીયા રે લેા. ૧-૫૧
હાંરે મારે ગર્ભસ્થિતિ પૂરણ થયે જન્મ્યા સ્વામજી,
નારક ચારક જનતા સુખને ભાવતીરે લેા;
હાંરે મારે સૂતીકરમને કરતી ધરતી હર્ષ જો
અમરી રે ગુણ સમરી જિનપદ પાવતી રે લેા. ૨-૫૨

હાંરે મારે સોહમ ઇંદ્રાદિકનો ઓચ્છવ હુંત જો,
સિદ્ધારથ પણ તિમ વલી મન મોટે કરે રે લો;
હાંરે મારે નામ દ્યું શ્રી વર્ધમાન કુમાર જો,
દિન દિન વાધે પ્રભુજી કલ્પતરૂ પરે રે લો. ૩-૫૩

હાંરે મારે દેવે અભિધા દીધું શ્રી મહાવીર જો,
યૌવનવય વિલસે હવે નવ નવ ભોગને રે લો;
હાંરે ઇમ કરતાં માત પિતા ગયા સ્વર્ગ ભોઝાર જો,
લોકાંતિક તવ દેવ કરે ઉપયોગને રે લો. ૪-૫૪

હાંરે મારે વરસી દાન દેઇને સંજમ લીધજો,
પરિષહને ઉપસર્ગ સહ્યા પ્રભુએ ઘણારે લો;
હાંરે મારે લાખ વરસ તપસી પૂરવભવ નાથ જો,
તો પણ આ ભવ તપની રાખી નહિ મણા રે લો. ૫-૫૫

હાંરે બે ષટમાસી તેહમાં પણ દિન એક ઊણજો,
નવ ચઉમાસી બે ત્રણ માસીને લહું રે લો;
હાંરે મારે બે અઢીમાસી ષટ બેમાસી જાણજો,
દોઢ માસી દોય માસખમણ બારે કહું રે લો. ૬-૫૬

હાંરે મારે બહોંતર પાસખમણ વળી અઠ્ઠમ બારજો,
દોયશત ઓગણતીસ એ છઠ્ઠ તપને ભાખું રે લો;
હાંરે મારે એ આદે પ્રભુ તપ તપીયા વિણ નીરજો,
ત્રણસો ઓગણ પચાસ પારણા દિન ગણું રે લો. ૭-૫૭

હાંરે મારે અપ્રતિબંધી બેઠા નહિ ભગવંત જો,
બાર વરસમાં નિદ્રા બે ઘડીની કરી રે લો;
હાંરે મારે નિરમલ ધ્યાને ઘાતિ કર્મ ખપાય જો,
દર્શન જ્ઞાન વિલાસી, કેવલને વરીરે લો. ૮-૫૮

હાંરે પ્રભુ કેવલ પામી ઋજુવાલુકા તીરજો,
આવેરે વિચરંતા ચિત્ત ઉમંગથી રે લો;
હાંરે અતિ ઉલ્લસિત થઇને સુરનર કોડાકોડજો,
જિનવચનામૃત સુણવા આવે રંગથીરે લો. ૯-૫૯

: ઢાલ-સાતમી :

(સાહિબ સાંભળો વિનતિ, તુમે છો ચતુર સુજાણ સનેહી—એ દેશી.)

મહસેન વનમાં સમોસર્યા, જગનાયક જિનચંદ; સુજ્ઞાની૦
સમવસરણ રચના રચી, પ્રણમે ચોસઠ ઇંદ્ર. સુ૦
વીર જિણુંદને વંદીયે. ૧-૬૦

પ્રતિહારજ વર આઠશું, શોભે પ્રભુનો દેદાર; સુ૦
દીવ્ય ધ્વનિ દીયે દેશના, સાંભળે પર્ષદા બાર. સુ૦ વી૦ ૨-૬૧

ઇંદ્રભૂતિ દ્વિજ પ્રમુખને, ગણધર થાપે અગીયાર; સુ૦
દરસણ નાણ ચરણ ધરા, ચૌદ સહસ અણગાર. સુ૦ વી૦ ૩-૬૨

છત્રીસ સહસ સુસાહુણી, ચારસેં વાદી પ્રમાણ; સુ૦
વૈક્રિય લબ્ધિ ને કેવલી, સાતસેં સાતસેં જાણ. સુ૦ વી૦ ૪-૬૩

ઓહીનાણધર તેરસેં, મનપજજવી શતપંચ; સુ૦
પૂરવ ધર અનુત્તર મુનિ, ત્રણસેં સમશત સંચ. સુ૦ વી૦ ૫-૬૪

દોઢ લાખ નવ સહસ છે, શ્રમણો પાસક સાર; સુ૦
શ્રાવિકા વલી ત્રણ લાખ ને, ઉપર સહસ અઢાર. સુ૦ વી૦ ૬-૬૫

ચઉવિહ સંઘની થાપના, કરતા ફિરતા નાથ; સુ૦
ભવિક કમલ પડિબોહતા, મેળતા શિવ સુખ સાથ. સુ૦ વી૦ ૭-૬૬

પુત સપુત ન એહવા, જગમાં દીસે કોય; સુ૦
બ્યાસી દિન કુખે વસ્યા. એ ઉપગારને જોય. સુ૦ વી૦ ૮-૬૭

શિવપુર તેહને પઠાવીયા, બ્રાહ્મણ બ્રાહ્મણી દોય; સુ૦
જગવત્સલ જિન વંદતો, હૈડું હરખિત હોય. સુ૦ વી૦ ૯-૬૮

ત્રીશ વરસ ગૃહવાસમાં, ભોગવી ભોગ ઉદાર; સુ૦
છદ્મસ્થાવસ્થા સહી, દ્વાદશાધિક વર્ષ ધાર. સુ૦ વી૦ ૧૦–૬૯
ત્રીશ વરસ જેણે અનુભવ્યો, કેવલ લીલ વિલાસ; સુ૦
પૂરણ આયુષ્ય પાળીને, બહોંતેર વરસનું બાસ. સુ વી૦ ૧૧–૭૦
દીવાલી દિન શિવ વર્યા, છોડી સયલ જંજાળ; સુ૦
સહજાનંદી સુખ લહ્યું, આતમ શક્તિ અનુઆલ. સુ૦ વી૦ ૧૨–૭૧
ભૂત ભાવિ વર્તમાનના, સુર સુખ લેઇ અશેષ; સુ૦
નભ પ્રદેશ ઠવી કરી, કીજે વર્ગ વિશેષ. સુ૦ વી૦ ૧૩–૭૨
ઇણિ પરે વર્ગ અનંતનો, કરીયે સહુ સમુદાય; સુ૦
અવ્યાબાધિત સુખ તણો, અંશ ન એક લિખાય. સુ૦ વી૦ ૧૪–૭૩
નિજ ગુણ ભોગી ભોગવે, સાદિ અનંતો કાળ; સુ૦
નિજ સત્તાને વિલસતાં, નિશ્ચય નય સંભાલ. સુ૦ વી૦ ૧૫–૭૪
ઇમ અમૃત પદને વરી, બેઠા થઇ નિઃસંગ; સુ૦
વર્દ્ધમાન ભાવે કરી, વંદે નિત નિત **રંગ**. સુ૦ વી૦ ૧૬–૭૫

કલશ.

ઇમ વીર જિનવર સયલ સુખકર, દુરિત દુઃખહર સુરમણિ,
યુગ બાણ વસુ શશી માનવર્ષે, સંથુણ્યો ત્રિભુવન ધણી;
સગવીસ ભવનું સ્તવન ભવિયણ, સાંભલી જે સદ્દહે,
તે ઋદ્ધિ વૃદ્ધિ સુસિદ્ધિ સઘલે, સદા **રંગાવજય** લહે. ૧–૭૬

[શ્રી મહાવીર જિન સત્તાવીશ ભવ સ્તવન સંપૂર્ણ.]



સામાન્ય જિન સ્તવનો. ૫

(૧)

(સાંભળજો મુનિ સંજમ રાગે—એ દેશી.)

તું પ્રભુ મેરા મેં પ્રભુ તેરા, ખાસી બીજમતગારી રે;
પ્રીતબની અબ જિનજી તોશું, જેસે મીનને વારિ રે. તું૦ ૧

ભોરભયો સમકિત રવિ ઉગ્યો, મીટ ગઇ રયણી અટારી રે;
મિથ્યા તામસ દૂર થયું સવે, વિકસે પંકજ વારિ રે. તું૦ ૨

દ્વાર તુમારે આન ખડાહે, સેવક રે નરનારી રે;
દરસન દેજે દેવ દાસનકું, જાઉં તુમ બલિહારી રે. તું૦ ૩

પર ઉપકારી જગ હિતકારી, દાન અભય દાતારી રે;
મહેર કરી મોહે પ્રભુ દીજે, ક્ષાયક ગુણ ભંડાર રે. તું૦ ૪

દીઠી અતિ મીઠી અમીરસ સમ, સુરત તુમ બહુ પ્યારી રે;
ઋદ્ધિ કહે કવિ રૂપવિજયનો, ભવોભવ તુંહી આધાર રે. તું૦ ૫

(૨)

(રાગ-ભીમપલાસ. મનહું કિમહી ન બાઝે હો કુંથુજિન—એ દેશી)

પરમાનંદ વિલાસી જિનેસર, પરમાનંદ વિલાસી;
કેવલજ્ઞાનને કેવલદર્શન, અબ્યાબાધ ઉદાસી. જિ૦ ૧

અક્ષય અમર અકલંક સ્વરૂપી, અરસ અગંધ અફાસી;
અગુરૂ લઘુ અનંત અનુપમ, આતમલીલા વાસી. જિ૦ ૨

અકોહી અમાની અમાયી અલોભી, અવિરતિ રહિત અકલેશી;
અરાગી અદ્વેષી અયોગી અભોગી, અણાહારીને અલેશી. જિ૦ ૩

અતીંદ્રિય અનુપાધિ અદેહી, સ્વક્ષેત્ર સ્વભાવ નિવાસી;
નિજગુણ સત્તારંગી અસંગી, અખંડ અસંખ્ય પ્રદેશી. જિ૦ ૪

અનંત જ્ઞાન દર્શન સુખ વીરજ, સ્વપર પ્રકાશી ન આશી;
ક્ષિમાવિજય જિન પદકજ નમતાં, અનુભવ વાડી વિકાસી. જિ૦ ૫

(૩)

(રસિયા કુંથુ જિનેસર કેસર બીની દેહડી રે લો—એ દેશી.)

રસિયા શ્રી અરિહંત પ્રભુ ભગવંત નમોડસ્તુ તે રે લો,
રસિયા પારગતોડભયદં વિભવદં નમોડસ્તુ તે રે લો;
૨૦ ભવ્યાંભોજવિબોધજનક સમ જિનવર રે લો,
૨૦ દુરિતતમં તરણિ સમ દોષમપાહર રે લો. ૧
૨૦ હરે સમં વિમલાસ્ય નયનનીરજદલં રે લો,
૨૦ વિષ્વષ્ટમીસમ ભાલ વિશાલ સુકોમલં રે લો;
૨૦ દશનતતિ સિત કેશવિતાન સિતેતરં રે લો,
૨૦ અષ્ટવરગહરિણાર્ચિત કુંકુમ કેસરં રે લો. ૨
૨૦ હરિણકં હરિવર્ણ સુકાંતિ વિસરતી રે લો,
૨૦ વક્ષ કપાટ કરોભય ભુંગલ ગજગતિ રે લો;
૨૦ શાંતરાગરૂચિનાદ્ભુત તવ સુંદર વપુ રે લો,
૨૦ કર્માષ્ટક દલ પંકિત વિનાશિત ગત રિપુ રે લો. ૩
૨૦ બાહ્ય અભ્યંતર રોગ ગતા વિગતં દુઃખં રે લો,
૨૦ લવસમમ સુર તસ્માદપ્યધિકં સુખં રે લો;
૨૦ સિદ્ધાર્થા દુગ કેવલ કૈવલ્યે વર્યો રે લો,
૨૦ ઇદૃગ શાંતિ કૃતર્હ મયા હૃદયે ધર્યો રે લો. ૪
૨૦ ભવ પાદપ ઉન્મૂલન સુખદા દુઃખહરી રે લો,
૨૦ એતાદૃશ જિનસેવ મયા હૃદયે ધરી રે લો;
૨૦ એક વિહીન પંચ વરગમાં વશિ પ્રભુ રે લો,
૨૦ વિજયાંકિત શુભ સેવક વીર નમે વિભુ રે લો. ૫

(૪)

જીવજીવન પ્રભુ મ્હારા, અબોલડાં શાનાં લીધાં છે રાજ,
તમે અમારા અમે તમારા, વાસનિગોદમાં રહેતા; અબોલડાં૦
કાલ અનંત સ્નેહિ ન્યારા, કદીય ન અંતર કરતા,
બાદર સ્થાવરમાં બેહુ આપણ, કાલ અસંખ્ય નિગમતા. અબો૦૧
વિકલેન્દ્રિયમાં કાલ સંખ્યાતા, વિસર્યા નવિ વિસરતા;
નરકસ્થાને રહ્યા બહુ સાથે, તિહાં પણ બેહુ દુઃખ સહતા. અબો૦૨
પરમાધામી સનમુખ આપણ, ટગટગ નજરે જોતા;
દેવના ભવમાં એક વિમાને, દેવનાં સુખ અનુભવતા. અબો૦૩
એકણ પાસે દેવ શય્યામાં, થેઇ થેઇ નાટક સુણતા;
તિહાંપણ તમે અને અમે બેહુ સાથે, જિન જન્મ મહોત્સવ કરતા. અબો૦૪
તિર્યંચ ગતિમાં સુખદુઃખ અનુભવતા, તિહાં પણ સંગ ચલંતા;
એકદિન સમવસરણમાં આપણ, જિનગુણ અમૃત પીતા. અબો૦ ૫
એકદિન તમે અને અમે બેહુ સાથે, વેલડીએ વળગીને ફરતા;
એકદિન બાળપણામાં આપણ, ગેડીદડે નિત્ય રમતા. અબો૦ ૬
તમે અમે બેહુ સિદ્ધસ્વરૂપી, એવી કથા નિત્ય કરતા;
એક કુલ ગોત્ર એક ઠેકાણે, એકજ થાળીમાં જમતા. અબો૦ ૭
એક દિન હું ઠાકોર તમે ચાકર, સેવા મહારી કરતા;
આજતો આપ થયા જગઠાકોર, સિદ્ધિ વધૂના પનોતા. અબો૦૮
કાલ અનંતનો સ્નેહ વિસારી, કામ કીધાં મનગમતાં;
હવે અંતર કીમ કીધું પ્રભુજી, ચૌદરાજ જઇ પહોંત્યા. અબો૦૯
દીપવિજય કવિરાજ પ્રભુજી, જગતારણ જગનેતા;
નિજ સેવકને યશપદ દીજે, અનંત ગુણ ગુણવંતા. અબો૦૧૦

(૫)

(વંદના વંદના વંદનારે—એ દેશી)

નામની નામની નામનીરે, મને લાગી લગન પ્રભુ નામની.
સગા કુટુંબ સવિ સ્વારથી દીસે, કેની કાયા કેની કામની રે. મ૦ ૨
ધન જોવન મદ સર્વ અથિર છે, દીસે ચંચલ જિમ દામની રે. મ૦ ૩
પારગ! નાથ! તું જગત ઉદ્ધારક, દેજો પદવી શિવ ધામની રે. મ૦ ૪
મુનિ કલ્યાણ કહે સાહિબ મલીયા,
જાઉં બલિહારી તોરા નામની રે. મ૦ ૫

શ્રી જિનજન્મ રાસક્રીડા.

: ઢાળ-પહેલી :

(ત્રિશલાદે ગોદ ખીલાવે છે—એ દેશી.)

માતાજી તુમે ધન ધન્ન રે, તેં જાયો પુત્ર રતન્ન રે;
તુમ મુખ દેખી પરસન્ન રે, અમે દિગકુમરી છપ્પન્ન રે. ૧
દેવ ચાકર જોત સોહેલી રે, આવી અમે હરખ ભરેલી રે;
એક જોજન ભૂતલ શુદ્ધાં રે, તિહાં કેલતણું ઘર કીધાં રે. ૨
જિન જનનીને તિહાં લાવે રે, જલ કલશા ભરી નવરાવે રે;
યુવા ચંદન કુલ ચડાવે રે, આભૂષણ વસ્ત્ર સોહાવે રે. ૩
ધૂપ દીપ ને પંખા ધરીયા રે, આચાર સવે આચરીયા રે;
રંગ રસ ભરે ઘરે જાવે રે, દેવ શય્યાએ પધરાવે રે. ૪
નવિ ધરજો બીક લગાર રે, તુમ સેવક નયનહજાર રે;
જનમે સુત સહસ તે નારી રે, પણ તુંહિ રતન કુખધારી રે. ૫
માજી દશો દિશ નક્ષત્ર તારા રે, પૂરવ દિશિ કિરણ હજારા રે;
માતા સુત જનમ્યો રૂડો રે, કરે ભેટ અસુલખ ચૂડો રે. ૬

પ્રભુ જાયા અનુપમ વરણા રે, દેવકંચુક ચીર ને ચરણાં રે,
પ્રભુ જાયો જગત અધાર રે, કટિ મેખલ કુંડલ હાર રે. ૭
ઝલકે તેજે તુજ કીકો રે, શીર ધરજો માતા ટીકો રે;
આજથી આણા શિર રોપી રે, પ્રભુ પહેરણ આંગલાં ટોપી રે. ૮
હરિ કરશે પ્રભુ નજરાણા રે, તે આગે અમે શરમાણા રે;
તુમ ઉત્તમ ક્ષત્રિય જાત રે, આજ રમવા સરખી રાત રે. ૯
અમે રાસક્રીડાયે રમીયે રે, પગલે પગલે વલી નમીયે રે;
ત્રિભુવનમાં અપૂરવ દીવો રે, જગજીવન એ ચિરંજીવો રે. ૧૦
તુમ પુત્રે કામણ કીધું રે, ચિતડું મુજ ચોરી લીધું રે;
શુભવીર રસીલા ધ્યાન રે, પણ ભગતિ વશે ભગવાન રે. ૧૧

: ઢાલ–બીજી :

(વ્હાલો વસે વિમલાચલે રે—એ દેશી.)

અનિહાં રે પૂરણ મનોરથ પુત્રની રે, તેજ કાંતિ કહી નવ જાય,
જ્યોતિ ઝગે જિનચંદની રે;
અનિહાંરે ભૂતલ રત્ન રવિ આથમે રે, ચિંતામણિ સરગ સધાય. જ્યો૦૧
અ૦ જનમની વેળાએ વેગલો રે, તેજે તરણિ હાર્યો જાય; જ્યો૦
અ૦ રાતે જનમ ઝરે અમૃત ચંદ્રમા રે, પ્રભુ શીતલ દર્શન થાય. જ્યો૦૨
અ૦ માજી તુમારો સુત લાડકો રે, મુખ દેખી મોહ્યું મન; જ્યો૦
અ૦ મોહન પુત્ર મલ્હાવતી રે, જંગ માત તુમે ધનધન્ન. જ્યો૦૩
અ૦ લોચન અમૃત કચોલડાં રે, કજ કેતકી જ્યું મુખવાસ; જ્યો૦
અ૦ કહી ન શકે ગુણ કેવલી રે, રાતિ થોડી ઘણેરી આસ. જ્યો ૪
અ૦ જઇશું અમે હરિ આવશે રે, રહેજો માજી સુખવાસ; જ્યો૦
અ૦ વાતે વિલાસે વાલ્હેસરી રે, મુજ રહેજો હૈડા પાસ. જ્યો૦૫

અ૦ ઇંદ્રાણી હુલરાવશે રે, તુજ બાળક બાળે વેશ; જ્યો૦
અ૦ પાવન પુણ્ય પનોતી પરણશે રે, ગીત ગાવા અમો આવેશ. જ્યો૦૬
અ૦ રાસ રમી રમણી ગઇ રે, કરી પોત પોતાના કાજ; જ્યો૦
અ૦ સુરગિરિ જન્મ મહોત્સવશે રે, **શુભવીર**વિજય મહારાજ. જ્યો૦૭

શ્રી શાશ્વતા જિન સ્તવન.

દુહા.

વીર જિનેસર પયનમી, પ્રણમી સારદમાય;
તાસતણે સુપસાઉલે, ગાશું શ્રી જિનરાય. ૧
અતીત અનાગત વર્તમાન, ચોવીશ ત્રિહું સાર;
બહોંતેર તીર્થંકર નમું, ટાલી પાપ વિકાર. ૨
અતીત ચોવીશી જે કહી, પહેલી જેહ વિશાલ;
સાવધાન થઈ સાંભલો, આણી ભાવ રસાલ. ૩

: ઢાલ–પહેલી :

(છઠ્ઠી ભાવના મન ધરો—**એ દેશી.**)

કેવલજ્ઞાની પહેલોએ, નિરવાણી જિન બીજોએ;
ત્રીજોએ, સાગર જિનવર જાણીએ એ. ૧
મહાજસ ચોથા જિનવર, વિમલનાથ જિન સુખકર;
દુકખહર, સર્વાનુભૂતિ ચિત્ત આણીએ એ. ૨
શ્રીધર દત્ત દામોદર, સુતેજ સ્વામી જિનવર;
મનોહર, મુનિસુવ્રત નિત વંદીએ એ. ૩
સુમતિ જિન ને શિવગતિ, અસ્તાગ નમીસર જિનપતિ;
શુભમતિ, સોલસમો જિન ગાઇએ એ. ૪
અનિલ યશોધર દેવ એ, કૃતાર્થને નિતમેવ એ;
સેવો એ, વિંશતિમો જિનેસર એ. ૫

શુદ્ધમતિ ને શિવંકર, સ્યંદન સ્વામી જિનવર;
શુભંકર, ચોવીશે નિત પ્રણમીયે એ. ૬

: ઢાલ–બીજી :

(દેશી—ચોપાઇની)

પદ્મનાભ સુરદેવ સુપાસ, સ્વયંપ્રભ પૂરે મન આશ;
સર્વાનુભૂતિ શિવવાસરે, ભવિકા વંદો જિન ચોવીશ. ૧

દેવશ્રુત ઉદયપેઢાલ, પોટીલ શતકીર્તિ સુવિશાલ;
સુવ્રત દેવ દયાલ રે, ભવિકા વંદો જિન ચોવીશ. ૨

અમમ નિઃકષાય જિણંદ, જસ હરીસણ દીઠે આણંદ;
નિષ્પુલાક નિતવંદોરે, ભવિકા વંદો જિન ચોવીશ. ૩

નિર્મમ ચિત્રગુપ્ત સમાધિ, સંવર યશોધર ટાલે વ્યાધિ;
વિજય મલ્લદેવ શિવ સાધી રે, ભવિકા વંદો જિન ચોવીશ. ૪

અનંતવીર્ય ભદ્રકૃત્ સુજિનેશ, એ અનાગત જિન ચોવીશ;
ભવિય નમો નિશદીશ રે, ભવિકા વંદો જિન ચોવીશ. ૫

: ઢાલ–ત્રીજી :

(પુષ્પદંતવઈ વિજ્યે જ્યોરે – એ દેશી)

ઋષભ અજિત સંભવ નમોજી, અભિનંદન જિનરાય;
સુમતિ અને પદ્મપ્રભજી, શ્રી સુપાસ વરદાયરે,
ભવિકજન વંદો શ્રી જિનરાય, જસ નામે નવ નિધિ થાય. ભવિકા૦૧

ચંદ્રપ્રભ સુવિધિ વિધેજી, શીતલ અને શ્રેયાંસ;
વાસુપૂજ્ય વિમલ નમોજી, અનંત ધર્મ શુભવંશરે. ભવિકા૦૨

શાંતિ કુંથુ અર સંથુણોજી, મલ્લિ ને મુનિસુવ્રત;
નમિ જિનવરને નિત નમોજી, નેમિનાથ સંયુત રે. ભવિકા૦ ૩

પાર્શ્વનાથ ત્રેવીશમો જી, વર્ધમાન જિનચંદ;
જે જિનના ગુણ ગાવશેજી, તસ ઘર નિત્ય આણંદરે. ભવિકા૦ ૪

વર્તમાન જિન એ કહ્યાજી, વિહરમાન જિન વીશ;
સીમંધર સ્વામી જયોજી, વંદો યુગમંધર ઇશરે. ભવિકા૦ ૫

બાહુ સુબાહુ જાણીયેજી, સુજાત સ્વયંપ્રભ નામ,
ઋષભાનન સ્વામી નમોજી, અનંતવીર્ય શુભ કામરે. ભવિકા૦ ૬

સુરપ્રભ સુરતરૂ સમોજી, વિશાલ વજાધર સેવ;
ચંદ્રતણી પરે ઉજલોજી, શ્રી ચંદ્રાનન દેવરે. ભવિકા૦ ૭

ચંદ્રબાહુ ભુજંગ નમોજી, ઇશ્વર નેમિપ્રભ નામ;
વીરસેન મહાભદ્ર જયોજી, દેવજસા અજિતવીર્ય સ્વામરે. ભવિકા૦ ૮

વિહરમાન જિન વંદતાંજી, પાતક જાયે સવિ દૂર;
મનમાની વલી સંપદાજી, પામીજે ભરપૂર રે. ભવિકા૦ ૯

પાંચ ભરત પાંચ ઐરવતેજી, મહાવિદેહ પંચ વિચાર;
ઉત્કૃષ્ટે કાલે નમુંજી, સો સીત્તેર જિન સાર રે. ભવિકા૦ ૧૦

: ઢાલ-ચોથી :

(સંભવ જિનવર વિનતિ—એ દેશી)

ઋષભસેન ચંદ્રાનનો, વારિષેણ વર્ધમાન રે;
એ ચિહું નામે શાશ્વતા, ભવિયણ ધરો ધ્યાન રે. ૧

શાશ્વતા જિનવર ગાઇયે, ગાતાં આનંદ થાય રે;
નામે નવ નિધિ સંપજે, હરિસણે પાપ પલાય રે. શા૦ ૨

નંદીશ્વર દ્વીપાદિકે, તિર્યગ્લોક વિશાલ રે;
બાવન ચૈત્ય ભણ છે, બેસહસેં અડયાલ રે. શા૦ ૩

મનોહર કુંડલ દ્વીપમાં, પ્રાસાદ ચાર નિહાળી રે;
ચારસેં છન્નું બિંબને, વંદુ હું નિત્ય ભાલે રે. શા૦ ૪

રૂચકવર દ્વીપ જાણીયે, પ્રાસાદ ચાર ઉદાર રે;
જિન પડિમા નિજ ચિત્તમાં, ચારસેં છન્નું સંભાર રે. શા૦ ૫

રાજધાની વિજયે વલી, પ્રાસાદ સોલ તે કહીયે રે;
ઓગણીશસેં વીશ આગલાં, પૂજીને સુખ લહીયે રે. શા૦ ૬

મેરૂવને એંસી દેહરાં, છન્નુસેં બિંબ વંદો રે;
ચૂલિકાએ પંચ જિનઘરાં, છસેં બિંબ સુખકંદો રે. શા૦ ૭

ગજદંતે વીશ દેહરાં, ચોવીસસેં જિન વંદો રે;
દશ ચૈત્ય દેવ ઉત્તરકુરૂએ, બારસેં પડિમા આનંદો રે. શા૦ ૮

ધાતકીકારે ચાર જિનઘર, પ્રતિમા ચારસેં એંશીરે;
ચાર ચૈત્ય માનુષોત્તરે, બિંબ ચારસેં એંશી રે. શા૦ ૯

વક્ખાર ગિરિ જાણીયે, એંસી જિન પ્રાસાદ રે;
છન્નુસેં જિન વંદીયે, સમર્યા આપે સાદ રે. શા૦ ૧૦

ત્રીશ પ્રાસાદ કુલગિરિપરે, બિંબ છસેં ત્રણ સહસ રે;
પ્રાસાદ ચાલીશ દિગ્ગજે, બિંબ આઠસેં ચાર સહસ રે. શા૦ ૧૧

દીર્ઘ વૈતાઢયે દેહરાં, એકસો સીત્તેર માન રે;
ચારસેં વીશ સહસ વળી, વંદો ભવિયણ જાણ રે. શા૦ ૧૨

જંબૂ વૃક્ષ પ્રમુખ દેશે, અગ્યારસેં સીત્તેર જાણ રે;
એકલાખ ચાલીશ સહસ બિંબ, ચારસેં મન આણ રે. શા૦ ૧૩

કંચનગિરિ જિનવર કહ્યા, સહસ એક પ્રાસાદ રે;
એકલાખ વીસ સહસ ઉપરે, વંદી લહે સુપ્રસાદ રે. શા૦ ૧૪

સીત્તેર દેહરાં મહાનદી, બિંબ છે શત ચોરાશી રે;
દ્રહે અસી છે દેહરાં, છન્નુસેં બિંબ રાશિ રે. શા૦ ૧૫

કુંડ ત્રણસે એંસી વલી, પ્રાસાદ અતિ વિશાલ રે;
પણયાલ સહસ ઉપરે, છસેં બિંબ વિશાલ રે. શા૦ ૧૬
વૃત્ત વૈતાઢયે વીશ છે, પ્રાસાદ સુશૃંગ રે;
ચોવીસસેં જિન વંદતાં, લહીયે સુખસંગ રે. શા૦ ૧૭
વીસ પ્રાસાદ યમકગિરિ, ચોવીસસેં જિન વંદો રે;
ધ્યાન ધરી મનમાં સદા, ભવભય દૂર નિકંદો રે. શા૦ ૧૮
બત્રીસસેં ઓગણસાઠ વલી, પ્રાસાદ તિર્યગ્ લોકે રે;
ત્રણ લાખ સહસ એકાણું એ, ત્રણસેં વીશ છે થોક રે. શા૦ ૧૯

: ઢાલ-પાંચમી :

(પામી સુગુરૂ પસાયરે—એ દેશી)

વ્યંતર જ્યોતિષી માંહે, અસંખ્યાત જિનઘર;
જિન પડિમા તિમ જાણીયે એ. ૧
હવે પાતાલ લોક, અસુર કુમારમાં;
ચોસઠ લાખ જિન દેહરાં એ. ૨
જિનવર એકસો કહે, પનર કોડ ઉપરે;
વળી વીશ લાખ તિમ વંદીયે એ. ૩
નાગકુમારે જાણુ, લાખ ચોરાશીય;
દેહરાં અતિહે દીપતાં એ. ૪
પ્રતિમા એકસો કોડી, તિમ એકાવન;
વીશ લાખ ઉપરે કહીયે એ. ૫
બહોંતેર લાખ પ્રાસાદ, સુવર્ણકુમારમાં;
એકસો કોડી જિન વંદીયે એ. ૬
ઓગણત્રીશ વલી કોડી, સાઠ લાખ ઉપરે;
ભાવ ધરી નિત વંદીયે એ. ૭

વિદ્યુત અગ્નિકુમાર, દ્વીપકુમાર તિમ;
ઉદધિકુમાર વખાણીયે એ. ૮

દિશાકુમાર વલી સાર, સ્તનિતકુમારમાં;
એ છએ સ્થાનક જિન કહ્યાં એ. ૯

છહોતેર છહોતેર લાખ, એક એક સ્થાનકે;
જિન દેહરાં નિત વંદીયે એ. ૧૦

એકસો કોડી સાર, છત્રીસ કોડ ઉપરે;
એંશી લાખ જિન વંદીયે એ. ૧૧

છન્નુ લાખ પ્રાસાદ, વાયુકુમારમાં;
એકસો કોડી વખાણીયે એ. ૧૨

ઉપર બહોંતેર કોડી, એંશી લાખ તિમ;
જિન પડિમા નિત વંદીયે એ. ૧૩

સાત કોડી બહોંતેર લાખ, ભુવનપતિમાં;
જિન દેહરાં જિનજી કહ્યાં એ. ૧૪

તેરશે નેવ્યાશી કોડ, સાઠ લાખ ઉપરે;
માણેક જિન નિત વંદીયે એ. ૧૫

: ઢાલ-છઠ્ઠી :

(દેશ મનોહર માળવો—એ દેશી.)

ઉર્ધ્વ લોકે સુધર્મા સુણો, દેહરાં બત્રીશ લાખ; લલના;
ત્રિણ સત્તાવન કોડી તિહાં, સાઠ લાખ ઉપરે ભાખ. લલના.
ઉર્ધ્વ લોક જિનવર ભણ્યા. ૧

ઇશાન દેવલોકે દેહરાં, અઠાવીશ લાખ વિશાલ; લલના;
પચ્ચાસ કોડી લાખ ચાલીસ, જિન વંદુ નિતભાલ, લલના. ઉર્ધ્વ૦ ૨

સનતકુમાર બાર લાખ કહ્યાં, દેહરાં અતિ ઉત્તંગ; લલના;
એકવીશ કોડી સાઠ લાખ વળી, બિંબ નમું મનરંગ. લલનાઉ.ર્ધ્વ૦ ૩
ચોથે આઠ લાખ દેહરાં, પ્રતિમા ચઉદશ કોડ; લલના;
લાખ ચાલીસ જસ ઉપરે, વંદીજે સુવિહાણ. લલના.ઉર્ધ્વ૦ ૪
બ્રહ્મદેવ લોક પાંચમે, દેહરાં તે ચાર લાખ; લલના;
સાત કોડી વીસ લાખ નમો, શ્રી જિનવરની ભાખ લલના.ઉર્ધ્વ૦ ૫
છઠ્ઠે સુર લોકે સુણો, દેહરાં સહસ પચાસ; લલના;
લાખ નેવું બિંબ વંદીયે આણી અધિકો ઉલ્લાસ. લલના.ઉર્ધ્વ૦ ૬
સપ્તમ મહાશુક્રે હવે, ચૈત્ય સહસ્ર ચાલીસ; લલના;
બહોંતર લાખ બિંબ તિહાં કહ્યાં, વંદીજે નિશ દિશ. લલના.ઉર્ધ્વ૦ ૭
સહસ્રાર આઠમે સાંભલ્યો, દેહરાં છ હજાર; લલના;
દશ લાખ એંસી સહસ વલી, વંદો ભાવ અપાર. લલના.ઉર્ધ્વ૦ ૮
નવમે દશમે દેવલોકે, ચારસેં દેહરાં જાણ; લલના;
બહોંતેર સહસ પ્રતિમા તિહાં,પ્રમાણો નિત સુવિહાણ.લલના.ઉર્ધ્વ૦ ૯
આરણ અચ્યુત ત્રણસેં, દેહરાં શ્રી જિનરાય; લલના
ચોપન સહસ જિનેસરૂ, વંદે સુરપતિરાય. લલના.ઉર્ધ્વ૦૧૦
ગ્રૈવેયકે પહેલે ત્રિકે, દેહરાં એકસો અગ્યાર; લલના;
તેર સહસ ત્રણસેં વલી, વીસ અધિક જુહાર. લલના.ઉર્ધ્વ૦૧૧
મધ્યમ ગ્રૈવેયકત્રિકે, દેહરાં એકસો સાત; લલના;
બાર સહસ અડસય ચાલીસ, વંદો જિન સુપ્રભાત. લલના.ઉર્ધ્વ૦૧૨
ઉપરલે ગ્રૈવેયકત્રિકે, દેહરાં સો સુખકાર; લલના;
બાર સહસ બિંબ તિહાં કહ્યાં, દીઠે શિવસુખકાર. લલના.ઉર્ધ્વ૦૧૩
પંચ વિમાને અનુત્તરે, દેહરાં પંચ પ્રધાન; લલના;
છસેં બિંબ તિહાં ભલાં, ભવિયણ ધરો નિત ધ્યાન. લલના.ઉર્ધ્વ૦૧૪

ઉર્ધ્વલોક દેવલોક સવે, લાખ ચોરાશી વખાણ; લલના;
સહસ સત્તાણું ઉપરે, ત્રેવીસ અધિક વળી જાણ. લલના.ઉર્ધ્વ૦૧૫
એકસો કોડી બાવન કોડી,ચોરાણું લાખ સહસ ચુમાલ;લલના;
સાતસેં સાઠ અધિક સહી,ભવિયણ નમો નિત ભાલ. લલના.ઉર્ધ્વ૦૧૬
ઇમ ત્રિભુવનમાંહી સવે, આઠ કોડી સત્તાવન લાખ; લલના;
બસેં બીયાસી આગલાં, દેહરાં શ્રી જિનસાખ. લલના.ઉર્ધ્વ૦૧૭
પનરસેં કોડી બિંબ નમો,બેતાલીસ કોડી વળી જાણ; લલના;
અઠાવન લાખ સહસ છત્રીસ,અસી અધિક જિનવાણ.લલના.ઉર્ધ્વ૦૧૮

: ઢાલ–સાતમી :

(નિલુડી રાયણ તરૂ તળે—**એ દેશી.**)

મનુષ્ય ક્ષેત્ર જિન જાણીયે, માલ તડી૦શત્રુંજય ગિરનાર; સુણસુંદરી.૦
સમેત શિખર અષ્ટાપદે, મા૦ અર્બુદ દેવ જુહાર. સુ૦ ૧
શ્રી શંખેસર પાસજી, મા૦ જિરાઉલો જગજાણ; સુ૦
અંતરીક અવનીતલે, મા૦ થંભણ પાસ વખાણ. સુ૦ ૨
કલિકુંડ કુકડેસ રે, મા૦ શ્રી કર હાટક દેવ; સુ૦
મગસી માલવ જાણીયે, મા૦ સુરનર સારે સેવ. સુ૦ ૩
રાણકપુર રળીઆમણો, મા૦ જિહાં છે ધરણ વિહાર; સુ૦
થંભણવાડ પ્રમુખ ભલા, મા૦ ભવિ જનને હિતકાર. સુ૦ ૪
ગોડીમંડન ગાજતો, મા૦ વંદો મુહરી પાસ; સુ૦
શ્રી અજારો પાસજી, મા૦ ચિંતામણિલીલ વિલાસ. સુ૦ ૫
ઇમ ત્રિભુવન તીરથ ભલાં, મા૦ અસંખ્યાત અનંત; સુ૦
તિહાં જિન પડિમા વંદીયે, મા૦ જાણી લાભ અનંત. સુ૦ ૬
સંવત સત્તર ચૌદોતરે, મા૦ કાર્તિક સુદ ગુરૂવાર; સુ૦
પૂનમી દિન મેં ગાઇયા, મા૦ સમી નયર મોઝાર. સુ૦ ૭

પઢે ગુણે જે સાંભલે, મા૦ તસ ઘર નવ નિધિ થાય; સુ૦
ઋદ્ધિવૃદ્ધિ સુખસંપદા, મા૦ પામે પુન્ય પસાય. સુ૦ ૮

: કલશ. :

ઇમ સાસય જિનવર સયલ સુખકર, સંથુણ્યા ત્રિભુવન ધણી,
ભવ મોહવારણ સુખકારણ, વંછિત પૂરણ સુરમણિ;
તપગચ્છનાયક સુખદાયક, વિજયપ્રભસૂરિ દિનમણિ,
કવિ **દેવવિમલ** વિનેય **માણેક-વિમલ** સુખ સંપત ઘણી. ૧

શ્રી પંચ પરમેષ્ઠિ સ્તવનો. ૨

(૧)

(યાત્રા નવાણું કરીએ વિમલગિરિ—**એ દેશી**.)

અરિહંતા અરિહંતા પ્રણમું, અરિહંતા અરિહંતા;
તુમે સિદ્ધ ભલે ભગવંતા. પ્રણમું૦ ૧
સમવસરણમાં નાથ સોહંતા, ચઉમુખ ધર્મ કહંતા. પ્રણમું૦ ૨
અજરામર અવિનાશી હુંતા, જ્યોત શું જ્યોત મિલંતા. પ્રણમું૦ ૩
આચારજ પ્રભુ બહુ ગુણવંતા, દ્વાદશ અંગ ભણંતા. પ્રણમું૦ ૪
પત્થર સરીખા શિષ્યને પાઠક, આપ સમાન કરંતા. પ્રણમું૦ ૫
સાધુ સાધે પંથ મુગતિનો, વ્રતનો ભાર વહંતા. પ્રણમું૦ ૬
માણેક મુનિ નિત પંચ પરમેષ્ઠિ, હૃદયે ધ્યાન ધરંતા. પ્રણમું૦ ૭

(૨)

: દુહા :

સ્વસ્તિ શ્રી સુખ સંપદા, આતમ ઋદ્ધિ વિનોદ;
સિદ્ધચક્ર સુખ સિદ્ધતા, આપે પરમ પ્રમોદ. ૧

: ઢાલ પહેલી :

(અરિહંત પદ ધ્યાતે થકા—એ દેશી.)

સકલ કુશલ કમલા નિલો, સમકિત ગુણ સંજુત્તો રે;
જિનશાસન અજુઆળવા, જિનપદ ણંધ પ્રયુત્તો રે. ભ૦ ૧-૨

ભવિકા જિનપદ વાંદીયે, જિમ તે શ્રેણિકરાય રે;
તન મન ધ્યાને ધ્યાવતાં, અરિહંત પદવી પાય રે. ભ૦ ૨-૩

દુખીયા દેખી સંસારમાં, જગજીવને એમ ચિંતે રે;
અહો! અહો! મોહ વિકારતા, ફરતા જેમ તેમ રીતે રે. ભ૦ ૩-૪

એહને જિનવચને કરી, ઉતારું ભવપાર રે;
દેઉ આલંબન ધર્મનું, સુખીયા કરું નિરધાર રે. ભ૦ ૪-૫

ઇમ ચિંતે પ્રાણી હિતકરે, વીસ સ્થાનક આરાધે રે;
ત્રીજે ભવ તન્મય થઇ, તીર્થંકર પદ ણાંધે રે. ભ૦ ૫-૬

ત્રણ જ્ઞાન સહિત પ્રભુ, કલ્યાણકે સુખ કરતા રે;
ભોગ કરમ ક્ષીણ જાણીને, ચારિત્ર ગુણને ધરતા રે. ભ૦ ૬-૭

અડ પડિહારે શોભતા, સકલ અધિક ગુણ સોહે રે;
અતિશય વાણી ગુણ યુતા, જગજનને પડિબોહે રે. ભ૦ ૭-૮

કર આમલક તણી પરે, કેવલ અર્થ પ્રકાશે રે;
ભાસન રમણપણે લહી, ગણધર સૂત્ર અભ્યાસે રે. ભ૦ ૮ ૯

ભગવંતે અર્થ પ્રકાશીયો, સૂત્રે ગણધર ભાખ્યો રે;
ઉત્તમ સંશય નવિ લહે, જિમ **અમૃત** જિણે ચાખ્યો રે ભ૦ ૯-૧૦

: ઢાલ-બીજી :

(સંભવ જિનવર વિનતિ—એ દેશી.)

નમો નમો સિદ્ધ નિરંજના, અવિનાશી અરિહંતરે;
નાણદંસણ ક્ષાયિક ગુણા, ભાંગે સાદિ અનંતરે. નમો૦ ૧-૧૧

અંતર નવિ સંકોચતા, જેહ દીપક દૃષ્ટાંત રે;
નિરૂપાધિક નિર્વિઘ્નતા, જ્યોતિશું જ્યોત મિલંત રે. નમો૦ ૨-૧૨

નિરમલ સિદ્ધશિલા ભલી, અરજુન હેમ સિદ્ધાંત રે;
અણય સુખસ્થિતિ જેહની, જેયણ એક લોગંત રે. નમો૦ ૩-૧૩

જગમાં જસ ઓપમ નહિ, રૂપાતીત સ્વભાવ રે;
ઘૃતનો સ્વાદ ન કહી શકે, પ્રાકૃત શહેર બનાવ રે. નમો૦ ૪-૧૪

સેવે ચોસઠ સુરપતિ, ભ્રમર પરે જનવૃંદ રે;
ત્રિગડે બેઠા જિનપતિ, લહે સિદ્ધ આનંદ રે. નમો૦ ૫-૧૫

દેશ સરવસંયતી યથા, ગૃહી મુનિ સાધે મુનિ યોગ રે;
અહોનિશ ચાહે સિદ્ધતા, વિરહી ઇષ્ટ સંયોગ રે. નમો૦ ૬-૧૬

આતમરામ રમાપતિ, સમરે કિરિયા અસંગ રે;
તો લહે સિદ્ધદશા ભલી, શ્રી જિન **અમીય** સુરંગ રે. નમો૦ ૭-૧૭

: ઢાલ-ત્રીજી :

(મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચળે રે—**એ** દેશી.)

મારૂં મન મોહ્યુંરે સૂરિગુણ ગાયવારે, વર છત્રીશ પ્રધાન;
ભુવન પદારથ પ્રગટ પ્રકાશતારે, દીપક જેમ નિધાન. મા૦ ૧-૧૮

મલ કોપાદિકની નહિ કલુષતારે, ન ધરે માયાનો લેશ;
ગુણીજન મોહન મોહન ભવ્યનેરે, ભાખે શુદ્ધ ઉપદેશ. મા૦ ૨-૧૯

પંચાચાર તે સૂધા પાળતારે, નહિ પરમાદ લગાર;
સારણ વારણ ચોયણ સાધુનેરે, આપે નિત્ય સંભાર. મા૦ ૩-૨૦

આતમ સાધન પંચ પ્રસ્થાનનાંરે, ધ્યાનમાલામાં વિસ્તાર;
તેહીજ રીતે પ્રીતે સાધતારે, ધન્ય તેહનો અવતાર. મા૦ ૪-૨૧

એહવા ગુરૂની સેવા તુમે કરોરે, ગૌતમ વીર જિણંદ;
અશન વસનાદિક ભક્તિ કીજીયેરે, એ વ્યવહાર અમંદ. મા૦ ૫-૨૨

જિનવર કહે વંદો તુમે પ્રાણીયારે, આચારજ ગુણવંત;
આતમભાવે પરિણતિ જો લહેરે, **અમૃત** પદવી લહંત મા૦ ૬–૨૩

: ઢાલ–ચોથી :

(સ્વામી સીમંધર! વિનતિ—**એ દેશી.**)

દ્વાદશ અંગના ધારકા, પારગ સયલ સિદ્ધાંત રે;
કારક સૂત્ર સમરથ ભલા, વારક અહિતની વાત રે. ઢા૦ ૧–૨૪

ભાવના ચંદનરસ ભરે, વરસતા વાણી કલ્લોલ રે;
બોધિબીજ દીયે ભવ્યને, ધરમશું કરે રંગરોલ રે. ઢા૦ ૨ ૨૫

રાજપુત્ર જિમ ગણચિંતકા, આચારજ સંપત્તિ યોગ રે;
ત્રીજે ભવે લહે શિવસંપદા, નમો પાઠક શુભ યોગ રે. ઢા૦ ૩–૨૬

શબ્દ શાસ્ત્રે એમ સૂચવે, શબ્દ અર્થ પરિમાણ રે;
ભણે ભણાવે તેહ પાઠકા, અવર તે નામ નિદ્ધાન રે. ઢા૦ ૪–૨૭

શિષ્યને સુહિત શિક્ષા દીયે, પાવન જિમ શુભ ઘાટ રે;
મૂર્ખને પણ પંડિત કરે, નમું પાઠક મહારાટ રે. ઢા૦ ૫–૨૮

શાસન જૈન અજુવાલતા, પાલતા આપ પરતીત રે;
આતમપરિણતિ તે લહે, **અમૃત** એહ પદ પ્રીત રે. ઢા૦ ૬–૨૯

: ઢાલ–પાંચમી. :

(સિદ્ધારથનારે નંદન વિનવું—**એ દેશી**)

ઇંદ્રિય જીપેરે મન સંયમ ધરે, ચરણ કરણ ગુણ જ્ઞાન;
બાહ્યાચરણેરે દેખી ન રાચીયે, ભગવતી સૂત્ર પ્રમાણ.
તે મુનિ વંદોરે શુભ સમતાધરા. ૧–૩૦

વસ્ત્ર ન ધોવેરે રંગે નહિ કદા, આચારાંગ મોઝાર;
પ્રવચન માનેરે જે મુનિ ચાલતા, તેહની જાઉં બલિહાર. તે૦ ૨–૩૧

જિમ તરૂ કુસુમેરે ભમરો બેસતાં, ન કરે કાંઇ ઉપઘાત;
તિમ મુનિ જાવેરે આહાર ગવેષવા, દશવૈકાલિક વાત. તે૦ ૩-૩૨

આહાર તે લાવી નિરસ ભોગવે, જિમ દર માંહેરે સાપ;
અનુત્તરોવવાઇ ધન્નો વરણવ્યો, નમતાં જાયે રે પાપ. તે૦ ૪-૩૩

ચઉવિહ ભાખ્યારે પન્નવણા પદે, બોલે મુનિ નિર્દોષ;
એહવા મુનિનેરે ભાવે વંદીયે, તો હોય સમકિત પોષ. તે૦ ૫-૩૪

કહીય પ્રમાદીરે મુનિ ન ઉવેખીયે, જૂઓ ચારણ મુનિ દોય;
લબ્ધિ પ્રયુંજીરે જગતીરથ કરે, તેહનો મહિમારે જોય. તે૦ ૬-૩૫

લવણ ન મૂકે મરયાદા સહી, જીવાભિગમ તરંગ;
શ્રી જિનવચનેરે તે મુનિ વાંદતાં, વાધે સંયમ રંગ. તે૦ ૭-૩૬

નિરમલ દીસેરે સોનાતણી પરે, નવ વિધ બ્રહ્મ સુહાય;
પુન્ય અંકુરારે દરિશને પાલવે, અમૃત વંદેરે પાય. તે૦ ૮-૩૭

શ્રી પંચતીરથનું સ્તવન. ૧

(સંભવ જિનવર વિનતિ—એ દેશી.)

ઢાલ:-આદે આદિજિનેસરૂ, પુંડરિક ગિરિ શણગાર રે;
રાયણ રૂખે સમોસર્યા, પૂરવ નવાણું વાર રે. આદે૦ ૧

ઉથલો:-આદિ આદિ જિણુંદ જાણું, ગુણ વખાણું તેહના,
મનરંગ માનવ દેવ દાનવ, પાય પૂજે જેહના;
લખ ચોરાશી પૂર્વ પોઢા, આયુ જેહનું જાણીયે,
શત્રુંજય સ્વામી રિસહ પામી, ધ્યાન ધવલું આણીયે. ૨

ઢાલ:-દીઠો દીઓદરમંડણો, મીઠો અમીય સમાન રે;
શાંતિ જિનેસર સોળમો, સોહે સોવન વાન રે. દીઠો૦ ૩

ઉથલો:-દીઓદર મંડન દુરિત ખંડન, દીઠો દાળિદ્ર ચૂરએ,
સેવતાં સંકટ સયળ નાસે, પૂજ્યો વાંછિત પૂરએ;

સુર કરીય માયા શરણુ આયા, પારેવો જેણે રાખીયો,
દાતા ભલેરે દયાકેરો, દાન મારગ દાખીયો. ૪

ઢાલઃ-ગિરૂઓ ગઢ ગિરનારનો, જસ સિર નેમકુમાર રે;
સમુદ્રવિજય નૃપ કુલ તિલો, શિવાદેવી માત મલ્હારરે. ગિ૦ ૫

ઉથલોઃ-ગિરનાર ગિરૂઓ ડુંગર દેખી, હૈડે હરખી હે સખિ!
નવ અંગ નવેરી નેમ કેરી, કરીશ પૂજા નવલખી;
જેણે ચિત્ત મીઠી દયા દીઠી, રાણી રાજુલ પરિહરી,
સંસાર ટાળી સંયમ પાળી, વેગે મુગતિ વધૂ વરી. ૬

ઢાલઃ-જાશું દેવ જીરાવલે, કરશું સફળ બે હાથ રે;
સંઘ મળે સહુ સામટો, પૂજવા પારસનાથ રે. જા૦ ૭

ઉથલોઃ-જીરાવલો જગનાથ જાણી, મન આણી આશના,
મદ માન મોડી હાથ જોડી, ગુણ ગાશું પાસના;
ઢમઢોલ ઢમકે ઘુઘર ઘમકે, રંગ રૂડા રાસના,
પ્રભુ સેવ કરતાં ધ્યાન ધરતાં, થાય ઉત્તમ વાસના. ૮

ઢાલઃ-સાચો જિન સાચોરનો, ત્રિભુવનમંડન વીરરે;
ધીરપણે જેણે તપ તપ્યા, સોવન વરણ શરીરરે. સા૦ ૯

ઉથલોઃ-સાચોરસ્વામી સદા સાચો, જસવાદ તેજ ચિહું દિશિ તપે.
પ્રભુ આસ પૂરે પાપ ચૂરે, ધ્યાન યોગીશ્વર જપે;
શશી સૂર મંડલ જિસા કુંડલ, હૈયે હાર સોહામણો,
જિનરાજ આજ દયાલ દેખી, ઉપન્યો ઉલટ ઘણો. ૧૦

ઢાલઃ-મુનિ લાવણ્યસમય ભણે, પંચ એ મેરૂ સમાન રે;
પંચે તીરથ જે સ્તવે, તસ ઘર નવે નિધાન રે. મુ૦ ૧૧

શ્રી આગમનું સ્તવન ૧

(મનમોહન સ્વામી—એ દેશી.)

ઇંદ્રીવરાસનતનયા વંદી, થુણશું મોક્ષાનંદી રે; સુખકંદ જિણુંદા૦
શ્રી મહાવીર મુણીંદા રે, સુ૦ શાંત સુધારસ કંદા રે, સુ૦
પ્રણમે વાસવ વૃંદા રે, સુ૦ ભવ્ય વનજ વન ચંદા રે; સુ૦
મુઝ વંદન નંદન ત્રિશલ્લારો, સાસમાંહિ સો વારો રે. સુ૦ ૧

મણિમય હેમ સિંહાસન બેસે, ચઉમુખ શ્રુત ઉપદેશે રે; સુ૦
લહી ત્રિપદી ભાખી ભગવંતા, ગણધરજી વિરચંતા રે. સુ૦ ૨

આચારાંગ વલી સુગડાંગો, ઠાણાંગ સમવાયાંગો રે. સુ૦
ભગવતીસૂત્ર તે પંચમ અંગો, જ્ઞાતાધર્મકથાંગો રે. સુ૦ ૩

સૂત્ર સમમ ઉપાસગ દશાંગો, વળી અંતગડ દશાંગો રે; સુ૦
અનુત્તરોવવાઇ પ્રશ્નવ્યાકરણો, સુણજે વિપાક સકર્ણો રે. સુ૦ ૪

એકાદશ ભાખ્યા સુઅ અંગા, દ્વાદશ તાસ ઉપાંગા રે; સુ૦
કહે દેવાર્ય સુણો સુરશ્રેણિ, ઉવવાઇ રાયપસેણી રે. સુ૦ ૫

જીવાભિગમ પન્નવણા પ્રભૃતિ, જંબૂદ્વીપપન્નત્તિ રે; સુ૦
ચંદપન્નતિ સૂરપન્નત્તિ, દ્વીવસાગરપન્નત્તિ રે. સુ૦ ૬

નિરયાવલી ભાખે મુનિહંસા, કપ્પિયા કપ્પવડિંસા રે; સુ૦
પુપ્ફિયા પુપ્ફચૂલિયા વખાણો, વન્હિદશા તિમ જાણો રે. સુ૦ ૭

વીર સ્વકર દીક્ષિત મુનિ કીધા, દશ પયન્ના સુપ્રસિદ્ધા રે; સુ૦
ચઉશરણ આઉરપચ્ચક્ખાણો, ભક્તપરિજ્ઞા જાણો રે. સુ૦ ૮

ચોથું કહ્યું સંથારાપયન્નો, ચંદાવિજય ધન ધન્નો રે; સુ૦
દેવિંદથુઇ તંદુલવિયાલી, પ્રશ્ન સુણો ટંકશાલી રે. સુ૦ ૯

મરણસમાહિ મહાપચ્ચક્ખાણ, સુણતાં હોય નિર્વાણ રે; સુ૦
ગણિવિજ્જા દશમું સુખકારો, છ છેદ સંપઇ સારો રે. સુ૦ ૧૦

નિશીથ મહાનિશીથ પ્રબંધો, વ્યવહાર દશાસુઅખંધો રે; સુ૦
પંચકલ્પ જીતકલ્પ ઉદ્ધારો, સુણુજ્યે શ્રુત મૂલ ચારો રે. સુ૦ ૧૧
આવશ્યક ઓઘનિર્યુક્તિ બીજું, ઉત્તરાધ્યયન તિમ તીજું રે; સુ૦
દશવૈકાલિક એ ચઉ સારો, નંદી અનુયોગદ્વારો રે; સુ૦ ૧૨
દૃષ્ટિવાદના પંચ છે ભેદા, પરિકર્મ શ્રુત દુઃખ છેદા રે; સુ૦
પૂર્વ પૂર્વગત ચૂલિકા ધર્મ, વસ્તુ કહીએ તેમ રે. સુ૦ ૧૩
શ્રુત પિસ્તાલીસ ભેદવિતાનો, ભવિ કરજ્યે બહુમાનો રે, સુ૦
પદ અક્ષર એક અર્થ ન રોચે, શેષ સકલ ચિત્ત રોચે રે. સુ૦ ૧૪
મિથ્યાદૃષ્ટિ તે ગુણ પાખે, કહે જિનપ્રવચન સાખે રે; સુ૦
ખિમાવિજય જસશુભ શ્રુત ચાખ્યાં, વીરજિણંદે ભાખ્યાં રે. સુ૦ ૧૫

શ્રી સિદ્ધચક્રજીનાં સ્તવનો ૨

(૧)

(પશ્ચિમ ઐરવતે ભલું---એ દેશી)

કરી પટકુલે રે લુંછણાં, વંદો શ્રી જિનરાજ કે;
શ્રી સિદ્ધચક્રને સેવતાં, લહું અમૃતપુર રાજ કે.
નવપદ ધ્યાન ધરો સદા, આત્મભાવ વિશાલ કે;
ભવભ્રમણાદિક શ્રમ ટલે, સુણુજ્યો બાલગોપાલ કે. નવપદ૦ ૧
અતિશય ચૌતીસ શોભતા, શ્રી અરિહંત ભદંત કે;
ગુણ એકત્રીસ વિરાજતા, સિદ્ધપ્રભુ જયવંત કે. નવપદ૦ ૨
બારસે છત્રીસ ગુણે જયા, પદ ત્રીજે સૂરિરાય કે;
ષટશત પચ્ચવીસ ગુણધરા, પાઠક પાઠ પઠાય કે. નવપદ૦ ૩
ગુણ સત્તાવીસ વિરાજતા, જયવંતા મુનિરાય કે;
દીપે સત્તાસઠ ભેદથી, દર્શન નામ કહાય કે. નવપદ૦ ૪

નાણ નમો પદ સાતમે, ભવજલતારણ નાવ કે;
ત્રિયશત ચાલીસ ભેદથી, સ્વપરપ્રકાશક ભાવ કે. નવપદ૦ ૫
ભેદ સત્તર ઉપચારથી, ગુણ અનંતનું ધામ કે;
સંયમ જે જગ આચરે, હોજો તાસ પ્રણામ કે. નવપદ૦ ૬
કર્મ તપાવે તે તપ સહી, આણે ભવતરૂ છેદ કે;
બાહ્ય અભ્યંતર ભેદથી, બોલ્યા દ્વાદશ ભેદ કે. નવપદ૦ ૭
એ નવપદ તણી સેવના, ચાર વરસ ખટ માસ કે;
કરતાં વંછિત પૂરવે, વિમલેસર સુર તાસ કે. નવપદ૦ ૮
આંબિલ ઓળી આરાધિએ, વિધિપૂર્વક નિરધાર કે;
યોગ થિરે ભવિયણ ગણો, ગુણણું સહસ અઢાર કે. નવપદ૦ ૯
મયણા સંપદ સુખ લહ્યાં, શ્રી શ્રીપાલ વિનીત કે;
નવમે ભવે શિવ પામશે, સુણિએ તાસ ચરિત કે. નવપદ૦૧૦
એ સિદ્ધચક્રના ધ્યાનથી, ફલે શુભ વંછિત કામ કે;
વીરવિજય કહે મુજ હજ્યો, શ્રી સિદ્ધચક્ર પ્રણામ કે. નવપદ૦૧૧

(૨)

(પર્વ પજુસણ આવીયાં રે લાલ—એ દેશી.)

આરાધો આદર કરી રે લાલ, નવપદ નવય નિધાન, ભવિ પ્રાણીરે;
પંચ પ્રમાદ પરિહરી રે લાલ, આણી શુભ પ્રણિધાન, ભવિ પ્રાણીરે;
સિદ્ધચક્ર તપ આદરો રે લાલ ૧
પ્રથમ પદે નમો નેહશું રે,લા૦ દ્વાદશ ગુણ અરિહંત;ભ૦
ઉપાસના વિધિશું કરો રે,લા૦જિમ હોય કર્મનો અન્ત.ભ૦સિ૦ ૨
એકત્રીસ આઠ ગુણ જેહના રે,લા૦ પન્નર ભેદ પ્રસિદ્ધ;ભ૦
અનંત ચતુષ્કના ધણી રે,લા૦ ધ્યાવો એહવા સિદ્ધ.ભ૦સિ૦ ૩

છત્રીશ છત્રીશી ગુણ જે ધરે રે,લા૦ ભા વા ચા ર ય જેહ;ભ૦
તીર્થંકર સમ જે કહ્યા રે,લા૦ વંદુ આચારજ તેહ.ભ૦સિ૦ ૪
ચરણ કરણ સિત્તરી ધરે રે,લા૦ અંગ ઉપાંગના જાણ;ભ૦
ગુણ પચવીશ ઉવજઝાયના રે,લા૦ શિષ્યને દે નિત્ય નાણ.ભ૦સિ૦ ૫
સાધે મોક્ષ તે સાધુજી રે,લા૦ ગુણ સત્યાવીશ જાસ;ભ૦
અઢીય દ્વીપમાં જે મુનિ રે,લા૦ પદ પંચમ નમો ખાસ.ભ૦સિ૦ ૬
પયડી સાતના નાશથી રે,લા૦ ઉપશમ ક્ષાયિક જેહ;ભ૦
સડસઠ બોલે અલંકર્યો રે લા૦ નમો દર્શનપદ તેહ.ભ૦સિ૦ ૭
અઠ્ઠાવીશ ચૌદ છ સહી રે,લા૦ દો એક સવિ એકાવન્ન;ભ૦
ભેદ જ્ઞાનના જાણીને રે,લા૦ આરાધે તે ધન્ન.ભ૦સિ૦ ૮
નમો ચારિત્રપદ આઠમે રે,લા૦ દેશ સરવ ભેદ દોય;ભ૦
બાર સત્તર ભેદ જેહના રે,લા૦ સેવે શિવપદ હોય.ભ૦સિ૦ ૯
બાહ્ય અભ્યંતર તજી ક્રોધને રે,લા૦ તપ કરી બાર પ્રકાર;ભ૦
નમો તવસ્સ ગુણણું ગણો રે,લા૦ સમતા ધરી નિરધાર.ભ૦સિ૦૧૦
ઈંદ્રભૂતિ ઇમ ઉપદિશે રે,લા૦ નવ પદ મહિમા સાર;ભ૦
શ્રેણિક નરપતિ આગળે રે,લા૦ શ્રી શ્રીપાલ અધિકાર.ભ૦સિ૦૧૧
નવ પટ્ટરાણી જેહને રે,લા૦ ગજ રથ નવ હજાર;ભ૦
નવ લાખ વાજી શોભતા રે લા૦ સુભટ કોટિ નવ સાર.ભ૦સિ૦૧૨
ઋદ્ધિ સંપદ બીજી ઘણી રે,લા૦ કહેતાં નાવે પાર;ભ૦
આરાધી નવ પદ સહી રે,લા૦ નવમે પદ વિસ્તાર.ભ૦સિ૦૧૩
નવવિધ પરિગ્રહ મૂકીને રે,લા૦ નવ નિયાણાં નિવાર;ભ૦
સિદ્ધચક્ર સેવા કરો રે,લા૦જિમ તરો એહ સંસાર.ભ૦સિ૦૧૪
ઋદ્ધિ કીર્તિ ચેતન લહે રે,લા૦ **અમૃત** પદ સુખસાર;ભ૦
એ નવપદના ધ્યાનથી રે,લા૦ સવિ સંપદ શ્રીકાર.ભ૦સિ૧૫

દીવાલીનાં સ્તવનો ૩

(૧)

(મેં કીનો નહિ તુમ બિન ઔરશું રાગ—**એ દેશી.**)

સકલ સુરાસુર સેવિત સાહિબ, અહનિશ વીર જિણંદ,
સુરકાંતા શચી નાટક પેખત, પણ નહિ હર્ષ આણંદ;
હો જિનવર! તું મુજ પ્રાણ આધાર, જગજનને હિતકાર. હો૦ ૧

દાનવીર તપવીર જિનેશ્વર, કરમરિપુહતવીર;
તે કારણે અભિધાન તુમારૂં, યુદ્ધવીર ગંભીર. હો૦ ૨

તું સિદ્ધારથ સિદ્ધારથસુત, નહિ સુત માત અબીહ;
હરિલંછન ગતલંછન સાહિબ, ચઉમુહ ધર્મ નિરીહ. હો૦ ૩

સંઘ ચતુર્વિધ થાપના કીધી, ચઉગઇ પંથ વિહાય;
પંચમ નાણે પંચમ ગતિએ, **વીર** જિણંદ સધાય. હો૦ ૪

સોલ પહોર પ્રભુ દેશન વરસી, ફરસી વિભુ ગુણઠાણ;
બંધન છેદન ગતિ પરીણામે, ચરમ સમય નિરવાણ. હો૦ ૫

સ્વાતિ નક્ષત્રે શિવપદ પામ્યા, દીવાલી દિન તેહ;
વીર! વીર! ગૌતમ વીતરાગી, ચ્યુટયો બંધન સ્નેહ. હો૦ ૬

ખીમાગર **જશ** શુભ સુખ લહીએ, **વીર** કહે વીરધ્યાન;
કરતાં સુરસુખ સૌખ્ય મહોદય, લીલા લહેર વિતાન. હો૦ ૭

(૨)

(રાજ પધારો મેરે મંદિર—**એ દેશી**)

મારે દીવાળી થઇ આજ, જિનમુખ દીઠાથી,
આનાદિ વિભાવ તિમિર રયણીમા, પ્રભુદર્શન આધાર રે;
સમ્યગ્દર્શન દીપક પ્રગટ્યો, જ્ઞાનજ્યોતિ વિસ્તાર રે. જિન૦૧

આતમગુણ અવિરાધન કરણા, ગુણ આનંદ પ્રમોદ રે;
પરભાવે અરક્તદ્વિષ્ટતા, મધ્યસ્થા સુવિનોદ. જિન૦૨
નિજ ગુણ સાધન શુચિ રૂચિ મૈત્રી, સાધ્યાલંબન રીતિરે;
સંવર સુખડી રસ આસ્વાદી, ધૃતિ તંબોલ પ્રતીતિ. જિન૦૩
જિનમુખ દીઠે ધ્યાનારોહણ, એહ કલ્યાણક વાત રે;
આતમધર્મ પ્રકાશ ચેતના, **દેવચન્દ્ર** સુખશાત. જિન૦૪

(૩)

(લાવો લાવો ને રાજ, મોંઘા મૂલાં મોતી—**એ દેશી.**)

આવી આવી હો રાજ, પુન્ય થકી દીવાલી.—
ધવલ મંગલ જિનમંદિર દીજે, પૂજા કીજે રસાલી;
એહ પરવનો મહિમા નિસુણો, આગમપાઠ નિહાલી. આવી૦ ૧
એહુ દીવાલી કેરે દિવસ, ધ્યાન શુકલ સંભારી;
છઠ્ઠ તણું અણશણ આરાધી, કઠિણ કરમમલ ટાળી. આવી૦ ૨
સોલ પ્રહરની દેશના દીધી, હૃદય કરી ઉજમાલી;
શ્રી જિન વીર જિનેસર મુગતિ, પહોત્યા પાતક ગાલી. આવી૦ ૩
તત ખિણ અષ્ટાદશ નૃપ વિરચે, દ્રવ્ય થકી દીપમાલી;
પરભાતે શ્રી ગૌતમ પામ્યા, કેવલજ્ઞાન વિશાલી. આવી૦ ૪
ઇંદ્રાદિક મલી ઓચ્છવ કીધો, વિરચી વર કમલાલી;
તે માટે શ્રી વીર જિણંદનો, નામ જપો જપમાલી. આવી૦ ૫
ગૌતમ ગણધરનો પણ જુગતે, ધ્યાન ધરો મદ ગાલી;
છઠ્ઠ કરીને બાર સહસ જપ, કીજે નિજ મન વાલી. આવી૦ ૬
શ્રી જિનભક્તિ તથા ગુરૂસેવા, કરતાં સદ્ગતિ ભાલી;
જિન કહે દીપોત્સવી આરાધ્યે, નિતુ નિતુ મંગલમાલી. આવી૦ ૭

શ્રી અષ્ટાપદ તીર્થનું સ્તવન.

(ઋષભ જિણુંદશું પ્રીતડી—એ દેશી.)

શ્રી અષ્ટાપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદિનાથ કે;
ભાવે ચઉસઠ ઇંદ્રસ્યું, સમવસરણે હો મિલ્યા મોટા સાથ કે.શ્રી૦ ૧

વિનિતાપુરથી આવીયા, બહુ સાથે હો વળી ભરત ભૂપાળ કે;
વાંદી હિયડા હેજશું, તાત મૂરતિ હો નીકે નયણે નીહાળ કે.શ્રી૦ ૨

લીયે લાખેણાં ભામણાં, કહે વયણાં હો મોરાં નયણાં ધન્ન કે;
વિણ સાંકળ વિણ દોરડે, બાંધી લીધું હો વાહલા તે મન્ન કે.શ્રી૦ ૩

લઘુ ભાઇ એ લાડકા, તે તો તાતજી હો રાખ્યા આપ હજુર કે;
દેશના સુણી વાંદી વદે, ધન્ય જીવડા હો જે તર્યા ભવપૂર કે.શ્રી૦ ૪

પૂછે પ્રેમે પૂરીએા, આ ભરતે હો આગલ જગદીશ કે;
તીર્થંકર કેતા હશે, ભણે ઋષભજી હો અમ પછે ત્રેવીશ કે.શ્રી૦ ૫

માઘની શામળી તેરશે, પ્રભુ પામ્યા હો પદ પરમાણંદ કે;
જાણી ભરતેસર ભણે, સસનેહે હો નાભિરાયના નંદ કે.શ્રી૦ ૬

મનમોહન! દિન એટલા, મુઝ સાથે હો ઇસણો નવિ લીધ કે;
હૈજ હિયારો પરહરી, આજ ઉંડા હો અણોલડા લીધ કે.શ્રી૦ ૭

વિણ વાંકે કાંઇ વિરચિયા, તે તોડ્યા હો પ્રભુ પ્રેમના ત્રાગ કે;
ઇંદ્રે ભરતને બુઝવ્યા, દોષ મ દીએા હો એહ જિન વીતરાગ કે.શ્રી૦ ૮

શોક મૂકી ભરતેસરૂ, વાર્દ્ધકીને હો વલી દિએા આદેશ કે;
થુભ કરો જિણે થાનકે, સંસ્કાર્યા હો તાત શ્રી રીસહેશ કે.શ્રી૦ ૯

વલી બંધવ બીજા સાધુના, તિહાં કીધા હો તિન થુભ અનુપ કે;
ઉંચા સ્ફટિકનો કુટડો, દેખી ડુંગર હો હરખ્યો ભણે ભૂપ કે.શ્રી૦૧૦

રતન કનક થુભ દુંકડો, કરો કંચનનો પ્રાસાદ ઉત્તંગ કે;
ચઉબારે ચોપે કરી, એક જોયણ હો માને મનરંગ કે.શ્રી૦૧૧

સિંહ નિષદ્યા નામનો, નિપાયો હો મંડપ પ્રાસાદ કે;
ત્રણ કોશ ઉંચો કનકમય, ધ્વજ કળશે હો કરે મેરુશું વાદ કે.શ્રી૦૧૨
વર્ણ પ્રમાણે લંછને, જિન સરખી હો તેહ પ્રતિમા કીધ કે;
દોય ચાર આઠ દશ ભણી, ઋષભાદિક હો પૂરવે પરસિદ્ધ કે.શ્રી૦૧૩
કંચન મણિ કમલે ઠવી, પ્રતિમાની હો આણી નાસિકા જોડિ કે;
દેવચ્છંદે રંગમંડપે, નીલાં તોરણ હો કરી કોરણી કોડિ કે.શ્રી૦૧૪
બંધવ બહેન માતા તણી, મોટી મૂરતિ હો મણિ રતન ભરાય કે;
મરુદેવા મયગલ ચઢી, સેવા કરતી હો જિન મૂરતિ નિપાય કે.શ્રી૦૧૫
પાડિહેર છત્ર ચામરા, જક્ષાદિક હો કીધા અભિષેક કે;
ગોમુખ ચતુર ચક્કેસરી, ગઢ વાડી હો કુંડ વાવ વિશેષ કે.શ્રી૦૧૬
પ્રતિષ્ઠા સવિ પ્રતિમા તણી, કરાવે હો રાય મુનિને હાથ કે;
પૂજા સ્નાત્ર પ્રભાવના, સંઘ ભગતિ હો ખરચી ખરી આથ કે.શ્રી૦૧૭
પડતે આરે પાપીયા, મત પાડો હો કોઇ વાસ આ વાટ કે;
એક એક જોયણ આંતરે, ઇમ ચિંતી હો કરી પાવડી આઠ કે.શ્રી૦૧૮
દેવ પ્રભાવે એ દેહરો, હોશે અવિચલ હો છટ્ઠે આરે સીમ કે;
વાંદે આપ લળધે તે તરે, નર તેણે ભવ હો ભવસાયર ભીમ કે.શ્રી૦૧૯
શ્રી કૈલાસના રાજીઆ, દીએ દરીસણ હો કાંઇ મ કરો ઢીલ કે;
અરથી હોય ઉતાવળો, મત રાખો હો અમશું આડખીલ કે.શ્રી૦૨૦
મન માન્યાને મેળવે, આવા સ્થાને હો કોઇ ન મળે મિત્ત કે;
અંતરજામી મિલ્યા પખે, કિમ ચાલે હો રંગ લાગો ચિત્ત કે.શ્રી૦૨૧
ઋષભજી સિદ્ધિ વધૂ વર્યા, ચાંદલીયા હો તે દેઉલ દેખાડ કે;
ભલે ભાવે વાંદી કરી, માગું મુગતિના હો મુજ બાર ઉઘાડ કે.શ્રી૦૨૨
અષ્ટાપદની યાતરા, ફળ પામે હો ભાવે આ ભણી ભાસ કે:
શ્રીભાવવિજયઉવજ્ઝાયનો, ભાણુભાખેહો ફળેસઘળીઆશકે.શ્રી૨૩

છ અઠ્ઠાઈનું સ્તવન.

દુહા.

સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ;
પરમ પંચ પરમેષ્ટિમાં, તાસ ચરણ સુખકંદ. ૧
ત્રિજગ ગોચર નામ જે, ધ્યાવે નિજ મન નેહ;
થઇ લોકોત્તર તે સદા, પામે શિવ વધૂ ગેહ. ૨
પંચવરણ અરિહા વિભુ, પંચ કલ્યાણક ધ્યેય;
ષટ અઠ્ઠાઇ સ્તવના રચું, પ્રણમી અનંત ગુણગેહ. ૩

: ઢાલ–પહેલી :

(પુરૂષપ્રવર વિજયે જયોરે—એ દેશી)

ચૈતર માસે સુદી પક્ષમાં રે, પ્રથમ અઠ્ઠાઇ સંયોગ;
જિહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે,
ભવિકા પરવ અઠ્ઠાઇ આરાધ, મનવંછિત સુખ સાધરે. ભ૦ ૧–૪
લોચન કર્ણયુગલ મુખે રે, નાસિકા અગ્ર નિલાડ;
તાલુ શિર નાભિ હૃદે રે, ભમૂહ મધ્યે ધ્યાન પાઠરે. ભ૦ ૨–૫
પંચ પરમેષ્ટિ ત્રિકાળના રે. ઉત્તમ ચઉ ગુણ કંત;
શાશ્વત પદ સિદ્ધચક્રને રે, વંદતાં પુન્ય મહંત રે. ભ૦ ૩–૬
આલંબન સ્થાનક કહ્યાં રે, જ્ઞાનીયે દેહ મોઝાર રે;
તેહમાં વિગત વિષય પણે રે, ચિત્તમાંહી એક આધાર રે. ભ૦ ૪–૭
અષ્ટકમલદલ કર્ણિકા રે, નવપદ થાપો ભાવ;
બાહિર યંત્ર રચી કરી રે, ધારો અંતર અનુભાવ રે. ભ૦ ૫–૮
આસો સુદી સાતમ થકી રે, બીજી અઠ્ઠાઇ મંડાણ;
ત્રણસેં છેંતાલીશ ગુણે કરી રે, અસિઆઉસાદિક ધ્યાન રે. ભ૦ ૬–૯

ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાશ્વતી યાત્ર;
કરતા દેવ નંદીશ્વરે રે, નર નિજ ઠામ સુપાત્ર રે. ભ૦ ૭-૧૦

: ઢાલ-બીજી. :

(ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—એ દેશી)

અષાઢ ચોમાસાની અઠ્ઠાઇ, જિહાં અભિગ્રહ અધિકાઇ;
કૃષ્ણ કુમારપાલ પરે પાળો, જીવદયા ચિત્ત લાઇ રે,
પ્રાણી! અઠ્ઠાઇ મહોત્સવ કરીયે,સચિત્ત આરંભ ન ધરીયેરે. પ્રા૦ ૧ ૧૧

દિશિ ગમન તજે વર્ષા સમયે, ભક્ષાભક્ષ વિવેક,
અછતી વસ્તુ પણ વિરતિએ બહુફલ, વંકચૂલ સુવિવેકરે. પ્રા૦ ૨-૧૨

જે જે દેહ ગ્રહીને મૂકયા, તેહથી જે હિંસા થાય;
પાપ આકર્ષણ અવિરતિયોગે, તે જીવે કર્મ બંધાય રે. પ્રા૦ ૩-૧૩

સાયક દેહના જીવ જે ગતિમાં, વસીયા તસ હોય કર્મ;
રાજા રંકને ક્રિયા સરખી, ભગવતી અંગનો મર્મ રે. પ્રા૦ ૪-૧૪

ચોમાસી આવશ્યક કાઉસ્સગમાં, પંચશત માને ઉસાસા;
છઠ્ઠ તપની આલોયણ કરતાં, વિરતિ ધર્મ ઉજાસારે. પ્રા૦ ૫-૧૫

: ઢાલ-ત્રીજી :

(જિન જનમ્યાજી, જિણ વેલા જનની ઘરે—એ દેશી)

કાર્તિક સુદીમાંજી, ધર્મવાસર આરાધીયે,
વળી ફાલ્ગુણેજી, પર્વ અઠ્ઠાઇ સંભારીયે;
ત્રણ અઠ્ઠાઇજી, ચઉમાસી ત્રણ કારિણી,
ભવિ જીવનાંજી, પાતિક સર્વ નિવારણી. ૧-૧૬

નિવારણી પાતિક તણી એ જાણી, અવધિજ્ઞાને સુરવરા
નિકાય ચારના ઇંદ્ર હરખિત, વંદે નિજ નિજ અનુચરા;

અઠ્ઠાઇ મહોત્સવ કરણ સમયે, શાશ્વતા એ દેખીયે;
સવિ સજ્જ થાએ દેવ દેવી, ઘંટાનાદ વિશેષીએ. ૨-૧૭

વલી સુરપતિજી, ઉદ્‌ઘોષણા સુરલોકમાં,
નિપજાવીજી, પરિકર સહિત અશોકમાં;
દ્વીપ આઠમેજી, નંદીશ્વર સવિ આવીયા,
સાસય પડિમાજી, પ્રણમે વધાવે ભાવીયા. ૩-૧૮

ભાવીયા પ્રણમી વધાવી પ્રભુને, હર્ષ બહુલે નાચતા,
બત્તીસ વિધના કરીય નાટક, કોડી સુરપતિ માચતા;
હાથ જોડી માન મોડી, અંગભાવ દેખાવતી,
અપછરા રંભા અતિ અચંભા, અરિહા ગુણ આલાવતી. ૪-૧૯

ત્રણ અઠ્ઠાઇમાંજી, ષટ્ કલ્યાણક જિનતણાં.
તિમ આ વલીજી, બાવન જિનનાં બિંબ ઘણાં;
તસ સ્તવનાજી, સદ્‌ભુત અર્થ વખાણતાં,
ઠામ પહોંચેજી, પછે જિન નામ સંભારતાં. ૫-૨૦

સંભારતાં પ્રભુ નામ નિશદિશ, પર્વ અઠ્ઠાઇ મન ધરે,
સમકિત નિરમલ કરણ કારણ, શુભ અભ્યાસ એ અનુસરે;
નરનારી સમકિતવંત ભાવે, એહ પર્વ આરાધશે,
વિઘ્ન નિવારે તેહના સહી, **સૌભાગ્ય લક્ષ્મી** વાધશે. ૬-૨૧

: ઢાલ-ચોથી :

(અરિહંત પદ ધ્યાતો થકા—**એ દેશી.**)

પર્વ પજુસણમાં સદા, અમારિ પડહ વજડાવ રે;
સંઘ ભક્તિ દ્રવ્ય ભાવથી, સાહમી વચ્છલ શુભ દાવ રે,
મહોદય પર્વ મહિમાનિધિ. ૧-૨૨
સાહમીવચ્છલ એકણ પાસે, એકત્ર ધર્મ સમુદાય રે;
બુદ્ધિ તુલાએ તોલીયે, તુલ્ય લાભ ફળ થાય રે. મ૦ ૨-૨૩

ઉદાયી ચરમ રાજર્ષિ, તિમ કરો ખામણું સત્ય રે;
મિચ્છામિ દુક્કડં દેઈને, ફરી સેવે પાપ વત્ત રે. મ૦ ૩-૨૪

તે કહ્યા માયામૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિ માંહીરે;
ચૈત્યપ્રવાડી કીજીયે, પૂજા ત્રિકાલ ઉછાંહીરે. મ૦ ૪-૨૫

છેલ્લી ચાર અઠ્ઠાઇએ, મહામહોત્સવ રચે દેવા રે;
જીવાભિગમ ઇમ ઉચ્ચરે, પ્રભુ શાસનના એ મેવા રે. મ૦ ૫-૨૬

: ઢાલ-પાંચમી :

(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી.)

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરૂદ્ધ રે;
કારક સાધન પ્રભુ ધર્મનો, ઇચ્છારોધે હોય શુદ્ધ રે.
તપને સેવોરે કંતા વિરતિના. ૧-૨૭

એકસો વરસે રે છૂટે કર્મથી, નારકી જીવ અકામ રે;
પાપ રહિત હોય નોકારશી થકી, સહસ તે પોરશી ઠામ રે.તપ૦૨-૨૮

વધતો વધતો રે તપ કરવા થકી,દશ ગુણો લાભ ઉદાર રે;
દશ લાખ કોડી વરસનું અઠ્ઠમે, દુરિત મિટે નિરધાર રે.તપ૦૩-૨૯

પચાસ વરસ સુધી તપ્યાં લક્ષ્મણા, માયાતપ નવિ શુદ્ધ રે;
અસંખ્ય ભવ ભમ્યાં એક કુવચનથી, પદ્મનાભ વારે સિદ્ધ રે.તપ૦૪-૩૦

આહાર નિરીહતા રે સમ્યક્ તપ કહ્યો,બાહ્ય અભ્યંતર તત્તરે;
ભવોદધિ સેતુરે અઠ્ઠમ તપ તણું, નાગકેતુ ફલ પત્ત રે.તપ૦૫-૩૧

: ઢાલ-છઠ્ઠી :

(સ્વામી સીમંધર! વિનતિ—એ દેશી.)

વાર્ષિક પડિક્કમણા વિષે, એક હજાર શુભ આઠ રે;
સાસ ઉસાસ કાઉસ્સગ્ગ તણા, આદરી તજે કર્મ કાઠ રે.
પ્રભુ તુમ શાસન અતિ ભલું. ૧-૩૨

દુગલખ ચઉસય અડ કહ્યાં, પલ્ય પણુયાલી હજાર રે;
નવ ભાગ પલ્યના ચઉ ગ્રહ્યા, સાસમાં સુર આયુ સાર રે. પ્ર૦ ૨-૩૩
ઓગણીશ લાખ ને તેસઠ, સહસ બસેં સતસઠ્ઠિ રે;
પલ્યોપમ દેવનું આઉખું, નવકાર કાઉસ્સગ્ગે જિઠ્ઠ રે. પ્ર૦ ૩-૩૪
એકસઠ લાખ ને પણુતીસા, સહસ બસેં દશ જાણુ રે;
એતા પલ્યનું સુર આઉખું, લોગસ્સ કાઉસ્સગ્ગે માન રે. પ્ર૦ ૪-૩૫
ધેનુ થણુ રૂપથી જીવના, અચલ છે આઠ પ્રદેશ રે;
તેહ પરે સવિ નિરમલ કરો, પર્વ અઠ્ઠાઇ ઉપદેશ રે. પ્ર૦ ૫-૩૬

: ઢાલ-સાતમી :

(બ્રહ્મચર્ય પદ પૂજીએ—એ દેશી)

સોહમ કહે જંબૂ પ્રત્યે, જ્ઞાનાદિ ધર્મ અનંતરે, વિનીત;
અર્થ પ્રકાશે વીરજી, તિમ મેં રચીયો સિદ્ધાંતરે, વિનીત.
પ્રભુ આગમ ભલો વિશ્વમાં. ૧-૩૭
ષટ્ લાખ ત્રણુસેં તેત્રીસા, એગુણુસઠ્ઠિ હજાર રે; વિ૦
પીસ્તાલીશ આગમ તણી, સંખ્યા જગદાધાર રે. વિ૦ પ્ર૦ ૨-૩૮
અસ્તમીયે કેવલ રવિ, શ્રુત દીપે વ્યવહાર રે; વિ૦
ઉભય પ્રકાશક સૂત્રનો, સંપ્રતિ બહુ ઉપકાર રે વિ૦ પ્ર૦ ૩-૩૯
પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહી નવકાર રે; વિ૦
શુકલધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર તિમ સાર રે. વિ૦ પ્ર૦ ૪-૪૦
વીર વર્ણન છે જેહમાં, શ્રી પર્વે તસુ સેવ રે; વિ૦
છઠ્ઠ તપે કલ્પ સુણે મુદા, ઉચિત વિધિ તતખેવ રે. વિ૦ પ્ર૦ ૫-૪૧

: ઢાલ આઠમી :

(સખી સુણ કહીએ રે—એ દેશી.)

[1]નેવું સહસ સંપ્રતિ નૃપે રે, ઉદ્ધર્યા જૈન પ્રાસાદ રે;
છત્રીસ સહસ નવાં કર્યાં રે, નિજ આઉ દિન વાદ,
મનને મોદેરે, પૂજે પૂજે રે, મહોદય પર્વ, મહોત્સવ મોટેરે. ૧-૪૨

અસંખ્ય ભરતના પાટવી રે, અહાઇ ધર્મના કામી રે;
સિદ્ધગિરિએ શિવપુરી વર્યા રે, અજરામર શુભ ઠામ. મ૦ ૨ ૪૩

યુગપ્રધાન પૂરવ ધણી રે, વયરસ્વામી ગુણધાર રે;
નિજ પિતુ મિત્ર પાસે જઇ રે, યાચ્યાં કુલ તૈયાર. મ૦ ૩-૪૪

વીશ લાખ કુલ લેઇને રે, આવ્યા ગિરિ હિમવંત રે;
સિરિદેવી હાથે લીયેા રે, મહા કમલ ગુણવંત. મ૦ ૪-૪૫

પછી જિનરાગીને સોંપીયા રે, સુભિક્ષા નયરી મોઝાર રે;
સુગત મત ઉચ્છેદીયેા રે, શાસન શોભા અપાર રે. મ૦ ૫-૪૬

: ઢાલ-નવમી :

(ભરતનૃપ ભાવશું એ—એ દેશી.)

પ્રાતિહારજ અડ પામીયે એ, સિદ્ધ પ્રભુના ગુણ આઠ;
હરખ ધરી સેવીયે એ.
જ્ઞાન દંસણ ચારિત્રનાએ, આઠ આચારના પાઠ
હરખ ધરી સેવીએ એ, સેવા સેવા પર્વ મહંત. હ૦ ૧-૪૭

પવયણ માત અડ સિદ્ધિ છે એ, બુદ્ધિ ગુણા અડ દૃષ્ટિ; હ૦
ગણિ સંપદ અડ સંપદા એ, આઠમી ગતિ દીયે પુષ્ટિ. હ૦ ૨-૪૮

૧-'સવા લાખ નવાં જિનમંદિરો બંધાવ્યાં અને છત્રીશ હજાર મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો' આવો ઉલ્લેખ પણ મળે છે.

આઠ કરમ અડ દોષને એ, અડ વિધ મદ પરમાદ; હ૦
પરિહરી આઠ કારણ ભજી એ, આઠ પ્રભાવક વાદ. હ૦ ૩-૪૯
ગુર્જર દિલ્હી દેશમાં એ, અકબરશા સુલતાન; હ૦
હીરજી ગુરૂના વયણથી એ, અમારિપડહ વિતાન. હ૦ ૪-૫૦
સેનસૂરિ તપગચ્છમણિ એ, તિલક આણંદ મુણિંદ; હ૦
રાજમાન ઋદ્ધિ લહે એ, **સૌભાગ્યલક્ષ્મી** સૂરીંદ. હ૦ ૫-૫૧
સેવો સેવો પર્વ મહંત, હ૦ પૂજો જિન પય અરવિંદ; હ૦
પૂરવ પુન્ય સુખકંદ, હ૦ પ્રગટે પરમાનંદ; હ૦
ઇમ કહે લક્ષ્મીસૂરીંદ હ૦ ૬-૫૨

: કલશ. :

ઇમ પાસ પ્રભુ સુપસાય પામી, નામી અઠ્ઠાઇ ગુણ કહ્યા,
ભવિ જીવ સાધો નિત આરાધો, આત્મધર્મે ઉમહ્યા;
સંવત જિનઅતિશય વસુ શશી, ચૈત્રી પુનમે ધ્યાઇઆ, (૧૮૩૪)
સૌભાગ્યસૂરિ શિષ્ય **લક્ષ્મીસૂરિ**, બહુ સંઘ મંગલ પાઇયા. ૧-૫૩



શ્રી વિહરમાન જિન સ્તવનો.

(૧)

ઉત્કૃષ્ટ કાલીન શ્રી ૧૭૦ વિહરમાન જિન સ્તવન.

(રાગ ધનાશ્રી, નયરી અયોધ્યાથી સંચર્યા—એ દેશી.)

વંછિત દાયક સુરતરૂ એ, વિહરમાન જિન વીશ તો,
નમો ભવિયાં ભાવશું એ;
ઋદ્ધિ સિદ્ધિ સવિ સંપજે એ, પૂરે મનહ જગીશ તો. નમો૦ ૧
સોવન વાન સોહામણા એ, ધનુષ પાંચસેં કાય તો; નમો૦
લાખ ચોરાશી પૂરવનું એ, એ સવિ જિનનું આય તો. નમો૦ ૨
પ્રાતિહાર્ય આઠે સદા એ, વલી અતિશય ચોત્રીસ તો; નમો૦
ત્રિગડે બેઠા સોહીયે એ, વાણી ગુણ પાંત્રીસ તો. નમો૦ ૩
દશ દશ લખ કેવલધરા એ, કોટિ શત અણુગાર તો; નમો૦
વિહરમાન વીશે તણા એ, પૃથક પૃથક પરિવાર તો. નમો૦ ૪
સંઘ ચતુરવિધ થાપના એ, જિનવર સહુઅ કરંત તો; નમો૦
નિજ નિજ ક્ષેત્રે વિચરતા એ, એકઠા હોય ન મળંત તો. નમો૦ ૫
મહાવિદેહ એકેકમાં એ, વિજય હોય બત્રીશ તો; નમો૦
ભરત અઇરવતે ભાખીયા એ, પાંચ પાંચ જગદીશ તો. નમો૦ ૬
ઉત્કૃષ્ટ કાળે એ હુઆ એ, મનુષ્ય ક્ષેત્રે સુવિવેક તો; નમો૦
ઇમ સિત્તેર સો જિન નમું એ, વિહરમાન ધરી ટેક તો. નમો૦ ૭
કીર્તિવિજયઉવજ્ઝાયનો એ, વિનયવિજય કરજોડ તો; નમો૦
શ્રી જિનવર ગુણ ગાવતાં એ, લહીયે મંગળ કોડ તો. નમો૦ ૮

(૨)

શ્રી વીસવિહરમાન ભગવાનનું સ્તવન

(સ્થૂલિભદ્ર કહે સુણ બાલા રે—એ દેશી.)

શ્રી સીમંધર પહેલા સ્વામી રે, બીજા દેવ જુગમંધર નામી રે;
ત્રીજા બાહુજિન અરિહંતા રે, સ્વામી સુબાહુ છે વિચરંતા રે. ૧
સ્વામી સુજાત જગ જયવંતા રે, સ્વયંપ્રભ છઠ્ઠા ભગવંતા રે;
ઋષભાનન જિન વંદન કરશું રે, અનંતવીરજ જિન ચિત્તમાં ધરશું રે. ૨
નવમા સુરપ્રભ સમરીજે રે, દશમા દેવ વિશાલ નમીજે રે;
શ્રી વજ્રધર ધર્મ પ્રરૂપે રે, ચંદ્રાનન ચંદ્રાનન રૂપે રે. ૩
ચંદ્રબાહુ પ્રણમું શિરનામી રે, ભુજંગનાથ સાથ શિવગામી રે;
પન્નરમા ઈશ્વર રહીએ સંગે રે, સોલમા નમિજિન નમીએ રંગે રે. ૪
વીરસેન સત્તરમા જાણું રે, અઢારમા મહાભદ્ર વખાણું રે;
દેવજસા જસ દેવ તે ગાવે રે, અજિતવીર્ય જિન અક્ષય પાવે રે. ૫
એ વીસે વિહરમાન કહાય રે, સુરપતિ પ્રણમે તેહના પાય રે;
ઉઠી પ્રભાતે વંદન કરશું રે, મનમોહન જિન નામ સમરશું રે. ૬
સાહિબ સમરણ સરીખું મીઠું રે, એહવું અમૃત ન જગમાં દીઠું રે;
સ્વપને સજ્જન કેરૂં મળવું રે, તરણિ ઉદય તે તરતજ ફળવું રે. ૭
તેમ તુમ દરીસણ દરીસન વાસો રે, રાત દિવસ રહો હૈડા પાસો રે;
નેહ કરીને દૂરે રહેવું રે, તે ભાણા ખડખડ દુઃખ સહેવું રે. ૮
ઓછા માણસ કેરી સગાઇ રે, પ્રેમ પટંતર લોક ઠગાઇ રે;
પણ ગિરૂઆશું રાગ બિરાજે રે, શ્રી શુભવીર તે જગમાં ગાજે રે. ૯

(૩)

(ચોપાઇ.)

શ્રી સીમંધર પહેલા સ્વામ, યુગમંધર બીજા અભિરામ;
બાહુ સુબાહુ સેવો સદા, સુજાત સ્વયંપ્રભ નમીયે મુદા. ૧

શ્રી ઋષભાનન જિન સાતમા, અનંતવીરજ વંદો આઠમા;
સુરપ્રભ ને સ્વામી શ્રી વિશાળ, વજ્રધર પ્રણમો પ્રહકાળ. ૨
ચંદ્રાનન ચંદ્રબાહુ ભજો, ભુજંગ ઈશ્વર ભાવે યજો;
નેમિપ્રભ નમીયે નિતમેવ, વીરસેનની કીજે સેવ. ૩
મહાભદ્ર ને વળી દેવજસા, અજિતવીર્ય વીસ મન વસ્યા;
વિહરમાન જયવંતા વીસ, જિનવર આપે ચડત જગીશ. ૪
આરાધો અનુઆલી બીજ, હૃદયમાંહે આણીને રીઝ;
દીપ ધૂપ કીજે આરતિ, વિઘન વિપદ દૂરે વારતી. ૫
ઉદયરતન વાચક એમ ભણે, એ રીત કરતાં આદર ઘણે;
ચંદ્રકિરણ જિન ચડતી કળા, નિત્યોદય વાધે નિરમળા. ૬

(૪)

શ્રી સીમંધર જિન સ્તવનો.

(સિદ્ધારથનારે નંદન વિનવું—એ દેશી.)

વિનતિ માહરી રે સુણજો સાહિબા, સીમંધર જિનરાજ;
ત્રિભુવન તારક! અરજ ઉરે ધરો, દેજો દરીસણ રાજ. વિ૦ ૧
આપ વસ્યા જઈ ક્ષેત્ર વિદેહમાં, હું રહું ભરત મોઝાર;
એ મેળો કેમ હોયે જગધણી, એ મુજ સઘળ વિચાર. વિ૦ ૨
વચમાં વન દ્રહ પર્વત અતિ ઘણા, વળી નદીઓનારે ઘાટ;
કિણવિધ ભેટું રે આવી તુમ કને, અતિ વિષમી એ રે વાટ. વિ૦ ૩
કિહાં મુજ દાહિણ ભરત ક્ષેત્ર રહ્યું, કિહાં પુકખલવઈ રાજ;
મનમાં અલજોરે મળવાનો ઘણો, ભવજલ તરણ જહાજ. વિ૦ ૪
નિશદિન આલંબન મુજ તાહરૂં, તું મુજ હૃદય મોઝાર;
ભવ દુઃખ ભંજન તુંહી નિરંજનો, કરૂણા રસ ભંડાર. વિ૦ ૫

મનવંછિત સુખસંપદ પૂરજો, ચૂરજો કર્મની રાશ;
નિત્ય નિત્ય વંદન હું ભાવે કરું, એહીજ છે અરદાસ. વિ૦ ૬

તાત શ્રેયાંસ નરેસર જગતિલો, સત્યકી રાણીનો જાત;
સીમંધર જિન વિચરે મહીતલે, ત્રણ ભુવનમાં વિખ્યાત. વિ૦ ૭

ભવોભવ સેવા રે તુમ પદકમલની, દેજો દીન દયાલ;
એ કર જોડી રે **ઉદયરતન** વદે, નેક નજરથી નિહાળ. વિ૦ ૮

(૫)

(જગજીવન જગ વાલહો—**એ દેશી**)

સીમંધર જિન સેવવા, મન ધરે બહુત ઉત્સાહ; લાલરે;
આડા ડુંગર વન ઘણાં, નદીયોના પરવાહ. લાલરે. સી૦ ૧

ઇણ ક્ષેત્રે એહવો કોણ છે, જે જાણે મનની વાત; લાલરે;
કહી ઉત્તર મન રીઝવે, સુપ્રસન્ન હુએ મન ગાત. લાલરે. સી૦ ૨

મન તો તુજ ચરણે ભમે, ભામણે ભૂખ ન જાય; લાલરે;
મુજ મન વાત તો તૂં લહે, કિમ કહું તુજ સમજાય. લાલરે. સી૦ ૩

જ્ઞાન અનંત બળ તાહરે, સેવે સુરાસુર કોડ; લાલરે;
આજ્ઞા દ્યો એક દેવને, પહોંચાડે મન કોડ. લાલરે. સી૦ ૪

ધન્ય દેશ જિહાં તુમે રહ્યા, ધન્ય જે જન તુમ પાસ; લાલરે;
ધન્ય નગરી પુંડરિગિણી, જિહાં પ્રભુ છે તુમ વાસ. લાલરે. સી૦ ૫

અરજ મુજ અવધારીયે, મહેર કરી મહારાજ; લાલરે;
કરીયે નયન મેલાવડો, અંતરજામી આજ. લાલરે. સી૦ ૬

અલગા તોહી ન કુંકડા, વસીયા મનહ મોઝાર; લાલરે;
લબ્ધિવિજય સીમંધરા, મુજ ઉતારો ભવ પાર. લાલરે. સી૦ ૭

(૬)

(પ્રસન્નચંદ્ર પ્રભુનું તુમારા પાય—એ દેશી.)

કહેજો વંદન જાય, દધિસુત! કહેજો૦
મહાવિદેહમાં સ્વામી મેરો, જય જય ત્રિભુવન રાય. દ૦ ૧
ભૂપતિ શ્રી શ્રેયાંસના નંદન, સત્યકી જસ માય;
સકળ સુરપતિ સેવા સારે, પ્રભુમે નરપતિ પાય; દ૦ ૨
તારક! બીજમતગાર આપનો, ભરતમાં ગુણ ગાય.
સતત ધ્યાવત નાથ સાથે, મિલનનો મન થાય. દ૦ ૩
પાંખ પોતે હોત મહારે, તો મીલત જઇ ધાય;
આય દૂરે જઇ બેઠા, મિલું કિણી પેરે આય દ૦ ૪
પતિતપાવન નામ તેરો, સમરતાં સુખ થાય;
ધરૂં વચન પરતીત નિશ્ચલ, એહી મોક્ષ ઉપાય. દ૦ ૫
રાગ રાખે નહિ કોઇશું, સેવતાં સુખ થાય;
એહી અચરજ વડું મનમાં, વીતરાગ કહાય. દ૦ ૬
તાહરી ગત તુંહી જાણે, અકલ અમલ અમાય;
ન્યાયસાગર દાસકો પ્રભુ, કીજીયે સુપસાય. દ૦ ૭

(૭)

(સિદ્ધારથના રે નંદન વિનવું—એ દેશી)

શ્રી સીમંધરસ્વામિ! તુમ તણા, ચરણ નમું ચિત્ત લાય;
અંજલિ જોડી અરિહંત! વિનવું, તુમ વિણ રહણ ન જાય. ૧
એ અવધારો હો જિનવર! વિનતિ, શ્રી સીમંધર સ્વામિ!;
વિરહની વેદન વહેલી નિગમું, તૃપતિ ન પામું નામિ. એ૦ ૨
જનમ અનંતા હો શ્રી જિન! હું ભમ્યો, અવર અવર અવતાર;
પુણ્ય પ્રમાણે રે હમણાં પામીઓ, નરભવ ભરત મોઝાર. એ૦ ૩

મહાવિદેહે રે સ્વામિ! તુમે વસો, પાંખ નહિ મુજ પાસ;
કિણ પરે આવી પાય આલોઇએ, મનમાં રહીયો વિમાસ. એ૦ ૪
મિલવા હેડું રે અરિહંત! કિમ મિલું, શત્રુ ઘણા મુજ લાર;
વહાર કરજો હો તુમે કેવલ ધણી, અવર નહિ રે આધાર. એ૦ ૫
અંબ વિના જિમ કોયલ નવિ રમે, મધુકર માલતી સેવ;
રતિ નવિ પામે હો તિમ મન માહરું, તુમ હરિશણ વિણ દેવ! એ૦ ૬
સ્વામિ તુમારી હો કરીશું સ્થાપના, જાણે શ્રી જિનરાય;
ગુણ ગાવંતાં હો ભાવશું ભાવના, નિશ્ચલતા મન લાય. એ૦ ૭

(૮)

(પ્રથમ જિનેસર પ્રણમીયે, જસ સુગંધીરે કાય—એ દેશી)

ગુણનિધિ સાહિબ સેવીયે, સીમંધર જિનરાજ;
સર્વ સુપર્વ અગર્વ નમે જસ પયકજે, શિવવહૂ વરણને કાજ. ૧
જયવંતી પુકખલાવતી, વિજયે વિજય કરંત;
પુરી પુંડરીગિણીનાથ શ્રેયાંસનૃપાંગના, સત્યકી ઉયર ધરંત. ૨
કુંથુ અર જિન અંતરે, સીમંધર જિન જાત;
વિદ્યા જાણે વિવેક પૂરવ દિશિ તમરિપુ, સુરગિરિ ઉપર સ્નાત. ૩
તનુ શત પંચ ધનુષ તાણું, રમણીય રૂપ મણિકંત;
દક્ષિણ પય તણે જાંઘ વૃષાંક કનક છવિ, કાંતિ વીર્ય અનંત. ૪
સુવ્રત નમિ અંતર વિચે, દીક્ષા લીયે તજી ભોગ;
આતમ શુદ્ધે ઘાતી સમિધ ઘન જવાલીયાં, શુકલ હુતાશન યોગ. ૫
અડહિય સહસ સુલક્ષણે, શોભિત સાહિબ અંગ;
કરગત આમલ વિશ્વને જાણે ઝીલતો, જ્ઞાન જલાબ્ધિ તરંગ. ૬

પરષદ બારની આગળે, દેશન વરસત શાંત;
દાંત મહાંત પ્રશાંત અનંત કેવળ ધણી, દશ લાખ કેવલી સંત. ૭
શત એક કોટિ મુનિવરા, ચઉરાશી ગણુધરા;
ઉદય પેઢાલ જિનાંતરમાં શિવસંપદા, વરસ્યો તજીય સંસાર. ૮
સમય તણે અનુસારથી, લાધી મેં તુમ ભાળ;
તિણે દગતીત વિણ નેત્ર વિલક્ષ ઉભય હુઆ, જિમ સર ભ્રષ્ટ મરાલ. ૯
રાગદ્વેષ વિગતા તુમ્હો, મુઝ રાગાંકિત દેહ;
તુમ શીતલ તનુ પસ્ય શીતલ વિધુ જાણીયે, જિમ અય પારસ તેહ. ૧૦
સુમ ઘન દાતા સમપણે, ગંધ જલાન્ન દિયંત;
તિમ દેજો શિવરાજ રાજનગરે મલ્યા, સીમંધર ભગવંત. ૧૧
મંદમતિ પણ મેં થુણ્યા, બાલ પસારિત હત્થ;
જલધિમાન કહે **શુભવિજયજી** આપજો, **વીર** કહે પરમત્થ. ૧૨

(૯)

(વંદના વંદના વંદના રે જિનરાજકું સદા મેરી વંદના—**એ દેશી.**)

ધ્યાનમાં ધ્યાનમાં ધ્યાનમાં રે, જિનરાજ લીયા મેં ધ્યાનમાં
અબ કહેશું વાત તે કાનમાં રે, જિ૦ પ્રભુ સમજાવીશું સાનમાં રે. જિ૦
અમે રમશું અંતરજ્ઞાનમાં રે, જિનરાજ લીયા મેં ધ્યાનમાં રે;
ગુણ અનંત અનંત ભિરાજે, સીમંધર ભગવાનમાં રે; જિ૦
દોષ અઢાર ગયે પ્રભુ તુમચે, વસ્યો સુખ નિરવાણમાં રે. જિ૦ ૧
દેવ! દેવ જગ કેઇ કહાવે, માચે વિષયવિકારમાં રે; જિ૦
પરખી નાણું જે જગ લેશે, તે સુખિયો સંસારમાં રે. જિ૦ ૨
વનિતાવશે ઇશ્વર પણ નાચ્યો,[?]રૌદ્ર નિધન વેશ્યા નમાં રે; જિ૦
વેદ ચાર પણ ચિહું મુખ નાઠે, જડ ગુણ સરજા સાનમાં રે. જિ૦ ૩

સીતા વિણ ગ્રહી વનતરૂ ભંજ્યા, રૂપ કપિ હનુમાનમાં રે; જિ૦
કંસારિ પમુહા જગ દેવા, જે ફરીયા તોફાનમાં રે. જિ૦ ૪
તે તો રાગી તું વીતરાગી, અંતર બહુલ વિચ્યાનમાં રે; જિ૦
રત્નોપલ ખજુઓ ખગ અંતર, અજ્ઞાની વિજ્ઞાનમાં રે. જિ૦ ૫
ઉત્તમ થાનક હીરો પાવે, વયરાગકી ખાનમાં રે; જિ૦
શરણ હુઓ અબ મુજ બલીયાકો, કર્મ કઠીન ગત રાનમાં રે. જિ૦ ૬
દૂર રહ્યા પણ અનુભવ મિત્રે, મનમંદિર મેલાનમાં રે; જિ૦
તુમ સંગે શિવપદ લહું કંચન, ત્રાંબુ રસ વેધાનમાં રે. જિ૦ ૭
મોહસુભટ દુરદંત હઠીકું, અંતરબલ **શુભ** ધ્યાનમાં રે; જિ૦
વીરવિજય કહે સાહિબ સાન્નિધ્યે, જીત લીયો મેદાનમાં રે. જિ૦

(૧૦)

આત્મનિદાગર્ભિત શ્રી સીમંધર જિન વિનતિ સ્તવન.

: ઢાલ-પહેલી :

(જિન જન્માજી, જિણવેલા જનની ધરે—**એ દેશી**.)

સુખદાયક રે, સુંદર ગુણ મણિ આગરા,
ધુર પ્રણમી રે, શ્રી જિનવર શિવ સાગરા;
વર પૂરવ રે, ક્ષેત્ર વિદેહ સોહામણું,
તિહાં વિહરંત રે, શ્રી સીમંધર ગુણ ભણું. ૧

ગુણ ભણું જિનવર શ્રી સીમંધર, સોમગુણે શીતલકરા,
અતિ સરલ સુંદર તપે તેજે, જેમ શારદ દિનકરા;
જસુ સરલ ધનુસયપંચ કાયા, કનક છાયા જીપતી,
સવિ અંગ સુંદર રતિ પુરંદર, દેહ સોવન દીપતી. ૨

જિન આનનરે, પુનમ હિમકર સોહએ,
નિત નિરખતરે, સુરનરનાં મન મોહએ;
જિન સાંભળીરે, મુજ હેડું અતિ ઉલ્લસે,
મુઝ માનસ રે, અહનિશ તુમ પાસે વસે. ૩

તુમ પાસ અહનિશ વસે માનસ, દૂરથી ગુણ સાંભળું,
બહુ પંથ દુરગમ વિષમ ડુંગર, પંખ વિણ કિણીપરે મલું;
જિનનામ નિશદિન સુપરે સમરી, સીસ તુમ દિસ નામિયે,
પણ મિલન કારણ જીત્ર તલસે, પુન્ય વિણ કિમ પામિયે. ૪

ગુણ સાયર રે, શ્રી સીમંધર જાણિયે,
ગરિમા ગુણરે, સેવક ઉપરે આણિયે;
જિમ જલધરરે, સવિ સરવર નીરે ભરે,
તિમ જિનવરરે, ગિરૂઆ સહેજે ગુણ કરે. ૫

ગુણ કરે જિનવર સહેજે ગિરૂઆ, અમિત ગુણ કિણીપરે ભણું,
નિશિ નિદ્રભર મુઝ સુપન માંહિ, ધ્યાન એક જિનવર તણું;
જિનરાજ આજ દયાલ પામી, અંગે આનંદ અતિ ઘરૂં,
નિય સીસ નામી સુણ સીમંધર, સ્વામિ હું વિનતિ કરૂં. ૬

: ઢાલ-બીજી :

(પ્રભુ પાસનું મુખડું જોવા—એ દેશી.)

સુણ શ્રીસીમંધર સ્વામિ, કરૂં વિનતડી શિર નામિ;
ભવસાયર એહ અપાર, જિહાં જનમ મરણ દુઃખકાર. ૧
પૂરવ કૃત કર્મ વિશેષે, ભમીયો તિહાં નવનવે વેષે;
પહેલા જિહાં સુહુમ નિગોદ, કીધા તિહાં મરણવિનોદ. ૨
ફરતાં વળી બાદર આયો, તિહાં કાલ ઘણો દુઃખ પાયો;
પૃથ્વી જલ તેઉ વાય, વણસ્સાઇ ત્રસ એ ષટ્ કાય. ૩

તે માંહિ ઘણી જતિ જોડી, ઇમ કીધા ભવ લેખે કોડી;
ભમતો વળી નરભવ જાયો, તિહાં કુકરમ ઉપર ધાયો. ૪
ચઢીયો મદમત્ત આહેડે, ફિરતો વનચર પશુ કેડે;
વધ કરણે ચિત્તર પાલ્યા, ઘણા પાશ ધરી મૃગ ઝાલ્યા. ૫
હણીય જલચર કુલે માંડી, તિહાં કીધી શુભમતિ પાંડી;
રસના રસે જીવ વિદારી, મદિરા મધુ માંસ આહારી. ૬
વલી કીધાં કરમ કસાઇ, મૂકયા સવિ જીવ ફસાઇ;
બળવંત ઘણા પશુ ઝાલી, ગળે દીધી છેદન પાલી. ૭
ચમરી ગજરાજ હણાવ્યા, ગિરિકંદર કંદ ખણાવ્યા;
પરવત વન દવ પરજાલ્યા, પોપટ પશુ પંજર ઘાલ્યા. ૮
અંતેઉરમાંહિ નિવાસી, રખવાળ કર્યા નર ખાસી;
પોષી તનુ જીવ વિણાસી, દીધી ધન કારણે ફાંસી. ૯
રસરંગે રમી પરદારા, મૂકી પર શિર અસિધારા;
કીધી પરથાપણ ચોરી, જપીયા પર મંત્ર અઘોરી. ૧૦
ઘણા તેલ ભણી તિલ પીલ્યા, વીંછી વિષધર વિષ ખીલ્યા,
જૂઠી પરશાખ ભરાવી, રિપુની ઘણી ઘાત કરાવી. ૧૧
મિલિયા વલી કુગુરૂ સન્યાસી, માન્ય કપટી મઠવાસી;
તપસી રૂષિરાય વિયોગા, ઢાંકી ગુણ અવગુણ જોયા. ૧૨
પરદોષ અજાણતાં કીધા, અકલંક કલંકી કીધા;
વચન છળ કપટ વિચારી, ઇમ કીધો આતમ ભારી. ૧૩
આણી મન કુમતિ સગાઇ, કીધી જન સાથે ઠગાઇ;
રૂલીયો ભવજલનિધિ દેવ!, નવિ કીધી મેં જિન સેવ. ૧૪
ઇમ કુકરમ કોડિ વખાણું, કહેતાં હવે પાર ન જાણું;
હવે સાહિબ જિનવર મલિયો, ભવ ભૂરિ મહાભય ટળીયો. ૧૫

અપરાધી તેં ઘણા તાર્યા, ભવસાયર પાર ઉતાર્યા;
પ્રણમું હવે હું જિન ચરણે, રાખો મુજને તુમ શરણે. ૧૬

: ઢાલ–ત્રીજી :

(જિનજી મુજ પાપીને તાર—એ દેશી.)

ઇમ જિનવર! શું વિનવું જી, સુણ સીમંધર રાય;
ઇણિપેરે કુકરમ મેં કર્યાં જી, હવે સેવું તુમ પાયરે.
જિનજી દેજો શિવસુખ સાર, તું મુજ પરમ આધાર રે; જિનજી૦
વંછિત ફળ દાતાર રે, જિ૰ ઉતારો ભવપાર રે. જિનજી૦૧
સવિ સાયર જલ મશી કરીજી, સુરતરૂ લેણિની સાર;
ભૂમિ તલે સુરગુરૂ લખેજી, ન લહે તુમ ગુણ પાર રે. જિનજી૦૨
જિમ સાયરજલ ચંદશું જી, જિમ વલી ચાતક મેહ;
મધુકર જિમ માલતી રમેજી, તિમ તુમશું મુજ નેહરે. જિનજી૦૩
ઇમ ગુણનિધિ જગજનતિલોજી, કરૂણા રસ ભંડાર;
જગદાધાર મયા ધરીજી, કરજો સેવક સાર રે. જિનજી૦૪

: કલશ :

ઇમ સયલ ગુણધર શ્રી સીમંધર, દુરિત દારિદ્ર ગંજણો,
જસુ નામે સંપદ સુજસ સોહગ, ભવિય જન મન રંજણો;
જિનરાય કેવલનાણ દિણયર, વિપદ દુઃખ દોહગ હરો,
મુનિ **ઉદયસાગર** વિનવે ઇમ, સયલ સુખ મંગલ કરો. ૫

(૧૧)

ચોત્રીશ અતિશય ગર્ભિત શ્રી સીમંધર જિન સ્તવન.

: ઢાલ પહેલી :

સીમંધર તુજ મિલને, જિનવારી હો રાજા,
દિલમેં રઢ લગી તારજી;
પ્રભુ થુણવાને કાજે, વલી ભેટણ તલસી તન રહે. તારજી૦
સમોસરણે જગદીશ, સોહે અતિશય ચઉતીસ રે; દિ૦
રૂપ નિરામય સ્વેદ, તુમ અંગે મલ વિચ્છેદ રે. દિ૦ ૧
સાસ સુરભિ કજમાન, તુજ રૂધિર ગોખીર સમાન રે; દિ૦
અદૃશ્ય આહાર નિહાર, એ મૂલ અતિશય ચાર રે. દિ૦ ૨

: ઢાલ-બીજી :

(ઘડર આંબા આંબલી રે—એ દેશી.)

યોજનમિત વર ખેત્રજમાંહિ, સુરનરતિરિય સમાય;
નર તિરિ સુર નિજ નિજ ભાષાયે, તુજ વાણી સમજાય;
જિણેસર! તુજ વયણે મુજ રાગ, ધન ધન તું વીતરાગ૦ જિ૦ ૧
વાણી યોજનગામિની રે, ભામંડલ વર પૂંઠ;
જિહાં વિચરે જિનરાજજી રે, તિહાં દુરભિકખ ન દૂઠ. જિ૦ ૨
અતિ અનાવૃષ્ટિ તિહાં નહિ રે, વેર રોગ નહિ વક;
મારી ઇતિ સાતે નહિ રે, નહિ ભય સ્વકપરચક. જિ૦ ૩
કર્મ ખપ્યાથી ઉપન્યા રે, એ અતિશય અગ્યાર;
ગુણવંતા પ્રભુ સાંભલી રે, ભેટણ દિલ મુજ પ્યાર. જિ૦ ૪

: ઢાલ-ત્રીજી :

(વિમલજિન! વિમલતા તાહરીજી—એ દેશી.)

ચરણ તુજ શરણ મુજ તરણતાજી, કરણતા ભવભય નાશ;
છત્ર ત્રય ધર્મચક્ર સદાજી, એ સવિ ચલત આકાશ. ચ૦ ૧

ચામર સિંહાસન ઉજલું જી, વપ્ર ત્રય પ્રભુમુખ ચાર;
રત્નમય ધ્વજ લઘુધ્વજ વર્યો જી, ચૈત્યદ્રુમ શોક અપહાર. ચ૦ ૨

સોવન પંકજે પદ ઠવેજી, વૃક્ષ નમતા તુજ પાય;
મારગે અધોમુખે કંટકાજી, દેવદુંદુભિરવ થાય. ચ૦ ૩

પંખી દેતા પરદક્ષણાજી, વલી હુએ વાયુ અનુકૂલ;
સરસ સુગંધ જલ વરસતાંજી, વૃષ્ટિ બહુ વર્ણિક ફૂલ. ચ૦ ૪

કુર્ચ નખ કેશ રોમ નવિ વધેજી, ચઉવિહ સુરતણી કોડી;
જઘન્ય ભાવે પ્રભુ આગલેજી, કરત સેવા કરજોડી. ચ૦ ૫

ખટ ઋતુ અનુકૂલ વરતતીજી, સુરકૃત એ ઓગણીસ;
સમવસરણે પ્રભુ ગાજતાજી, સર્વ અતિશય ચઉતીસ. ચ૦ ૬

એ અભિધાનચિંતામણેજી, પ્રવચનસારઉદ્ધાર;
અંગ સમવાયે વલી અન્યથાજી, કોઇક અતિશય અધિકાર. ચ૦ ૭

સોવનકાન્તિ શાન્તિકરાજી, નિહતઅઘ મઘવનતવૃંદ;
ભરતના સંઘની વંદનાજી, જાણજ્યો સત્યકીનંદ. ચ૦ ૮

: કલશ. :

ઇમ જિન અતિશય ગુણ અતિશય, શંકરો સીમંધરો,
મેં થુણ્યો સુખકર દુરિત ભયહર, વિમલ લક્ષણ સુંદરો;
ગુરૂ ખેમાવિજય જસવિજય સેવક, શુભવિજય પ્રભુ ગાવશું.
કહે વીર ગુણ વરમાલ રોપી, શિવવહૂ ઘર લાવશું. ૯

(૧૨)

શ્રી સીમંધર જિન વિનતિ.

(પરમાતમ પૂરણ કલા—એ દેશી)

આજ અનંતાં ભવતણાં.
કીધાં અતિ ઘણાં રે મુજ એહજ દેવ તો;
પાપ આલોઉં આપણાં,
સુણો સમરથરે સીમંધર દેવ તો. ૧
તાર સીમંધર સાહીબા.
વલી વિનતિ રે કરૂં બે કર જોડ તો;
ખોડ નહિ કહેતાં ખરૂં,
માહરાં કરમનાં રે બહુ બંધન મોડ તો. તાર૦ ૨
ભમી ભમી ભવ ઉભગ્યો,
સ્વામિ હું ભમ્યો રે ગતિ ચાર મોઝાર તો;
ચૌદરાજ મેં ફરસીયા,
સુખ તરસીયાં રે દુઃખ એટલાં સાર તો. તાર૦ ૩
મિથ્યા મતિ મન આણતો,
નવિ જાણતો રે હું ધર્મ વિચાર તો;
સદ્‌ગુરૂ ભેટ ભલી હુઇ,
હું તો પામીયો રે જિન શાસન સાર તો. તાર૦ ૪
આઠે માતા આદરૂં,
શુદ્ધ સમકિત રે ધરૂં ધર્મનું ધ્યાન તો;
શત્રુ ન કો મન માહરે,
જગજીવડા રે મારે મિત્ર સમાન તો. તાર૦ ૫

મેં તો સઘલાં વ્રત નવિ સાધીયાં,
શ્રાવકતણાં રે જે બોલીયાં બાર તો;
મેં તો કંદમૂલ નવિ ટાલીયા;
મેં વિટાલીયાં રે મોરાં અંગ અપાર તો. તા૨૦ ૬

દેવ ગુરૂ નવિ ઓળખ્યા,
નવિ જાણીયું રે દયા ધર્મનું મૂળ તો;
વલીય કુકર્મ કીધાં ઘણું,
કિસ્યાં આપણાં રે કહું કર્મ અતૂલ તો. તા૨૦ ૭

કરસણ ખેત્ર સૂડાવીયાં,
મેં ખણાવીયા રે ઘણા કૂપ તળાવ તો;
દ્રહ ફોડયા સોસાવીયા,
મન નાવીયો રે દયા ધર્મનો ભાવ તો. તા૨૦ ૮

રાત્રિ ભોજન મેં રસે કર્યાં,
નવિ પરિહર્યાં રે વળી અણગળ નીર તો;
ચરણ પખાલ્યા તેહશું,
ચિત્ત નાવ્યો રે શુદ્ધ ધર્મનો હીર તો. તા૨૦ ૯

દેખંતાં દવ મેં લગાડીયા,
ઉજાડીયા રે પુર નગર ને સીમ તો;
કીધલાં પાપ પરાંછીયા,
ઇસ્યાં સંચીયાં રે કર્મ જાશે કિમ તો. તા૨૦ ૧૦

પહેલો તે પાણી આરડે,
નવિ બાંધીયો રે બીજે ખાંડણ ઠામ તો;
ત્રીજે ન બાંધ્યો પીસણે,
ચોથો ચંદ્રવો રે ચૂલા ઉપર જાણ તો. તા૨૦ ૧૧

જમણુ સ્થળે વલી પાંચમો,
છઠ્ઠો ચંદ્રવો રે અન્ન છાશને ઠામ તો;
સાતમો વલીય સંઝરણે,
વલી આઠમો રે સૂવા સેજ વખાણુ તો. તા૨૦ ૧૨

નવમો જિનમંદિર વિષે,
દશમો ચંદ્રવો રે સામાયિક ઠામ તો;
દીસે શ્રાવક ઘર શોભતા,
ઇસ્યા ચંદ્રવા રે ન બંધાવ્યા સ્વામ તો. તા૨૦ ૧૩

કણુ અણુશોધ્યા મેં દળ્યા,
વલી ખાંડણુ રે નવિ જોયા જંત તો;
સારવણે જીવ સારવ્યા,
મેં દુહવ્યા રે પ્રભુ! જીવ અનંત તો. તા૨૦ ૧૪

નીર ગળી નવિ આણીયો,
નવિ આણીયો રે ગરણો ઘરે સાર તો;
પાર નહિ પાતકતણો,
ઘણું ભાખ્યું રે શુભ શાસ્ત્ર વિચાર તો. તા૨૦ ૧૫

લાંબું તે અંગુલ ત્રીશનું,
પહોલાપણે રે અંગુલ પચવીશ તો;
સો ગરણું બેસરૂ કરી,
નીર નવિ ગળ્યું રે ઉગમતે દીસ તો. તા૨૦ ૧૬

સાત ગરણાં જિનવર કહ્યાં,
પહેલું ગરણું રે મીઠા જળ જાણ તો,
બીજું તે ખારા જળ તણું,
આછણ તણું રે વલી ત્રીજું વખાણ તો. તા૨૦ ૧૭

ઘૃત ચોથું તેલ પાંચમું
છઠ્ઠું છાસનું રે વલી જોઇએ કામ તો;
આટા કારણ સાતમું,
ઇમ જયણારે ન પાળી નિજ ધામ તો. તા૨૦ ૧૮

ટાઢાં ઉનાં જળ ભેલીયાં,
ભેલ્યાં વલી રે મીઠાં ભાંભળાં તોય તો;
તિમહી સંખારો સુકવ્યો,
ઇમ સદ્ગતિ રે કેમ દુકડી હોય તો. તા૨૦ ૧૯

હુંતો ઘણુંય અજ્ઞાને અલજ્યો,
એણે જીવડે રે કીધાં ભક્ષ્ય અભક્ષ્ય તો;
લાખ ચોરાશી હું ભમ્યો,
હવે દુરગતિ રે મુજ પડતો રાખ તો. તા૨૦ ૨૦

મેં તો નિગુણા જ્ઞાન આરાધીયાં,
નવિ સાધીયા રે સદ્ગુરૂના બોલ તો;
કૂર છંડી કૂકસ જમ્યો,
દિલ નાવ્યો રે તુજ ધર્મનો બોલ તો. તા૨૦ ૨૧

માયા માંડી મિત્ર શું,
મેં તો યંત્રશું રે પીલ્યા જીવનાં અંગ તો;
ભાર ઘણેરા ઘાલીયાં,
ક્રોધે હણીયા રે બહુ બળદ તુરંગ તો. તા૨૦ ૨૨

બાલક માત વિછોહીયાં
નવિ મેળીયા રે વળી વાછરૂ ગાય તો;
પશુઆ પરોણે પીડીયા,
અપરાધીયા રે વિણ ઘાલીયા ઘાય તો. તા૨૦ ૨૩

રોષ ભરાણો રણે ચડ્યો,
મેંતો વાહી રે હથીઆરની ધાર તો;
વાર ન લાગી વેગલે,
ઇસ્યાં આપણાં રે કહું કર્મ અપાર તો તા૨૦ ૨૪

કૌતક દેખી કારમો,
પરશાસન રે હું ભૂલીયો ભૂર તો;
ગજ છંડી ખર મેં ગ્રહ્યો,
નવિ પામીયો રે પ્રભુ પુન્ય અંકુર તો. તા૨૦ ૨૫

પાપે ભર્યો થયો પારધિ,
હણ્યાં હરણલાં રે વલી વગડુ જીવ તો;
પંજરે પોપટ પોષીયા,
સસલા ગ્રહ્યા રે કાંઇ કરતા રીવ તો. તા૨૦ ૨૬

સાત વ્યસન મેં સેવીયાં,
દેવ દોષિત રે ભજ્યા ધર્મને ભાવ તો;
કામ કીધાં કામીતણાં,
હવે શું લહું રે પ્રભુ લાજતો નામ તો. તા૨૦ ૨૭

જુએ રમ્યો જઇ જુવટે,
ત્યાં તો હાર્યો રે હું અર્થ ભંડાર તો;
વેશ્યા ઘર વાસો વસ્યો,
મુજ નાખ્યો રે ચિત્ત ધર્મ વિચાર તો. તા૨૦ ૨૮

લોભવશે પરધન લીયાં,
કર્યાં પાતક રે વલી થાપણમોસ તો;
જોશ જોયા કૂડા ઘણા,
વિણ દોષિતરે શિર દીધલા દોષતો. તા૨૦ ૨૯

માન ઘણું મન આણતો,
નવિ માનતો રે ગુરૂ માય ને બાપ તો;
દેવને દરીસણે બીજતો,
નવિ કીજતો રે કાંઇ ધર્મનો વ્યાપ તો. તા૨૦ ૩૦

મસ્તક વાહી કાંકસી,
વળી માર્યા રે માંકડ જૂ લીખ તો;
જુજુઆ જંતુ મેં દુહવ્યા,
તેથી ભવભવ રે મુજ લાગી શીખ તો. તા૨૦ ૩૧

ગામ મઝાતી હું થયો,
બેઠો માંડવી રે લેઇ નગર તલાટ તો;
વાટ ન વાહી ધર્મની,
મંડાવ્યા રે મોટા મંડપ હાટ તો. તા૨૦ ૩૨

દંડ કીયા મેં આકરા,
મરાવીયા રે પશુ પીડીયા બાળ તો;
સાણસે માંસ તોડાવીયા,
પ્રાણી દુહવ્યા રે થઇને વિકરાળ તો. તા૨૦ ૩૩

વણજ કર્યાં મેં વિષતણાં,
મેં તો વોરીયા રે મધ માખણ મીણ તો;
વાધરી નીચ વોરાવીયાં,
તેણે કેટલા રે ભવ હું થયો હીણ તો. તા૨૦ ૩૪

ધન ભણી ધાયો હું ઘણું,
કર્યા વસ્તુના રે વલી ભેળ સંભેળ તો;
પાપે કુટુંબ મેં પોષીયાં,
ધૃત અવગુણ રે મેં આદર્યા તેલ તો. તા૨૦ ૩૫

કોડી ગમે કૂડું લવ્યો,
ઓળવીયાં રે કહું કેટલા પાપ તો;
આપ પ્રશંસી થયો ઘણું,
ધન કારણે રે કીધાં કપટ અમાપ તો. તા૨૦ ૩૬

સાટે લાંચ લીધી ઘણી,
વિણ સાંભલી રે ભરી કૂડી સાખ તો;
લેખ લખ્યા કૂડા ઘણા,
હવે દુરગતિ રે મુજ પડતો રાખ તો. તા૨૦ ૩૭

ઈંટ આરંભ કરાવીયા,
પરજાલીયા રે પુર નગર નીભાડ તો;
પ્રગટ પશુ સમરાવીયાં,
ભવ હરીયાં રે થયો હુંજ અનાહ તો. તા૨૦ ૩૮

રીસમાં ઋષિ સંતાપીયા,
સાધુજનને દીધી વલી ગાળ તો;
ડાળ મોડી તરૂવર તણી,
સરોવર તણી રે મેં ફોડી પાળ તો તા૨૦ ૩૯

અંગાલ કર્મ કરાવીયાં,
હલ ગાડાં રે દંતાલ વિશાલ તો;
લોહે યંત્ર ઘડાવીયા
કરી ધાતુની રે શ્રેણિ શસ્ત્ર કરાળ તો. તા૨૦ ૪૦

વૃક્ષ વિશેષે કપાવીયા,
વલી ધાતુની રે ખોદાવી ખાણ તો;
વિંજણે વાય વિંજાવીયા,
ઈમ પુન્યની રે પ્રભુ! મેં કરી હાણ તો તા૨૦ ૪૧

કૂડપણે હાંસું કીયું,
મેંતો બોલીયાં રે વલી બોલજ ભંડ તો;
રાગ તણે રસ વાહીઓ,
વિણ કારણે રે કીધા પરને દંડ તો. તા૨૦ ૪૨

સાત ક્ષેત્ર નવિ સાચવ્યાં,
મેં તો નિરમળાં રે નવિ દીધલાં દાન તો;
શીલ ન પાલ્યાં સાચલાં,
તપ નવિ તપ્યો રે નાવ્યો શુદ્ધ ભાવ તો. તા૨૦ ૪૩

ચોરપણે ચોરી કરી,
નવિ શીખ્યો રે કાંઇ સત્યનો માગ તો;
રાગ ન આયો ધર્મનો,
મુનિજનશું રે ન ધર્યો દૃઢ રાગ તો તા૨૦ ૪૪

પાંચે ઇંદ્રિયે મુજ ભોળવ્યો,
તેણે રોળવ્યો રે સંસાર મોઝાર તો;
મદિરા માંસ ભક્ષણ ભળ્યો,
ત્રિભુવનપતિ રે ભવપાર ઉતાર તો. તા૨૦ ૪૫

આલોયણ કહું કેટલી,
મુજ લાગ્યાં રે જિન! કર્મ અનંત તો;
કહેતાં પાર ન પામીયે,
તું જગપતિ રે જાણે જયવંત તો. તા૨૦ ૪૬

સંવત પંદર બાસઠે,
આદેસર રે અલવેસર સાર તો;
વામજ માંહે વિનવ્યો,
સીમંધર રે દેવ કરિસણ દાખ તો. તા૨૦ ૪૭

અમીય ભર્યો આનંદ ઠર્યો,
આજ મેં ભર્યા રે સુકૃત ભંડાર તો;
ભવ ભય સાયર હું તર્યો,
જે મન ધર્યો રે જિન મોક્ષ દાતાર તો. તા૨૦ ૪૮

નામે હું નિરમળ થયો,
મુજ ભય ગયો રે પાતિકનો દૂર તો;
મુનિ **લાવણ્યસમય** ભણે,
નિત્ય વંદુ રે પ્રભુ ઉગતે સૂર તો. તા૨૦ ૪૯

(૧૩)

શ્રી સીમંધર જિનની પત્રરૂપે વિનંતિ.

: ઢાલ-પહેલી :

(સુમતિનાથ ગુણશું મિલીજી—**એ દેશી.**)

સ્વસ્તિ શ્રી પુષ્કલવઇજી, વિજયે વિજય કરંત,
પ્રગટ પુરી પુંડરિગિણીજી, જિહા વિચરે ભગવંત;
સોભાગી જિનવર સાંભળજો સંદેશ, હું તો લેખ લખું લવલેશ,
મુજ તુજ આધાર જિનેશ, સાહિબજી સાંભળો મુજ સંદેશ. ૧

સીમંધર જિન રાજીયાજી, વિહરમાન ચરણાનં;
ભરત ભૂમિથી વિનવિયેજી, ભવિક લોક ભગવાન. સો૦ ૨

અત્ર કુશળ કલ્યાણ છેજી, તુમ પ્રસાદે જિનરાજ,
પણ જે તુજ વિજોગડોજી, તે પીડે મુજ આજ. સો૦ ૩

તું જગજીવન જાણીયેજી, સોભાગી શિરદાર;
તું વૈરાગી વાલહોજી, મુજ ચિત્ત ચોરણહાર. સો૦ ૪

તું ત્રિભુવન ભૂષણ ભલોજી, ભંજે ભવ ભય ભીડ;
તુજ વિણ કુણ આગળ કહું જી, મુજ મન કેરી પીડ. સો૦ ૫
તુમ ગુણ કોડીગમે ઘણાજી, જેમ જેમ સમરૂં મન્હિ;
તિમ તિમ વિરહાનલ જલેજી, જ્યું ઘૃત સિંચ્યો વન્હિ. સો૦ ૬
વિરહ વ્યથા વ્યાકુળપણેજી, જીવ પડે જંજાળ;
અતિ ચિંતા અરતિ કરીજી, દિવસ ગમાયા આળ. સો૦ ૭
ધન્ય વેળા ધન્ય તે ઘડીજી, જિંહા દેખું તુમ મુખનૂર;
દુઃખ દોહગ દૂરે કરૂંજી, પ્રહ ઉગમતે સૂર. સો૦ ૮
વિરહ તાપ ઉપશામવાજી, અમૃત સમ અણમોલ;
વલ્લભ! વળતે કાગળેજી, લખજો ટાઢો બોલ. સો૦ ૯

: દુહા :

તુમ ગુણ ગણ ગંગાજલે, ઝીલે મુજ મન હંસ;
પણ તુજ વિરહે પીડીયો, જિમ મધુસૂદન કંસ. ૧
ગુણ ફીટી અંગાર હુએ, હિયડું ડજ્ઝે તેણ;
અવગુણ નીર ન સંભરે, ઓલાવીજે જેણ. ૨
સંદેશે સજ્જન તણે, જીવે માસ છ માસ;
દૂર દેશાંતર વાસીયા, સંદેશે સુખ વાસ ૩

: ઢાલ-બીજી :

(સુણ જિનવર શત્રુંજય ધણીજી—એ દેશી)

ધન્ય તે દિન જિન! જાણીરેજી, જિંહા તુમશું સંજોગ;
સંપજશે સોભાગીયાજી, ટળશે વેર વિજોગ.
કરો જિન! સેવક જન સંભાળ;
તુમ હો દીન દયાળ, કરો૦ તુમ વિણ કવણ કૃપાળ. કરો૦ ૧

અણદીઠે અલજો ઘણોજી, દીઠે નયણ ઠરંત;
મુજ મન કેરી પ્રીતડીજી, તું જાણે જયવંત. કરો૦ ૨
તિણ કારણ જિન! દીજીયેજી, નિજ દરીસણ એકંત;
તુમ વિણ મુજ મન ટળવળેજી, નયણાં નીર ભરંત. કરો૦ ૩
નયણે તુજ દરીસણ રૂચેજી, શ્રવણે વયણ સુહાય;
મન મીલવાને ટળવળેજી, કીજે કોડી ઉપાય. કરો૦ ૪
જિમ મન પસરે માહરૂંજી, તિમ જો કર પસરંત;
તો હું હરખી દૂરથીજી, તુમ ચરણે વિલગંત. કરો૦ ૫
પુણ્યવંત તે પંખીયાજી, પગ પગ જેહ પેખંત;
ફરી ફરી દેતા પ્રદક્ષિણાજી, પૂરે મનની ખંત. કરો૦ ૬
તુજ દરીસણ વિણ જીવવુંજી, તે જીવન મરણ સમાન;
અહવા મરણ થકી ઘણુંજી, જાણું અધિક સુજાણ. કરો૦ ૭
પૂજ્યો પ્રણમ્યો સંથુણ્યોજી, તું ગાયો ગુણવંત;
જેણે તું નયણે નિરખીયોજી, તસ જીવિત ફલવંત. કરો૦ ૮
તે દિન કબહી આવશેજી, મુજ મન ઠારણહાર;
તુજ મુખ ચંદ નિહાળતાંજી, સફળ કરીશ અવતાર. કરો૦ ૯

: દુહા :

અંતરીયા બહુ દુંગરે, તહ રૂકખેહિં ઘણેહિં;
તે સજ્જન કિમ વિસરે, જે અગ્ગલા ગુણેહિં. ૧
પ્રીતિ ભલી પંખેરૂઆ, ઉડી જેહ મિલંત;
માણસ પરવશ બાપડા, દૂર રહ્યા ઝૂરંત. ૨
દીઠા મીઠા તિહાં લગે, હરિ હર અવર અનેક;
જિહાં લગે તુમ ગુણ નવિ સુણ્યા, હીયડે ધરીય વિવેક. ૩

: ઢાલ-ત્રીજી :

(સહજ સંવેગી સુંદર આતમાજી—એ દેશી.)

જિનજી સુણજો હો મુજ મન વાતડીજી, રાતડી રોતાં જાય.
દિવસ ગમીજે હો પ્રભુજી ઝુરતાંજી, તુમ વિરહો ન ખમાય.જિ૦૧

પૂરવ વિદેહે હો ધન્ય જે જનાજી, નિતુ સેવે તુમ પાય;
અમ પુનઃ સ્વામી હો જેહ વિછોહડોજી, તે અમ પાપ પસાય.જિ૦૨

પરભવ પરિગલ પાતિક જે કર્યાંજી, તે પ્રગટ્યાં સવિ આજ;
જેણે તુમ હું પામું નહિજી, તુમશું છે મુજ કાજ.
તુમ હો ગરીબ નિવાજ.જિ૦૩

પ્રવચન વચન વિરાધન મેં કર્યુંજી, ન ધરી સદ્‌ગુરૂ શિખ;
કે મેં રમતાં ઋષિ સંતાપીયાજી, કે ભાંજી ઋષિ લિખ.જિ૦૪

ચારિત્ર લેઇ હો વેષ વિરાધીયાજી, કે મેં છાંડી દિક્ષ;
કે મેં બાળક માયથી વિછોહીયાંજી, કે મેં ફોડી લીખ.જિ૦૫

કે મેં વનમેં દવ ધરમે દીયાજી, કે મેં ગાલ્યા ગાભ;
કે મેં કુડાં કામણ કેળવ્યાંજી, જિણે ત્રટત્રટ ત્રુટે આલ.જિ૦૬

કે મેં ગુહિરા દ્રહ સોસાવીયાજી, ફોડી સરોવર પાળ;
બંભણ બાળક સ્ત્રી ગોવધ કીયાજી, પાડ્યાં માછાં મેં જાળ.જિ૦૭

ઇણિપરે પરે પરે પાતક જે કર્યાંજી, તસ ફળ પામ્યો આજ;
જેણે તુમ હમથી દૂર દેશાંતરેજી, થઇ વસ્યા જિનરાજ.જિ૦૮

વચન સુધારસ સીંચી ઠારીયેજી, વિરહ દાવાનળ દાહ;
અબ થેં હમકુ દરીસણ દીજીયેજી, હમ તુમ દરીસણ ચાહ.જિ૦૯

: દુહા :

મનહ મનોરથ જે કરે, તે પૂરણ અસમર્થ;
ચિંતા ચિંતામણિ તણી, ત્યાંહિ પસારે હત્થ. ૧

ફિટ હિયડા! કુટે નહિ, હજી નહિ તુજ લાજ;
જીવ જીવન વિછોહડે, જીવ્યાનું કુણ કાજ? ૨
માણસથી માછાં ભલાં, સાચા નેહ સુજાણ;
જ્યું જળથી હોય જુજુઆં, ત્યું તે છંડે પ્રાણ. ૩
સહસ વહે સંદેશડો, લેખ લહે લખ મૂલ;
અંગો અંગ મેલાવડો, સુરતરૂ કુલ અમૂલ. ૪

: ઢાલ–ચોથી :

(સુત સિદ્ધારથ ભૂપનો રે—એ દેશી.)

અમૃત સમરે અમર જ્યું રે, જિમ રતિ સમરે કામ;
માધવ મન જિમ રાધિકા રે, જિમ લખમણ શ્રીરામ રે,
જિનગુણ સાંભરે, સીમંધર જિનરાય રે સુગુણ ન વિસ રે. ૧
સામજ સમરે સત્યકી રે, સારંગી સારંગ;
તારાપતિ જિમ તારિકા રે, જિમ મૃગ રાગ તરંગ રે. જિ૦ ૨
જિમ ગંગા ગંગાધરો રે, વિધિ સાવિત્રી રે સંગ;
જિમ ગંગાજલ હંસલો રે, ઇસર ગોરી સુરંગ રે. જિ૦ ૩
પૃથ્વી પાણી પ્રીતડી રે, જિમ ચંદન ને નાગ;
જિમ રજનીકર રોહિણી રે, જિમ દિન દિનકર રાગ રે. જિ૦ ૪
જિમ મધુકર મન માલતી રે, જિમ મોરા મન મેહ;
જિમ કોકિલ કુલ કામિની રે, સરસ રસાલ સનેહ રે. જિ૦ ૫
વિરહી સમરે વાલહા રે, શીલવંતી નિજ કંથ;
ફાગણ વાય વિગોઇયાં રે, જિમ વનરાજી વસંત રે. જિ૦ ૬
જિમ યદુપતિ રાજીમતી રે, જિમ ગૌતમ શ્રી વીર;
નલ દમયંતી નેહલો રે, સાસોસાસ શરીર રે. જિ૦ ૭

તિમ મુજ મન તુજમેં રમે રે, પ્રીતમ પ્રેમ પ્રમાણ;
સ્વામી નામ તુમારડું રે, અહનિશ સમરીયે ગાણુરે. જિ૦ ૮
એહવી મુજ ભોલા તણી રે, ભક્તિ ભલેરીરે ભાવ;
કરૂણાવંત કૃપા કરી રે, મુજ મન મંદિર આવ રે. જિ૦ ૯
આવો અતિ ઉતાવળા રે, આતમનારે આધાર;
કરશું ભકિત ભલેરડી રે, લેશું ભવજલ પાર રે. જિ૦૧૦
સેવક મત વિસારજો રે, સ્વામી સુખ દાતાર;
સેવક સેવા મન ધરી રે, કરજો સેવક સાર રે. જિ૦૧૧

: દુહા :

મોર મેહ રવિ કમલ જિમ, ચંદ્ર ચકોર હસંત;
તિમ દૂરેથી અમ મનહ, તુમ સમરણ વિકસંત. ૧
અણ સંભાર્યા સાંભરે, સમય સમય સો વાર;
તે સજ્જન કિમ વિસરે, ગહુ ગુણમણિ ભંડાર. ૨
ગમણી ત્રિગણી સો ગુણી, સહસ ગુણીએ પ્રીત;
તુમ સાથે ત્રિભુવન ધણી, રાખું રૂડી રીત. ૩
આંખ તળે આણું નહિ, અવર અનેરા દેવ;
સાહિબ જગ થેં મેં સુણ્યેા, તુંહિ દેવાધિદેવ. ૪
ભૂતલે ભલા ભલેરડા, જે જાણી જે જાણુ;
તે સઘલાએ તુમ પછી, સીમંધર જગભાણુ. ૫

: ઢાલ–પાંચમી :

(જિહાં લગે આતમ દ્રવ્યનું—એ દેશી.)

નિઃસનેહી તુમહી ભયે, ન્યાયી નાથ નિરીહ;
નેહ કરી કુણ નિરવહે, જાવજ્જીવ નિશદીહ. નિ૦ ૧

સાજન ભાજન ભોજને, યુગતિ પ્રીત જગાય;
નેહ કરંતાં સોહિલો, પણ નિરવાહો ન થાય. નિ૦ ૨
જગમાં વીરલા જાણીયે, સયણ અખંડ સનેહ;
સંપદિ આપદિ સારીખા, છાંડી ન દીયે છેહ. નિ૦ ૩
તુમ મોટે હું નાનડો, યું દિલમેં મત આણુ;
સૂરજ પંકજ પ્રીતડી, ઉત્તમને અહિનાણ. નિ૦ ૪
વડ તરૂઅર છાયા કરે, રાય રંક સમાન;
તિમ તુમ હમ ઉપર ધરો, પરિગલ પ્રેમ સમાન.
જ્યું વાધે હમ વાન. નિ૦ ૫

: દુહા :

નિઃસનેહી સુખીયા રહે, વેલુ કણ જ્યું હોય;
સસનેહા તિલ પીલીયે, દહીં મથે સબ કોય. ૧
નેહ ન કીજે જિહાં લગી, તિહા જીવને સુખ હોય;
નેહ વિરહ જબ ઉપજે, તબ દુ ખ સાલે સોય. ૨
નિરગુણ નેહ ન કીજીયે, કીજે સદ્‌ગુણસંગ;
સીમંધર જિન સારીખો, રાખું અધિકો રંગ. ૩

: ઢાલ-છઠ્ઠી :

(મેરે સાહિબ તુમહી હો—એ દેશી.)

સીમંધર જિન વિનતિ, અવધારો મોરી;
કિંકર કરજોડી કરૂં, હું સેવા તોરી. સી૦ ૧
અમ મન પ્રેમ અખંડ એ, તુમ શું જિનરાજ;
અવર ભલેરા નિજ ઘરે, નહિ કાંઇ કાજ. સી૦ ૨
મેરૂ મહીધર મૂળથી, કંપે કોઇ કાળે;
અંબર ગ્રહ ગણ પૂરીયો, પેસે પાયાલે. સી૦ ૩

સકલ કુલાચલ હળહળે, મહી મંડલ ડોલે;
શ્રી હરિશ્ચંદ્ર નરિંદ્રે જ્યું, જગે જુહું બોલે. સી૦ ૪
અમૃત વિષ ધારા વમે, સાગર ભૂ રેલે;
સૂરજ પશ્ચિમ ઉગમે, ગંગા હર મેલે. સી૦ ૫
તોહે હું છાડું નહિ, તુમશું ઘણુ નેહ;
મુજ મન એક તુમહી હળ્યું, ગિરૂઆ ગુણગેહ. સી૦ ૬
અમ સરીખા સેવક ઘણા, તાહરે ભગવંત;
પણ અમ સાહિબ એક તું, તુંહીજ અરિહંત. સી૦ ૭

: દુહા :

કિં બહુ કાગલ મેં લિખું, લખ લાલચ બહુ લોભ;
મિલ્યા પછી માલુમ હશે, ચિર થાપણ થિર થોભ. ૧
કિં બહુ મીઠે બોલડે, જો મન નહિ સનેહ;
જો મન નેહ અછેહ તો, એક જીવ દો દેહ. ૨
કિં બહુ કાગલ મેં લિખું, ઘણું ઘણેરૂં ગુજ્ઝ;
સેવા નિજ પદ કમલની, દેજો સાહિબ મુજ્ઝ. ૩

: ઢાલ-સાતમી :

(આલે આલે ત્રિશલાનો કુંવર—**એ દેશી**)

જગજીવન જિનરાજીયા એ, સીમંધર સુખકંદ;
હરખે હિયડું ઉલ્લસે એ, દીઠે દીઠે તુમ મુખ ચંદ.
સીમંધર સાહિબ સમરીએ એ, સમય સમય સો વાર. સી૦ ૧
કરશું કોડી વધામણાં એ, જપશું જય જય કાર;
મંગલતૂર વજાવશું એ, સફલ કરૂં અવતાર. સી૦ ૨

લાખેણું કરું લુંછણું એ, ભરી મુગતાફલ થાળ;
જબ સેા નયણે નિરખશું એ, સાહેબ દેવ દયાલ. સી૦ ૩

એહ જે મુજ મન ચિંતવ્યું એ, સફળ હેાશે જિણીવાર;
તવ હું જાણીશ મુજ સારીખેાએ, કેાઇ ન ઇણે સંસાર. સી૦ ૪

અમ પ્રણામ અવધારજો એ, કેવલ કમલા કંત;
સંઘ સકલની વંદના એ, જિહાં વિચરે તું જયવંત. સી૦ ૫

ઇમ જિનવર ગુણ ગાવતાં એ, જીહ્વા પાવન કીધ;
મનહ મનેારથ સવિ ફલ્યા એ, નરભવ લાહેા લીધ. સી૦ ૬

શિરનામે જિનવર તણે એ, સાતે સુખ શ્રીકાર;
ઇમ સીમંધર સમરણે એ, ઘર ઘર જય જય કાર. સી૦ ૭

સંવત સેાળસેં ખ્યાસીએ એ, સુરગુરૂ વાર પ્રસંગ;
દીવાળી દિવસે લખ્યેા એ, કાગળ મનને રંગ. સી૦ ૮

तवगच्छगयणंगणदिण-यर सिरिविजयसेणसूरिणं ॥
सीसेणं संथुणीओ, सहरिसं कविकमलविजयेण ॥ १ ॥

चउतीसाइसयनिहि, अट्ठमहापाडिहेरपडिपुन्नो ॥
सुररइअसमवसरणो, तिहुअणजणलोयणानंदो ॥ २ ॥

पुक्खलवइविजये सामी, पुंडरिगिणीए नयरीए ॥
सीमंधरजिणचंदो, विहरंतो देहि मे भद्दं ॥ ३ ॥

(૧૪)

શ્રી યુગમંધર જિન સ્તવન.

(રાગ-કાલિંગડેા. મત જા રે પિયા તુજ વારૂંગી—એ દેશી)

કયા જાનું કછુ કીનેા રે યુગંધર. કયા૦
વિધિ ઉદ્યમ સૂત્રાદિક પ્રવચન, યાદ ન મેં કછુ કીનેારે. યુ૦કયા૦૧


તુંહી જગતગતિ સ્થિતિમેં તેરો, ધ્યાન અમૃત રસ પીનોરે. યુ૦ ૨
પરમપુરૂષ તું અલખ નિરંજન, ચિદાનંદ મેં ચીનોરે. યુ૦ ૩
તુંહીજ બ્રહ્મા બ્રહ્મ સ્વરૂપી, તું ઉપશમ રસ લીનો રે. યુ૦ ૪
જગ વ્યાપી તું વિષ્ણુ મહેશ્વર, ઇશ્વર તીન જગતનો રે. યુ૦ ૫
સબ દેવનકો દેવ તું પ્યારો, તુંહીજ યોગી નગીનો રે. યુ૦ ૬
ન્યાયસાગર પ્રભુ વાંછિત દાતા, તુંહીજ સર્વ સુધીનો રે. યુ૦ ૭

(૧૫)

શ્રી દેવયશા જિન સ્તવન.

(અજિત જિણંદશું પ્રીતડી—એ દેશી)

દેવયશાશું રાચીયો, માનસ સર હો જિમ ણાળ મરાલ કે;
મધુકરગણ નવ કેતકી, કદલીવન હો મદઝર સુંઢાલ કે. દે૦ ૧
જીવજીવન પતિશું સતી, ઇંદ્રાણી હો જેમ ચાહે સુરીંદ કે;
ગ્રહપતિશું જેમ કમલિની, જલધરશું હો જિમ ચાતક વૃંદ કે. દે૦ ૨
ચંદ ચાહે નિતુ રોહિણી, રાધા મન હો અહનિશ ગોવિંદ કે;
સીતા નરપતિ રામશું, જગતીજન હો નયવાદી નરિંદ કે. દે૦ ૩
ગિરિતનયાશું પશુપતિ, કોકિલકુલ હો સરસાં સહકાર કે;
ગૌતમ ત્રિશલાનંદશું, રાજુલ જિમ હો શ્રી નેમકુમાર કે. દે૦ ૪
પ્રેમ થકી સીસ નામશું, ગંગાજલ હો હું નાહ્યો આજ કે;
કાંતિવિજય પ્રભુ ગુણનિલો,તેં સાર્યાં હો સઘલાં મુજ કાજ કે. દે૦ ૫



શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનો.

(૧)

(અનુમતિ દીધી રે માયે રોવતાં—એ દેશી)

ભવિ આવોજી શેત્રુંજે ભેટીએ, શ્રી આદીશ્વર જિનરાય;
ધન્ય એ ગિરિ નયણે નિરખતાં, સવિ પાતક દૂર પલાય. ભવિ૦ ૧
ગિરિ ઉપર આદિ જિણંદની, સોહે મૂરતિ મોહનવેલ;
પ્રહ ઉઠી ભાવે પૂજતાં, નિત્ય વાધે ઘરે રંગરેલ. ભવિ૦ ૨
માર્‌ મન મોહ્યું ઇણ ગિરિવરે, જાણું નિત નિત કીજે જાત્ર;
વર સૂરજકુંડમાં નાહીને, નિજ નિરમલ કીજે ગાત્ર. ભવિ૦ ૩
ભલે ભાવે આદિ જિન પૂજીયા, મુજ ફલીયા મનોરથ આજ;
મુજ ભવોભવ એ ગિરિવર તણું, દરીસણ હોજો મહારાજ. ભવિ૦ ૪
મહા મહિમવંત મનોહરૂ, રૂડો શત્રુંજય ગિરિરાય;
જે ભેટે તે શિવસુખ લહે, ઇમ કેસરવિમલ ગુણ ગાય. ભવિ૦ ૫

(૨)

(મનના મનોરથ સવિ ફલ્યા એ—એ દેશી)

પ્યારી તે પિયુને વિનવે હો રાજ, આપણ જઇએ શેત્રુંજ ગિરિયાત્ર;
વારિ મારા સાહિબા,
ઉઠોને અતિહિ ઉતાવળા હો રાજ, ભેટી નિરમલ કીજે ગાત્ર; વા૦
ઘણું શું કહીયે તુમને હો રાજ, ચંદ બપૈયા શું આજ. વા૦ ૧
તીરથયાત્રા કીજીયે હો રાજ, ઉઠો ઉઠોજી મહારાજ, વા૦
ઉઠો ઉઠો ગરીબનિવાજ; વા૦
હય હાથી સવિ સજ્જ કરો હો રાજ, ઘણું ઢેઢ નિશાણે ઘાવ. વા૦ ૨

ભરત તણી પરે ભેટીયે હો રાજ, પ્રભુ ઋષભ જિણુંદરા પાવ; વા૦
ડેરા ને તંબુ સજ્જ કરી હો રાજ, પિઉ સેજવાલા જોડાવ; વા૦૩
સંઘ સકલ ભેલો કરી હો રાજ, પ્રભુ ભેટીજે ભલે ભાવ;
જનમ સફલ ત્યારે હોશે હો રાજ, જ્યારે ભેટીજે ગિરિરાજ. વા૦૪
સોના રૂપાનાં ફૂલશું હો રાજ, ઘણું વધાવી ગિરિરાજ; વા૦
કેસર ચંદન ઘસી કરી હો રાજ, જળ પૂજશું જિનરાજ. વા૦૫
ત્રણ પ્રદક્ષિણા દેઇ કરી હો રાજ, ભલે ભેટી રાયણ તલે પાવ; વા૦
પુંડરીક ગણધરને નમી હો રાજ, ભવ તરણ તારણરી નાવ. વા૦૬
ચોમુખ જેમલજી તણા હો રાજ, વલી અદબદજીને જુહાર; વા૦
પાંડવ પાંચે ભેટીને હો રાજ, છઠ્ઠી પાંડવ કેરી નાર. વા૦૭
ચોમુખ નમી ચોકખે ચિત્તે હો રાજ, આગળ મરૂદેવીરો ટુંક; વા૦
તીરથ ભેટ્યાથી નવિ હુએ હો રાજ, બહેરા બોબડા ને વલી મૂક. વા૦૮
સૂરજકુંડે નાહીને હો રાજ, વલી પ્રણમીયે ઉલખાઝોલ; વા૦
ચઢી જઇએ ચેલણ તલાવડી હો રાજ, સિદ્ધવડ દેખી રંગ રોળ. વા૦૯
ભેટી સિદ્ધાચલ ભલે હો રાજ, નદી શેત્રુંજી માંહી નાહિ; વા૦
લલિતાસર ડેરા કરી હો રાજ, શેત્રુંજગિરિ અવગાહ. વા૦૧૦
ઇણ વિધ શેત્રુંજગિરિતણી હો રાજ, કરી યાત્રા ભાવ વિશેષ; વા૦
ઉદયવિજય સેવક ભણે હો રાજ, જેણે રાખી જગ રંગ રેખ. વા૦૧૧

(૩)

(વીર કને જઇ વસીયે ચાલોને સખી—**એ દેશી.**)

વિમલાચલ જઇ વસીયે, ચાલોને સખિ વિ૦
આદિ અનાદિ નિગોદમાં વસીયો, પુન્ય ઉદયે નીકસીયે;
ચાર ગતિમાં ભ્રમણ કરીને, લાખ ચોરાશી ફરશીયે. ચા૦ વિ૦૧

દેવ નારકી તિર્યંચ માંહી વળી, દુઃખ સહ્યાં અહનિશિયે;
પુન્ય પ્રભાવે મનુષ્ય ભવ પામી, દેશ આરજમાં વસીયે. ચા૦ વિ૦૨
દેવ ગુરૂ ને જૈન ધર્મ પામી, આતમ ઋદ્ધિ ઉલ્લસીયે;
શ્રી સિદ્ધાચલ નયણે નિહાલી, પાપ તિમિરથી ખસીયે. ચા૦ વિ૦૩
કાલ અનાદિના મોહ રાયનાં, મસી લઇને મુખ ઘસીયે;
શ્રી આદીશ્વર ચરણ પસાયે, ક્ષમા ખડગ લઇ ઘસીયે. ચા૦ વિ૦૪
મોહને મારી આતમ તારી, શિવપુરમાં જઇ વસીયે;
જિન ઉત્તમ પદ રૂપ નિહાલી, કેવલ **લક્ષ્મી** ફરસીયે. ચા૦ વિ૦૫

(૪)

(લાવો લાવોને રાજ મોંઘા મૂલાં મોતી—**એ દેશી**)

ભવિ તુમે વંદો રે, સિદ્ધાચલ સુખકારી,
પાપ નિકંદો રે, ગિરિ ગુણ મનમાં ધારી;
નાભિનંદન પૂરવ નવાણું, શ્રી આદીશ્વર આવ્યા;
અજિત શાંતિ ચોમાસું રહીયા, સુરનરપતિ મન ભાવ્યા. ભ૦ ૧
ચૈત્ર સુદી પુનમને દિવસે, ગુણ રયણાયર ભરીયા;
પાંચ કોડશું પુંડરીક ગણધર, ભવ સાયરને તરીયા. ભ૦ ૨
પોતરા પ્રથમ પ્રભુજી કેરા, દ્રાવિડ વારિખિલ્લ જાણો;
કાર્તિક સુદી પુનમને દિવસે, દશ કોડી ગુણખાણો. ભ૦ ૩
કુંતા માતા સતી શિરોમણિ, યદુવંશી સુખકારી;
પાંડવ વીશ કોડશું સિદ્ધા, અશરીરી અણાહારી. ભ૦ ૪
ફાગણ સુદી દશમી દિન સેવો, નમિ વિનમિ બે કોડી;
આતમ ગુણ નિરમલ નિપજાવ્યા, નાવે એહની જોડી. ભ૦ ૫
ચૈત્ર વદી ચૌદશ શિવ પામી, નમિ પુત્રી ચોસઠ;
રત્નત્રયી સંપૂરણ સાધી, પામી એ પરમઠ. ભ૦ ૬

ફાગણ સુદ તેરશ શિવ પામ્યા, શાંબ પ્રદ્યુમ્ન ગુણખાણી;
સાડી આઠ કોડી મુનિવરશું, પરણ્યા શિવ પટ્ટરાણી. ભ૦ ૭
રામ ભરત ત્રણ કોડી મુનિશું, અચલ થયા અરિહંત;
છેલ્લા નારદ લાખ એકાણું, સમરો મન ધરી ખંત. ભ૦ ૮
એક સહસશું થાવચ્ચા સુત, પંચ સયા સેલગજી;
એક હજારશું શુક પરિવ્રાજક, પામ્યા પદ અવિચલજી. ભ૦ ૯
અતીત ચોવીશીના બીજા પ્રભુ, તેહના ગણધર વંદો;
કદંબ નામે એક કોડશું, સિદ્ધ થયા સુખકંદો. ભ૦ ૧૦
એક હજાર ને આઠ સંઘાતે, બાહુબલી મુનિ મોટા;
ત્રણ કોડી જયરાજ મુનીસર, સિદ્ધ થયા નહિ ખોટા. ભ૦ ૧૧
અંધકવિષ્ણુ પિતા ધારણી, તેહ તણા દશ પુત્ર;
ગૌતમ સમુદ્ર પ્રમુખ શિવ પામ્યા, રાખ્યું ધરનું સૂત્ર, ભ૦ ૧૨
વલી તેહના આઠ પુત્ર વખાણો, અક્ષોભ આદિ કુમાર;
સોળ વરસ સંયમ આરાધી, પામ્યા ભવનો પાર. ભ૦ ૧૩
અનાદૃષ્ટિ ને દારૂક મુનિ દોય, આતમ શક્તિ સમારી;
ઋષભસેનાદિક તીર્થંકર પણ, ઇહાં વરીયા શિવનારી. ભ૦ ૧૪
ભરતવંશી રાજાદિ ઘણેરા, અંતિમ ધરમને સાધ્યો;
શુક રાજા ષટ માસી ધ્યાને, મુગતિનિલય ગુણ વાધ્યો. ભ૦ ૧૫
જાલી મયાલી ને ઉવયાલી, દેવકી ષટ સુત વારૂ;
સિદ્ધ થયા મંડુક મુનિ વળી, નમતાં મન હોય ચારૂ. ભ૦ ૧૬
અતીત કાળે સિદ્ધા અનંતા, વળીય સિદ્ધશે અનંતા;
સંપ્રતિકાળે મોટું તીરથ, ઇમ ભાખે ભગવંતા. ભ૦ ૧૭
ધન્ય એ તીરથ મોટો મહિમા, પાપી પાતિક જાયે;
ખિમાવિજય જસ તીરથ ધ્યાને, શુભ મને સિદ્ધ થાયે. ભ૦ ૧૮

(૫)

(રાગ-કાફી હોરી. મંગલ જિનનામે આનંદ ભવિકું ઘનેરા—એ દેશી.)

મન મોહન સાથે, મેળ મલ્યો મન રંગે,
મન તનનો મેળો કરી લીજે, મિત્રાનંદિત પૂરે;
કુણ જાણે કાલે એણી વેળા, મેળા હોશે કેણી કોરે. મ૦ ૧
આ સંસારે બહુલા મેળા, મલીયા ઠોર કઠોરે;
માત પિતા સુત અર્થ વિલુબ્ધા, કામિનીઓ કરજોરે. મ૦ ૨
મેળા ખેલા નાટક શાળા, ગીત વિનોદ સનૂરે;
બલીયા પણ કલીયા તે મનોરથ, ચલીયા છોડ અધૂરે. મ૦ ૩
છેલ છબીલા મોહે છલીયા, ગળીયા જેમ ઘતૂરે;
પૂર્ણાનંદી કબહુ ન મળીયા, ટળીયા દર્શન દૂરે. મ૦ ૪
નયન છતે પણ નહિ અટકલીયા, જ્યોતિમેં કૌશિક ઝૂરે;
સદ્‌ગુરૂ આંજત નેત્ર વિમલતા, પૂર્ણાનંદ હજૂરે. મ૦ ૫
જાણ્યા જગદીશ્વર જિનરાયા, સિદ્ધાચળ દરશારે;
મોક્ષ મહેલ ચડવા નિસરણી, સંકટ કષ્ટ નિવારે. મ૦ ૬
આદીશ્વર અલબેલે સાહિબ, સાસયગિરિ શણગારે;
નારક ચારક વારક તારક, પારગ પાર ઉતારે. મ૦ ૭
મોટાશું મન મેળ મેળવતાં, ચિંતા જાળ પ્રજાળે;
અઠ્ઠાણું સુત જેમ સુખ પામ્યા, મોટા માન વધારે. મ૦ ૮
મન તન મેલી ખેલત હોરી, બાજત મંગલ તૂરે;
શ્રી **શુભવીર** સદા સુખલીલા, જ્ઞાનદશા ભરપૂરે. મ૦ ૯

(૬)

શ્રી સિદ્ધાચલજીનું પ્રભાતીયું.

(પાસ સંખેસરા સાર કર સેવકા—એ દેશી.)

જાગ તૂં જાગ તૂં આતમા માહરા, ભગવંત ભેટીએ સુખકારી;
શેત્રુંજા મંડન મરૂદેવા નંદન, આદિ જિન વંદિયે ચિત્ત ધારી. જાગ૦૧
પાંચસેં ધનુષ્યની રત્નમય જાણીયે, ભરત રાયે પ્રતિમા ભરાવી;
દુઃષમાકાળ વિચારી પશ્ચિમ દિશિ, મહાગિરિ કંદરામાં વસાવી. જાગ૦૨
પાંચસેં ધનુષ્યની શોભના મૂરતિ, જે ભવિ પુણ્યથી દર્શ પાવે;
બહુ ભવસંચિત પાપના ઓઘને, ટાળી ત્રીજે ભવે સિદ્ધિ જાવે. જા૦ ૩
ઇન્દ્રિય વશ કરી નિર્મલ મન ધરી, વિધિ સહિત નાભિનંદન પૂજીજે;
ભાવના ભાવીયે ચિત્તમાં લાવીયે, દુલ્લહો મનુજભવ સફલ કીજે. જા૦ ૪
પ્રદક્ષિણા દેઈ પાગે ચઢી વંદીએ, ચૈત્ય ગિરિરાજ શેત્રુંજ કેરા;
વિજયજિનેંદ્રસૂરિ પયકમલ સેવતાં, **અમર** કહે ભાંગીયે ભવનાફેરા. ૫

(૭)

શ્રી શત્રુંજય મંડન શ્રી ઋષભદેવ જિન સ્તવનો.

(જગપતિ નાયક નેમિ જિણંદ—એ દેશી)

સુખકર સકલ મંગલ સુખસિંધુ, જગજીવન જિન તું જયો;
,, સિદ્ધાચલ શણગાર, દરસને મુજ મન અલજ્યો. ૧
,, હૈડામાં ઘણી હોંશ, ભગવંત ભાવે ભેટવા;
,, જન્મ જરા મૃતિ રોગ, મોહ મહા દુઃખ મેટવા. ૨
,, હૃદય માંહિ દિન રાત, ચાહું ચરણની ચાકરી;
,, લગની લગી તુજ નામ, મુજ મનમાં અતિ આકરી. ૩

સુખકર જો આવું એક વાર, સાહિબ આપ હજૂરમાં;
,, તો ન રહું નિરધાર, ભવજલધિ દુઃખ પૂરમાં. ૪
,, એકતાને એકવાર, જબ તુમ દરશન દેખશું;
,, માનવ ભવ અવતાર, તો મુજ લેખે લેખશું. ૫
,, શું કરૂં સુખ સંસાર, મુગતિ રમા મન મોહીયો;
,, તુજ પદપંકજ માંહ, મુજ મનમધુપ આશેંહીયો. ૬
,, નવિ ગમે બીજું નામ, ઋષભ જિણંદ હૃદય વસ્યો;
,, ન લહું અવર કોઇ નાથ, જિનવર જગમાં તુજ જિસ્યો. ૭
,, દીઠો નહિ મેં દેદાર, ત્રિભુવન નાયક તાહરો;
,, અફળ થયો અવતાર, ભવોભવ તેહથી માહરો. ૮
,, દરીસણ દેજો દયાળ, તારક દેવ છો દેવના;
,, છાંડી સંસાર જંજાળ, માગું ભવોભવ સેવના. ૯
,, વાચક **ઉદયની** વાત, કાંઇક ચિત્ત અવધારજો;
,, દૂર કરી ભવભીતિ, મુજ કારજ સવિ સારજો.૧૦

(૮)

(નાંરે પ્રભુ! નહિ માનું—**એ દેશી.**)

શેત્રુંજા ગિરિના સોયડા રે, દેઉં વધાઇ તોય રે;
શેત્રુંજા રાજ દિખાવવા, તૂં તો બાંધવ આગલ હોય;
હિયો મારો હેજે હસે, જિનજી મિલનરો ચાહ. હિયો૦ ૧
પાયે બંધાવું ઘૂઘરા રે, કંઠ મોતનકી માલ રે;
ચાંચ ભરૂં દાડિમ કલિ રે, દ્રાખ બદામ રસાલ. હિયો૦ ૨
ભરતક્ષેત્ર મહીમંડનો રે, વિમલ મહીધર નામ;
નાભિનરેસર કુલતિલો રે, એ તો રત્નત્રયીનો ધામ. હિયો૦ ૩

નાણે જાણે વિશેષને રે, દંસણે સકળ સામાન્ય;
ચરણે રમે નિજ રમ્યમાં રે, પ્રભુ અનુભવલીલ અમાન. હિયો૦ ૪
ઘાતિકર્મના નાશથી રે, દોષ અઢાર વ્યતીત;
ખિમાવિજય જિનરાજનો રે, મહિમા વિશ્વવિદિત. હિયો૦ ૫

(૯)

શ્રી શત્રુંજય મંડન આદિ જિન વિનતિ.

: ઢાલ–પહેલી :

(રાગ–કલ્યાણ)

જય પઢમ જિનેસર અતિ અલવેસર, આદિસર ત્રિભુવન ધણી;
શેત્રુંજે સુખકારણ સુણ ભવિ તારણ, વિનતડી સેવક તણી. ૧
આદીસર અરિહંત અવધારો, કૃપા કરી સેવકને તારો;
તું ત્રિભુવનપતિ તાત અમારો, ભવસાગર બૂડતાને તારો. ૨
હું ભમીયો ભવ કોડાકોડી, તાહરી ભક્તિ કરી મેં થોડી;
તત્ત્વતણી મેં વાત વખોડી, પાપ તણી મતિ દિલભર જોડી. ૩
રૂલીયો નિગોદ અનંતો કાળ, સૂક્ષ્મ બાદર એહીજ ઢાળ;
તું પ્રભુ જીવદયા પ્રતિપાળ, કર કર સ્વામી સાર સંભાળ. ૪
પૃથ્વી પાણી તેઉ વાય, સાત સાત લાખ ભેદ કહાય;
વણસ્સઇ દસ લાખ પત્તેય, ચૌદહ લાખ અનંત ગણાય. ૫
બિતિચઉરિંદ્રિ દો દો લાખ, તિરિપંચેંદ્રિ ચઉ લખ ભાખ;
સુર નારક એ ચઉ ચઉ લાખ, ચૌદલાખ મણુઅ તે દાખ. ૬
જીવાયોનિ એ લાખ ચોરાશી, હે પ્રભુજી! તેં પ્રબળ પ્રકાશી;
મેં જોયું મુજ મનમાં વિમાસી, તે મેં વાર અનંત અભ્યાસી. ૭
સ્વામી! ચૌદ રાજ મેં પૂરા, સૂક્ષ્મ બાદર પુદ્ગલ પૂરા;
પ્રભુ મેં વાર અનંતી પૂર્યા, કેતાં કરમ કીયાં ન અધૂરાં. ૮

ફોગટ મેં કીધા ભવ ફેરા, ચરણ ન ભેટીયા જિનવર કેરા;
દીઠા દેવ અનેક અનેરા, કાંઇ કાજ ન સિધ્યાં મેરાં. ૯

: ઢાલ-બીજી :
(રાગ-માલકોષ.)

ઇમ ચિહું ગતિ રૂલીયો તું પ્રભુ મિલીયો, સદ્‌ગુરૂ સાચો ભેદ કહ્યો;
જિનશાસન જાણી હિયડે આણી, મુગતિતણો મેં માગ લહ્યો.૧-૧૦

દેશ અનારજ હું અવતરીયો, ચિહું ગતિમાંહે મહાદુઃખ ફરીયો;
પાપે પિંડ એણી પેરે ભરીયો, ધર્મ તણો લવલેશ ન કરીયો.૨-૧૧

દુલ્લહો આરજ દેશ દીવાજા, કુલ મોટા દુર્લભ દીવાજા;
ઉત્તમ કુલ દુલ્લહો જિનરાજા, દુર્લભ પાંચે ઇંદ્રિય સાજા.૩-૧૨

દુલ્લહો દેહ લહું નીરોગ, દુલ્લહો ચિરંજીવિત યોગ;
દુલ્લહો સદ્‌ગુરૂ તણો સંયોગ, દુલ્લહો ઘર લક્ષ્મી સંયોગ.૪-૧૩

દુલ્લહ સાચ ધરમનું સુણવું, દુલ્લહું પાપતણું પરિહરવું;
દુલ્લહું ધરમતણું મન ધરવું, દુલ્લહ ધર્મ શરીરે કરવું.૫-૧૪

સમકિત વિણ હું અતિ રડવડીયો, મૂઢપણે મિથ્યામતિ પડીયો;
જિમ નટ કર મરકટ ચડીયો, કર્મ નટારે ઇમ હું નટીયો.૬-૧૫

ધર્મ કરૂં ચિંતું મનમાંય, આળસ વૈરી આડો થાય;
પાપ કરી શંકા નવિ થાય, રાત દિવસ એમ એળે જાય; ૭-૧૬

આરતિ ન ટલી એકે વાર, જન્મમરણ વિચ એક લગાર;
ભવસાયર હું ભમીયો અપારે, તુમ વિણ સ્વામી કહો કુણ તારે. ૮-૧૭

ઘર ઘરણીને ભારે જુત્તો, આગે જનમ ઘણા વગુત્તો;
મહીમાં મોહ નિદ્રામાંહી જુત્તો, પાપ પંક કલિ કાદવ ખુત્તો. ૯-૧૮

બાલપણે કીડા રસ માતો, યૌવન વય યુવતિ મુખ જોતો;
વૃદ્ધપણે વ્યાધિ ભોગવતો, ધર્મ હીણા ભવ એમ નિગમતો.૧૦-૧૯

: ઢાલ–ત્રીજી :

(રાગ–ભૈરવી.)

નવ નવ રસે રાતો મદભર માતો, ફરતો ભક્ષ્ય અભક્ષ્ય ઘણું;
પાતક નવિ ટાળ્યાં અંગ વીટાળ્યાં, વચન ન પાળ્યાં સ્વામી તણું.૧-૨૦

તૃષ્ણા તરૂણી નવિ ઓલાય, લાભે લોભ ઘણેરો થાય;
સત્ય વચન ન રહ્યું મનમાંય, ખિણ ખિણ કર્મ અધિક બંધાય.૨-૨૧

મહીયલ ડુંગર મેરૂ સમાન, તેહથી અધિક આરોગ્યાં ધાન;
સયલ સલિલ અધિક જ્યું માન, મેં પીધાં માતાના થાન.૩-૨૨

મેં માનવભવ દેવપણામેં, સુખ ભોગવીયાં જે મનમાને;
રંગ રમાડ્યા છાને માને, તોહી પ્રાણી તૃપ્તિ ન પામે.૪-૨૩

જગ જીવડલા કિમ સંતોષું, એ કાયા કહો કિણી પરે પોષું;
જગપતિ નામ કિવારે ગોખું, તપ જપ ક્રિયા કિવારે સોખું.૫-૨૪

તવ બોલે પ્રાણી મુજ પ્રાય, ભૂખ તરશ ભાવઠ ન ખમાય;
ધરમ ભણી ધુર ચિત્ત ન જાય, પરવશ દુઃખ ઘણું સહેવાય.૬-૨૫

પરગટ પ્રેમદા પ્રેમ દેખાડે, મો પાસે મુજ પરેપરે પાડે;
કામ ક્રોધ મુજ ખિમાને ખંડે, વિનય વિવેક વિચાર ન મંડે.૭-૨૬

વિષયારસ વાહ્યો પરનારી, તિણ કારણ મેં સદ્ગતિ હારી;
મેં જિન! જીવદયા ન વિચારી, એમ હું ગયો ઘણા ભવ હારી.૮-૨૭

દાતા ગુણ મુજ મુહ ન મંડે, કૃપણપણું મુજ કેડ ન છંડે;
આઠે મદ મયગલ મુજ દંડે, માયા સાપણ ડસવા હીંડે.૯-૨૮

નહિ આશંકા પરધન લેતાં, કંપ લહું ઘરમે ધન દેતાં;
કીધાં કર્મ જિનેસર! જેતાં, તે તું ત્રિભુવન જાણે તેતાં.૧૦-૨૯

: ઢાલ-ચોથી :

(રાગ-ભીમપલાશ.)

શત્રુંજય ગિરનારે જાત્રા સારી, જીરાવલા જગનાથ તણી;
નવિ કીધી અર્બુદ અષ્ટાપદ, તીરથ અવર અનેક ગુણી.૧-૩૦

રાજ ઋદ્ધિ રામા રસ રાતો, ધન કંચન યૌવન મદમાતો;
ધનભણી અહનિશ ધુરે ધાતો, જગપતિ! કાળ ન જાણ્યો જાતો.૨-૩૧

દેશ વિદેશ જઇ ધન લાવ્યો, મોટાં મંદિર હાટ કરાવ્યાં;
ઘરઘરણીના ઘાટ ઘડાવ્યા, ધરમ સ્થાનકે ધન નવિ વાવ્યાં.૩-૩૨

વ્યાજ વટાંતર દોઢ સવાઇ, કરતાં કીધી કોડ કમાઇ;
સાત વ્યસન પોષ્યાં દૃઢ થાઇ, ધરમ કાજ કીધું નવિ કાંઇ.૪-૩૩

સ્વામી સગાં સહોદર વંચી, અરથ અનેક એણીપેરે સંચી;
ભાવ સહિત પ્રભુ પાય ન અંચી, ધર્મ ન કીધો મેં રોમંચી.૫-૩૪

પરગટ સાત ક્ષેત્ર નવિ પોષ્યાં, સુકૃત તણાં સ્થાનક સવિ સોચ્યાં;
સદ્‌ગુરૂ વાણી નવિ સંતોષી, કહોને સ્વામિ! કિણીપરે હોશી.૬-૩૫

લોભ લગે પરધન મેં લીધાં, સંપત્તિ સાર તે દાન ન દીધાં;
પાપ કામમેં ઝડપી લીધાં, સુકૃત અમૃત પરિઘલ નવિ પીધાં.૭-૩૬

પોસહ પચ્ચકખાણ અનુસરતાં, સામાયિક પડિક્કમણાં કરતાં;
પૂજા ધ્યાન ધરમનું ધરતાં, ન રહે પ્રભુ નિશ્ચલ મન થિરતા.૮-૩૭

નાભિ નરેસર નંદન! કહીયે, માતા મારૂદેવા ઉર લહીયે;
કર્યાં કર્મ હવે કેને કહીયે, સ્વામિ ધ્યાન તુમારે રહીયે.૯-૩૮

: ઢાલ-પાંચમી :

(રાગ—પીલુ. મેરે જિનંદકી ધૂપસે પૂજા—એ દેશી.)

જિમ જલહર મોરા ચંદ ચકોરા, દિનકર વંછે કમલવનમ્;
યોગીશ્વર ધ્યાને ઉત્તમ માને, તિમ તુમ દરિસણ આદિજિણંદ.૧-૩૯

આજ ભયો માનવ ભવ મીઠો, શેત્રુંજે આદિ જિનેસર દીઠો;
આંગણ અમીય મહારસ વૂઠો, શેત્રુંજે આદિ જિનેસર તૂઠો.૨-૪૦
આજ માહરાં પાતક ભૂરિ ધૂને, શેત્રુંજે આદિ જિનેસર પૂજે;
આજ આંગણ સુરતરૂ ફલીયો, શેત્રુંજે આદિ જિનેસર મલીયો.૩-૪૧
દુઃખ દાળિદ્ર સવિ જાયે ભાગ્યા, જે આદીશ્વર ચરણે લાગ્યા;
મુગતિ રમણી સુખ મહીયાં લાધું, જે આદીશ્વર શું મન બાંધ્યું ૪-૪૨
હું અપરાધી છું પ્રભુ ગાઢો, તોહી બોલ દીયો મુજ ટાઢો;
છોરૂ હોય કછોરૂ કોઇ, માય તાય સાંસે સવિ સોઇ.૫-૪૩
કો નહિ મૂરખ પ્રભુ ! મુજ સરખો,બાલ તણી કથની સુણી હરખો;
બાલુડો જિમ બોલે વાણી, માય તાય મન અમીય સમાણી.૬-૪૪
તું ઠાકોર તું માયને બાપ, જનમ જનમ મેં કીધાં પાપ;
તેહ તણો ટાળો સંતાપ, જિમ કાયા અજુઆલું આપ.૭-૪૫
રાજ ઋદ્ધિ નવિ માગું સ્વામિ, કહે લાવણ્યસમય શિરનામી;
સેવક માંહિ સમહોતો સ્થાપો, આદીસર! અવિચલ પદ આપો ૮-૪૬
પન્નર બાસઠ્ઠે આદિ જિન તૂઠે, વિનતડી ઊલટ ઘણે;
આસો માસ વદે દશમી દહાડે, મુનિલાવણ્યસમય ભણે.૯-૪૭

અષ્ટકર્મ સ્તવન.

: દુહા :

પ્રવર રૂપ પરમાત્મા, ચિદાનંદ ભગવાન;
પ્રણમું પરમ પ્રમોદશું, જિમ હોય નિર્મળ જ્ઞાન. ૧
અશ્વસેન નૃપ કુલ તિલો, વામા માત મલ્હાર;
રાણી પ્રભાવતી વલ્લહો, નીલવરણ તનુ સાર. ૨
જન્મ પુરી વણારસી, નવ કર ઉંચી કાય;
ધરણેંદ્ર ને પદ્માવતી, સેવે નિશદિન પાય. ૩

વાંછિત પૂરણ સુરતરૂ, શ્રી શંખેશ્વર પાસ;
શરણાગત સેવકતણી, સાંભળીએ અરદાસ. ૪
આઠ કર્મ હેલા કરી, તેં જિત્યાં જિનરાજ;
તિમ છોડાવો મુજને, જિમ લહુ શિવપુરરાજ. ૫

: ઢાલ-પહેલી :

(કપૂર હોય અતિ ઉજલો રે—એ દેશી)

નાણદંસણાવરણવેયણી રે, મોહની આઉખું નામ,
ગોત્ર અંતરાય એ આઠને રે, જીતે પ્રભુ ગુણધામ રે;
ભવિકા સેવો શંખેશ્વર પાસ, જિમ છૂટે કરમના પાસરે, ભ૦
ઇંહ ભવ લીલવિલાસ રે, ભ૦ પરભવ અવિચલ વાસરે. ભ૦ ૧
અનાદિ અનંત સંસારમેં રે, ભમ્યો અનંતો કાલ;
આઠ કરમે કરી હું સદા રે, બંધાણો મિથ્યાજાલ રે. ભ૦ ૨
જ્ઞાનાવરણી થિતિ સાગરૂ રે, કોડાકોડી ત્રીસ અપાર;
પાટા સરિખું જિન કહે રે, મત્યાદિક પાંચ વિચાર રે. ભ૦ ૩
દર્શનાવરણીય નવ વિધે રે, પંચ નિદ્રા દરશન ચાર;
થિતિ ત્રીસ કોડાકોડની રે, દૃષ્ટાંતે જિમ પ્રતિહાર રે. ભ૦ ૪
શાતા અશાતા દ્વિવિધ વેદની રે, ત્રીજું રહે ત્રીસ કોડાકોડ;
મધુલીંપી ખડગધાર સમું રે, પ્રભુ મુજને એહથી છોડ રે. ભ૦ ૫
પચવીશ કષાય ત્રણ મોહની રે, સિત્તેર કોડાકોડીની થિતિ;
અડવીસે ભેદે મોહની રે, મદિરા સમ ધરો ચિત્ત રે. ભ૦ ૬
આયુ કરમ ચાર ભેદથી રે, દેવાદિક ગતિ જેહ;
તેત્રીસ સાગર થિતિ જાણવી રે, હિડિ સરીખું કરમ એહ રે. ભ૦ ૭
એકસો ને ત્રણ ભેદથી રે, નામ કરમ જિનવાણ;
ચિતારા સરિખું સહી રે, વીશ કોડાકોડી થિતિ જાણ રે. ભ૦ ૮

ઉંચ નીચ દોય ભેદથી રે, ગોત્ર કરમ કુંભાર સમાન;
વીસ કોડાકોડી સાગરૂ રે, ઉત્કૃષ્ટી થિતિ માન રે. ભ૦ ૯
દાન લાભ વીર્ય ભોગશું રે, ઉપભોગથી અંતરાય;
સાગર થિતિ ત્રીસ કોડાકોડની રે, ભંડારી સરિખું કહાય રે. ભ૦૧૦
બાર મુહૂર્ત્ત જઘન્યથી રે, વેદનીય થિતિ હોય;
અઢાર મુહૂર્ત્ત થિતિ જાણવી રે, નામ કરમ વલી ગોય રે. ભ૦ ૧૧
નાણ દંસણાવરણી મોહની રે, આઊખો ને અંતરાય;
જઘન્ય થકી એ પાંચને રે, અંતમુહૂર્ત્ત હોય રે. ભ૦૧૨
ઘાતી કરમ નાણ દંસણા વરણ, મોહની ને અંતરાય;
નામ આયુ ગોત્ર વેદની રે, ચાર અઘાતિ કહેવાય રે. ભ૦૧૩

: ઢાલ--બીજી :

(પ્રથમ ગોવળાતણે ભવેજી—એ દેશી.)

જિણે કરીને જીવડો જી, બાંધે અડવિધ કર્મ;
બંધહેતુ તે જિન કહે જી, છાંડી લહે શિવશર્મ રે,
જીવડા તે બંધ હેતુ નિવાર.
સત્તાવન ભેદે તજો જી, જિમ ન પડો સંસાર રે. જીવડા૦ ૧
પાંચ મિથ્યાત્વ બાર અવિરતિ જી, જિમ પંચ વિષય કષાય;
જોગ પન્નરસું મેલતાં જી, સત્તાવન્ન બંધ હેતુ થાય રે.જી૦ ૨
અભિગ્રહ ને અણભિગ્રહિ જી, સંશય ત્રીજું ધાર;
અનાભોગ આભિનિવેશક જી, એ પાંચ મિથ્યાત્વ વિચાર રે.જી૦ ૩
ભૂ જલ જલણ વાયુ વનસ્પતિ જી, વલી છઠ્ઠી ત્રસકાય;
છએ કાયના વધ થકી જી, ભેદષટ્ક એ થાય રે.જી ૪
કાન ચક્ષુ ને નાસિકા જી, જિહા ફરસેંદ્રિય સાર;
પણ ઇંદ્રિ મન અણસંવરે જી, અવિરતિ બાર પ્રકાર રે.જી૦ ૫

ક્રોધ માન માયા લોભ ચારના જી, પ્રત્યેકે ભેદ ચાર;
સંજ્વલનો પ્રત્યાખ્યાનીઓ જી, અપ્રત્યાખ્યાનીઓ ત્રીજો પ્રકાર રે.૬
અનંતાનુબંધીયો મેલતાં જી, એ સોલ ભેદ કષાય;
જેહના ઉદયથી પ્રાણીયા જી, નરક નિગોદે જાય રે. જી૦ ૭
પખ્ખ ચોમાસ વરીસની જી, જાવજીવની થિતિ;
દેવ માણસ તિરિ નારકી જી, ચારધનિ ઉદયે ગતિ રે. જી૦ ૮
સંજ્વલણો યથાખ્યાતને જી, બીજો સરવવિરતિ;
દેશવિરતિ ત્રીજો હણે જી, અનંતાનુબંધી સમકિત રે. જી૦ ૯
હાસ્ય રતિ અરતિ ભય શોગથી જી, દુરગંછાશું છ થાય;
પુરૂષ સ્ત્રી નપું વેદથી જી, એ નવ નોકષાય રે. જી૦૧૦
સત્ય અસત્ય સત્યામૃષા જી, અસત્યામૃષા મન જોગ;
ઇણિ પરે ચારે જાણવા જી, વચનતણા વલી ચોગ રે. જી૦૧૧
ઔદારિક ઔદારિકમિશ્રથી જી, વૈક્રિય વૈક્રિયમિશ્ર ચોગ;
આહારક અહારકમિશ્રથી જી, કાર્મણ પન્નર ચોગ રે. જી૦૧૨
બંધ હેતુ એ આદરે જી, કરમ બાંધે બહુ જીવ;
જન્મ જરા મરણે કરી જી, પાડે બહુલી રીવ રે. જી૦ ૧૩
ધંમ કરમ બાંધી ભારી થયો જી, તુંબડિ દૃષ્ટાંતિ સાર;
આઠ જાલી માટી લેપથી જી, બૂડે વારિ મઝાર રે. જી૦૧૪
નિબિડ બંધ હેતુ જીવને જી, જાલિ સરિખો ધાર;
આઠ કરમ રૂપ લેપથી જી, બૂડે તે ભવવાર રે. જી૦૧૫
સ્થિતિ પરિપાકી પ્રાણીયા જી, લઘુતા પામે સાર;
ઊરધગામી તવ થયો જી, બૂડે તે ભવવાર રે. જી૦૧૬

: ઢાલ-ત્રીજી :

(નામક મોહ નચાવીયો—એ દેશી)

ભગતવત્સલ વીતરાગ જી, સુણજો વિનતિ મુઝ રે;
આઠ કરમ રહિત હોવા, નામ જપે જે તુજ રે. ભ૦ ૧
અનાદિ સાત સંબંધથી, ભવિકને કરમ તે હોઇ રે;
કંચનોપલ દૃષ્ટાંતશું, શુકલધ્યાનાનલે જૂદાં સોય રે. ભ૦ ૨
જિમ બહુ કાલનાં ખાણીમાં, કંચન માટી સંજોગ રે;
જૂદાં થાય જેમ અગ્નિથી, તેમ જીવ કરમનો યોગ રે. ભ૦ ૩
યથાપ્રવૃત્તિ આદિકરણે કરી, ઇમ પામે સંસારનો પાર રે;
પલ્યોપલ દૃષ્ટાંતથી, માર્ગાભિમુખ થયો સાર રે. ભ૦ ૪
કૌટુંબિક નર કોઈ મોટા, ધાન્યના પાલા માંહી રે;
થોડું થોડું ધાન્ય જ ઘાલીએ, ઘણું ઘણું કાઢે ત્યાંહી રે. ભ૦ ૫
કેતે દિન પાલો ઠાલો, તેહ અનુક્રમે થાવે રે;
ઘણા કાળ સંચ્યાં તે કરમ, અનાભોગપણે ખપાવે રે. ભ૦ ૬
આયુ વરજી સાત કરમની, સ્થિતિ એક કોડાકોડિ ઉણી રે;
પલ્યોપમ અસંખ્યાતે ભાગે, ગ્રંથિ દેશે આવે પ્રાણી રે ભ૦ ૭
કરમજનિત જે જીવનો, રાગદ્વેષ પરિણામો રે;
દુરભેદ કર્કશ ગ્રંથિ તે, ભેદી અપૂરવકરણે તામો રે. ભ૦ ૮
વીર્યોલ્લાસ વિશેષથી, ઇમ અનિવૃત્તિકરણ આવંત રે;
ઉપશમ સમકિત અનુક્રમે, પામે સુખ અનંત રે. ભ૦ ૯
દેવ અરિહંત સુસાધુજી ગુરૂ, કેવલી ભાખિત ધર્મ રે;
એ તત્ત્વ પામતો થકો, હું પામ્યો વંછિત શર્મ રે. ભ૦૧૦
માર્ગાનુસારી સંવેગપખ્ખી, દેશવિરતિ સર્વવિરતિ રે;
ભવસ્થિતિ પરિપાક પામી, અનુક્રમે તે મુગતિ રે. ભ૦૧૧


પુણ્યપ્રકૃતિના ઉદય થકી, પામ્યો પાસ જિણેસર દેવો રે;
હવે પ્રભુ દેજો પ્રેમે કરી, ભવોભવ તાહરી સેવો રે. ભ૦૧૨

બારેજા પુરમાં રહીને, સ્તવન રચ્યું રસાલો રે;
ભણે ગણે જે નિતુ સાંભલે, તેહ ઘરિ મંગલમાલો રે. ભ૦૧૩

: કલશ :

ઇમ પાસ જિનવર વિશ્વ સુખકર, કર્મતમહર દિનકરો,
સંવત સંયમ ઉદધિવસુઇ, સ્તવ્યો પાસ **શંખેશ્વરો;**
વિજયમાનસૂરીશ રાજે, **ગુણવિજય** કોવિદવરો,
તસ સીસ હરખે **માન** જંપે, સકળ સંઘ મંગલ કરો. ૧

વિભાગ બીજો : પ્રકીર્ણ સ્તવન સંગ્રહ સમાપ્ત



વિભાગ ત્રીજો : શ્રી ચૈત્યવંદન-સ્તુતિસંગ્રહ.

ચૈત્યવન્દનો.

(૧)

શ્રી ઋષભદેવ જિન ચૈત્યવંદન.

કલ્પવૃક્ષની છાંહડી, નાનડીયો રમતો;
સોવન હિંડોળે હિંચતો, માતાને ગમતો. ૧
સૌ દેવી બાલક થઇ, ઋષભજીને તેડે;
વ્હલા લાગો છો કહી, હૈડા શું ભીડે. ૨
જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઇન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો મંડાણ. ૩
ચૉરી બાંધી ચિહું દીસે, સુરગોરી ગીત ગાવે;
સુનંદા સુમંગળા, પ્રભુજીને પરણાવે. ૪
સર્વ સંગ છોડી કરી, કેવળજ્ઞાનને પામે;
અષ્ટકર્મનો ક્ષય કરી, પહોંચ્યા શિવપુર ધામે. ૫
ભરતે ગિરિ ભરાવીયાંએ, શત્રુંજય ગિરિરાય;
શ્રી વિજયપ્રભસૂરિ તણા, ઉદયરત્ન ગુણ ગાય. ૬

(૨)

શ્રી અજિતનાથ જિન ચૈત્યવંદન.

અજિતનાથ અવતાર, સાર સંસારે જાણું;
જેણે જિત્યા મદ આઠ, એસો અરિહંત વખાણું. ૧

રાજઋદ્ધિ પરિવાર, છાંડી જેણે દીક્ષા લીધી;
ટાળી કરમ કષાય, મુક્તિ નારી વશ કીધી. ૨
અનંત સુખમાં ઝીલતો એ, પૂજી કરમ આઠે ખપો;
કવિ ઋષભ એમ ઉચ્ચરે, અજિતનાથ નિત્યે જપો. ૩

(૩)

શ્રી આત્મનિંદા ગર્ભિત શ્રી શીતલનાથ જિન સ્તુતિ.

સદ્ગનંદ સંપુન્ન ચંદો જિણુંદો, સુણ શાતલ સ્વામી સાચો દિણુંદો;
તુમ દરીસને મુજ મને પ્રીતિ જાગે, કરૂં વિનતિ જે હૈયે હતીય આગે. ૧
જગન્નાથ જોઇ જોઇ જગતમાંહી, ન દીઠો દયાવંત મેં કો અનાહે;
તુમ આગળે દુઃખ દાખું, મન માંહિલી વાત તું ભણીય ભાખું. ૨
કરે વંચના વિષય જે પંચ જોર, મુજ પાખતી તે ફિરે અતિ કઠોર;
તેહ આગળે નવિ લહું કાંઇ કરવા, તિણે તાહરી નાહ! કિમ કરૂં હું સેવા. ૩
મહા મોહ માતંગને રંગ વાહ્યું, મન માહરૂં નવિ રહે કિમહી સાહ્યું;
ઇણે પાપીયે આપહું પાશ પાડી, ઘણુંય રોળવ્યું નરક ભીતર ભમાડી; ૪
પરાઈ કરૂં તાંત હું રાત દિસ, સુણી આપણી તાંત મન ધરૂંઅ રીશ;
અજુક્તા વલી આળ કૂડાં કલંક, મનમાંહી દેતાં લગારે ન શંક. ૫
અછું આપ હું ઇણે સંસારે ખૂતો, ન છુટું કુટુંબહ તણે ભારે જુત્તો;
સુણો એહને કારણે કૂડ કીધાં, પરવંચના કરીય મેં અધિક લીધો. ૬
મુહે મીઠડા બોલ બોલ્યા તાત, એહ કારણે કરીય વિશ્વાસઘાત;
ઇસ્યાં કરીય મેં પાપ પોટ્યાં કુટુંબ, પણ એકલે સહીય નાયક વિડંબ. ૭
સુણી સજ્જન મેલાવડો મિલીઅ આજ, માયામોહનું મૂળ પણ આપ કાજ;
જોઉં જાં લગે આપણું કાજ સીઝે, સહી તાં લગે માહરે રંગે રીઝે. ૮

હવે જો જગનાથ જોઉં વિચારી, નહિ રૂઅડી રંગે એ નાહ નારી;
પ્રભો! પુત્ર પરિવાર ભાઇ ભોજાઇ, સહી આપણું કો નહિ આપ આઇ. ૯

તુમ ટાળીય બાંધવ કોઇ બીજો, અમારે નથી કો સગો તે સણેજો;
કરે કૂડ કુટુંબતણે કાજ જીવ, પડ્યો નરક તે એકલો પાડે રીવ ૧૦

ન મેં શીલ સન્નાહનું સંગ કીધું, દયા દાન સંપત્તિ સારે ન કીધું;
ભલે ભાવે મેં સ્વામી સાહમું ન જોયું, ભવ માણસો લહીય મેં રત્ન ખોયું. ૧૧

પ્રભો! વાતડી જ્યું કરે કોઇ મીઠી, આખી રાતડી નયણડે નિંદ નીઠી;
અને ધર્મનું કાજ જો કો કરાવે, ન જાણું કિહાં થકી મુજ નિંદ આવે ૧૨

પરરમણી રાતો મદમત્ત માતો, મહીયાં મણુજન્મ જાણ્યો ન જાતો;
વલી વાત વિકથા વિનોદે વિલાયો, ઇમ તું ન ગાયો ન ધ્યાયો. ૧૩

અરે જીવડા! કારમાં વિષય સુખ, તિણે કારણે હાર મા સયલ સુખ;
અરે જીવડા! મારગ કાંઇ મૂકે, અરે જીવ! આચાર તું કાંઇ ચૂકે. ૧૪

અરે જીવડા! જાગ તું કાંઈ સુતો, અરે જીવડા! જાણજે તું વિગુતો;
ઇમ જીવ મેં વારીયો વારવાર, ન વાર્યો રહે તો કિમ કરૂંઅ સાર. ૧૫

અછે એક અમારડે લાજ મોટી, કહી કિમ શકું આપણી વાત ખોટી;
મનમાંહિ જે ચિંતવ્યાં કરે લાજ, ઘણીવાર મેં તે કાયાં આપ કાજ. ૧૬

કહું કેટલા આપણા પાપબોલ, ઇમ જાણીયે જન્મ હાર્યો નિટોલ;
અમ્હ શરણે અવધાર તું દેવ તુહો, અમ્હ ઉપરે અમીયમય મેહ વૂહો. ૧૭

ભલે માણસો ભવ લહ્યો આજ સ્વામિ, કૃપાનાથ કેરી ભલે ભેટ પામી;
હજુ કાંઇઅ છે પુન્ય પોતે અમારે, તુજ દરીસણ કોડીનાં કાજ સારે ૧૮

ભવ ફેરડા ફેરડા કરીય ભાગો, તુજ પયકમલ રમલ રસ રંગ લાગો;
કરી આશ હું આવીયો તુજ પાસે, હજુ એવડું તું શું મનમાં વિમાસે. ૧૯

તુજ પય પસાયે નથી રોગ સોગ, તુજ પય પસાયે ભલા ભોગયોગ;
તુજ નામે હું અક્ષયો રાંત દીસ, જિનાધીશ તું પૂર મોરી જગીશ. ૨૦

ન માગું કાંઈ કણય શિંગાર હાર, જિન! માણેક રયણ ભંડાર સાર;
જિમ કમલે ક્રીડા કરે રાજહંસ, તિમ તુજ પય કમલે હું રાજહંસ. ૨૧

(૪)

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન.

શ્રી ચિંતામણી પાસજી, વામાનંદન દેવ;
અશ્વસેન કુલ ચંદ્રમા, કીજે અહોનિશ સેવ. ૧

પંચમ આરે જીવને, એ પ્રભુનો આધાર;
અંતર શત્રુ ટાળતા, વારતા વિષય વિકાર. ૨

સાચું શરણું નાથનું, પામે જે પુન્યવંત;
લાખ ચોરાશી ભ્રમણનો, તે પામે ઝટ અંત. ૩

માત પિતા બંધવ તમે, નમીયે નિત્ય પ્રભાત;
તુંહી તુંહી રટના કરી, લહીયે અનુપમ શાત. ૪

(૫)

શ્રી મહાવીર જિન ચૈત્યવંદન.

વર્ધમાન જગદીસરૂ, જગબંધવ જગનાથ;
જગતનંદન જિનવરૂ, જગતશરણ શિવસાથ. ૧

અકલામલ જિન કેવલી, વકત્ર વિમલ જિનરાજ;
ભવ્ય નિબોધન દિનમણી, મિથ્યાતમ રવિરાજ. ૨

એહ ચરમ જિન ધ્યાનથીએ, સુખ સંચય ઉદાર;
ઇહ લોકે શુભ સુખ લહે, વીર જિણંદ જુહાર. ૩

(૬)

શ્રી શાશ્વતા જિન ચૈત્યવંદન.

ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન જપીજે;
ત્રિભુવનમાંહી શાશ્વતા, પૂજાફલ લીજે. ૧

અતીત અનાગત વર્તમાન, જે જિનવર ધ્યાય;
ઇહ પરભવ સંપત્તિ લહે, નિર્મળ આતમ થાય. ૨
વિજયદેવસૂરિ ગચ્છપતિ, શ્રી વિજયપ્રભસૂરીંદ;
વિનયવિજય ઉવજઝાયનો, સુખ સદા આનંદ. ૩

(૭)

સુદી આઠમ ચંદ્રાનન, સર્વ સાથ ગણીજે;
ઋષભાનન સુદી ચૌદશે, સાસય નામ ભણીજે. ૧
અંધારી આઠમ દિને, વર્ધમાન જિન નમીયે;
વારિષેણ વદી ચૌદશે, નમતાં પાપ નિગમીયે. ૨
ણાવન જિનાલય તપ એ, ગુણણું ગણીયે સાર;
શ્રી શુભવીરને શાસને, કરીએ એક અવતાર. ૩

(૮)

શ્રી ભાવિ જિન ચોવીસી ચૈત્યવંદન.

પદ્મનાભ સુરદેવજી, સુપાસ સ્વયંપ્રભ સ્વામ;
સર્વાનુભૂતિ દેવશ્રુત, ઉદય પેઢાલ ગુણધામ. ૧
પોટિલ શતકીરતિ સ્તવું, સુવ્રત અમમ જિણંદ;
નિષ્કષાય નિષ્પુલાક નાથ, નિર્મમ હરે ભવદંદ. ૨
ચિત્રગુપ્ત સમાધિ જિન, સંવર યશોધર ઇશ;
વિજય મલ્લ દેવપ્રભુ, અનંતવીરજ જગદીશ. ૩
ચોવીસમા શ્રી ભદ્રકૃત, ભાવિ ચોવીસી એહ;
શ્રી શુભવીરને સાંઇશું, અવિહડ ધર્મ સનેહ ૪

(૯)

[1]શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરૂણાવંત ! કરૂણા કરી, અમને વંદાવો. ૧
સકલ શક્તિ છે તુમતણી, જો આવો અમનાથ;
તો હું ભવોભવ તાહરો, નહિ મેલું હવે સાથ. ૨
સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઇશું;
પાય તુમારા સેવીને, શિવ રમણી વરીશું. ૩
એ અલજો મુજને ઘણો, પૂરો સિમંધર દેવ;
ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪
કર જોડીને વિનવું એ, સામો રહી ઇશાન;
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન. ૫

(૧૦)

સિદ્ધાચળ જિન ચૈત્યવંદન.

શ્રી સિદ્ધાચલ સિદ્ધક્ષેત્ર, પુંડરિકગિરિ કહીયે;
વિમલાચલ ને સુરગિરિ, મહાગિરિ લહીયે. ૧
પુન્યરાશિ ને પર્વતનાથ, પરવત ઇંદ્ર હોય;
મહાતીરથ શાશ્વતગિરિ, દૃઢશક્તિ જોય. ૨
મુક્તિનિલય ને મહાપદ્મ, પુષ્પદંત વલી જાણો;
સુભદ્ર ને પૃથ્વીપીઠ, કૈલાસગિરિ મન આણો. ૩
પાતાલમૂલ પણ જાણીયે, અકર્મક જેહ;
સર્વ કામ મન પૂરણો, ટાળે ભવ દુઃખ તેહ. ૪

૧– એક જુના હસ્તલિખીત પાના ઉપરથી.

જાત્રા નવાણું કીજીયે, જિન ઉત્તમ પદ તેહ;
રૂપ મનોહર પામીયે, શિવ લક્ષ્મી ગુણગેહ. ૫

(૧૧)

શ્રી પંચતીર્થ ચૈત્યવંદન

સુખદાઇ શ્રી આદિ જિણંદ, અષ્ટાપદ વંદો;
ચંપાપુરી શ્રી વાસુપૂજય, મુખ પૂનમ ચંદો. ૧
ગિરનારે શ્રી નેમિનાથ, સુખ સુરતરૂ કંદો;
સમેતશિખર શ્રી પાર્શ્વનાથ, પૂજી મન આણંદો. ૨
અપાપાનયરી વીરજી, કલ્યાણક શુભ ઠામ;
રૂપવિજય કહે સાહિબા, પાંચે આતમરામ. ૩

(૧૨)

શ્રી સિદ્ધચક્ર ચૈત્યવંદન.

આદિ જિનવર આદિ જિનવર, આદિ અવતાર પુરૂષોત્તમ ત્રિભુવનપતિ;
સકલ સિદ્ધિ નવનિધિ હોય, મધ્યભાગે સિદ્ધચક્રને ધરીય જે પૂજે સદાય;
તે લહે શિવસુખ સંપદા, ભાંજી ભવભય ભૂરિ;
નિત્ય નમો તે નાથને, પ્રહ ઉગમતે સૂર. ૧

સિદ્ધ સુખકર સિદ્ધ સુખકર, સયલ સંસાર પૂરવ દિશની પાંખડી;
ધરી જે સિદ્ધચક્ર ધ્યાવે, તે પામે સુખ શાશ્વત જન્મ જરા દુઃખ દૂરે જાવે;
કોડી કલ્યાણ સ્હેજે કરે, આપે ભવનો છેહ,
અશરીરી તે અહોનિશે, સિદ્ધ નમો ગુણગેહ. ૨

અષ્ટલ દલ શુભ અષ્ટલ દલ શુભ, કમલ કોરીય મધ્ય ભાગે અરિહંતજી,
સિદ્ધાદિક પદ ચાર ચિહું દિશે, જ્ઞાનાદિક પદ ચાર વલી ધરો તે વિદિશે.
ફરતાં શાસન દેવનાં, નામ લખી નરનાર,
ત્રિવિધે પૂજો એહને, જિમ પામો જયકાર. ૩

એક ચિત્તે એક ચિત્તે, જેહ નરનાર પૂજે શ્રી સિદ્ધચક્ર,
આસો સુદિ સાતમ દિનથી, નવ આંબીલ કરી નેહશું—
ચૈત્ર પણ ચાહ ધરી મનથી;
જે સેવે સિદ્ધચક્રને, ત્રિવિધે શું ત્રણ કાલ,
શ્રી શ્રીપાલ તણી પરે, તે લહે મંગલમાલ. ૪

સકલ મંગલ સકલ મંગલ-તણો દાતાર શ્રી સિદ્ધચક્ર સોહામણું;
પૂજતાં મનની આશ પૂરે, રોગ સોગ દોહગ હરે વિકટ સંકટ ચૂરે.
આંબિલશું આરાધતાં, આપે અવિચલ વાસ,
ઉદય સદા સુખ સંપજે, લહીયે લીલ વિલાસ, ૫

(૧૩)

શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન.

અષ્ટમી તપ આરાધીયે, ભાવ ધરી ઉલ્લાસ;
આઠ આતમા ઓળખો, પામો લીલ વિલાસ. ૧
આઠ બુદ્ધિ ગુણ આદરો, વલી અષ્ટાંગી યોગ;
અષ્ટ મહાસિદ્ધિ સંપજે, નાવે રોગ ને શોગ. ૨
યોગ દૃષ્ટિ આઠ આદરો, મિત્રાદિક સુખકાર;
અષ્ટ મહા મદ ટાળીયે, જિમ પામો ભવ પાર. ૩
પ્રવચન માતા આઠને, આદરો ધરી મન રંગ;
આઠ અનંતને ઓળખી, શિવ વહૂનો કરો સંગ. ૪
ગણી સંપદા આઠને, અષ્ટમી ગતિ મન ધારો;
નરક તિર્યંચ ગતિ દુઃખનો, જેમ લહીયે આરો. ૫
આઠ જાતિના કલશથી, નવરાવે જિનરાય;
આઠ યોજન જાડી કહી, સિદ્ધ શિલા મધ્ય માંય. ૬
પૂજા અષ્ટ પ્રકારની, કીજે સમજી મર્મ;
અષ્ટમી ગતિ વહ પામીયે, ક્ષય કરી આઠે કર્મ. ૭

દૂર કરી અડ દોષને, તિમ અડ ગુણ પાળો;
જ્ઞાન દર્શન ચારિત્રના, અડ અતિચાર ટાળો. ૮
આઠ આઠ પ્રકારના, ભેદ અનેક ઉદાર;
અષ્ટમી દિન પ્રભુ ભાખીયા, ત્રિગડે બેસી સાર. ૯
ચૈત્ર વદી અષ્ટમી દિને, મરૂદેવી જાયો;
દીક્ષા પણ તેહીજ દિને, સુરનર મલી ગાયો. ૧૦
અષ્ટમી તપ ભવિયણ કરી, કર્મ તપાવે જેહ;
તપ કરતાં સુખ સંપજે, શુભ ફળ પામે તેહ. ૧૧

શ્રી સ્તુતિ સંગ્રહ.

(૧)

શ્રી ચોવીસ તીર્થંકર ભગવાનની સ્તુતિઓ.

(માલિની-છંદ.)

(૧)

કનક તિલક ભાલે, હાર હૈયે નિહાળે;
ઋષભ પાય પખાળે, પાપના પંક ટાળે;
અરચી નવર માલે, કુટરી કુલમાળે;
નરભવ અજુવાળે, રાગ ને રોષ ટાળે.

(૨)

અજિત કુણે ન જિત્યો, જેહને માન વીત્યો,
અવનિ વર વિદિતો, માનીયે માનવી! ત્યોં;
લહે તે સુખ ન ચિંત્યો, પૂજ રે માનવી! ત્યોં,
જો જન મન ચિંત્યો, મૂકીયે માનવી! ત્યોં.

(૩)

સમવસરણ બઇઠા, ચિત્ત મોરે પઇઠા,
અસુખ અતિ અરિઠા, ઉપડ્યા તે અરિઠા;
સુપરે કરે ગરિઠા, સુખ પામ્યા જ ઇઠા,
ભવભય મુજ નીઠા, **સંભવ** સ્વામી દીઠા.

(૪)

લહકે શિર ધ્વજનો, જ્ઞાન કેરો ખજનો,
જિનવર નહિ નાનો, સ્વામી સાચો પ્રજનો;
જગે જશ વરવાનો, વિશ્વમાંહે ન છાનો,
સુત સમરથ માનો, **માત સિદ્ધારથાનો.**

(૫)

વિષમ વિષય વામી, કેવલજ્ઞાન પામી,
દુરગતિ દુઃખ દામી, જે હુઓ સિદ્ધિગામી;
હૃદય ધરી તે ધામી, પૂરવે પુન્ય કામી,
સકલ **સુમતિ** સ્વામી, સેવીયે શિષ નામી.

(૬)

મ કર અરથ મહારો, લોભના લોઢ વારો,
ભવિક ભવ મ હારો, પિંડ પાપે મ ભારો;
નરય ગતિ નિવારો, ચિત્ત ચિંતા ન ધારો,
પદ્મપ્રભ જુહારો, સાંભળો બોલ સારો.

(૭)

કિય શિવપુર વાસો, સ્વામી લીલા વિલાસો,
જયતિ જગ **સુપાસો**, જેહને દેવ દાસો;
વલિય કરમ ખાસો, રાગ નાઠો નિરાસો,
ગુરૂ ગુણગણ વાસો, રાગ છે દોષ જાસો.

(૮)

મદ મદન કુમાયા, ક્રોધ જોધા નમાયા,
ભવ ભમર ભમાયા, રોગ સોગા ગમાયા;
સકલ ગુણ સમાયા, લખમણા જસ માયા,
પ્રણમે સુજિન પાયા, ચંદ્ર **ચંદ્રપ્રભાયા.**

(૯)

સુવિધિ સુવિધિ માંડી, પાપનાં પૂર છાંડી,
મયણ મદન છાંડી, ચિત્ત ચોકખું લગાડી;
કુગતિ મતિ નસાડી, મુક્તિકન્યા રમાડી,
સુણ સુણ ને માડી, દેખવાની રૂહાડી.

(૧૦)

કનક વરણ પીલા, જિણે જિત્યા પ્રમીલા,
શિર ધરીય સુશીલા, દૂરે કીધા કુમીલા;
પ્રગટિત તપશીલા, **શીતલ** સ્વામી લીલા,
મ કરીશ વિઅહિલા, જેહને લીલ લીલા.

(૧૧)

ભવિક નર ભણીજે, સંતનો માર્ગ લીજે,
અહનિશ જિન સમરીજે, સેવ **શ્રેયાંસ** કીજે;
વિવિધ સુખ વરીજે, પુન્ય પીયૂષ પીજે,
તિમ તમ થર ખીજે, લચ્છીનો લાહો લીજે.

(૧૨)

જસ મુખ અરવિંદો, ઉગીયો કે દિણંદો,
કર અભિનવ ચંદો, પુન્ય માનો અમંદો;
નયણ અમીય બિંદો, જાસ સેવે સુરીંદો,
પય નમય નરીંદો, **વાસુપૂજય** જિણંદો

(૧૩)

અસુખ અસુખ હણેવા, સૌખ્યના લક્ષ લેવા,
ભવજલધિ તરેવા, પુન્ય પોતુ ભરેવા;
સુગતિવધૂ વરેવા, દુર્ગતિ દાહ દેવા,
વિમલ વિમલ સેવા, ચિત્ત ચિંતા કઢેવા.

(૧૪)

અકલ નવિ કલાયો, પાર કિણે ન પાયો,
ત્રિભુવન ન સમાયો, જેહનો જ્ઞાન માયો;
જગ જિનવર જાયો, રોગનો અંત આયો,
હૃદયકમલ ધ્યાયો, તે **અનંતો** સુહાયો.

(૧૫)

ધરમ ધરમ ભાખે, મુક્તિ મારગ દાખે,
જગ જિનવર ભાખે, પાપ જાયે પલાખે;
વરસ દિવસ પાખે, જે પ્રભુ ચિત્ત રાખે,
પુરૂષ અણીય આખે, સૌખ્ય તે ચંગ ચાખે.

(૧૬)

મયગલ ઘરબારી, નાર શૃંગાર ભારી,
નયન કનક કયારી, કોડી કેતી વિચારી;
પ્રભુ તમ પરિહારી, જ્ઞાન ચારિત્ર ધારી,
ત્રિભુવન જયકારી, **શાંતિ** સેવો જુહારી.

(૧૭)

વર કનક ઘડાયા, હાર હીરે જડાયા,
મુગટ શિર જડાયા, સૂર તેજે જડાયા;
તિવડી તડ તડાયા, પાપ પૂઠે પડાયા,
કુસુમ શિર પડાયા, **કુંથુ** પૂજિત રાયા.

(૧૮)

કરમ ભરમ જાલી, પુન્યની નીક વાળી,
રતિ અરતિ ટાળી, કેવલજ્ઞાન પાળી;
અખય સુખ રસાલી, સિદ્ધિ પામી સુહાલી,
અર અરચી શું માળી, આપ રે કુલ ટાળી.

(૧૯)

સૂણુને સૂણુને હલ્લિ, પુન્યની પૂર ધલ્લી,
ઘર તરૂઅર વલ્લિ, પૂત પૂતે હિ ભલ્લી;
નિત નવન વલ્લિ, ભૂરિ ભોગેહિ કુલ્લિ,
પ્રણુમય જિન **મલ્લિ**, ભાસે કલ્લાણુવલ્લિ.

(૨૦)

વિગતિ કરી કુલિંગા, પામીયા પુન્યતંગા,
નવિ લગવી જંગા, દુઃખ દોષા દુરંગા;
જણ હુઆ જિન સંગા, **સુવ્રત** સ્વામી ચંગા,
કર તલે તુરંગા, આલસમાંહિ ગંગા.

(૨૧)

નમિ નરય નિવારે, માન માયા વિદારે,
ભવજલધિ અપારે, હેલ હેલા ઉતારે;
ભગતિ જિનશું ધારે, લોભ નાણે લગારે,
જિન જુગતે જુહારે, તે સવિ કાજ સારે.

(૨૨)

કુગતિ કુમતિ છોડી, પાપની પાળ ફોડી,
ટળી સયલ ખોડી, મોહની વેલી મોડી;
જિન સવે બહુ જોડી, કો નવિ **નેમ** હોડી,
પ્રણુમે સુરનર કોડી, નાથ બે હાથ જોડી.

(૨૩)

જલન જલ વિજોગ, નાગ સંગ્રામ સોગા,
હરિ મયગલ મોગા, વાટ ચોરાશી રોગા;
સવિ ભયહર લોગા, પામીયા **પાસ** જોગા,
ન રહે કહીં વિજોગા, પૂજતાં ભૂરિ ભોગા.

(૨૪)

કઠિન કર્મ મહેલી, કાઠીયા તેર ઠેલી,
વિમલ વિનય વહેલી, ભાવ ભોલી મહેલી;
નિસુણી હરખ હેલી, ભેટ પામે દુહેલી,
રવિ ઉદય પહેલી, **વીર** વંદો વહેલી.

(૨૫)

દુરગતિ દુર દુકાલા, પુણ્ય પાણી સુકાલા,
જસ ગુણ વર બાલા, રંગે ગાયે રસાલા;
ભવિક નર ત્રિકાલા, ભાવે વંદો મયાલા,
જય જિનવર માલા, નાંઇ લચ્છી વિશાલા.

(૨૬)

અમીય રસ સમાણી, દેવી દેવે વખાણી,
વયણ રયણ પાણિ, પાપવલ્લી કૃપાણી;
સુણ સુણને પ્રાણી, પુણ્યચી પટ્ટરાણી,
જગ જિનવર વાણી, સેવીયે સાર જાણી.

(૨૭)

રમઝમ ઝમકારા, નેઉરીચા ઉદારા,
કટિ તટિ ખલકારા, મેખલા દા અપારા;
કમલ રમલ સારા, દેહ **લાવણ્ય** ધારા,
સરસતી જયકારા, હોજો મૈં જ્ઞાનધારા.

: કલશ :

તપગચ્છ દિણયર લચ્છી સાયર, સોમદેવસૂરીશ્વરો,
શ્રી સોમજશ ગણધાર સેવી, સમયરત્ન મુનીસરો;
માલિની છંદે એમ થંધે, સ્તવ્યા જિન ઉલટ ભણે,
એમ લહે લાભ અનંત મુનિવર, લાવણ્યસમય સદા ભણે. ૧

એકથી ચોવીશ સુધીની ક્રમસર શ્રી ઋષભદેવ ભગવાનથી શ્રી મહાવીર ભગવાન સુધીની સ્તુતિઓ છે. ૨૫–૨૬ અને ૨૭મી ગાથા દરેકની સાથે ઉમેરવાથી ચોવીશ સ્તુતિના જોડા થાય છે.

(૨)

શ્રી ઋષભદેવ જિન સ્તુતિ.

(મનહર મૂરતિ મહાવીર તણી—એ દેશી)

આદીશ્વર પ્રણમી સવિ દુઃખ ટાળું,
સવિ જિન વંદી અઘ સંચિત ગાળું;
જિન આગમથી જગમાં અજુવાળું,
ચક્રેસરી દેવી કરે રખવાળું. ૧

(૩)

(શ્રી શત્રુંજય તીરથ સાર—એ દેશી.)

સૌધર્મ પહેલું દેવલોક જાણો, દોઢ રાજ ઉંચું ચિત્ત આણો,
સૌધર્મેંદ્ર તેહનો રાણો,
શક્ર નામે સિંહાસન છાજે, ઐરાવણ હાથી તસ ગાજે,
દીઠે સંકટ ભાંજે;
સર્વ દેવ માને તસ આણ, આઠ ઇંદ્રાણી ગુણની ખાણ,
વજ્ર રત્ન જમણે પાણિ.
બત્રીશ લાખ વિમાનનો સ્વામી, ઋષભદેવને નમે શિરનામી,
હૈયે હર્ષ બહુ પામી. ૧

ચોવીશે જિન નિત પ્રણમીજે, વિહરમાન જિન પૂજા કીજે,
નરભવ લાહો લીજે,
બાર દેવલોક ને નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર તિહાં સઘલ વિવેક,
તિહાં પ્રતિમા છે અનેક;
ભુવનપતિ વ્યંતરમાં સાર, જ્યોતિષી દેવ ન લાભે પાર,
તેહશું નેહ અપાર,
મેરૂ પ્રમુખ પરવત છે જેહ, તીર્છે લોક પ્રતિમા ગુણ ગેહ;
તે વંદું ધરી નેહ. ૨

સમવસરણ સુર કરે ઉદ્ધાર, યોજન એક તણે વિસ્તાર,
રચના વિવિધ પ્રકાર,
અઢી ગાઉ ઉંચો એ માન, કૂલ પગર સોહે જાનુ પ્રમાણ,
દેવ કરતા તિહાં ગાન;
માણિક્ય હેમ રજતમય સોહે, ત્રિગડું દેખી ત્રિભુવન મોહે,
તિહાં બેઠા પડિ બોહે,
અણુવાયાં વાજાં તિહાં વાજે, ત્રણ છત્ર શિર ઉપર છાજે,
સેવક જનને નિવાજે. ૩

ચરણકમલ નેઉર વાચાલ, કટી મેખલ સોહે અતિ વિશાલ,
કંઠે મોતનકી માલ,
પુનમચંદ સમ વદન વિરાજે, નયન કમલની ઉપમા છાજે,
દિન દિન નવલ દીવાજે;
ચક્રેસરી શાસનની માય, ઋષભદેવના પ્રણમે પાય,
શ્રી સંઘને સુખદાય,
શ્રી વિજયપ્રભસૂરીસરરાય, વંદો કીર્તિવિજય ઉવજ્ઝાય;
કાંતિવિજય ગુણ ગાય. ૪

(૪)

(જય જય ભવિ હિતકર—એ દેશી)

શ્રી પ્રથમ જિનેસર, રિસહેસર પરમેશ,
સેવકને પાલે, ટાલે કરમ કલેશ;
ઇન્દ્રાદિક દેવા, સેવા સારે જાસ,
મરૂદેવાનંદન, વંદન કીજે તાસ. ૧

અષ્ટાદશ દોષા, અષ્ટ કરમ અરિહંતા,
પ્રતિબંધ નિવારી, વસુધાતલે વિચરંતા;
જે ગત ચોવીસી, અનાગત વર્તમાન,
તસુ પાયે લાગું, માગું સમકિત દાન. ૨

પુંડરિક ગિરિ કેરો, પ્રવચનમાં અધિકાર,
દીઠે દુઃખ વારે, ઉતારે ભવપાર;
સિદ્ધાચલ સિદ્ધા, સાધુ અનંતી કોડ,
આગમ અનુસારે, વંદું બે કર જોડ. ૩

રવિમંડલ સરીખાં, કાને કુંડલ દોય,
સુખ સંપત્તિ કારક, વિઘન નિવારક સોય;
ચક્રેસરી દેવી, ચક્ર તણી ધરનારી,
સેવક સાધારી, ઉદયરત્ન જયકારી. ૪

(૫)

શ્રી નેમિનાથ જિન સ્તુતિ

(જય જય ભવિ હિતકર—એ દેશી.)

ગઢ ગિરનારે નમુ, નેમિ જિનેશ્વર સ્વામ,
ચોવીશે જિનવર, જગત જીવ વિશ્રામ;
અમૃત સમ આગમ, સુણીયે શુભ પરિણામ,
અંબિકા દેવી, સારે કાજ તમામ. ૧

(૬)

(શંખેશ્વર પાસજી પૂજીએ—એ દેશી.)

નેમીશ્વર નાથ સદા નમીયે, મહામોહ રિપુબળને દમીયે
પરભાવ રમણુતા સવિ ગમીયે, નિજ આતમ તત્ત્વ સદા રમીયે. ૧
રાતા ધોળા દો જિનવરા, નીલા કાલા દો સુખકરા;
સોવન વાને સોળસ વરા, ચોવીસે વંદું દુઃખહરા. ૨
સમવસરણ ચઉવિહ સુર કરે, ચઉ મુખે પ્રભુજી ઉચ્ચરે;
તે વાણી નિજ હૃદયે ધરે, શાશ્વત લીલા સહેજે વરે. ૩
અંબાદેવી જન સુખકરી, સહકાર લુંબી નિજ કર ધરી;
પ્રભુ નેમચરણ સેવા કરે, સમકિતદૃષ્ટિનાં વિઘ્ન હરે. ૪

(૭)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તુતિ.

(શંખેશ્વર પાસજી પૂજીએ—એ દેશી)

શંખેશ્વર પાર્શ્વ જુહારીયે,
સવિ જિન આણા શિર ધારીયે;
જિનવાણી સુણી અઘ હારીયે,
પદ્માવતી વિઘન વિદારીયે. ૧

(૮)

(શંખેશ્વર પાસજી પૂજીએ—એ દેશી.)

શંખેસર પાસ જિનેસરૂ, મનવાંછિત પૂરણ સુરતરૂ;
તુમે દેજો દરિસણ વારવાર, મુજ મન ઉમાહો એહ અપાર. ૧
ચોવીશે જિનવર ભેટીયે, ભવસંચિત દુષ્કૃત મેટીયે;
તુમે કૃપા કરી ચિત્ત અતિ ઘણી, પદવી દો સ્વામી આપણી. ૨

સિદ્ધાંત સમુદ્ર સોહામણો, ગુણ રમણે અતિ રળીયામણો;
મતિ નાવા કરી અવગાહીયે, તસ અરથ અંભ નિતુ નાહીયે. ૩
પઉમાવઇ દેવી ધરણરાય, પ્રણમે શ્રી પાસ જિણંદ પાય;
લીલા લક્ષ્મી દ્યો લબ્ધિવંત, ધરણેંદ્ર તુમે મુજ મન ખંત. ૪

(૯)

(સત્તર ભેદી જિન પૂજા રચીજે—એ દેશી)

શ્રી શંખેશ્વર પુરવર મંડન, પાસ જિનેસર રાજે જી,
ભાવ ધરી ભવિયણ જે ભેટે, તસ ઘર સંપત્તિ છાજે જી;
જસ મુખ નિરૂપમ નૂર નિહાલી, માનું શશધર લાજે જી,
અશ્વસેન નરપતિ કુલ દિનકર, જસ મહિમા જગ ગાજે જી. ૧
વર્તમાન જિનવર ચોવીશે, અરચો ભાવ અપારજી,
ચંદન કેસર કુસુમ કૃષ્ણાગરૂ, ભેળીમાંહી ઘનસારજી;
ઇણિ પરે અરિહંત સેવા કરતાં, મનવાંછિત ફળ સાધેજી,
શ્રી શંખેશ્વર પાસ જિનેસર, જે હ અહનિશ આરાધેજી. ૨
શ્રી જિનવર ભાષિત આદરશે, નિજ ઘર લક્ષ્મી ભરશેજી,
દુસ્તર ભવ સાયર તે તરશે, કેવલ કમલા વરશેજી;
દુર્ગતિ દુષ્કૃત દૂરે કરશે, પરમાનંદ અનુસરશેજી,
શ્રી શંખેશ્વર પાસ જિણંદને, જે નર મનમાંહી ધરશેજી. ૩
શ્રી શંખેશ્વર પાસ તણા જે, સેવે અહનિશ પાયજી,
ધરણરાજ પઉમાવઇ સામિણી, પેખે પાપ પલાયજી;
શ્રી રાધનપુર સકલ સંઘને, સાનિધ કરજો માયજી,
શ્રી શુભવિજય સુધી પદ સેવક, **જયવિજય** ગુણ ગાયજી. ૪

(૧૦)

શ્રી વીર જિન સ્તુતિ.

(જય જય ભવિ હિતકર—એ દેશી.)

જય જયકર સાહિબ, શાસનપતિ મહાવીર,
માનવ મનરંજન, ભંજન મોહજંજીર;
દુઃખ દારિદ્ર નાસે, તિહુઅણ જણ કોટીર,
આયુ વર્ષ બહોંતેર, સોવન વર્ણ શરીર. ૧
ઋષભાદિક જિનવર, સોહે જગ ચોવીશ,
વલી તેહના સુંદર, અતિશય વર ચોત્રીશ;
ભવ દવ ભય ભેદક, વાણી ગુણ પાંત્રીશ,
જિન ત્રિભુવન તીરથ, પ્રહ ઉઠી પ્રણમીશ. ૨
પ્રભુ એસી ત્રિગડે, વીર કરે વખાણ,
દાન શીલ તપ ભાવ, સમજે જાણ અજાણ;
સંસારતણું જેહ, જાણે સકલ વિન્નાણ,
જિનવાણી સુણતાં, ફલ લાભે કલ્યાણ. ૩
પાય ઝાંઝર ઝમકે, ઘુઘરીનો ઘમકાર,
કટિ મેખલ ખલકે, ઉર એકાવલી હાર;
સિદ્ધાયિકા સેવે, વીરતણો દરબાર,
કવિ **તિલકવિજય** બુધ, સેવકને જયકાર. ૪

(૧૧)

શ્રી શાશ્વત જિન સ્તુતિ.

(શ્રી શત્રુંજય તીરથ સાર—એ દેશી.)

શાશ્વત જિનને કરું પ્રણામ, જિમ સીઝે મનવાંછિત કામ,
લહીયે શિવપદ ઠામ.
જમ્બૂદ્વીપ જોયણ લખ જાણ, ધાતકી બીજે ચિત્ત આણ,
પુષ્કરવર સુપ્રમાણ;

વારૂણીવર ક્ષીરવર દ્વીપ સાર, ઘૃતવર દ્વીપ ઇક્ષુરસકાર,
નંદીસર નિરધાર,
આઠમો દ્વીપ નંદીસર કહીયે,જિહાં શાશ્વત જિન તીરથ લહીયે,
જિનઆણા શિર વહીયે. ૧

મધ્ય ભાગે ચિહું દિશે સાર, વાપી ચાર અછે મનોહાર,
લખ જોયણ વિસ્તાર,
તેહ વિચે અંજનગિરિ એક, વાપી દીઠ લહીએ સુવિવેક,
જિહાં જિન ઘર એક એક;
તસ ચિંહુ નાલે પર્વત ચાર, દધિમુખ નામે છે સુખકાર,
સવિ મલી સોલ શ્રીકાર,
દધિમુખ વિચે રતિકર દોય દોય, વાપી દીઠ આઠ આઠ નગ જોય,
સવિ મલી બત્રીસ હોય. ૨

અંજનગિરિએ ચાર ચઇત્ત, દધિમુખે તિમ સોઇ પવિત્ત,
રતિકરે બત્તીસ દીત્ત,
પર્વત દીઠ એક એક ભુવન. નંદીસરે પ્રાસાદ બાવન,
જપતાં નિરમલ મન;
પ્રાસાદ દીઠ એકસો ચોવીસ, શ્રી જિનરાજનાં બિંબ કહીશ,
સંખ્યાએ જગદીશ;
સવિ સંખ્યાએ ષટ હજાર, ચારસે અડતાલીસ જયકાર,
ભવદવ વારણહાર. ૩

ઋષભાનન ચંદ્રાનન ભાણુ, વારીષેણ વર્ધમાન જિન જાણુ,
સાસયજિનનાં એ ઠાણુ.
રૂચક કુંડલ દ્વીપ કહંત, જિન ઘર ચઉ ચઉ તિહાં પ્રણમંત,
જેહનો મહિમા અનંત;

સાઠ પ્રાસાદે ચઉ ચઉ દ્વાર, અવર સાસય પ્રાસાદે ત્રિ બાર,
નમતાં જય જયકાર,
શાસનદેવી સાનિધ્ય કરેવી, દેવેન્દ્રકુશલ ગુરૂ પય સેવી,
વિદ્યાકુશલ પ્રણમેવી. ૪

(૧૨)

શ્રી સીમંધર જિન સ્તુતિ.

(શંખેશ્વર પાસજી પૂજીએ—એ દેશી.)

મુજ આંગણુ સુરતરૂ ઉગીયો, કામધેનુ ચિંતામણિ પુગીયો;
સીમંધર સ્વામી જો મિલે, તો મનહ મનોરથ સવિ ફલે. ૧

હું વંદું વીસે વિહરમાન, તે કેવલજ્ઞાની યુગપ્રધાન;
સીમંધર સ્વામી ગુણનિધાન, જિત્યા જેણે કોહ લોહ મોહ માન. ૨

આંણાવન સમરે કોકિલા, મેહને વંછે જિમ મોરલા;
મધુકર માલતી પરિમલ રમે, તિમ આગમે મોરૂં મન રમે. ૩

જય લચ્છી શાસનદેવતા, રત્નત્રય ગુણ જે સાધતા;
વિમલ સુખ પામે તે સદા, સીમંધર જિન પ્રણમું મુદા ૪

(૧૩)

સામાન્ય જિન સ્તુતિ.

(આર્યા)

गब्भावयारजम्मण- निक्खमणे केवले अ निव्वाणे;
सुरनाहरइअपूअं, तं वंदे जिणवरं सिरसा. १
करुणाए सरणरहिअं, उद्धरिअं जेहिं तिहुअणं सयलं;
भवजलहिंमि पडंतं, अरिहंताणं नमो तेसिं. २

મોહકરિકુંભદલણો, નયભંગપમાણકેસરકલાવો;
તાસીયકુમયકુરંગો, સિદ્ધંતહરિ ચિરં જયઉ. ૩
પઉમમુહી પઉમકરા, પઉમાસણસંઠિઆ પઉમનિત્તા;
વરપઉમગબ્ભગોરા, સુઅદેવી દેઉ સુહનાણં. ૪

(૧૪)

શ્રી સિદ્ધચક્ર સ્તુત

(વીર જિનેસર અતિ અલવેસર—એ દેશી.)

સિદ્ધચક્ર સદા ભવિ સેવો, મુગતિતણો છે મેવોજી,
ઋષભ જિનેસર મરૂદેવી નંદન, સુરનર કરે જસ સેવોજી;
કનકવરણ જસ તનુકી શોભા, વૃષભ લંછન પાય છાજેજી,
મહિમાધારી મૂરતિ તારી, શત્રુંજા ગઢપર રાજેજી. ૧
ઋષભાદિક ચઉવીસે નમીયે, ગમીયે પાતક દૂરેજી,
નંદીસર અષ્ટાપદ ગિરિવર, સમેતશિખર ભાવ પૂરેજી;
વિહરમાન વલી વીસ મનોહર, સિત્તેર સો જિનરાયાજી,
ઇત્યાદિ જિન નામ સમરતાં, શાંત સુધારસ પાયાજી. ૨
આસો ચૈત્ર સુદી સાતમ દિનથી, આંબેલ ઓળી કીજેજી,
અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય, સાધુ સમસ્ત જપીજેજી;
દંસણ નાણ ચરણ તપ, નવપદ ધ્યાન ધરીજેજી,
આગમ વચનામૃત શુભ પાને, જગ જસ શોભા લીજેજી. ૩
કવડ યક્ષ ચક્રેસરી દેવી, સંઘ તણી રખવાળીજી,
સેવક જનનાં વાંછિત પૂરે, મહિમાવંત મયાલીજી;
શ્રી વિજયપ્રભસૂરિ શિરોમણિ, વાચક ઉદય જયકારીજી,
તાસ ચરણકજ મધુકર સેવક, **મણિવિજય** સુખકારીજી. ૪

(૧૫)

(શંખેશ્વર પાસજી પૂજીએ—એ દેશી.)

આદીશ્વર જિનવર વંદીયે, ભવસંચિત પાપ નિકંદીયે;
દુઃખ દોહગ દૂર વિહંડીયે, એહ પૂજી નિત્ય આણંદીયે. ૧
અડ દલ કમલે શ્રી જિન થાપીયે, ચઉ દિશિ સિદ્ધાદિ ચઉ થાપીયે;
ગણી ગુણનું હરિતને કાપીયે, આતમને ઇમ સુખ આપીયે. ૨
સિદ્ધચક્ર સદા આરાધીયે, નેહથી શાશ્વત સુખ સાધીયે;
જિનવયણ થકી ગુણ લાધીયે, નિજ સહજ ઋદ્ધિએ વાધીયે. ૩
સિદ્ધચક્રતણી જે ધારિકા, ચક્રેશ્વરી વર સુરબાલિકા;
નેમવિજયની જે રખવાલિકા, સહી સેવે મંગલમાલિકા. ૪

(૧૬)

શ્રી રોહિણી તપ સ્તુતિ.

(જય જય ભવિહિતકર—એ દેશી.)

જયકારી જિનવર, વાસુપૂજ્ય અરિહંત,
શ્રી રોહિણી તપફલ, ભાખે શ્રી ભગવંત;
નર નારી ભાવે, આરાધે તપ એહ,
સુખ સંપત્તિ લીલા, લક્ષ્મી પામે તેહ. ૧
ઋષભાદિક જિનવર, રોહિણી તપ સુવિચાર,
નિજ મુખથી પ્રકાશે, બેઠી પરષદા બાર;
રોહિણી દિન કીજે, ઉત્તમ તપ ઉપવાસ,
મનવંછિત લહીયે, થાયે આતમ ઉલ્લાસ. ૨
આગમમાં એહના, ભાખ્યા લાભ અનંત,
વિધિશું પરમારથ, સાધે સૂધો સંત;
દિન દિન વલી વાધે, અંગે અધિકો નૂર,
દુઃખ દોહગ જાયે, પામે સુખ ભરપૂર. ૩

મહિમા જગ મોટો, રોહિણી તપનો જાણ,
સૌભાગ્ય સદા તે, પામે ચતુર સુજાણ;
નિત નિત ઘર ઓચ્છવ, નિત્ય નવલા શણગાર,
જિનશાસન દેવી, લબ્ધિવિજય જયકાર. ૪

(૧૭)

પંચમીની સ્તુતિ.

(છઠ્ઠી સત્તેરા સામાયિક લીધું—એ દેશી.)

પંચમી ગતિ આપે તપ પંચમી, પંચ આવરણની હાણજી,
ભવિજન ભાવ ધરી આરાધો, ઇમ ભાખે જિનભાણજી;
મતિ અતિ નિરમલ મહિમા સાગર, જગવલ્લભ રૂદ્ધે પૂરોજી,
સૌભાગ્ય પંચમીએ હોય સોભાગી, સકલ ગુણે કરી શૂરોજી. ૧

અતીત અનાગત ને વર્તમાન, શાશ્વત જિન તે કહીયેજી,
વિહરમાન તીર્થંકર વીસે, આણા નિત શિર વહીયેજી;
સ્વર્ગ મૃત્યુ પાતાલમાંહી જે, જિનવર બિંબ તે વાંદું જી,
પંચમ નાણતણે મહિમાયે, અહનિશ અતિ આણંદું જી. ૨

આગમ શ્રી અરિહંતે ભાખ્યો, શ્રી ગણધર હિત આણીજી,
પંચમ નાણ લહેવાને કારણ, આગમ ગુણમણિખાણીજી;
પંચમી તિથિ તણે તપ માને, પણસઠ માસ ઉજમીયેજી,
કારતક સુદી પંચમીને દિવસે, કરતાં બહુ સુખ લહીયેજી. ૩

શાસન પંચમી તપ રખવાલી, ભગવતી ગુણવતી માઇજી,
કોડીનાર તણી એ બ્રાહ્મણી, તપ બલે થઇ અંબાઇજી;
શ્રી જિન નેમ રાજુલ નવરંગે, ચંગી પ્રીતિ તુમારીજી,
હમા કુશલ કહે હોલત દાતા, પૂરો આશ અમારીજી. ૪

(૧૮)

(શત્રુંજય મંડણ ઋષભ જિણંદ દયાલ—એ દેશી.)

પાંચમ દિન જન્મ્યા, પાંચ રૂપ સુરરાય,
નેમિને સુરશૈલે, ન્હવરાવા લેઇ જાય;
ઇંદ્રિય પંચ ગજને, હણવા પંચાનન સિંહ,
શ્રી હીરરત્ન સૂરીશ્વર, લોપે ન તેહની લીહ. ૧

રાતા ને ધોળા, નીલા કાળા દોય હોય,
સોળ સોવનવાને, ઇમ જિન ચોવીસે હોય;
પંચમ જ્ઞાન પામી, પામ્યા પંચમ ઠાય,
હીરરત્ન સૂરિવર, પ્રણમે તેહના પાય. ૨

પાંચમ તપ મહિમા, પ્રવચનમાં પરસિદ્ધો,
ભાવે ભવિ પ્રાણી, સદ્દહ્યે તે સિદ્ધો;
થયા થાશે થાય છે, જેહથી સિદ્ધ અછેહ,
શ્રી હીરરત્નસૂરિ, નિત્ય પ્રકાશે તપ તેહ. ૩

ગીરનારને ગોખે, પૂર્યો જેણે વાસ,
સહકારની લુંબી, સોહાવે કર પાસ;
શાસન રખવાલી, કહે ઉદયરત્ન ઉવજ્ઝાય,
પ્રણમે તે અંબા, શ્રી હીરરત્નસૂરિ પાય ૪

(૧૯)

મૌન એકાદશીની સ્તુતિ.

(ચોપાઇ.)

મૌનપણે પોસહ ઉપવાસ, મૌન એકાદશી પુન્યની રાશ;
કલ્યાણક એકસો પચાસ, આરાધ્યાં સહી શિવપુર વાસ. ૧
મનુષ્ય ક્ષેત્રમાં વિચરે જેહ, ત્રિભુવનમાં જિન પડિમા તેહ;
સદ્દા કાળ સવિ જિન પ્રતિમાંય, નિવિધે તે પણમું અવિલંબ. ૨

જિહાં જિન એકાદશી વિધિ ભણી, અવર અરથની રચના ઘણી;
તે સિદ્ધાંત સુધારસ સમો, ભણતાં ગણતાં સુણતાં રમો. ૩
જે શ્રુતદેવી સોહાગણી, શ્રી જિનશાસનની રાગિણી;
માતા આપો મતિ નિરમલી, વિદ્યાચંદ વંદે વળી વળી. ૪

(૨૦)

એકમની સ્તુતિ.

(સત્તર ભેદી જિન પૂજા રચીજે—એ દેશી)

એક મિથ્યાત અસંયમ અવિરતિ, દૂર કરી શિવ વસીયાજી,
સંયમ સંવર વિરતિતણા ગુણ, ક્ષાયિક સમકિત રસીયાજી;
કુંથુ જિણંદ સત્તરમા જિનવર, જે છઠ્ઠા નરદેવજી,
પડવા દિન જે શિવગતિ પહોત્યા, સેવું તે નિતમેવજી. ૧
એક કલ્યાણુક સંપ્રતિ જિનનું, તેમ દશનું પરમાણુજી,
દશ ક્ષેત્રે મળી ત્રણ ચોવીસી, તેહનાં ત્રીસ કલ્યાણુકજી;
પડવા દિવસ અનુપમ જાણી, સમકિત ગુણ આરાધોજી,
સકલ જિનેશ્વર ધ્યાન ધરીને, મન વંછિત ફળ સાધોજી. ૨
એક કૃપારસ અનુભવ સંયુત, આગમ રયણ નિહાળોજી,
ભવિક લોક ઉપકાર કરેવા, ભાખે શ્રી જિનભાણોજી;
જિમ મીંડાં લેખે નવિ આવે, એકાદિક વિણ અંકજી,
તિમ સમકિત વિણ પક્ષ ન લેખે, પ્રતિપદા સમ સુવિવેકજી. ૩
કુંથુ જિનેસર સાનિધકારી, સેવે ગંધર્વ યક્ષજી,
વંછિત પૂરે સંકટ ચૂરે, દેવી બલા પ્રત્યક્ષજી;
સંવેગી ગુણવંત મહાજસ, સંજમ રંગ રંગીલાજી,
શ્રી નયવિમલ કહે જિન નામે, નિત નિત હોવે લીલાજી. ૪

(૨૧)

બીજની સ્તુતિ.

(મનહર મૂરતિ મહાવીરતણી—એ દેશી)

બીજ દિન ધર્મનું બીજ આરાધીયે,
શીતલ જિનતણી શિવગતિ સાધીયે;
શ્રીવચ્છ લંછન કંચન સમ તનુ,
દૃઢરથ સુત દેહ નેવું ધનુ. ૧
અર અભિનંદન સુમતિ વાસુપૂજ્યના,
ચ્યવન જન્મ નાણ થયા એહના;
પંચકલ્યાણક બીજ દિન જાણીયે;
કાળ ત્રણ ચોવીસીએ એમ ચિત્ત આણીયે. ૨
ધર્મ બિહુ ભેદ જે જિનવરે ભાસીયો,
સાધુ શ્રાવક તણો ભવિક ચિત્ત વાસીયો;
એહ સમકિત તણું સાર છે મૂલગું,
અહનિશ આગમ જ્ઞાનને ઓળગું. ૩
મનુજ સુર શાસન સાનિધ કારકું,
શ્રી અશોક વિઘન ભય વારકું;
શીતલસ્વામિના ધ્યાનથી સુખ લહે,
ધીરગુરૂ શિષ્ય **નયવિમલ** કવિ ઇમ કહે. ૪

(૨૨)

ત્રીજની સ્તુતિ.

(શંખેશ્વર પાસજી પૂજીએ—એ દેશી.)

શ્રેયાંસ જિનવર શિવગતિ ગયા, જે ત્રીજ દિને નિરમળ થયા;
અસિય ધણુ સોવનમય કાયા, ભવભવ તે સાહિબ જિનરાયા. ૧

વિમલકુંથુ ધર્મ સુવિધિ જિના, જસ જનમ જ્ઞાન જ્ઞાનઘના;
વર્તમાન કલ્યાણક પંચ થયાં, ત્રીજ દિન તે જિન કરજો મયા. ૨
ત્રણ તત્ત્વ જિહાં કણે ઉપદિશ્યાં. તે પ્રવચન વયણાં ચિત્ત વસ્યાં;
ત્રણ ગુપ્તિ ગુપ્તા મુનિવરા, તે પ્રવચન વાંચે શ્રુતધરા. ૩
ઇસર સુર માનવી સુહંકરા, જે સમકિતદૃષ્ટિ સુરવરા;
ત્રિકરણ શુદ્ધે સમકિત તણી, નય લીલા હોજો અતિ ઘણી. ૪

(૨૩)

ચોથની સ્તુતિ.

(શ્રાવણ સુદી દિન પંચમીએ—એ દેશી)

સરવારથ સિદ્ધથી ચવી એ, મરૂદેવી ઉઅર ઉપન્ન તો;
યુગલા ધર્મ શ્રી ઋષભજી એ, ચોથ તણો દિન ધન્ન તો. ૧
મલ્લિ પાસ અભિનંદના એ, ચવીયા વળી પાસ નાણ તો;
વિમલ દીક્ષા ઇમ ષટ થયાં એ, સંપ્રતિ જિન કલ્યાણ તો. ૨
ચાર નિક્ષેપે થાપના એ, ચઉવિહ દેવ નિકાય તો;
ચઉ વિધિ ચઉમુખ દેશના એ, ભાખે શ્રુત સમુદાય તો. ૩
ગોમુખ જક્ષ ચક્કેસરી એ, શાસનની રખવાળ તો;
સુમતિ સંયોગે સુવાસના એ, નય ધરી નેહ નિહાળ તો. ૪

(૨૪)

પાંચમની સ્તુતિ.

(શ્રી શત્રુંજય તીરથ સાર—એ દેશી)

ધર્મ જિણંદ પરમપદ પાયા, સુવ્રતા નામે રાણી જાયા,
પણયાલીશ ધનુષ્યની કાયા,
પંચમી દિન તે ધ્યાને ધ્યાયા, મુજ મન ભીતર જણ જિન આયા,
તણ મેં નવ નિધિ પાયા. ૧

નેમ સુવિધિના જન્મ કહીજે, અજિત અનંત સંભવ શિવ લીજે,
દીક્ષા કુંથુ ગ્રહીજે;
ચંદ્ર ચ્યવન સંભવ નાણ સુણીજે, ત્રિહું ચોવીસીયે ધર્મ જાણીજે.
સવિ જિનવર પ્રણમીજે. ૨

પંચ પ્રકારે આગમ ભાખે, જિનવર વચન સુધારસ ચાખે,
ભવિ નિજ હૃદયે રાખે;
પાંચ જ્ઞાન તણો વિધિ દાખે, પંચમી ગતિનો મારગ આખે,
જેહથી સવિ દુઃખ નાખે. ૩

જિનભક્તિએ પ્રજ્ઞપ્તિ દેવી, ધર્મનાથ જિન પદ પ્રણમેવી,
કિન્નર સુર સંસેવી;
બોધિ બીજ શુભ દૃષ્ટ લહેવી, શ્રી **નયવિમલ** સદા મતિ દેવી,
દુર્મન વિઘન હરેવી. ૪

(૨૫)

છઠ્ઠની સ્તુતિ.

(મનહર મૂરતિ મહાવીર તણી—**એ** દેશી)

શ્રી નેમિ જિનેસર લીયે દીક્ષા, છઠ્ઠ દિવસે સુવિધિ ચરણ શિક્ષા;
એક કાજલ એક શશિકર ગોરા, નિત સમરૂ જિમ જલધર મોરા. ૧

પદ્મપ્રભ શીતલ વીર જિના, શ્રેયાંસ જિણંદ લહે ચ્યવના;
વિમલ સુમતિ જ્ઞાન અડ હોય, કલ્યાણક સંપ્રતિ જિન જોય. ૨

જિહાં જયણા ષટ્ વિધ કાયતણી, ષટ વ્રત સંપદ મુનિરાયતણી;
જેહ આગમ માંહે જાણીયે, તે અનુપમ ચિત્તમેં આણીયે. ૩

જે સમકિતદૃષ્ટિ ભાવીયા, સંવેગ સુધારસ સીંચીયા;
નયવિમલ કહે તે અનુસરો, અનુભવ રસ સાથે પ્રીતિ ધરો. ૪

(૨૬)
સાતમની સ્તુતિ.

ચંદ્રપ્રભ જિન જ્ઞાન પામ્યા, વલી લહ્યા ભવપાર,
મહુસેન નૃપ કુલ કમલ દિનકર, લક્ષ્મણા માત મલ્હાર;
શશી અંક શશી સમ ગૌર દેહ, જગત જન શણગાર,
સપ્તમી દિન તેહ નમતા, હોય નિતુ જયકાર. ૧

ધર્મ શાંતિ અનંત જિનવર, વિમલનાથ સુપાસ,
ચ્યવન જન્મ ને શિવપદ, પામીયા હોય ખાસ;
ઇમ વર્તમાન જિણંદકેરાં, થયાં સાત કલ્યાણ,
તેહ સાતમી દિન સાત સુખનો, હેતુ લહીયે જાણ. ૨

જિહાં સાત નયનું રૂપ લહીયે, સપ્ત ભંગી ભાવ,
તે સાત પ્રકૃતિનો ક્ષય કર્યાથી, લહે ક્ષાયિક ભાવ;
તે જિનવર આગમ સકલ અનુભવ, લહો લીલ વિલાસ,
જિમ સાત નરકનાં દુઃખ છેદી, સાત ભય હોયે નાશ. ૩

શ્રી ચંદ્રપ્રભ જિનરાજ શાસને, વિજય દેવ વિશેષ,
તસ દેવી જ્વાલા કરે સાનિધ્ય, ભવિકને સુવિશેષ;
દુઃખ દુરિત સઘલાં સંહરે, વિઘન કોઇ હરંત,
જિનરાજ ધ્યાને લહે લીલા, નયવિમલ ગુણવંત. ૪

(૨૭)
આઠમની સ્તુતિ.

(પ્રહ ઉઠી વંદુ—એ દેશી.)

અભિનંદન જિનવર, પરમાનંદ પદ પામે,
વલી તેમ નમીસર, જન્મ લહે શિવકામે;
તિમ મોક્ષ ચ્યવન જેહુ, પામ્યા પાસ સુપાસ,
આઠમને દિવસે, સુમતિ જન્મ સુપ્રકાશ. ૧

વલી જન્મ ને દીક્ષા, ઋષભતણાં જિહાં હોય,
સુવ્રત જિન જન્મ્યા, સંભવ ચ્યવન તું જોય;
વલી જન્મ અજિતનો, ઇમ અગીઆર કલ્યાણ,
સંપ્રતિ જિનવરનાં, આઠમને દિન જાણ. ૨

જિહાં પ્રવચન માતા, આઠ તણો વિસ્તાર
અડ ભંગે જાણો, સવિ જગજીવ વિચાર;
તે આગમ આદર, આણીને આરાધો,
આઠમને દિવસે, આઠ અક્ષય સુખ સાધો. ૩

શાસન રખવાલી, વિદ્યાદેવી સોળ,
સમકિતિને સાનિધ્ય, કરતી છાકમ છોળ;
અનુભવ રસ લીલા, આપે સુજસ જગીશ,
ગુરૂ ધીરવિમલનો, નયવિમલ કહે શીશ. ૪

(૨૮)

નેમની સ્તુતિ.

(શંખેશ્વર પાસજી પૂજીએ—એ દેશી.)

સુવ્રત સુવિધિ સુમતિ શિવ પામ્યા, અજિત સુમતિ નમિ સંયમ કામ્યા;
કુંથુ વાસુપૂજ્ય સુવિધિ ચવીયા, નવમી દિન તે સુરવર નમીયા. ૧

શાંતિ જિણંદ થયા જિહાં જ્ઞાની, વર્તમાન જિનેસર શુભ ધ્યાની;
દશ કલ્યાણક નવમી દિવસે, સવિ જિનવર પ્રણમું મન હરસે. ૨

જિહાં નવતત્ત્વ વિચાર સંવે લહીયે, નવવિધ બ્રહ્મ આચાર કહીયે;
તે આગમ સુણતાં સુખ લહીયે, નવવિધ પરિગ્રહ વિરતિ કહીયે. ૩

સમકિતદૃષ્ટિ સુર સંદોહા, આપે સુમતિ વિલાસ અબોહા;
શ્રીનયવિમલ કહે જિન નામે, દિનદિન અધિકી દોલત પામે. ૪

(૨૯)

દશમની સ્તુતિ.

(આદિ જિનવર રાયા—એ દેશી.)

અર નેમિ જિણંદા, ટાળીયા દુઃખ દંદા;
પ્રભુ પાસ જિણંદા, જન્મ પૂજ્યા મહીંદા;
દશમી દિન અમંદા—નંદ માકંદ કંદા,
ભવિજન અરવિંદા, શાસને જે દિણંદા. ૧
અર જનમ સુહાવે, વીર ચારિત્ર પાવે;
અનુભવ લય લાવે, કેવલજ્ઞાન પાવે;
ષટ્ જિન કલ્યાણ, સંપ્રતિ જે પ્રમાણ,
સવિ જિનવર ભાણ, શ્રી નિવાસાદિ ઠાણ. ૨
દશવિધ આચાર, જ્ઞાન માંહે વિચાર,
દશ સત્ય પ્રકાર, પચ્ચકખાણાદિ ચાર;
મુનિ દશ ગુણ ધાર, ભાષીયા જે ઉદાર;
તે પ્રવચન સાર, જ્ઞાનના જે આગાર. ૩
દશ દિશિ દિગપાલા, જે મહા લોકપાલા,
સુરનર મહીપાલા, શુદ્ધદૃષ્ટિ કૃપાલા;
નયવિમલ વિશાલા, જ્ઞાન લચ્છી મયાલા,
જય મંગલ માલા, પાસ નામે સુખાલા. ૪

(૩૦)

અગીયારસની સ્તુતિ.

(સ્નાતસ્યાપ્રતિમસ્ય મેરૂશિખરે—એ દેશી.)

શ્રી મલ્લિ જિન જન્મ સંયમ મહા-જ્ઞાન લહ્યા જે દિને,
તે એકાદશી વાસર શુભકર, કલ્યાણમાલાલય;
વૈદેહેશ્વર કુંભવંશ જલધિ, પ્રોલ્લાસને ચંદ્રમા,
માતા યસ્ય પ્રભાવતી ભગવતી, કુંભધ્વજોડવા જિનઃ ૧

જ્ઞાનં શ્રી ઋષભાજિતો ચ સુમતેઃ, પ્રાદુર્ભવં શંભવે,
પાર્શ્વારૌ ચરણું ચ મોક્ષમગમત્, પદ્મપ્રભાખ્યપ્રભુઃ;
ઇત્યેતદ્દશકં ચ યત્ર દિવસે, કલ્યાણુકાનાં શુભં,
જાતં સંપ્રતિ વર્તમાન જિનપાઃ, પ્રાદુર્મહા મંગલમ્. ૨
સાંગોપાંગમનંત પર્યવ ગણો-પેતં સદ્દોપાસકૈ—
કાદશ્યઃ પ્રતિમાશ્ચ યત્ર ગદિતાઃ, શ્રદ્ધાવતાં તીર્થપૈઃ;
સિદ્ધાંતાભિધભૂપતિ વિંજયતે, ણિભ્રત્સદ્દેકાદશા—
ચારાંગાદિમયવપુર્વિલસતાં, ભક્ત્યા નુતો ભાવિના. ૩
વૈરોટ્યા વિદધાતુ મંગલતતિં. સદ્દર્શનાનામિહ,
શ્રીમન્મલ્લિજિનેશશાસનસુરઃ, કુબેર નામા પુનઃ;
દિગ્પાલ ગ્રહ લક્ષ દક્ષ નિવહં, સર્વેડપિ યે દેવતા,
તે સર્વે વિદધંતુ સૌખ્યમતુલં, જ્ઞાનાત્મનાં સૂરીણાં. ૪

(આ સ્તુતિ સંસ્કૃત ગુજરાતીના મિશ્રણથી બનાવેલી લાગે છે, એથી ભાષા શુદ્ધ બરાબર થઇ શકી નથી.)

(૩૧)

બારશની સ્તુતિ.

(પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું—એ દેશી.)

જે બારસને દિને જ્ઞાન પામ્યા, અરસુવ્રતસ્વામી સુરેંદ્ર નામ્યા;
મલ્લિ લહે સિદ્ધિ સંસાર છોડી, તે દેવ વાંદુ બિહું હાથ જોડી. ૧
પદ્મપ્રભ શીતલ ચંદ્ર જાયા, સુપાસ શ્રેયાંસ ને નેમીરાયા;
ઇમ તેર કલ્યાણુક વર્તમાન, ત્રિકાળ પૂજીને કરૂં પ્રણામ. ૨
ભિક્ષુ તણી જે પ્રતિમા છે બાર, જે દ્વાદશાંગી રચના વિચાર.;
ઉપાંગ બારે અનુયોગદ્વાર, છ છેદ પયન્ના દશ મૂલ ચાર. ૩

શ્રી સંઘ રક્ષાકર ધર્મભક્તા, સુરાસુરા દેવપદપ્રસક્તા;
સદા દિએો સુંદર બોધિબીજં, સદ્ધર્મ પાખે ન કિમે પતિજં. ૪

(૩૨)

તેરસની સ્તુતિ.

(વીર જગતપતિ જન્મજ થાવે—એ દેશી.)

પઢમ જિનેસર શિવપદ પાવે, તેરશ અનુભવ ઉપમ નાવે;
સકલ સમીહિત લાવે;
શાંતિનાથ વલી મોક્ષ સીધાવે, દર્શન જ્ઞાન અનંત સુખ પાવે,
સિદ્ધ સ્વરૂપી થાવે;
નાભિરાય મરૂદેવી માત, ઋષભદેવ નામે વિખ્યાત,
કંચન કોમલ ગાત,
વિશ્વસેન નૃપ અચિરા જાત, સેવો શાંતિ જગતના તાત,
તેહ શુભ અવદાત. ૧

પદ્મપ્રભ ચંદ્ર શ્રી શ્રેયાંસા, ધર્મ સુપાસ જે જગજન હંશા,
સંયમ લે શુભલેશા;
વીર અનંત ને શાંતિ મહીશા, જન્મ થયા એહના સુજગીશા,
ટાળ્યા સકળ કલેશા;
વર્તમાન કલ્યાણક કહેશા, તેરશ દિન સવિ અમર મહીશા,
પ્રણમે જસ નિશદિશા;
સકલ જિનેસર ભવન દિનેશા, મદન માન નિર્મથન મહેશા,
સેવો વિશ્વાવીસા. ૨

તેર કાઠીયાને જે ગાળે, તેર ક્રિયાનાં થાનક ટાળે;
તે આગમ અજુવાળે;
તેર સયોગીનાં ગુણઠાણુ, તે પામીને ધ્યાવે ધ્યાન,
તેહને કેવલ નાણ.

ભક્તિ બહુમાન જસવાદ ભણીજે, આશાતના તેહની ટાળીજે,
જિન મુખ ત્રિપદી લીજે;
જે ચાર ગુણા તે તેર કરીજે, ભાવન ભેદે વિનય ભણીજે;
જિમ સંસાર તરીજે. ૩

ચક્રેસરી ગોમુખ સુર ધરણી, સમકિત ધારી સાનિધ્ય કરણી,
ઋષભ ચરણ અનુસરણી,
ગોમુખ સુરનું મનડું હરણી, નિરવાણી દેવી જયકરણી,
ગરૂડ યક્ષ સુર ધરણી;
શાંતિનાથ ગુણ ઓલે વરણી, દુરમન દૂરકરણ રવિભરણી,
સંપત્તિ સુખ વિસ્તરણી,
કીરતિ કમલા ઉજ્જવલ કરણી, રોગ સોગ સંકટ ઉદ્ધરણી,
નયવિમલ દુઃખહરણી.

(૩૩)

ચૌદશની સ્તુતિ.

(મનહર મૂરતિ મહાવીરતણી—એ દેશી)

વાસુપૂજ્ય જિનેસર શિવ લહ્યા, જે રક્તકમલવાને કહ્યા,
વસુપૂજ્ય નૃપ સુત માત જયા, ચંપાનયરીએ જન્મ થયા;
ચૌદશ દિવસે જે સિદ્ધિ ગયા, જસ લંછન રૂપે મહિષ થયા,
તે અજર અમર નિઃકલંક ભયા, તસ પાય નમી કૃતકૃત્ય થયા. ૧

શીતલ સંભવ શાંતિ વાસુપૂજ્ય જિના, અભિનંદન કુંથુ અનંત જિના,
સંયમ લીયે કેઇ શુભમના, કેઇ પંચમજ્ઞાન લહે ઘના;
કલ્યાણક આઠ સુહામણાં, નિત નિત લીજે ભામણાં,
સવિ ગુણમણિ રયણરોહણા, પહોંચે સવિ મનની કામના. ૨

જિહાં ચઉદશ ભેદે જીવ ગણ્યા, જગ ભેદ કહ્યા છે અતિઘણા,
ગુણઠાણાં ચૌદ તિહાં ભણ્યાં, ચઉદશ પૂરવની વર્ણના;
નવિ કીજે શંકા દૂષણ, અતિચારતણી જિહાં વારણા,
પ્રવચન રસ કીજે પારણાં, એહજ છે ભવ જલ તારણાં. ૩

શાસન દેવી નામે ચંડા, દીયે દુર્ગતિ દુરજનને દંડા,
અકલંક કલાધર સમ તુંડા, જસ જીહા અમૃત રસ કુંડા;
જસ કર જપમાલા કોહંડા, સુર નામ કુમાર છે ઉદ્દંડા;
જિન આગલ અવર છે એરંડા. **નયવિમલ** સદા સુખ અખંડા. ૪

(૩૪)

પૂનમની સ્તુતિ.

(શંખેશ્વર પાસજી પૂજીયે—**એ દેશી.**)

જિન સંભવ લીયે સંયમ જિહાં, શ્રી નમિ સુવ્રતનું ચ્યવન તિહાં;
સકલ નિર્મલ ચંદ્રતણી પ્રભા, વિશદ પક્ષ તણે શિર પૂર્ણિમા. ૧

ધર્મનાથ જિન કેવલ પામ્યા, પદ્મપ્રભ જિન નાણ સકામ્યા;
ઇમ કલ્યાણક સંપ્રતિ જિનતણાં, થયાં પૂનમ દિવસે સુહામણાં. ૨

પંદર જોગતણે વિરહે લહ્યા, પંદર ભેદે સિદ્ધ જિહાં કહ્યા;
પંદર બંધન પ્રમુખ વિચારણા, જિનવર આગમને સુણે જના. ૩

સકલ સમીહિત દાયિકા, સુરવર જિન શાસન નાયિકા;
વિધુ કરોજ્જવલ કીર્તિ કલા ઘણી, **નયવિમલ** જિન નામ ભણો ગુણી. ૪

(૩૫)

અમાસની સ્તુતિ.

(મનહર મૂરતિ મહાવીર તણી—**એ દેશી.**)

અમાવાસ્યા તો થઇ ઉજલી, વીર તણે નિર્વાણે મલી;
દીવાલી દિન તિહાંથી હોત, રાય અઢાર કરે ઉદ્યોત. ૧

શ્રી શ્રેયાંસ નેમિ લહે જ્ઞાન, વાસુપૂજ્ય ગ્રહે સંજમ ધ્યાન;
સંપ્રતિ જિન થયાં કલ્યાણ, અમાવાસ્યા દિવસ ગુણખાણ. ૨
કાલ અનાદિ મિથ્યાત્વનિવાસ, પૂરણ સંજ્ઞા કહીયે તાસ;
આગમ જ્ઞાન લહ્યું જિન સાર, કૃષ્ણપક્ષ જિત્યો તેણી વાર. ૩
માતંગ યક્ષ સિદ્ધાયી દેવી, સાનિધ્યકારી હુએ જિન સેવી;
કવિ **નયવિમલ** કહે શુભ ચિત્ત, મંગલ લીલ કરો નિત નિત. ૪

(૩૭)

શ્રી શુકલપક્ષકૃષ્ણપક્ષની સ્તુતિ.

(પ્રહઉઠી વંદુ—એ દેશી.)

સાસય ને અસાસય, ચૈત્ય તણા બેહુ ભેદ,
સ્થાપના ને રૂપે, રૂપાતીત વિભેદ;
બેહુ પક્ષે ધ્યાવો, જિમ હોયે ભવ છેદ,
અવિચલ સુખ પામો, નાસે સઘલા ખેદ. ૧
ઉત્સર્પિણી અવસર્પિણી, કાળ બે ભેદ પ્રમાણ,
ત્રીજે ને ચોથે, આરે જિનવર જાણ;
ઉત્કૃષ્ટે કાળે, સીત્તેર સો જિનરાજ,
તિમ વીસ જઘન્યથી, વંદી સારો કાજ. ૨
બેહુ ભેદે ભાખ્યા, જીવ સયલ જગમાંહી,
એક કૃષ્ણપક્ષ એક, શુકલપક્ષ ગુણમાંહી;
વલી દ્રવ્ય કહ્યાં છે, જીવ અજીવ વિચાર,
તે આગમ જાણો, નિશ્ચય ને વ્યવહાર. ૩
સંયમધર મુનિવર, શ્રાવક જે ગુણવંત,
બેહુ પક્ષના સાનિધ્ય, કારક સમકિતવંત;
તે શાસન સુરવર, વિઘન કોડિ હરંત.
શ્રી **જ્ઞાનવિમલસૂરિ**, લીલા લચ્છી લહંત. ૪

વિભાગ ચોથો : શ્રી સજ્ઝાયસંગ્રહ.

શ્રી નવકાર મંત્રની સજ્ઝાય.

(૧)

(નમો રે નમો શ્રી શેત્રુંજ્ય ગિરિવર—એ દેશી.)

શ્રી નવકાર જપો મનરંગે, શ્રી જિનશાસન સાર રે;
સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતાં જય જય કાર રે. શ્રી૦ ૧
પહેલે પદ ત્રિભુવન જનપૂજિત, પ્રણમું શ્રી અરિહંત રે;
અષ્ટ કર્મ વરજિત બીજે પદ, ધ્યાવો સિદ્ધ અનંત રે. શ્રી૦ ૨
આચારજ ત્રીજે પદ સમરૂં, ગુણ છત્રીસ નિધાન રે.
ચોથે પદ ઉવજ્ઝાય જપીજે, સૂત્ર સિદ્ધાંત સુજાણ રે. શ્રી૦ ૩
સર્વ સાધુ પંચમ પદ પ્રણમું, પંચ મહાવ્રત ધાર રે;
નવ પદ અષ્ટ ઇહાં છે સંપદા, અડસઠ વરણ સંભાર રે. શ્રી૦ ૪
સાત અક્ષર અછે ગુરૂ જેહના, એકસઠ લઘુ ઉચ્ચાર રે;
સાત સાગરનાં પાતક વણે, પદ પંચાશ વિચાર રે. શ્રી૦ ૫
સંપૂરણ પણુસય સાગરનાં, જાયે પાતક દૂર રે;
ઇહ ભવ સર્વ કુશલ મનવંછિત, પરભવ સુખ ભરપૂર રે. શ્રી૦ ૬
યોગી સોવન પુરીસો કીધો, શિવકુમર ઇણે ધ્યાન રે;
સર્પ મિટી તિહાં કુલમાલા, શ્રીમતીને પરધાન રે. શ્રી૦ ૭
જક્ષ ઉપદ્રવ કરતો વાર્યો, પરચો એ પરસિદ્ધ રે,
ચોર ચંડપિંગલ ને હુંડક, પામે સુરતણી ઋદ્ધિ રે. શ્રી૦ ૮
એ પંચ પરમેષ્ઠિ છે જગ ઉત્તમ, ચૌદ પૂરવનો સાર રે;
ગુણ બોલે શ્રી પદ્મરાજ ગણી, મહિમા જાસ અપાર રે. શ્રી૦ ૯

(૨)

શ્રી જિનવાણીની સજ્ઝાય.

(મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચળે રે—એ દેશી.)

શ્રી જિનવાણી પ્રાણી ચિત ધરો રે, ટાળી સકળ અંદેશ;
શ્રદ્ધા સાચી રાચીને ગ્રહો રે, આતમ શક્તિ વિશેષ. શ્રી૦ ૧

સમકિત પામી વામી મિથ્યાત્વને રે, પ્રગટે જાચું રે હેમ;
ફરી તે અવર રૂપ જિમ નવિ લહે રે, તિમ ધરો સમકિત પ્રેમ. શ્રી૦ ૨

માર્ગાનુસારી ક્રિયા અનુમોદીયે રે, એ જિનશાસન મર્મ;
સદ્‌ગુરૂ સંગ થકી વળી વામીયે રે, વાત વિશેષનો ભર્મ. શ્રી૦ ૩

સમકિત દૃષ્ટિ હોયે જે નરા રે, બોલે ણિહું નય વાચ;
આપ પ્રશંસે પર નિંદે નહિ રે, સમકિત તેહનો સાચ. શ્રી૦ ૪

ચારિત્ર નિર્મળ જ્ઞાન પ્રમાણુતા રે, હોયે જાસ પસાય;
તેહીજ દર્શન દેજો જગપતિ રે, અમૃત પ્રણમે રે પાય. શ્રી૦ ૫

(૩)

શ્રી સુધર્માગણધરની સજ્ઝાય.

(સાહિબા, આહુ જિનેશ્વર વિનવું—એ દેશી.)

ગણધર, ચારિત્રપાત્ર ચૂડામણિ, શ્રી સોહમ મુનિરાય હો;
ગણધર, લબ્ધિ સિદ્ધિ ધારક સદા, સંઘ સકળ સુખદાય હો;
ગણધર આજ વધાવું હરખશું. ૧

ગણધર, મમતા મોહ નિવારતા, ધરતા નિરમલ ધ્યાન હો;
ગણધર, શલ્યરહિત ગારવ વિના, કરતા અનુભવ જ્ઞાન હો. ગ૦ ૨

ગણધર, પાલે પ્રવચન માતને, ટાલે વિષય ઉપાધ હો;
ગણધર, વાધે અનુભવ પ્રીતશું, સાધે અવ્યાબાધ હો. ગ૦ ૩

ગણુધર, જાણે સ્વપર સ્વભાવને, દીપે શાસનમાંય હો;
ગણુધર, ઝીપે વાદી વર્ગને, નાણે મમતા કયાંય હો. ગ૦ ૪
ગણુધર, કામધેનુ પરે દુઝતા, ગામ નયર ઉદ્યાન હો;
ગણુધર, વયણ સુધારસ વરસતા, સંપૂરણ શ્રુતજ્ઞાન હો. ગ૦ ૫
ગણુધર, તીર્થંકર સરીખા કહ્યા, તિમ વળી અરિહા જાણ હો;
ગણુધર, શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, પામે એહ ઉપમાન હો. ગ૦ ૬
ગણુધર, સૂત્ર રચે મુનિપુંગવા, અરથ કહે અરિહંત હો;
ગણુધર, ટીકા ચૂરણી નિર્યુક્તિ, ભાષ્ય સ્વરૂપે તંત હો. ગ૦ ૭
ગણુધર, ધારક પારગ ગુરૂ ભણી, મંગલ કરણ નિમિત્ત હો;
ગણુધર, સોહામણુ વર સાથીઓ, પૂરે પૂરણ ભક્તિ હો. ગ૦ ૮
ગણુધર, જિનવર વયણાં મીઠડાં, મીઠડી રીતે સુણંત હો;
ગણુધર, ઉત્તમ સંગથી મીઠડો, અનુભવ રત્ન લહંત હો. ગ૦ ૯

(૪)

(શ્રી સુપાસ જિનરાજ—એ દેશી.)

મુનિવરમાં પરધાન, દ્વાદશ અંગનો જાણુ;
ગણુધર લાલ સોહમ ગણુધર જગ જ્યો જી. ૧
ચંપાનયર ઉદ્યાન, સમોસર્યા ગુણખાણુ;
ગણુધર લાલ ઉપગારી શીર સેહરો જી. ૨
દેશના અમૃતધાર, વરસે જિમ જલધાર;
ગણુધર લાલ તૃષ્ણા તાપ શમાવતા જી. ૩
જીવાજીવ પ્રકાશ, મિથ્યા તિમિર વિનાશ;
ગણુધર લાલ કરતા ભવિજન લોકને જી. ૪
દુવિધ ધર્મ સુખકાર, દંડકત્રિક પરિહાર;
ગણુધર લાલ શ્રુત સુખ શય્યા સેવતા જી. ૫

પંચ પ્રકાર સજ્ઝાય, કરતાં ચિત્ત લગાય;
ગણધર લાલ ષડ્ વ્રત તપ ગુણ ધારતા જી. ૬
પાણ પિંડેષણ સાત, આઠે પ્રવચન માત;
ગણધર લાલ પાલે ટાલે કર્મને જી. ૭
પરિહરે નવે નિયાણ, બ્રહ્મચર્ય દશ ઠાણ;
ગણધર લાલ ધારે વારે વિષયને જી. ૮
એહવા ગુરૂ ગુણવંત, શ્રાવિકા શ્રદ્ધાવંત;
ગણધર લાલ પ્રણમી હીયડે હરખતી જી. ૯
નેઉર નિરમલ જ્ઞાન, પહેરી ઘાટ સુધ્યાન;
ગણધર લાલ આણા તિલક શીરે ધર્યું જી. ૧૦
કંકણ જિનગુણ રાગ, હાર હૈયે વૈરાગ;
ગણધર લાલ ભાવના લંગર રણઝણે જી. ૧૧
કુંકુમ ગુરૂ ગુણગ્રામ, ગહુંલી વ્રતપરિણામ;
ગણધર લાલ અનુભવ અક્ષત પૂરતી જી. ૧૨
શ્રીફલ શીલ સુહાય, ઉપશમ ફલ વધાય;
ગણધર લાલ અવિધિ નિવારણ લૂંછણાં જી. ૧૩
ગુરૂ સનમુખ સુવિનીત, સૂત્ર સૂણે એકચિત્ત;
ગણધર લાલ નય નિક્ષેપે સમજતાં જી. ૧૪
હૈયડે હર્ષ ન માય, જિન ગુણ મંગલ ગાય;
ગણધર લાલ અનુક્રમે ઉત્તમ પદ વરે જી. ૧૫

(૫)

શ્રી યુગપ્રધાન સંખ્યા બતાવતી સજ્ઝાય.

(ચોપાઈ.)

સમરી શારદ કવિજન માય, શાંતિચંદ્ર ગુરૂ પ્રણમી પાય;
તેવીસ ઉદય તણા ગણધાર, પભણીશ તેહનો વર વિસ્તાર. ૧

પહેલે ઉદયે ગણધર વીસ, **સુધર્મા** આદિ હું નામી સીસ;
બીજે ઉદયે ગુરૂ તેવીસ, **વયરસેન** આદિ પ્રણમીસ. ૨

અડાણું ગુરૂ ત્રીજે જાણ, **પાડિવાયાદિક** ગુણની ખાણ;
હરિસ્સહાદિક ચોથે સહી, અઠયોત્તરની સંખ્યા કહી. ૩

નંદીમિત્ર આદે ગણધાર, પંચોતેર નમીયે ગુણધાર;
નેવ્યાસી ગુરૂ છઠ્ઠે કહ્યા, **સુરસેન** ગુરૂ આદે લહ્યા. ૪

સત્તમે ઉદયે એકસો જોય, **રવિમિત્રાદિક** વંદુ સોય;
સત્યાસી ગુરૂ મહિમનિધાન, **શ્રીપ્રભ** આદિ યુગહ પ્રધાન. ૫

નવમે શ્રી **મણિસૂરિ** મુનીશ, પ્રમુખ પંચાણુ ચિત્ત ધરીશ;
દશમે સત્યાસી ગુણવંત, **યશોમિત્ર** આદિ ભગવંત. ૬

એકાદશમે **ધનસિંહ** આદિ, છહોંતેર નમતાં બહુ જસવાદ;
સત્યમિત્ર આદિ બારમે, અઠ્ઠોતેર મુજ મનમાં રમે. ૭

શ્રી **ધર્મમિત્ર** પ્રમુખ તેરમે, ચોરાણુ ગુરૂ સહુએ નમે;
શ્રી ગુરૂ **વિજયાનંદ** મુનીંદ, આદે અઠ્ઠોતેર સે વંદ. ૮

શ્રી **સુમંગલ** મંગલકાર, ત્રીકોત્તર સય મહિમાગાર;
સોલસમે ગુરૂ શ્રી **જયદેવ**, એકસો સાત નમું નિતમેવ. ૯

એકસો ચાર મુનીશ્વર સાર, **ધર્મસિંહાદિક** સંજમધાર;
અષ્ટાદશમે શ્રી **સુરદિન્ન**, એકસો પન્નર ગુરૂ કૃતપુન્ન. ૧૦

વિશાખસૂરિ નમીયે નિશદિશ, યુગપ્રધાન એકસો તેત્તીસ;
શ્રી **કોડીન્ન** મહીધર ધીર, ઉદય વીસમે એકસો વીસ. ૧૧

શ્રી માથુર ગુરૂ આદિ આજ, પંચાણુ પ્રણમું ગુરૂરાજ;
પાણિયમિત્ર ગુરૂ મહિમાવંત, નવ્વાણુ પ્રણમું મહંત. ૧૨
દત્તસૂરિ આદિ વાંદીશ, ત્રેવીસમે એ કહીયા મુનીશ;
સર્વ મલીને સંખ્યા ધાર, સહસ દોય ને અધિકા ચાર. ૧૩
પહેલા પહોતા મુગતે દોય, એકાવતારી બીજા જોય,
પંચમ આરે ધર્માધાર, સંયમ પાલે નિરતિચાર. ૧૪
જિહાં એ શ્રી ગુરૂ કરે વિહાર, અઢી જોયણ માંહિ વિસ્તાર;
તિહાં નહીં મરકી અને દુકાલ, એ ગુરૂવર વંદુ ત્રણ કાલ. ૧૫
તેહ સમાન ગુણરયણ નિધાન, વિજયસેનસૂરિ યુગપ્રધાન;
શાંતિચંદ્ર વાચકનો શિષ, અમરચંદ્ર નમે નિશદિશ. ૧૬

(૬)

સાધુ ગુણ સજ્ઝાય.

(અજિત જિનેસર ચરણની સેવા—એ દેશી)

પંચ મહાવ્રત સૂધાં પાળે, અંતરંગ મળ ટાળે,
વ્રત દૂષણ ક્ષણ ક્ષણ સંભાળે, જ્ઞાન ક્રિયા અનુઆળે;
સો સદ્‌ગુરૂશું મોરૂં મન માને.
આગમ કસતાં જે કસ પહોંચે, દિનદિન ચડતે ભાવે. સો૦ ૧
સૂત્ર અર્થશું પ્રીતિ કરીને, રાખે આતમ નિજ ગેહે;
ઉભયકાલ ભંડોપગરણને, સંભાળી પડિલેહે. સો૦ ૨
અરે અઘોરે મધ્યાહ્ન વેલા, ગોચરીએ ઋષિ જાય;
નિરદૂષણ આહાર જો ન મલે, તો મન ઊણો ન થાય. સો૦ ૩
ઇંગાલાદિક દૂષણ પાંચે, ભોજન કરતાં ટાલે;
આઠે પ્રવચન માત સંભાળે, જયણાશું વ્રત પાળે. સો૦ ૪

કર્મકથા વિકથા જે ચાર, આપણે મુખ ન પ્રકાશે;
લોકતણાં જે વચન પરિસહ, તે મનમાં અહિઆસે. સો૦ ૫
ધર્મતણું કાંઇ કારણ જાની, નિજ શરીર પણ છાંડે;
ઉપસર્ગાદિક આવ્યો થકે પણ, વ્રત પચખાણ ન ખંડે. સો૦ ૬
કાળ પ્રમાણે સંજમનો ખપ, જોઇને ગુણ લીજે,
વિજયવિમળ પંડિત ઇમ બોલે, તસ પાય વંદન કીજે. સો૦ ૭

(૭)

કર્મગતિ વિષયક શ્રીકૃષ્ણ વાસુદેવની સજઝાય.

(દુહા)

અરિહંત પદપંકજ નમી, કર્મ તણી ગતિ જેહ;
વરણવશું ભલી રીતથી, સુણજો ભવિ સસનેહ. ૧
કર્મે સુખ દુઃખ પામીયે, કર્મે ભવ જંજાળ;
કર્મ સકળ દૂરે ટળે, લહીયે સુખ સુવિશાળ. ૨
દ્વાધી નગરી દ્વારિકા, નાઠા હલી મોરાર;
વનમાં વસતાં દુઃખ સહ્યાં, ભાખું તે અધિકાર. ૩

: ઢાલ-પહેલી. :

(પ્રભુ તુજ શાસન મીઠું રે—એ દેશી.)

ગ્રીષ્મ કાળના જોરથીરે, લાગી તરશ અપાર,
કૃષ્ણ કહે બળભદ્રને, ખોળી આણો તુમે વાર રે;
સૂકે તાળુ આ વાર રે, નહિ ચાલી શકાય લગાર રે,
બળભદ્ર કહે તેણી વાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧
લઇ આવું પાણી અમે રે, તુમે રહેજો સાવધાન,
એમ કહીને ચાલીયા, જોવે પાણીનાં થાન રે;
હરિ સુતા તેહીજ રાન રે, આવી નિદ્રા અસમાન રે,
એક પીતાંબર પરિધાન રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૨

બળદેવ બોલે એમ વલી રે, ઉચ્યું વદન નિહાળ,
બાંધવની રક્ષા કરો, વનદેવિ તુમે રખવાળ રે;
તુમ શરણે અછે એ બાળ રે, તેણે બળવંતે સંભાળ રે,
હું આવું છું તતકાળરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૩

હલી તો પાણીને ગયા રે, આવ્યો જરાકુમાર,
ભાવિ ભાવના યોગથી, રહ્યો વૃક્ષ અંતર અવિકાર રે;
હરિપાદ તે મૃગલો ધાર રે, બાણ મૂકયું આકર્ષી ત્યાર રે,
વિંધાણો પાદ મોરાર રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

સહસા ઉઠી હરિ ભણે રે, કોણે કીધો છળ એહ,
મારી કોઇએ નવિ હણી, એટલા દિન પહેલાં રેહ રે;
નામ ગોત્ર કહો તુમે કેહ રે, તવ બોલ્યો એણી પેરે તેહ રે,
તું સાંભળ જે સસનેહ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

: દુહો. :

જરાકુમર ભાંખે હવે, નિજ અવદાત તે વાર;
કૃષ્ણ નરેસર સાંભળે, પગમાં પીડા અપાર. ૧

: ઢાલ-બીજી. :

(દેશી ઉપર પ્રમાણે.)

વસુદેવ રાય રાણી જરા રે, માય તાય મુજ જાણ;
રામ કૃષ્ણનો ભાઇ વડો, તે મુજ ભ્રાતા ગુણખાણ રે,
મેં સાંભળી જિનની વાણ રે, તસ રક્ષા હેતે ઇણ ઠાણ રે,
ભૂખ્યો તરસ્યો રહું રાણરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૧

મુજને બાર વરસ ગયાંરે, સહતાં બહુલા કલેશ,
નર નવિ દીઠો ઇણ વને, તું કોણ અછે શુભ વેષ રે;
તવ જલ્પે કૃષ્ણ નરેશરે, ભાઇ! આવ! આવ! સુવિશેષે રે,
તારો ફોક થયો સવિ કલેશરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૨

તેહજ કૃષ્ણ હું જાણજે રે, તાહરો જે લઘુ ભ્રાત,
જિણ અરથે તું વન રહે, ભાવિભાવ તેહ આયાત રે;
જિન વયણ ન ફોગટ થાત રે, જદિ જગ પલટાઇ જાત રે,
જિનવયણ નવિ પલટાતરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૩
જરાકુમર નિસુણી ઇશ્યું રે, કહે શું? કૃષ્ણ એ ભાય,
આવી દીઠા કૃષ્ણને, મૂર્છાગત તે તિહાં થાય રે;
વળ્યું ચેતતો રૂદન કરાયરે, હા! કૃષ્ણ કિહાંથી એ ઠાય રે,
જેહથી નાસીયે તે આયરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

: દુહો. :

પૂછે વાસુદેવને, દ્વારિકાનો અધિકાર;
જેમ જેમ જરાકુમાર સુણે, હૈડે દુઃખ અપાર. ૧

: ઢાલ-ત્રીજી :
(દેશી ઉપર પ્રમાણે)

દુઃખભર હૈડે રોવતોરે, પૂછે કૃષ્ણને એમ,
દ્વારિકા શું દાધી ખરી, જદુ કેરો ક્ષય થયો તેમ રે;
મળ્યું સર્વે કહ્યું જિન જેમરે, તુજ દેખીને ચિંતુ એમ રે,
ભાઇ! એહ બની ગયું કેમ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૧
કૃષ્ણે પણ માંડી કહ્યો રે, દ્વારિકા કેરો દાહ,
સાંભળી રૂદન કરે ઘણું, રોવરાવે વૃક્ષની સાહ રે;
તસ ઉપનું દુઃખ અથાહ રે, ભાઇ માર્યો વિણ અપરાહ રે;
મુજ હોશે નરકનો રાહ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૨
રૂદું કરતાં ભુંદું થયું રે, પૃથ્વી આપો માગ,
એહ શરીરે નરકમાં, અમને છે દુઃખનો લાગ રે;
મુજ નરકથી અધેક દુઃખ લાગ રે, મુજ કૃષ્ણ ઉપર બહુ રાગ રે,
તેહને માર્યો વિણ આગરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૩

પ્રભુએ જ્યારે ભાખીયું રે, મરણ ન પામ્યો કેમ!
મુજ મરતાં એોછું કિશ્યું, તુજ જીવંતાં જગ એમ રે;
તવ કૃષ્ણ કહે ધરી પ્રેમ રે, મત શોક કરો તુમે એમ રે,
નીપન્યું પ્રભુએ કહ્યું તેમ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

કૌસ્તુભ લેઇ જાઓ તમે રે, વહેલા પાંડવ પાસ;
આગળ પાછળ જોવજો, કહેજો દ્વારિકાનો નાશ રે;
વહેલો તું ઇહાંથી નાશ રે, નહિતો બળદેવને પાસ રે,
જરાયને આધીન થાશ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

વિપરીત પગલાં થાપજો રે, જેમ નાવે પૂંઠે રામ,
પાંડવને ખમાવજો, અમચો અપરાધ તમામ રે;
રાજ્ય અંધ ગરવને ધામ રે, દૂર આપ્યું રહેવા ઠામ રે,
અન્યાય કર્યો અમે તામ રે, દ્રૌપદી લઇ વલીયા જામરે. કર ૬

: દુહા :

શીખ લઇ વાસુદેવની, જરાકુમાર હવે જાય;
પાછું વાળી જૂએ બહુ, અંતરમા અકલાય. ૧

: ઢાલ-ચોથી :

(દેશા ઉપર પ્રમાણે)

જરાકુમાર એમ સાંભળી રે, કાઢયું પગથી બાણ,
કૌસ્તુભ લેઇને ગયો, પગલાં વિપરીત મંડાણ રે;
વેદન હરિને અપ્રમાણરે, તૃણ સંથારો કરી ઠાણરે;
બોલે એમ અવસરના જાણરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૨

જિનવરને નમું હર્ષથીરે, શકે પ્રણમિત પાય,
શાશ્વત સુખ પામ્યા જિકે, તે સિદ્ધ નમું નિરમાય રે;
આચારજ ને ઉવજ્ઝાય રે, વળી સાધુ તણા સમુદાય રે,
શિવસાધન સાધે ઉપાય રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૩

નમીયે નેમિ જિનેસરૂ રે, મુજને જસ ઉપગાર,
ભવ્યજીવ પ્રતિબોધતાં, મુજને દેખો ઇણ ઠાર રે;
તુમે જગવત્સલ હિતકાર રે, જ્ઞાનાદિક ગુણ ભંડાર રે,
અતિશય વર ચોત્રીસ ધારરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

જેહ કરી આશાતનારે, તેહ ખમાવું સ્વામ,
તુમ ઉપગાર ન વિસરૂં, વારંવાર નામું શીર નામ રે;
જીવડા! સહુ જીવને ખામ રે, સહુ ગણજે મિત્રને ઠામ રે,
એમ પામીશ શાસય ધામરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

બેસી સંથારે ચિંતવે રે, ધન્ય શ્રી નેમિ જિણુંદ,
વરદત્તાદિક રાજવી, તજી ગેહ થયા જે મુણીંદ રે;
જસ દૂર ટળ્યા દુઃખદંદરે, શાંબાદિક કુમરના વૃંદરે,
ધન્ય ચિંતવે એમ ગોવિંદ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૬

: દુહા. :

કરતા એમ અનુમોદના, ઉત્તમ ધર્મની સાર;
એહવે મનમાં આવતી, લેશ્યા દુષ્ટ તેણી વાર. ૧
ગતિ તેહવી મતિ સંપજે, જેણે અશુભાયુ બદ્ધ;
શુભ લેશ્યા દૂરે ગઇ, તીવ્ર વેદન પ્રતિબદ્ધ. ૨

: ઢાલ પાંચમી. :

(દેશી ઉપર પ્રમાણે.)

રાજિમતી રૂકિમણી પમુહા, ધન્ય જાદવની નાર,
ગૃહવાસ છાંડીને જેણે, લીધો વર સંજમ ભાર રે;
ઇમ ભાવે ભાવ ઉદાર રે, પણ વેદનનો નહિ પાર રે.
થયો વાત પ્રકોપ પ્રચાર રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૧

તે દુઃખમાં વળી સાંભરી રે, દ્વારિકા નયરીની ઋદ્ધ,
સહસવરસ મુજને થયાં, પણ એ મુજ કિણહી ન કીધ્યરે;
જેમ દ્વૈપાયને દુઃખ દીધરે, હું એકલ મલ્લ પરસિદ્ધ રે,
પણ એ દુઃખ દેવા ગિદ્ધરે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ ૨

જો દેખું હવે તેહને રે, તો ક્ષય આણું તાસ,
તાસ ઉદરથી હું સવે, કાદુ પુર ઋદ્ધિ ઉલ્લાસ રે;
ઇમ રૌદ્ર ધ્યાન અભ્યાસ રે, છુટે તિહાં આયુ પાસરે,
મરી પહોત્યા નરકાવાસ રે કર્મ તણી ગતિ એહવી મેરે લાલ ૩

સોળ વરસ કુમરપણેરે, છપ્પન વળી મંડલીક,
નવસે અઠ્ઠાવીસ જાણીયે, વાસુદેવપણે તહકીક રે;
તિહાં કર્મ કીધાં ઠીક ઠીકરે, ત્રીજી નરકે દુઃખ ભીક રે,
પહોત્યા તેહમાં ન અલીક રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

તપગચ્છ સિંહસૂરીશનારે, સત્યવિજય ગુણમાળ,
કપૂર ક્ષમાવિજયાલિખા, જિનવિજય ગુરૂ ઉજમાળ રે;
ગુરૂ ઉત્તમવિજય દયાળરે, તસ પદ્મવિજય કહે બાળ રે,
સુણતાં હોય મંગળમાળરે, ભવિ છાંડો કર્મ જંજાળ રે.
કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

(૮)

શ્રી ઢંઢણ ઋષિની સજ્ઝાય.

(આવ્યા ગજપુર નગરથી તિહાં વસે વ્યવહારીરે લો અહો તિહાં૦–એ દેશી)

સરસતી માત પસાયથી, ઋષિ ગુણ ગાઉંરે લો–અહો૦ઋષિ૦
ઉત્તમના ગુણ ગાવતાં, કેવળ કમળા પાઉંરે લો–અહો૦ કેવ૦ ૧

જંબૂદ્વીપ વખાણીયે, દ્વારિકા નયરી રૂડીરે લો–અહો૦ દ્વા૦
મૂખ્ય રાજા કેશવ તિહાં, જાદવ કુળ કોડીરે લો–અહો૦ જા૦ ૨
કેશવ રાણી ઢંઢણા, રૂપે રંભા સમાણીરે લો–અહો૦ રૂ૦
તસ કુમાર ઢંઢણ ભલો, સકલ કલા ગુણ ખાણીરે લો–અહો૦ સ૦ ૩
નેમિ જિનેસર આવીયા, કૃષ્ણ વાંદવા જાયેરે લો–અહો૦ કૃ૦
પ્રભુ મુખકજ દેખી કરી, હૈડે હરખ ન માયેરે લો–અહો૦ હૈ૦ ૪
પ્રભુજીએ દીધી દેશના, ભવિયણને હિતકારીરે લો–અહો૦ ભ૦
દેશના સુણી ઢંઢણ કહે, સંયમ આપો સુખકારીરે લો–અહો સ૦ ૫
પ્રવ્રજ્યા લેઇ શુભ ભાવથી, દશ વિધ ધર્મને પાલેરે લો અહો૦ દ૦
પાંચે ઇંદ્રિય વશ કરી, કર્મ કઠીનને બાલેરે લો–અહો૦ ક૦ ૬
દિન પ્રતે દ્વારિકામાંહી તે, ગોચરીયે જાવેરે લો–અહો૦ ગો૦
ભાત પાણી તે સૂઝતાં, દૈવયોગે ન પાવેરે લો અહો૦ દૈ૦ ૭
એહવે નેમિચરણમાં, વાંદીને કૃષ્ણ પૂછેરે લો–અહો૦ વાં૦
કહો સ્વામિ મુનિ કેટલા, સહસ અઢાર કહેછેરે લો–અહો૦ સ૦ ૮
એટલા મુનિવરની મધ્યે, પહેલા કુણ કેવલ વરશેરે લો–અહો૦ ૫૦
પ્રભુજી કહે તુજ પુત્ર તે, ઢંઢણ કેવલ વરશેરે લો–અહો૦ ઢં૦ ૯
ઇમ નિસુણી વેગે વલ્યો, મારગે મુનિવર મળીયોરે લો–અહો૦મા૦
વિધિ સહિત હરિ વાંદતાં, કોઇ વ્યવહારી કળીયોરે લો–અહો૦કો૦૧૦
એ કોઇક મોટો મુનિ, મોદક વોરાવું આણીરે લો–અહો૦મો૦
મુનિવર મોદક વહોરીયા, શુદ્ધ આહારને જાણીરે લો–અહો૦શુ૦૧૧
જિનવરને વાંદી પૂછે, શું અંતરાય ગયો વહીરે લો–અહો૦શું૦
સ્વામી વંદે સુણો સાધુજી, લબ્ધિ તુમ એ નહિરે લો–અહો૦લ૦૧૨
પ્રભુ મુખથી એમ સાંભળી, પુર બાહિર ચાલેરે લો–અહો૦પુ૦
ઇંદ્ર નિભાડમેં જાઇને, ચૂરી મોદક ઘાલેરે લો–અહો૦ચૂ૦૧૩

મોદક ચૂરતાં કેવલ લહ્યા, ઘાતિ કર્મ વિદારીરે લો-અહો ધા૦
અનુક્રમે કર્મનો ક્ષય કરી, પહોતા મોક્ષ મોઝારીરે લો-અહો૦૫૦૧૪
નેમિશિષ્ય ઢંઢણ ઋષિ, પ્રણમો ભાવ આણીરે લો-અહો૦પ્ર૦
હીરવર્ધનનો ક્ષેમ કહે, પામો શિવ સુખખાણીરે લો-અહો૦પા૦૧૫

(૯)

શ્રી ગજસુકુમાલની સજઝાય.

(વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ—એ દેશી.)

શ્રી નેમીસર જિનવર આવી સમોસર્યા,
દ્વારિકા નગરી ઉપવન મુનિજન પરિવર્યા;
કૃષ્ણ પ્રમુખ સવિ જાદવ સુણી હરખે ભર્યા,
અધિક કરી તમામ કે વંદન નિસર્યા. ૧

સાથે ગજસુકુમાલ આવ્યો મન ગહગહી,
બેઠા નમી પ્રભુ પાય ઉચિત થાનક લહી;
તવ જિનપતિ હિત આણ કે ધર્મકથા કહી,
પ્રતિબુઝયા બહવિલોક ગયા નિજ ઘર વહી. ૨

ગજસુકુમાલ કુમાર આવ્યો નિજ મંદિરે,
પ્રણમી માય ને પાય વચન ઇમ ઉચ્ચરે;
આજ સમાજમેં ધર્મ વખાણ્યો જિનવરે,
મુજને રૂચ્યો છે તેહ સયલ દુઃખને હરે. ૩

એ સંસારે અસાર કે છાર સમો લિખ્યો,
જન્મ મરણ દુઃખકરણ જલણ જાલે ઘખ્યો;
શ્રી જિનધર્મ તે કારણ ઠારણ ઓલખ્યો,
તે વિણ અવર ન કોઇ શરણ શાસ્ત્રે લખ્યો. ૪

કારાગાર સમાન આગાર વિહાર છે,
તજવો કોઇક વાર આખીર પહેલાં પછે;
એક ઇહાં અણુગાર પણું સુખકાર છે,
માત દ્યો અનુમતિ દાન નકો ચિંતાય છે. ૫

નંદન વચન સુણીને જનની ઝળહળી,
હિત આણી દુઃખવાણી ભાંખે થઇ ગળગળી;
કાપી કદલી જેમ ધસી ધરણી ઢળી,
પામી પુનરપિ ચેતન મન થઇ આકળી. ૬

તુજ મુખમાંથી વચ્છ! એ વાણી કેમ પડી?
મુજને છે તુજ ઉપર આશા અતિ વડી;
હું સુખથી તુજ નામ ન મેલું એક ઘડી,
તું જીવન તું પ્રાણ કે આંધા લાકડી. ૭

ચારિત્ર છે વચ્છ દુઃક્કર અસિધારા સહી,
સુરગિરિ તોલવો આંહ કે તરવો જલનિહિ;
ઉપાડી લોહ ભાર કે ગિરિ ચડવો વહી,
તું સુંદર સુકુમાલ પાલે કેમ થિર રહી? ૮

જે ઇહ આશંસક પરલોક પરંમૂહા,
કાયરને કાપુરૂષને એહવી દુલ્લહા;
ધીર વીર ગંભીરને શી દુક્કર મૂહા?,
માત! કરી એ વાત બીહાવો કાં મૂહા? ૯

પરિષહ કેરી ફોજ આવી જબ લાગશે,
સંજમનગરી સુભાત કોટ તબ ભાંગશે;
ત્યારે વચ્છ! તુજ જોર કાંઇ નહિ ચાલશે,
પુત્ર! અમારાં તામ વચન મન આવશે. ૧૦

કોટે શુદ્ધ મનોરથ સુભટ બેસારશું,
પરિષહ કેરી ફોજ આવંતી વારશું;
શુદ્ધ રૂપ નિજ કોઠામાંહે સમારશું,
સમતા ભાવે જ્ઞાન ગોલા ઝણુણાવશું. ૧૧

રાગ દ્વેષ દોય ચોર જોરાવર છૂટશે,
પુન્ય ખજાનો માલ અમુલખ લૂંટશે;
કાંત્યું પીંજ્યું કપાસ તે સરવે થાયશે,
હુંશ કરી મનમાંહે કે હુંશ તે મારશે. ૧૨

પહેરી ઉત્સાહ સન્નાહ પરાક્રમ ધનુ ગ્રહી,
ધીરતા પણછ વૈરાગ્ય બાણ પુંખજ લહી;
સામી પહેલી દઇ દોટ હણુસ્યું તે વહી,
વીર જનની તુજ નામ કહાવીશ તે સહી. ૧૩

ઇણિપરે વચન અનેક માતા ભાખી રહી,
પણ સુત મનમાં વાત કોઇ રૂચે નહિ;
કુમરે દીક્ષા લીધ જનની અનુમતિ લહી,
પુરૂષ વચન ગજદંત પાછા ન વળે કંહી. ૧૪

શ્રી નેમીસર પાસે યથાવિધ ઉચ્ચરે,
પંચ મહાવ્રત સર્વ પરિગ્રહ પરિહરે;
માગી જિનની અનુમતિ ધીરપણું ધરે,
એકાકી સમશાન જઇ કાઉસ્સગ્ગ કરે. ૧૫

સોમીલ સસરે શીષ ઉપર સગડી ધરી,
ધ્યાનમાં મન મુનિરાજ રહ્યો સમતા વરી;
ક્ષપકશ્રેણિ ચઢી તામ કેવલ કમલા લહી,
કર્મ ખપાવી સર્વ તે શિવરમણી વરી. ૧૬

એહવા મુનિને નામે કે સવિ સંકટ ટળે,
ઋદ્ધિ વૃદ્ધિ ધનવૃદ્ધિ સકળ સંપદ મળે;
શ્રી વિજયરાજસૂરીંદ કે તપગચ્છ દિનકર,
શરણ હોજો મુનિ દાનને એહવા મુનિવર. ૧૭

(૧૦)

શ્રી નંદિષેણની સજ્ઝાય.

(મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચળે રે—એ દેશી.)

સાધુજી ન જઇએ રે પરઘર એકલા રે, નારીનો કવણ વિશ્વાસ;
નંદિષેણ ગણિકા વચને રહ્યા રે, બાર વરસ ઘરવાસ. સા૦ ૧

સુકુલિની વર કામિની પાંચસેં રે, સમરથ શ્રેણિક તાત;
પ્રતિબૂઝયો વચને જિનરાજને રે, વ્રતની કાઢી રે વાત. સા૦ ૨

ભોગ કરમ પોતે વિણ ભોગવે રે, ન હોવે છુટક બાર;
વાત કરે છે શાસન દેવતા રે, લીધો સંજમ ભાર. સા૦ ૩

કંચન કોમલ કાયા સોસવી રે, વિરસ નિરસ આહાર;
સંવેગી મુનિવર શિરસેહરો રે, બહુ બુદ્ધિ અદલ ભંડાર. સા૦ ૪

વેશ્યાઘર પહોત્યો અણજાણતો રે, ધર્મલાભ દીયે જામ;
ધર્મલાભનું કામ ઇંહાં નહિ રે, અર્થલાભનો કામ. સા૦ ૫

બોલ ખમી ન શકયા ગરવે ચડયારે, ખેંચ્યો તરણો નેવ;
દીઠો ઘર સારો અરથે ભર્યો રે, જાણે પ્રત્યક્ષ દેવ. સા૦ ૬

હાવભાવ વિભ્રમ વશે આદરી રે, વેશ્યાશું ઘરવાસ;
પણ દિનપ્રતિ દશ દશ પ્રતિબૂઝવી રે, મૂકે પ્રભુજીની પાસ. સા૦ ૭

એક દિવસ નવ તો આવી મલ્યા રે, દશમો ન બૂઝે કોય;
આસંગાયત હાસ્ય મિષે કહેરે, પોતે દશમા રે હોય. સા૦ ૮

નંદિષેણ ફરી સંયમ લીયે રે, વિષય થકી મન વાળ;
ચૂકીને પણ જે પાછા વળે રે, તે વીરલા ઇણે કાળ. સા૦ ૯
વ્રત અકલંક જો રાખવા ખપ કરે રે, તો ઇણ જૂઠે સંસાર;
કહે જિનરાજ કહે તું એકલો રે, પરઘરગમન નિવાર. સા૦૧૦

(૧૧)

શ્રી મેઘકુમારની સજ્ઝાય.

(પાટલીપુર નગરે—એ દેશી.)

સદ્‌ગુરૂ પાય પ્રણમી, માગું હું મતિ ચંગી,
મુજ ગાવા ઉલટ, મેઘકુમર મન રંગી;
રાજગૃહી નયરી, મગધ દેશ અભંગી,
તિહાં રાજા શ્રેણિક, ક્ષાયિક સમકિત સંગી. ૧

ઉથલો: સંગતિ જેહને જિનવર કેરી, રાયાંરાય બિરાજે,
લાખ અગ્યાર ગામનો અધિપતિ, બહુ વીર સુભટશું ગાજે;
મંત્રી જેહને અભય સરીખો, બહુલી છે તસ પટરાણી,
તેહમાંહી સુખકારિણી દેવી, ધારિણી નામ વખાણી. ૨

ઢાલ: રાય રાણી વિલસે સુખ સંસારનાં પૂરાં,
કોઇ પુણ્યવંત પ્રાણી, અવતર્યો પુણ્ય અંકુરા;
સુપને ગજ દીઠો, મન આનંદ બહુમાન,
તસ પ્રગટીયો દોહલો, પહોલો પુહવી સમાન. ૩

ઉથલો: પુહવી પહોંચાડે કોઇ મુજને, જિમ શરીરે સુખ થાય,
વરસે મેઘ વિજલી ઝબૂકે, સરોવર નદી પૂરાય;
ચાતક બોલે મોર કિંગારે, કામિની મન થાય ઢીલું,
શ્વેત પટોલી કંચુકી ક્ષીની, સહીયર સાથે ઝીલું. ૪

ઢાલ: ઉપનો તે દોહલો, ત્રીજે માસે દેહ,
ચિંતાતુર દીઠી, રાયે પૂછયું તેહ;
તવ બોલે રાણી, આણી પ્રેમ અપાર,
અકાળે મેઘમાં, ઝીલાવો ભરતાર. ૫

ઉથલો: ભરતારે વળતું ઇમ ભાખ્યું, તુજ ઇચ્છા પૂરાવું,
દોહલો પૂરણ દુઃષ્કર તોહિ, અભયકુમાર જણાવું;
તેડ્યો મંત્રીશ્વર બહુ પ્રેમે, ચાર બુદ્ધિ જસ પ્રગટ,
રાણીને ઇચ્છા મેહ ઝીલણની, એહવો દોહલો વિકટ. ૬

ઢાલ: મંત્રીસર સમર્યો, સુરવર તપ બળે જામ,
તે આવ્યો તતક્ષણ, કહો મંત્રીસર કામ;
તુમે ઘન વરસાવો, માડી ઇચ્છા કાજ,
તેહ વેલા વાદલ, વિજલી ગાજ અગાજ. ૭

ઉથલો: ગાજી મેઘ વૃષ્ટિ બહુ કીધી, વહી નદી સર ભરીયાં,
દોહલો પૂરણ રાણી ઝીલીયાં, અંતેઉર પરવરીયાં;
પૂરણ માસે જન્મ હુઓ સુત, રૂપે સુરવર સરીઓ,
નામ દીયો તવ મેઘકુમર વર, સ્વજન વરગ સહુ હરખ્યો. ૮

ઢાલ: લાલે પાળે સહુ, ચંદ્રકળા પરે વાધે,
યોવન પરવરીયો, કળા બહોંતેર તે સાધે;
પરણાવ્યો કુમરી, અમરી સરખી આઠ,
ધન કોડી આઠ આઠ, આપી સસરા આઠ. ૯

ઉથલો: આઠ આઠ વાનાં તસ આવ્યાં, તે સિદ્ધાંતે જાણ્યાં,
વસ્ત્રાભરણ શયન મેડી ઘર, વિલસે ધનદ સમાણાં;
રાત્રિ દિવસ ને તડકો છાંયો, વિગત ન જાણે કહીંયે,
પાળો પણ કહીંયે નવિ હીંડે, નવિ ચિંતા જરી લહીયે. ૧૦

ઢાલઃ મહાવીર પધાર્યા, જાણુ કર્યું વનપાળ.
અંતેઉર સુતશું, જઇ વંદે ભૂપાળ;
અમૃત સમ વાણી, જિનવર દીયે ઉપદેશ,
સહુ સમજે ભાષા, ણાલ ગોપાલ અશેષ. ૧૧

ઉથલોઃ શેષતણી પરે મેઘ ડોલે, ધર્મ કથા સુણી ભીનો,
ચઉગતિનાં દુઃખ શ્રવણ સુણીને, ભવસાયરથી ણીનો;
માયતાય મનાવી કુમરે, લીધી જિન કને દીક્ષા,
હાથ જોડીને ઉત્તમ કુમર, માગે દ્વિવિધ તે શિક્ષા. ૧૨

ઢાલઃ તવ સ્થિવિર યતિને, શિક્ષા કાજે ભળાવ્યો,
પહોતી જળ પોરશી, છેડે સંથારો આવ્યો;
જાતાં ને વળતાં, સાધુ લગાવે પાય,
મન ચિંતે મેઘ મુનિ, આ દુઃખ કેમ સહેવાય. ૧૩

ઉથલોઃ સહવાય કેમ એ વાતજ કૂડી, રૂડી ઘરની સિજ્જા,
રાગ રંગ રામા રસ ભોજન, ભોગ ભલા બહુ હેજા;
જે મુનિ મુજને આદર કરતા, તે મુનિથી દુઃખ પાઉં,
કિમે કરી જો સૂરજ ઉગે, જિન પૂછી ઘર જાઉં. ૧૪

ઢાલઃ ચિંતાએ એણી પેરે, દોહલી વિહાણી રાત,
ઉઠયો ઉજમભર, કરી કિરિયા પરભાત;
સહુ પહેલો પહોંચું, ચડવડી ચાલે પંથે,
મન ચંચલ કપિપરે, ચાલ્યો જઇ ઉત્પંથે. ૧૫

ઉથલોઃ પંથ ઉત્પંથ કાંઇ ન જાણ્યું, જાણે હું સુકુમાલ,
કિરિયાતપ પરિષહ દોહિલા, કિમ સહીયે ચિરકાળ;
વલી વિમાસે મુજ કુલ ઉત્તમ, જસ કીરતિ જસ વાસે,
જાઉંછું પણ એણે મુખડે, જિનને કેમ કહેવાશે. ૧૬

ઢાળઃ આમણ દુમણે મન, આગળ આવ્યો જાણી,
ત્રિભુવનપતિ તેથી, ભાખે અમૃત વાણી;
હે મેઘ મુનીસર! દોહિલી રાત્રિ વિહાઇ,
ઘર સમરી આવ્યો, મુજ પૂછણ ઉમાઇ. ૧૭

ઉથલોઃ ઉમાહીને ચારિત્ર લીધું, કીધું આતમકાજ,
દુઃખ નિવારી ચારિત્ર આપે, મુગતિપુરીનું રાજ;
વ્રત લેઇને ભંગ ન કરીયે, વર વિષ અગ્નિ આદરીયે,
સાધુપયરજ લાગ્યે મુનિરાજ! ધર્મથકી કિમ ફરીયે. ૧૮

ઢાળઃ ફેરી જો પાછળ, ભવ ત્રીજે ગજ શ્વેત,
દઢ છ દંતુશલ, હાથણી સહસ ઉપેત;
મેરૂપ્રભ નામે, દવ બલતો તું નાઠો,
સરોવરમાં દોડે, કાદવ ગાઢે પેઠો. ૧૯

ઉથલોઃ પેઠો નીર તીર નવિ પામ્યો, પ્રતિમલ્લ હાથી માર્યો,
સાત દિવસ પીડા ભોગવીને, મરણ લહ્યો દુઃખ ધાર્યો;
જન્મ લહીને હાથી રાતો, ચાર દંતુશલ સોહે,
હાથણી સાતશેંનો નાયક, એક દિવસ દવ જોવે. ૨૦

ઢાલઃ દવ દેખી જાતિ-સમરણ પામ્યો જામ,
પૂરવ ભવ દીઠો, દવથી બીહીનો તામ;
આદિ મધ્ય ને અંતે, ઉન્મૂલે તૃણ માત્ર,
એક યોજન ભૂમિ, યૂથ સહિત રહે અત્ર. ૨૧

ઉથલોઃ નાઠા પ્રાણી એક દિન જાણી, દવથી બીહના આવી,
તું પણ ભયથી માંડલે પેસે, મોટો અંગ ન માવી;
સંકોચી નિજ તનુ તું ઉસો, ખાજ ઉપની જોતિ.
ઉંચો પગ ઉપાડે ગજવર, સસલો પેઠો તેતિ. ૨૨

ઢાલઃ પગ પાછો મૂકત, દીઠી ભૂમિ સજીવ,
ભદ્રક ભાવે તુજ, આવી દયા અતીવ;
દિન અઢીય લગે પગ, ઉંચો રાખ્યો તેમ,
તે જીવ ગયા જળ, તું પડીયો ગિરિ જેમ. ૨૩

ઉથલોઃ કાળધર્મ પામી તેણી વેલા, ઉપન્યો રાજકુમર,
સાધુપયરજ કાં દુહવાણો, જે રજ વાંદે અમર;
એહવાં દુઃખ નથી વચ્છ! તુજને, આયુ પણ છે છોટું,
વીર વચન સાંભળતાં પામ્યો, જાતિ સમરણ મોટું. ૨૪

ઢાલઃ કર જોડી બોલે, નમો નમો મહાવીર,
હું પડતો રાખ્યો, ધર્મ સારથી વર ધીર;
લોચન બે ટાળી, કાયા ન કરું સાર,
આવ્યો મુનિપંથે, પાળે નિરતિચાર. ૨૫

ઉથલોઃ આચારી આતાપના લેતાં, છઠ્ઠ અઠ્ઠમ દશ કરતાં,
જે ગુણરત્નસંવચ્છર મહાતપ, તેહને પણ આદરતો;
ઇમ તપ કરતાં કાયા દુર્બલ, પોતે પુષ્ટ જ થાય.
શરીર અતિ સુકુમાળ હતું પણ, મુનિમાં સિંહ કહાય. ૨૬

ઢાલઃ બહુલા નસ દીસે, હાડ ચામ અવશેષ,
તેજે દીપંતો, દેહ બળ નહિ લવલેશ;
જિન પૂછી અનશન, ગિરિ વૈભાર પ્રવેશ,
એક માસ સંલેખણા, કીધી ભાવ વિશેષ. ૨૭

ઉથલોઃ એણે વિશેષે તપ અંગ અગ્યારે, ભણીયા થઇ સાવધાન,
કિરિયા તપ બલ અનુત્તર સુરવર, પામ્યા વિજય વિમાન;
એહવા મુનિના સમરણ કીજે, પરમાનંદ પદ લીજે.
શુભવિજય શિષ્ય લાલવિજય કહે,એમ આતમ સાધીજે. ૨૮

(૧૨)

જિનપાલિત, જિનરક્ષિતની સજ્ઝાય,

: દુહો :

ગુરૂ ચરણાંબુજ નિત નમું, રમું શારદને ધ્યાન;
જાસ પસાયે પામીયે, સરસ વયણ વિજ્ઞાન. ૧

: ઢાળ પહેલી :

(શ્રી સુપાસ જિનરાજ—એ દેશી)

સકલ વિરતિ સુખખાણ, સાંભળો સાધુ સુજાણ;
સુંદરલાલ, વ્રત લેઇ વિષય ન વાંછીયેજી. ૧
તે ઉપર દ્રષ્ટાંત, બોલે જ્ઞાતા સિદ્ધાંત;
વસે લાલ, શેઠ માકંદ ચંપાપુરેજી. ૨
તેહની ભદ્રા નાર, બેટા દોય સુવિચાર;
નામે લાલ, જિનપાલિત જિનરક્ષિતાજી. ૩
જઇ આવ્યા વાર અગ્યાર, વહાણ સમુદ્ર મોઝાર;
પૂછે લાલ, બારમીવાર જાવા ભણીજી. ૪
માવિત્ર વાર્યા તેહ, વાર્યા રહ્યા નહિ એહ;
વાહણ લાલ, વસ્તુ ભરી દોય ચાલીયાજી. ૫
સમુદ્રમાં વાયા વાય, વહાણ ભાંગ્યું દુઃખ થાય;
પહોતા લાલ, રયણદ્વીપે લહી પાટીયુંજી. ૬
રયણદેવી છે ત્યાંય, નિર્દય હૃદયામાંય;
આવીલાલ, લઇ તરવાર તેહને કહેજી. ૭
જો ધરો મુજશું પ્રીત, ભોગ સંયોગની રીત;
રહેશો લાલ, જીવતા નહિ તો હું મારશુંજી. ૮

તે કહે અમને આધાર, તુમ વિણ ઇહાં કુણ સાર;
તતક્ષણ લાલ, નિજ ઘર આણ્યા તે વાણીયાજી. ૯

અમૃતફળનાં આહાર, ખવરાવે સુખકાર;
વિલસે લાલ, અહનિશ ભોગ દોયશું ભલાજી. ૧૦

રયણાદેવી સંજોગ, મીઠા માને ભોગ;
ભવિયા લાલ, **ભાવપ્રભ** કહે સાંભળોજી. ૧૧

: દુહા :

એક દિન રયણાસુરી કહે, બે બાંધવને વાણ;
જાશું સમુદ્રને શોધવા, કાંઇ મ ધરશો કાણ. ૧

તુમને ચિત્ત ગમશે નહિ, મુજ વિણ ઇહાં ખિણ માત્ર;
વ્હાલા વિછોહો વિસહશો, દુર્બલ થાશે ગાત્ર. ૨

તિણે રમવા જાજો તુમે, ત્રણ દિશિ વાડ વન્ન;
દૃષ્ટિવિષ અહિ દક્ષિણે, રખે જાવા કરો મન્ન. ૩

: ઢાલ બીજી :

(કુંથુ જિનેસર જાણજો રે લાલ—**એ દેશી**)

શિખ દેઇ રયણાસુરી હો લાલ, ગઇ જલ શોધન કામ રે, વિવેકી
પંડિત જન તેઇમ કહે હો લાલ, સ્ત્રી કૂડ કપટનું ધામ રે, વિ૦
નારીશું કેહવો નેહડો હો લાલ. ૧

વયણે એકને ભોળવે હો લાલ, એકને કરતી સાન રે, વિ૦
પ્રીતમના પગ છેદીયા હો લાલ, તેહ નારીશું શ્યો માન રે, વિ૦ના૦ ૨

ત્રણે દિન વન જોઇયા હો લાલ, રતિ પામ્યા તે ન લગાર રે, વિ૦
ચોથે વન શે કારણે હો લાલ, ઇણે વાર્યા વારોવાર રે, વિ૦ ના૦ ૩

કુણ વિશ્વાસ કામિની તણો હો લાલ, ઇમ ચિંતી દક્ષિણ જાય રે, વિ૦
દુર્ગંધ આવે કરંકની હો લાલ, મનમેં ભય ન સમાય રે, વિ૦ના૦ ૪

શૂલી દીધો પણ જીવતો હો લાલ, દેખે દો ભાઇ નર એક રે,વિ૦
કુણ અવસ્થા એ તાહરી હો લાલ, પૂછે ધરીય વિવેક રે,વિ૦ના૦ ૫
તે કહે કાકંદી વસું હો લાલ, દરિયે ભાંગ્યું જહાજ રે,વિ૦
મુજને ઇહાં પણ દેવીયે હો લાલ, વિલસ્યાં ભોગના કાજ રે,વિ૦ના૦ ૬
થોડે અપરાધે મુને હો લાલ, દીધો શૂલી વિલવંત રે,વિ૦
તુમે કિમ એહને વશ પડ્યા હો લાલ, પાપિણી મારશે તુમે તંતરે,વિ૦૭
કહે દોય અમે પણ તુજ પરે હો લાલ, કહો જીવનનો ઉપાય રે,વિ૦
શૂલી પુરૂષ કહે પૂરવે હો લાલ, શેલગ યક્ષ અશ્વકાય રે,વિ૦ના૦ ૮
પાળું કેહને રાખું કેહને હો લાલ ઇમ પર્વ દિન કરે ઘોષ રે, વિ૦
તે નિસુણી બેહુ ભાઇ તિહાં હો લાલ, કરતા મન અફસોસ રે,વિ૦ના૦ ૯
શેલગ પાસે આવીયા હો લાલ, બોલે તે યક્ષ રસાળ રે,વિ૦
દેવી ઉપર રાગી થયા હો લાલ, તો હું નાખીશ ઉલાળ રે,વિ૦ના૦૧૦
ઇમ કહી દોય ખંધે ધર્યા હો લાલ, શેલગ દરિયે જાય રે,વિ૦
ભાવપ્રભસૂરિ કહે સાંભળો હો લાલ, વ્રતથી મુક્તિ સુખ થાયરે,વિ૦૧૧

: દુહા :

આવી ઘરે રયણાસુરી, દેખે નહિ પતિ દોય;
અવધિજ્ઞાને જોઇયા, શેલગ ખંધે સોય. ૧
ધરી ખડગ પૂંઠે ધસી, આવી મળી એ રંડ;
વળો પાછા તુમે વાલહા, નહિ તો કરૂં શતખંડ. ૨
શેલગ કહે બીહો મતિ, એ શું કરશે રંક;
માહરે ખંધ ચઢ્યા તુમે, રાખો મન નિઃશંક. ૩

: ઢાલ–ત્રીજી :

(પરમપુરૂષ પરમાતમા, સાહેબજી—એ દેશી.)

વળી રયણાદેવી કહે, સસનેહી, કિમ જાઓ મુજ છોડી હો,
મૃગ નયણી ? ભ્રમર હસી બોલીયે, સસનેહી,
નયણે નિહાળો મોહન, સ૦ કરૂં વિનતિ કરજોડી હો, મૃ૦ભ્ર૦ ૧
સજ્જન વિછોહયાં ન જીવશે, સ૦ હૈડું ફાટી મરી જાય હો, મૃ૦ભ્ર૦
તુમ વિરહો ન ખમી શકું, સ૦ ઘડી સો વરસજ થાય હો, મૃ૦ભ્ર૦ ૨
હાર પરે હૈયા ઉપરે, સ૦ ખેલાવતી બહુ ખેલ હો, મૃ૦ભ્ર૦
વળી શું તુમને વિસરી, સ૦ ઇમ નાંખો અવહેલ હો, મૃ૦ભ્ર૦ ૩
પણ ચૂકચા નહિ દોય તિહાં, સ૦ તેહમાં પાડવા ભેદ હો, મૃ૦ભ્ર૦
જિનરક્ષિતને ઇમ કહે, સ૦ તુજશું મુજ ઉમેદ હો, મૃ૦ભ્ર૦ ૪
જિનપાલિત નિષ્ઠુર સદા, સ૦ તું દયાવંત રસાળ હો, મૃ૦ભ્ર૦
રાગ ધર્યો જિનરક્ષિતે, સ૦ શેલગે નાખ્યો ઉછાળહો, મૃ૦ભ્ર૦ ૫
ખડગે ખંડ તેહના કર્યા, સ૦ જિનપાલિત રહ્યો ધીરહો, મૃ૦ભ્ર૦
શેલગે તેહ પહોંચાડીયો, સ૦ કહ્યું કુટુંબને હીર હો, મૃ૦ભ્ર૦ ૬
જિનપાલિત તેણે લહી, સ૦ જિનવીર પાસે દીક્ષ હો, મૃ૦ભ્ર૦
જાઓ સદ્ગતિ તે પામીયો, સ૦ પાળી ગુરૂની શિખ હો, મૃ૦ભ્ર૦ ૭
અવિરતિ તે રયણાસુરી, સ૦ શેલગ ગુરૂને ઠામ હો, મૃ૦ભ્ર૦
અવિરતિથી રહે વેગલા, સ૦ તે સુખ પામે ઉદ્દામ હો, મૃ૦ભ્ર૦ ૮
સંવત સત્તરસત્તાણુવે, સ૦ શ્રાવણ માસ મોઝાર હો, મૃ૦ભ્ર૦
શ્રી ભાવપ્રભસૂરિ કહે, સ૦ સાંભળતાં સુખકાર હો, મૃ૦ભ્ર૦ ૯

(૧૩)

પ્રદેશી રાજાના દશ પ્રશ્નની સજઝાય.

(ચોપાઇ)

શ્રી શંખેશ્વર પ્રણમું પાસ, પ્રગટ પ્રભાવી પૂરે આશ;
સાધુ શિરોમણિ કેશીકુમાર, મહા મુનિવર મોટો ગણધાર. ૧
શ્વેતાંબી નગરી સમોસરે, પ્રશ્ન દશ પ્રદેશી કરે;
સાંભળો સૂરિ નરક સંદેહ, પિતા અધરમી માહરો જેહ. ૨
પાપ કરી નરકે તે ગયો, પાછો નવિ આવી તે કહ્યો;
કેશી કહે નરક મંડાણ, સૂરિકાંતા તુજ નારી સુજાણ. ૩
સેવંતી દીઠી વ્યભિચાર, તું કાં ન દીયે જાવા જાર;
તિમ તેહને ન દીયે આવવા, પરમાધામી નરકે હવા. ૪
વલી નૃપ કહે નથી પરલોક, માતા માહરી ધરમીશ્લોક;
ગઇ સ્વરગે આવી નવિ કહ્યો, પૂન્ય થકી ફલ એ મેંલહ્યો. ૫
ગુરૂ કહે જાય તું મજ્જન કરી, દેવકુલે શુચિ ચીવર ધરી;
કોઇક શ્વપચ તેડે નવિ જાય, તેમ સુર નાવે સુખમહિમાય. ૬
વલી સંશય મુજ જીવસુ રંગ, ચોર ગ્રહી ઠવ્યો કોઠી અભંગ;
ઘાલી જોયો નવિ દીઠો જીવ, કિહાં ગયો ગુરૂ કહે સુણ પાર્થિવ. ૭
ભૂમિગૃહ પેસી કોઇ ઢોલ, તાડે શબ્દ સુણાવે અતોલ;
કુણ મારગ તે શબ્દ નીકલ્યો, તિમ જીવ વાયુ સમો અટકળ્યો. ૮
વલી કહે તિહાં કીડા ઉપના, જીવ કયે મારગ નીપના;
ગુરૂ કહે લોહ ખંડ તાપવ્યો, અગનિ કહીં છિદ્રમાંહી ઠવ્યો. ૯
વહ્નિ જિમ પેઠો લોહમાંહિ, તિમ જીવ ઉપન્યા કોઠીમાંહિ;
વલી નૃપતિ કહે વૃદ્ધ જુવાન, નાખે બાણ ધરી એકતાન. ૧૦

એક આસન્ન એક દૂરે જાય, સરખા જીવ તો અંતર કાંય;
જીવ પદારથ ધર્મિ નહિ સહી, ગુરૂ કહે સુણ રાજન! ગહગહી ૧૧
તન ઉપકરણ સવિ જુના થયા, સરીખા જીવ તો કરમે ગ્રહ્યા;
વલી કહે એક દિન ચોર ઝાલીયો, તુલારોપ કરી ઉતારીયો. ૧૨
હિંસી તોલ્યો સરખો થયો, જીવ અજીવ અધિકો નવિ લહ્યો;
ગુરૂ કહે દડો વાયે ભર્યો, ઠાલો તોલ્યો સમ ઉતર્યો. ૧૩
તિમ એ જીવ ગુરૂકધુ નહિ હોય, વલી રાજા જંપે ગુરૂ જોય;
ચોર ઝાલી જોયો વધ કરી, ખંડોખંડ કરી ફરી ફરી. ૧૪
નવિ લાધ્યો તે જીવ સુજાણ, કીયો નિશ્ચયમેં જીવ અઠાણ;
ગણધર કહે અરણી પાષાણ, તેહમાં અગ્નિ અછે નૃપ જાણ. ૧૫
નવિ દીસે તે બાહિર સહી, જીવ અછે પણ દીસે નહિ;
જંપે ભૂપતિ ઘટ પટ થંભ, દીસે છે પણ જીવ અચંભ. ૧૬
કાં નજરે નાવે તે જીવ, તે પણ મુઝ મન સંશય અતીવ;
આચારજ કહે સાંભળ ભૂપ, તરૂ હાલે છે વાય સરૂપ. ૧૭
તરૂ દીસે નવિ દીસે વાય, એમ સ્વરૂપે જીવ કહેવાય;
કહે નરપતિ કુંજર કુંથુઆ, સરખા જીવતો કાં જુજુઆ. ૧૮
એક મોટો એક લઘુતર હોય, એ સંશય મુજ હિયડે જોય;
ગણધર કહે દીવો ઘરમાંહી, અજુઆળું કરે સઘલે ત્યાંહ. ૧૯
કુંડકમાં મેલ્યો તવ તિહાં, અજુવાળું વ્યાપે વલી જિહાં;
તિમ એ જીવ તનુ વ્યાપી રહ્યો, ગુરૂ લઘુ કાયાએ તિમ લહ્યો. ૨૦
દશમો પ્રશ્ન કરે નૃપ વલી, સાંભળો ગણનાયક મન રૂલી;
પેઢી ગત કિમ મુકું ધર્મ, હોય લાજ મુજ માનો મર્મ. ૨૧
ગુરૂ કહે વ્યાપારી જિમ કોય, વ્યાપારે પાંચે તું જોય;
લોહ ખાણ દેખી તે ભરે, વલી તિહાંથી આગે સંચરે, ૨૨

ત્રાંબુ દેખી છંડે લોહ, એક ન છંડે આણી મોહ;
રૂપું હેમ રયણ ઇમ લીયે, એક ન છંડે લોઢું લીયે. ૨૩
ઘરે આવ્યા તે લીલા કરે, લોહ ગ્રાહક તે દુખીયા ફરે;
તિમ તું મત છંડે આપણો, કહણ કરો અમ જિમ સુખ ઘણો. ૨૪
તેહ વચન નિજ હૈડે ધરે, ગુરૂ વાંદી ચરણે અનુસરે;
સ્વામિ તેં મુજ તાર્યો આજ, બેસાડ્યો શિવપુરને રાજ. ૨૫
બાર વ્રત ગુરૂ કને ઉચ્ચરી, શુદ્ધ શ્રાવકવ્રત આદરી;
પડિલે દેવલોકે થયો દેવ, સૂર્યાભ નામે કરે સુર સેવ. ૨૬
અવધિ કરી જોઇ જિન સંગ, બત્રીસબદ્ધ નાટક ઉછરંગ;
કરી વીર જિન વાંદી જાય, ગૌતમ પૂછે પ્રણમી પાય. ૨૭
સ્વામિ એ કુણ કિમ પામી ઋદ્ધિ, વાત સકલ ભાખી સુપ્રસિદ્ધ;
એક ભવાંતર મુગતે જાયશે, અવિચલ સુખ પૂરાં પામશે. ૨૮
રાયપસેણીમાંહિ અધિકાર, જોઇ કીધો એહ વિચાર;
અધિકો ઓછો જો ઇહાં હોય, પંડિત શુદ્ધ કરે જો સોય. ૨૯
ગુરૂ નામે લહીયે ગહગટ્ટ, ગુરૂ નામે લહીયે શિવવટ્ટ;
એહવા ગુરૂની સેવા મલે, તો મન વાંછિત આશા ફલે. ૩૦
સત્તર પચવીશ સંવત સાર, અષાઢ સુદ તેરસ રવિવાર;
શ્રી જયવિજય પંડિત સુપસાય, **મેરૂ વિજય** રંગે ગુણ ગાય. ૩૧

(૧૪)

શ્રી સર્વાર્થસિદ્ધવિમાનની સજઝાય.

(સાંભળજો મુનિ સંજમ રાગે—એ દેશી.)

સર્વારથસિદ્ધે ચંદૂએ, મોતી ઝુંમક સોહે રે;
મુખ્ય મોતીશું તે મુક્તાફલ, આફલતાં સુર મોહે રે. સર્વા૦ ૧

તેણે ઝુંબકડે વચલું મોતી, ચઉસઠ મણનું જાણો રે;
મોતી ચાર વલી તસ પાખલિ, બત્રીસ મણનાં વખાણો રે. સર્વા૦ ૨
તેહને પાખતિઆં અતિ નિર્મળ, સોળમણાં અડ મોતી રે;
સુંદરતા તેહની શી કહીએ, આંખડી હરખે જોતી રે સર્વા૦ ૩
આઠ મણાં મુકતાફળ સોલસ, તેહને પાસે કહીયાં રે;
નિજ ગુરૂ ચરણ કમળ સેવંતાં, ગુરૂમુખથી મેં લહીયાં રે. સર્વા૦ ૪
ચિહું મણ કેરાં તેને પાખલિ, બત્રીસ મોતી દીપે રે;
જે જોવંતાં સુરવર કેરી, ભૂખ તૃષા સવિ છીપે રે. સર્વા૦ ૫
તસ પાખતિઆં દો મણ કેરાં, ચઉસઠ મોતી મુણિયાં રે;
તે તેજે ઉદ્યોત કરંતાં, ગુરૂચરણે મેં સુણિયાં રે. સર્વા૦ ૬
એક મણાં તસ પાસે મોતી, એક સો અડવીસ દીસે રે;
ઝાકઝમાલ કરે તે તેજે, દેખી સુરમન હીંસે રે. સર્વા૦ ૭
દો શત ને વળી ત્રેપન મોતી, સર્વ થઇને મલીયાં રે;
ત્રિશલાનંદન વીર જિણંદે, કેવલજ્ઞાને ફલીયાં રે. સર્વા૦ ૮
વચ્ચે મોતીશું સવિ મુકતાફલ, અફલાઇ વાયુ યોગે રે;
ઇણિ પરે સુંદર નાદ ઉપજે, સુરને આવે ભોગે રે. સર્વા૦ ૯
તે મુકતાફલ નાદ સુણંતાં, સુરની પહોંચે જગીશ રે;
તેહને નાદે લીણા રહેવે, સુર સાગર તેત્રીશ રે. સર્વા૦૧૦
એ સર્વારથસિદ્ધતણાં સુખ, પૂણ્યે પામે પ્રાણી રે;
ધનહર્ષ સ્વામી વીર જિનેસર,બોલે ઇણિ પરે વાણી રે. સર્વા૦૧૧

(૧૫)

વિષયની વિષમતાની સજ્ઝાય.

(સંભવ જિનવર વિનતિ—એ દેશી.)

વિષય તણાં સુખ પાડુઆં, ભાંખે શ્રી જિનરાય રે;
સાંભળતાં સુખ ઉપજે, હિયડે હર્ષ ન માય રે. વિષય૦ ૧

વિષય વિલુદ્ધો પ્રાણીઓ, નવિ બોલે સાચ રે;
માય બાપ ગુરૂ આગલે, હારે નિજ વાચ રે. વિષય૦ ૨

કર્ણરસે વશ રાતડો, મૃગલો વનમાંહિ રે;
પારધિને પાને પડ્યો, દીધો કર્મે સાહી રે. વિષય૦ ૩

દેખો રે રૂપે આકલો, દીવે પડ્યો પતંગ રે;
પ્રાણ તજી પરભવ ગયો. તજ્યો નિજ અંગ રે, વિષય૦ ૪

નાસિકા ગંધે ગાહિયો, ભમરો અરવિંદ રે;
કમલ સંધ્યાયે સંકોચતે, પાય હણે ગઇંદ રે. વિષય૦ ૫

રસનારસ રાતો ઘણું, જલમેં રહે મીન રે,
કંઠે કાંટો ખૂંચીયો. દુઃખીયો થયો દીન રે, વિષય૦ ૬

ફરસ વિષયરસ લોભીયો, વનમેં ગજરાય રે;
કૂડ કરેણું ખાડમેં, લોહ સાંકળ જડાય રે. વિષય૦ ૭

એક એક ઇન્દ્રિય વશ લહે, દુઃખ દેખો લોક રે;
પાંચે મૂકી મોકળી, થાયે જનમ તે ફોક રે; વિષય૦ ૮

વિષય તજ્યે સુખ પામીયે, સૂણજ્યો સહુ જીવ રે;
પદ્મચંદ્રસૂરિ પ્રાણિને, પડિબોહે સદીવ રે. વિષય૦ ૯

(૧૬)

વિષયતૃષ્ણાનિવારક સજઝાય.

(અબ મોહે ઐસી આય બની—**એ દેશી**)

જબ લગે વિષયતૃષ્ણા ના મિટી, જબ૦
તબ લગે તપ જપ સંયમ ક્રિયા, કાહે કરે કપટી? જબ૦ ૧

વાત વિનોદ કરી જનમન રંજે, જૈસે નૃત્ય નટી;
ઇમ કરતાં તું કયું પાવેગો, ભવસમુદ્ર તટી? જબ૦ ૨

કુણ જોગી જંગમ ઔર જંદા, કુણ ભગત યતિ;
મલિન દેહી કચ બહુત વધારે, ઓઢે મલિન પટી. જબ૦ ૩
ધ્યાન ધરે બહુ લોક વિપ્રતારે, કરે બહોત ચટી;
બાર વરસ લગે ઉભો રહતો, સહે પંચાગ્નિ નિરટી. જબ૦ ૪
સોય સિદ્ધનર વડ વેરાગી, જા મની વિષય નટી;
લબ્ધિવિજય કહે સો ગુરૂ મેરા, જિણે વિષવેલી કટી. જબ૦ ૫

(૧૭)

શીયલની નવ વાડની સજ્ઝાય.

(ચોપાઈ.)

સમરૂં ભાવે શારદ માય, ગૌતમ ગણધર પ્રણમી પાય;
શીયલ તણી વાડી નવ ધરો, જિમ ભવ સાયર હેલાં તરો. ૧
પહેલી વાડ વસતિની ભણી, સદ્ગુરૂ પાસ થકી એમ સુણી;
પશુ પંડગ નારી જિહાં નહિ, સેવો ઉપાશ્રય એહવો સહી. ૨
ઉંદર મંજારીથી વિશ્વાસ, કરતાં પામે મરણનો ત્રાસ;
તિમ બ્રહ્મચારી નારી સંગ, કરતાં ન રહે શીયલ અભંગ. ૩
બીજી વાડે સ્ત્રીની કથા, શીયલવંત નર ન કરે તથા;
વિકથા પાપ તણું છે મૂળ, છાંડો ત્રિવિધ ત્રિવિધ પ્રતિકૂળ. ૪
લીંબુ દીઠે દાઢ જિમ ગળે, તિમ સ્ત્રી વાતે શીયલથી ચળે;
રૂપ શણગાર વખાણે વદન, બિહુંને હૃદયે દીપાવે મદન. ૫
ત્રીજી વાડ છે શય્યાતણી, આસન શયન પાટલા ભણી;
સ્ત્રી બેસે બિહું ઘડી લગે તામ, શીયલવંત ન કરે વિશ્રામ. ૬
કણકનો વાંક જાય કેળાગંધ, પછે કિમે નવિ થાયે તસ બંધ;
તિમ સ્ત્રી આસન બેસે જેહ, શીયલ રત્ન ગુમાવે તેહ. ૭

ચોથી વાડે નયણે નયણ, ઇંદ્રિય નવિ નિરખે તે સયણ;
જો નિરખે શીલ ભંજે સહી, એહ વાત અરિહંતે કહી. ૮

સૂરજ સામું વલી વલી જોય, ચક્ષુહીન તે માનવ હોય;
તિમ નિરખે જો સ્ત્રીનું અંગ, તિમ તિમ દીપે અંગ.અનંગ. ૯

પાંચમે કુડ્યંતર અંતરે, શીયલવંત રહેવું નવિ કરે;
જિહાં સુણીયે સ્વર કંકણતણો, હાવ ભાવ સ્ત્રીનો અતિ ઘણો. ૧૦

અગ્નિ કને કોઇ મેલે લાખ, તેહ બળીને થાયે રાખ;
હાંસુ રૂદન સુણતાં મન જાય, શીયલ રંગ નિશ્ચે ચળ થાય. ૧૧

પૂરવ ક્રીડા નવિ સાંભરીયે, છઠ્ઠી વાડ સદા પાલીયે;
સંકલ્પ વિકલ્પ ન કરવો કિમે, જિમ સંસાર માંહિ નવિ ભમે. ૧૨

ભારી આગ ઉપર તત્કાલ, પૂળો મૂકે ઉઠે ઝાળ;
ખાધું પીધું વિલસ્યું રમ્યું, સંભારે તો શીયલજ ગયું. ૧૩

સાતમી વાડ હવે મન ધરો, વિગય લેવાનું અલ્પજ કરો;
સરસ આહારે ઉપજે કામ, કેમ રહે ચિત્ત આપણું ઠામ. ૧૪

સન્નિપાતીને ઘી કોઇ પાય, જિમ સન્નિપાત ઘણેરો થાય;
તિમ બ્રહ્મચારી સરસું જમે, સૂતો સૂહણે શીયલજ ગમે. ૧૫

નવિ કરવો અતિમાત્ર આહાર, આહારે વધે નિંદ અપાર;
નિદ્રામાં કુવિકલ્પે ચડે, આઠમી વાડ થકી ખડભડે. ૧૬

શેરની હાંડી બશેર ખીચડી, ચોરે તો ફાટે તોલડી;
તિમ બ્રહ્મચારી જમે અતિમાત્ર, શીયલ ગલે ને વિણસે ગાત્ર. ૧૭

ચૂઆ ચંદન કુસુમ કપૂર, સરસાં મેલે પરિમલ પૂર;
વેઢ વીંટી બહુ વેષ સંભાર, શીયલવંત ન કરે શણગાર. ૧૮

દારિદ્રી કર ચડીઓ રતન, ધોઇ પખાલી કરે જતન;
જણ જણને દેખાડે જાય, ઉલાલી લીધું તવ રાય. ૧૯

તિમ બ્રહ્મચારી દેહજ ધોય, સ્ત્રીને દેખી વ્હાલો હોય;
જિહાં દેખે તિહાં કરે અભિલાષ, હોયે બંપણ લાજ ને શાખ. ૨૦
ઉપવાસ ઉણોદરી તપ જે કરે, શીયલ વ્રત સાચો મન ધરે;
મુખનો મૂકે સયલ સવાદ, ગીત વાતનો ન સુણે નાદ. ૨૧
એકલો એકલી સ્ત્રીશું વાત, ન કરે નવિ જાયે સંઘાત;
વાત કરંતાં મન તસ ચળે, તપ જપ સંજમ હેલે ગળે. ૨૨
દોય પુરૂષ ન સુએ એકત્ર, ઇણિ પેરે રાખે શીયલ પવિત્ર;
છ વરસ હુઆ છ માસ, પિતા ન પોઢે પુત્રી પાસ. ૨૩
સાત વરસનો પુત્રજ થાય, તેહની પાસે ન સૂએ માય;
સઘલા જિનની એહીજ ભાષ, બેઇંદ્રિય બોલ્યા નવ લાખ. ૨૪
પચેંદ્રિ નવ લાખ પ્રમાણ, મનુષ્ય સંમુર્ચ્છિમ અસંખ્યા જાણ;
એવડી હિંસા ભોગી કરે, પાપે પિંડ સદા તે ભરે. ૨૫
અગનિઝાળ સહેતાં સોહલી, શીયલ વાડ ધરતાં દોહીલી;
તરૂણપણે જે તરૂણી તજે, તેહની સેવા સુરનર ભજે. ૨૬
ઇમ નવ વાડે શીલ પાલશે, મનુષ્ય જનમ તે અજવાલશે;
વિજયભદ્ર શિખામણ કરે, ગર્ભાવાસમાં નહિ અવતરે. ૨૭

(૧૮)

શીયલ બત્રીસી સજ્ઝાય.

(સમકિતનું મૂળ જાણીયેજી—એ દેશી)

શ્રી નેમીસર જિનતણુંજી, સમરી સુંદર નામ;
શીયલ ધર્મ મહિમા કહુંજી, જોઇ શાસ્ત્ર અભિરામ.
સુણો નર! શીયલ વડુ સંસાર.
સૂધું શીયલ સદા ધરેજી, ધન ધન તે નરનાર. સુણો૦ ૧

શીયલે સુર સેવા કરેજી, ફણિધર હોય કુલમાળ;
અટવી વેલાઉલ વલીજી, શીયલે સિંહ શિયાલ સુણો૦ ૨

દાતા નર દીસે ઘણાજી, તપ પણ તપે અનેક;
શીલરયણ નિઃકલંકનીજી, કોઇક રાએ ટેક. સુણો૦ ૩

મહિલા મોહ્યા માનવીજી, હારે નરનું રે નામ;
ચોખા ભેળ્યા દાળશુંજી, હુઇ ખીચડી તામ. સુણો૦ ૪

ચોરાશી ચોવીશીમાંજી, રાખ્યું શીયલથી નામ;
શકડાલ અંગજ સ્વામિનીજી, મહીયલ મોટી મામ. સુણો૦ ૫

ચોથું વ્રત લેઇ કરીજી, પછી પરણ્યા અડ નાર;
મુગતિ માનિની મન વસીજી, એકજ જંબૂકુમાર. સુણો૦ ૬

શૂલી સિંહાસન થયુંજી, શીલે સુદર્શન શેઠ;
શીયલ વિહૂણા જીવડાજી, પરઘર કરશે વેઠ. સુણો૦ ૭

શીયલ થકી સીતા સતીજી, હુઓ હુતાશન નીર;
લાજ રહી સતી દ્રૌપદીજી, કૌરવ એંચ્યાં ચીર. સુણો૦ ૮

કલહ કરાવણ મૂળથીજી, કૂડાં ચઢાવે રે આળ;
તે નારદ શિવપદ લહેજી, મહિમા શીલ વિશાલ. સુણો૦ ૯

પરની વાત કરે ઘણાજી, પાલે વિરલા કેવ;
કેહનું ચૂએ આંગણુંજી, કેહનાં ચૂએ નેવ. સુણો૦ ૧૦

નારી ઘર લાવે ઘણાજી, નાણે થોડા તે જોય;
તીર્થંકર પરણ્યા ઘણાજી, પરણ્યા નહિ તે દોય. સુણો૦ ૧૧

શીયલ તણાં ઉપદેશડાંજી, સદ્‌ગુરૂ જંપે રે જામ;
કાકીડાની ડોક જ્યુંજી, શિર ધુણાવે તામ. સુણો૦ ૧૨

જે ત્રિલોક કંટક કહ્યોજી, જસ વિષમો ગઢ લંક;
પરનારીથી તે થયોજી, રાણો રાવણ રંક. સુણો૦ ૧૩

અષ્ટોત્તર સો બુદ્ધડીજી, રાવણ તણેરે કપાલ;
સહસ વિદ્યા નાસી ગઈજી, શીયલ વિના સમકાલ. સુણો૦ ૧૪
આપણું પણ ધૂળે મળેજી, નિજ કુલ નાખેરે છાર;
પગપગ માથા ઢાંકણુંજી, જેણે સેવી પરનાર. સુણો૦ ૧૫
ચોટે બેઠા બાપડાજી, પરનારી નિરખંત;
વિણ બાધાં વિણ ભોગવ્યાંજી, ફોગટ પાપ કરંત. સુણો૦ ૧૬
નિપટ નિરલજ નારીશુંજી, જે નર નેહ ધરંત;
સુકા હાડ તે શ્વાન જ્યુંજી, લાળે પેટ ભરંત. સુણો૦ ૧૭
સાહમી નારી આવતીજી, દેખી દૂરે રે છંડ;
વાઘણની જિમ ભય લહીજી, આપણ ખસીયે મંડ સુણો૦ ૧૮
રાને ઋષિવર રોળવ્યાજી, નારી નમાવ્યા રે દેવ;
નગ્ન કરી નચાવીયેાજી, નારીયે મહાદેવ. સુણો૦ ૧૯
વિમલાચલ તીરથ વડુંજી, મંત્ર વડો નવકાર;
ગણધરમાં ગૌતમ વડાજી, દાતામાં જલધાર. સુણો૦ ૨૦
ગ્રહગણમાં જિમ ચંદ્રમાજી, તેજવંતમાંહિ ભાણુ;
તરૂમાંહે સુરતરૂ વડોજી, વાહનમાં કેકાણ. સુણો૦ ૨૧
ભરતેસર ભૂપતિ વડોજી, ન્યાયવંત માંહે રામ;
નદીમાંહી મંદાકિનીજી, રૂપવંત માંહી કામ સુણો૦ ૨૨
ગિરિમાંહે મેરૂ વડોજી, નગરી માંહી વિનીત;
હરિ જેમ શ્વાપદમાં વડોજી, નર સોહે સુવિનીત. સુણો૦ ૨૩
નંદનવન વનમાં વડુંજી, ધાતુ માંહે સુવર્ણ;
તિમ સઘલા વ્રતમાં વડુંજી, શીલવ્રત ધન ધન્ય. સુણો૦ ૨૪
સહસ ચોરાશી સાધુનેજી, જે ફલ પારણે દીધ;
શીયલવંત ભક્તિ કરેજી, તે તો લાભ પ્રસિદ્ધ. સુણો૦ ૨૫

શીયલે આવે સંપદાજી, નાવે દારિદ્ર દુઃખ;
શીયલ સગલ શંબલ થકીજી, ભાંજે ભાવઠ ભૂખ. સુણો૦ ૨૬

નાણું સોનૈયાતણું જી, ખાણું કૂર કપૂર;
આણું વ્હાલી વહુતણુંજી, શીલે સુખ ભરપૂર. સુણો૦ ૨૭

સોવન ભાજન ભોજનેજી, યૌવન સુગંધારે શાલ;
શાક પાક શુચિ સુખડીજી, ઘલ ઘલ ઘીની નાળ. સુણો૦ ૨૮

ઘરઘર ઘોડા હાથીયાજી, ઘર ઘરણી ઘર રંગ;
શીયલે મંગલ માલિકાજી, જલ થલ જંગલ જંગ. સુણો ૨૯

મોટા મંદિર માલીયાજી, બેઠા બંધવ જોડ;
જય જયકાર કરે સહુજી, ઘણુ કણ કંચન કોડ સુણો ૩૦

શીયલે સોભાગી શિરેજી, શ્રી વિજય દેવસૂરીંદ;
તપગચ્છ રાય પ્રશંસીયેજી, કમલવિજય યોગીંદ. સુણો૦ ૩૧

એહ બત્રીસી શીલતણીજી, સુણી સેવે જેહ શીલ;
ગુણવિજય વાચક ભણેજી, તે લહેશે નિત્ય લીલ. સુણો૦ ૩૨

(૧૯)

રાજમતીની સજઝાય.

પ્રણમી સદ્ગુરૂ પાય, ગાઇશું રાજમતી સતીજી;
જિણુરો શીલ અખંડ, પ્રતિબોધ્યો દેવર યતિજી. ૧

નાહ વંદનને હેત, રૈવતગિરિ ગઇ કામિનીજી;
મારગ વૂઠયા હો મેહ, ચિહું દિશિ ચમકે દામિનીજી. ૨

ભીના ચૂનડી ચીર, તેહ પસારે ગુફા જિહાંજી;
દેવર દેખી દેહ, ચતૂર ચૂકયો કાઉસ્સગ્ગ તિહાંજી. ૩

બોલ્યો મુનિવર બોલ, મૃગનયણી દેખી કરીજી;
મધુરાં કરસ્યાં રાજ, તુજ ઉપર પ્રીત મેં ધરીજી ૪

છાંડો છોકરવાદ, નરકાવાસે કાં નડોજી;
વિરૂઆ વિષય વિકાર, ભવસાયરમાં કાં પડોજી. ૫
સુંદરિ! સાંભળો શિખ, કઠીન હૈયું કોમલ કરોજી;
બોલો વચન વિમાસ, પાપે પિંડ કિશ્યો ભરોજી. ૬
જગમેં જોવન જોર, જલતંતુ જિમ ગજ ગ્રહેજી;
યૌવન જલને પૂર, જ્ઞાનનો ગજ અલગો રહ્યોજી. ૭
યૌવન દિવસ બે ચાર, ચંદ્રમુખિ! રસ ચાખીયેજી;
જાદવ કુળના જોગીંદ, ઓછી મતિ કિમ રાખીયેજી. ૮
તુજ બંધવ મુજ નાહ, સમવસરણ લીલા કરેજી;
જિણરી મોટી લાજ, સુરપતિ સહુ ચામર ધરેજી. ૯
શરમાણો સુકુલીન, ચારિત્ર ચોકખો ચિત્ત ધર્યોજી;
સતીરી નિસુણી શિખ, ભવસાયર હેલે ઉતર્યોજી. ૧૦
જે પાલે નર શીલ, સુરપતિ સમ જિનવર કહ્યોજી;
હિતવિજય કહે એમ, અવિચલ પદ રાજુલ લહ્યોજી. ૧૧

(૨૦)

ચંદનબાળાની સજ્ઝાય.

(મારે દીવાળી થઇ આજ જિન મુખ જોવાને—**એ દેશી.**)

ગુરૂ અભિગ્રહ ધારી ધીર, કૌશાંબી આયા;
ખટ માસી તપસી વીર, એ ગુરૂ મન ભાયા
દાસી ભાવે રાયકી શિર-મુંડિત નિગડિત પયથી રે;
ઘર ઉંબર રહી અડદ સુપડમાં, રૂદતી દેખે કરથી. એ ગુરૂ૰ ૧
ઇમ ચિંતી નિત્ય ભિક્ષા કાળે, આવે જિનવર રાયારે;
મંત્રી ધરણી નંદા એક દિન, દેખી દુર્બલ કાયા. એ ગુરૂ૰ ૨

નિજ પતિને ઓલંભા બોલી, તેણે વિનવીયો રાયરે;
કાંઇક પ્રભુજીને છે અભિગ્રહ, ફરી ફરી પાછા જાય. એ ગુરૂ૦
રાજા મંત્રી મૃગાવતી નંદા, મેળે શુદ્ધ આહાર રે;
પણ જગગુરૂજી ખપ તે ન કરે, કીધા અનેક પ્રકાર. એ ગુરૂ૦ ૪
દેખી ચંદનબાળાને ઘર, અભિગ્રહ પૂરણ આયારે;
નિરખી હરખી ધણિ પરે બોલે, હ્યો પ્રભુ અડદ નિપાયા એ ગુરૂ૦ ૫
લીયા અડદ શિર દુંદુભિ વાગી, પંચ દીવ્ય તિહાં રલીયારે;
સાડીબાર સોવન કોડી વરસી, સુરનરપતિ બહુ મલીયા. એ ગુરૂ૦ ૬
શક્ર શતાનિક રાય ધનાવહ, વંદે પ્રભુના પાય રે;
ચંદનબાળા મૃગાવતી નંદા, મંગળકરી ગુણ ગાય. એ ગુરૂ૦ ૭
તીરથ થાપન સમયે હોશે, સાહૂણીમાં શિરદાર રે;
કેવલ અમૃત આસ્વાદીને, લહેશે સુખ નિરધાર. એ ગુરૂ૦ ૮

(૨૧)

(નારે પ્રભુ! નહિ માનું—એ દેશી.)

મારૂં મન મોહ્યું જી—
ઇમ બોલે ચંદન બાલ, મારૂં૦, મુજ ફલીયો સુરતરૂ સાલ, મારૂં૦
હું રે ઉમરડે બેઠી હુંતી, અકમ તપને અંતે;
હાથ ડસકલાં ચરણે બેઠી, માહરા મનની ખંતે મારૂં૦ ૧
શેઠ ધનવાહે આણી દીધા, અડદ બાકુળા ત્યારે;
એહવામાં શ્રી વીર પધાર્યા, કરવા મુજ નિસ્તારે. મારૂં૦ ૨
ત્રિભુવન નાયક નિરખી નયણે, હરખી ચિત્ત મઝાર;
હરખ આંસુજલ હું વરસંતી, પ્રતિલાભ્યા જયકાર. મારૂં૦ ૩
પંચ દીવ્ય તવ દેવ કરે શુચિ, વરસી કંચનધાર;
માનું અડદ અન્ન દેવા મિષે, વીર કર્યા તિણ વાર. મારૂં૦ ૪

જ્ઞાનાવમલ પ્રભુજીને હાથે, લીધો સંજમભાર;
વસુમતી તવ કેવલ લહીને, પામી ભવજલ પાર. ભારૂં૦ ૫

(૨૨)
સતી સીતાની સજ્ઝાય.

: દુહા :

સીતા આણી રાવણે, વાત સુણી જબ કાન;
પતિને કહે મંદોદરી, વિનતડી મુજ માન. ૧

વાસવ પણ તેં વશ કર્યો, લોકપાલ તિમ ચાર;
તુજ મહિમા જગમાં ઘણો, સાચવ તે નિરધાર. ૨

સાચવીયે જલ આપણું, અણસાચવીયું જાય;
નાલિકેર પરે સાચવ્યું, અધિક અધિક જલ થાય. ૩

: ઢાલ :

(નાણુ નમો પદ સાતમે—એ દેશી.)

મંદોદરી ઇમ વિનવે, સીતા આણી ઘર કાંય; મોરાલાલ,
એહવું કાંઇ ન કીજીયે, ઇમ તો મહિમા જાય. મો૦
સુણ તું લંકારાય, મો૦ તું તો ચતુર કહાય, મો૦ ૧

પિઉડા કહ્યું મુજ કીજીયે, એહ નિજ ઠામ ધરીજે; મો૦
પરનારી નવિ લીજીયે, ઇમ જસવાદ લહીજે. મો૦ પિ૦ ૨

રાજમારગ મૂકી કરી, ઉવટ તું મત ચાલ; મો૦
ઠબકો ઠેસ ન ઉપજે, એહથી મનડું વાલ; મો૦
તું નિજ કુલ સંભાલ, મો૦ વચન વડાનાં પાલ. મો૦ પિ૦ ૩

વાડ ખાયે જો ચીભડાં, કિહાં હોય તાસ પ્રતિકાર; મો૦
જો રાજા ચોરી કરે, તો કુણ રાખણહાર. મો૦
તો કુણ જન આધાર, મો૦ (શુદ્ધ હૃદયે વિચાર.) મો૦ પિ૦ ૪

પાવક પ્રગટે નીરથી, હાર હોવે જો સાપ; મો૦
તો કહો લોક કિશ્યું કરે, જૂઓ વિચારી આપ. મો૦ પિ૦ ૫
સાપણ સોડ ન ઘાલીયે, જો પણ ગોરી હોય; મો૦
બાઉલ બાથ ન દીજીયે, ઇમ જાણે સહુ કોય. મો૦ પિ૦ ૬
બલતી ગાડર તું ગ્રહી, મંદિરમાં મત ઘાલ; મો૦
સાપણ રોષ વિષે ભરી, તું હાથે મત ઝાલ. મો૦ પિ૦ ૭
સુખને કારણે ભોલડા, કોવચલતા મ ચોલ; મો૦
એ સાચી ગુંજા ગણી, ચૂની કરી મમ તોલ. મો૦ પિ૦ ૮
જનકતણી એ બેટડી, ભામંડલ ભાઇ નામ; મો૦
લક્ષ્મણ દેવર એહનો, પતિ દશરથસુત રામ. મો૦ પિ૦ ૯
પરણી કલ્પલતા જિસી, પરપરણી વિષવેલ; મો૦
કેઇ સહસ તુજ કામિની, એ સંઘાતે ન ખેલ. મો૦ પિ૦૧૦
છાની રાખી ન એ રહે, હિંગ તણી જેમ ગંધ; મો૦
વાત દશો દિશિ ચાલશે, એહશું પ્રીતિ ન બાંધ. મો૦ પિ૦૧૧
કાણી કોચી કરમલી, કાલી કુબડી જાણ; મો૦
પરણી જેહ પનોતડી, પદ્મણી તેહ પિછાણ. મો૦ પિ૦૧૨
એહને ઇહાં રાખતાં, પૂરવ કીરતિ ન ચૂક; મો૦
એ આપણ કુણ કામનું, દૂરે હાંકી મૂક. મો૦ પિ૦૧૩
બોલે બોલાવે નહિ, સામું જૂએ ન જેહ; મો૦
તેહશું પ્રીતિ ન કીજીયે સુણ તું ગુણમણિગેહ. મો૦ પિ૦૧૪
પ્રીતિ કરે તિહાં કીજીયે, એ સહુ જગની રીત; મો૦
અચુકરતાશું પ્રીતડી, એ કુણ કહીયે નીત. મો૦ પિ૦૧૫
લક્ષ્મણ સાથે આવશે, તેહનો પતિ અહીં રામ; મો૦
લેઇ જાશે નિજ કામિની, તેહનું સરસે કામ. મો૦ પિ૦૧૬

પરનારીશું પ્રીતડી, પડીયે નરક મોઝાર; મો૦
તું તો ચતુર ભણ્યો ગણ્યો, શાસ્ત્ર સુણ્યાં સંભાર. મો૦ પિ૦૧૭
એહતો શીલવતી સુણી, નહિ આવે તુજ કામ; મો૦
પાય લાગી તુજ વિનવું, એહને ઘર જઇ ઠામ. મો૦ પિ૦૧૮
અઠ્ઠોત્તર સો બુદ્ધડી, મેં સુણી તુજ કપાલ; મો૦
પિઉડા તુજ હોજો ભલું, મુજ વયણાં સંભાલ. મો૦ પિ૦૧૯
તું ધનહર્ષ સદા લહે, અવર કહું શું તુઝ; મો૦
પિઉ! નિજ આતમ સાચવે, સુણ આશિષ એ મુઝ. મો૦ પિ૦૨૦

(૨૩)

વૈરાગ્યની સજ્ઝાય.

(સાંભળજો મુનિ સંજમ રાગે—એ દેશી.)

તે ગિરૂઆ ભાઇ તે ગિરૂઆ, જે બોલ ન બોલે વિરૂઆરે;
તસ ઘરે આવે સોવન ચરૂઆ, ફલવંતા સુરતરૂઆરે. તે૦ ૧
છતી શકતે જે દીયે ધન દાતા, પરરમણી નવિ રાતારે;
અહનિશ તે પામે સુખશાતા, ધન ધન તેહની માતારે. તે૦ ૨
જે મન શુદ્ધે કરશે કિરિયા, તે તરશે ભવ દરિયારે;
શીયલ ગુણે કરી જે નર ભરીયા, પાપ થકી ઓસરીયારે. તે૦ ૩
જે નર જિનવરને આરાધે, મુનિજનને ન વિરાધેરે;
અહનિશ નિજ આતમ હિત સાધે, તેહ તણા ગુણ વાધેરે. તે૦ ૪
જે મન મદ મચ્છર નવિ આણે, જે પરવેદન જાણેરે;
તે પહોંચે ઉત્તમ ગુણઠાણે, કવિજન તાસ વખાણેરે. તે૦ ૫
જે નર ખીજાવ્યા નવિ ખીજે, ઉપશમ રસમાં ભીંજેરે;
લબ્ધિ કહે તસ સેવા કીજે, તેહના પય ત્રણ નમીજેરે. તે૦ ૬

(૨૪)

(વિમલાચલ નિતુ વંદીયે—એ દેશી.)

આપ અજવાળજો આતમા, એનો મહાતમ જાણી;
આણી પુન્ય રયણ તણી, એહવી જિનવર વાણી. આપ૦ ૧

સ્ફટિક રયણ જિમ રંગથી, ધરે નવ નવ રૂપ;
તિમ એ અષ્ટ કરમથકી, થાયે વિવિહ સ્વરૂપ. આપ૦ ૨

આદિ ઉત્પત્તિ નહિ એહની, નહિ કોઇનો એહ;
દેહ એ કારમો કરમથી, ધરે થઇ નિઃસનેહ. આપ૦ ૩

નિરમલ આતમ આપણો, રમે રંગ નિઃશંક;
નાણુરયણતણો સાયરૂ, પ્રભુ એ નિઃકલંક. આપ૦ ૪

દેહથી દુઃખ પરંપરા, પામે એ ભગવંત;
લોહ કુસંગતે તાડીયે, જેમ અગ્નિ અત્યંત. આપ૦ ૫

કારમો દેહ પામી કરી, કરો પર ઉપકાર;
સાર અસારમાં એ અછે, કહે લબ્ધિ વિચાર. આપ૦ ૬

(૨૫)

(હો પ્રભુ મુજ પ્યારા! ન્યારા થયા કેઈ રીતજો—એ દેશી.)

હો ચેત જીવડલા, મ કર તું બહુ જંજાલ જો,
બાપડલા ભોગવીશજ તું તાહરૂં કર્યું રે લો;
હો ચેત જીવડલા, તું જાણતો હૃદય મોઝાર જો,
માત ઉદરથકી જો હું બ્હેલો નીસરૂં રે લો. ૧

હો ચેત જીવડલા, તો કરૂં ધર્મ સમાધ જો,
ગર્ભાવાસનાં દુઃખમાંહી કહીં નવિ પડું રે લો;
હો ચેત જીવડલા, તિહાં ધરતો ભગવંત ધ્યાન જો,
[illegible] રે લો. ૨

હો ચેત જીવડલા, જન્મ હુઓ જબ તુજ નો,
તે દુઃખ તો તિહાં સર્વ વિસારીયાં રે લો;
હો ચેત જીવડલા, હર્ષે હુઓ અતિ અંધ નો,
જિહાંથી નિસર્યો તે હોંશે તું ઇચ્છતો રે લો. ૩

હો ચેત જીવડલા, છાંડ સંસાર ગમાર નો,
છાંડીશ તો સુખ પામીશ તું શિવપુરનાં રે લો;
હો ચેત જીવડલા, એહ સંસાર અસાર નો,
એણે જગમાં આપણો તે કોઇ નહિ હુઓ રે લો. ૪

હો ચેત જીવડલા, કેહનાં માય ને બાપ નો,
કેહના ભાઇ ભત્રીજા કેહના દીકરા રે લો;
હો ચેત જીવડલા, વાદલ વાયુ સંયોગ નો,
વાયે તો પાછા તે સવિ વિખેરીયાં રે લો. ૫

હો ચેત જીવડલા, તિમ જગમાં સહુ સ્નેહી નો,
કર્મસંયોગે આવીને ભેળા થયા રે લો;
હો ચેત જીવડલા, ભોગવી નિજ નિજ આય નો,
પંખીની પરે જાયે સવિ ઉડી કરી રે લો. ૬

હો ચેત જીવડલા, કર્યાં શુભાશુભ કર્મ નો,
તુજ સાથે તે વિણ બીજો નહિ આવશે રે લો;
હો ચેત જીવડલા, એહવું નિજ મન ધાર નો,
ધર્મ પ્રવર્તન આદર જે શુભ ભાવથી રે લો. ૭

હો ચેત જીવડલા, ધર્મથી નવ નિધિ થાય નો,
ઇહ ભવ પરભવ સાચો ધર્મ સખાઇઓ રે લો;
હો ચેત જીવડલા, કુણ રાજા કુણ રંક નો,
કોણ જગમેં ન રહ્યો કોઇ થિર થઇ રે લો. ૮

હો ચેત જીવડલા, ઘર તપશું બહુ પ્રેમ જો,
જેહથી દુરગતિનાં દુઃખ છેદે પ્રાણીયો રે લો;
હો ચેત જીવડલા, પંડિત રત્નનો શિષ્ય જો,
વિનીતવિજય એમ ભાખે અતિ ઉલટ ભરે રે લો. ૯

(૨૬)

ક્રોધની સજ્ઝાય.

(સાંભળજો મુનિ સજ્જમ રાગે—એ દેશી.)

ક્રોધ ન કરીયે ભોલા પ્રાણી, ક્રોધે દુરગતિ ખાણી રે;
ક્રોધે તપ જપ હોયે હાણી, ઇમ વદે જિનવાણી રે. ક્રો૦ ૧
ક્રોધે દૂરે શિવ પટરાણી, જાયે જિમ રીસાણી રે;
ક્રોધ ચંડાલતણી નીસાણી, કાયલતા કુમલાણી રે. ક્રો૦ ૨
ક્રોધે નવલાં વેર બંધાયે, પ્રેમ પૂરવલો જાય રે;
ક્રોધે નવલી પ્રીતિ ન થાયે, ક્રોધે આપ મરાય રે. ક્રો૦ ૩
આપ તપે પરને સંતાપે, જે નર ક્રોધે વ્યાપે રે;
ક્રોધે નરનારીને શ્રાપે, પિંડ ભરાયે પાપે રે. ક્રો૦ ૪
ક્રોધ લજ્જાના તંતુને ત્રોડે, પુન્ય તરૂવર મોડે રે;
સદ્ગતિકેરાં સુખ સંકોડે, દુરગતિ સામો દોડે રે. ક્રો૦ ૫
માતપિતા સુત બાંધવા છોડે, ક્રોધે મૂછ મરોડે રે;
રાજા દંડે આવે ખોડે, અપજશના ફલ જોડે રે. ક્રો૦ ૬
ક્રોધે સઘલાં કાજ વિણાસે, પરનાં મર્મ પ્રકાશે રે;
સજ્જન તે પણ અલગા નાસે, કોઇ ન રાખે પાસે રે. ક્રો૦ ૭
આતમ! શુભ શિખડલી આ છે, જો તું શિવપુર વાંછે રે;
પર નિંદાથી રહીને પાછે, મિચ્છામિદુક્કડં વાસે રે. ક્રો૦ ૮

શ્રી જિન આગમને અભ્યાસે, **ભાવસાગર** ઇમ ભાષે રે;
ધર્મ કરો મનને ઉલ્લાસે, ઉપશમ આણો પાસે રે ક્રો૦ ૯

(૨૭)

માનની સજ્ઝાય.

(રાજગૃહી નગરીનો વાસી—એ દેશી)

અભિમાન મ કરજો કોઇ, અભિમાન થકી દુઃખ હોઇ હો.
ભવિજન માન તજો.
અભિમાન મહા દુરદંત, નવિ આણે સાધુ મહંત હો. ભ૦ ૧
જોરાવર એ જગમાંહે, ન ટકે જેહથી કોઇ પાંહે હો; ભ૦
દેવદાનવશું લડીયો, જે સુરપતિને પણ નડીયો હો. ભ૦ ૨
રામચંદ્રની ઘરણી, જેહની અતિ મોટી કરણી હો; ભ૦
તેહ સીતા સતી આણી, કરવાને નિજ ઘણીઆણી હો ભ૦ ૩
સઘલા નરપતિ સેવંતા, જે હુંતા લોક વિદિતા હો; ભ૦
એહવો જે રાવણ રાણો, દુઃખ પામ્યો તે સપરાણો હો. ભ૦ ૪
ઉત્તમ જાતિ કુળ પામી, તુમ માન મ કરશો ધામી હો; ભ૦
અભિમાન કર્યો શિશુપાલે, તે તુરત ગયો પાયાલે હો. ભ૦ ૫
બીજાનું શું કહેવું, વીર જિણુંદ સંબંધ ગ્રહેવું હો; ભ૦
ઇમ મૂરખ ગુણહીણા, અભિમાન કરે ધનલીણા હો. ભ૦ ૬
ખર કરહા અવતાર તે, પરાભવ લહે નિરધાર હો; ભ૦
આઠે મદને પરિહરીયે, તો શિવમંદિર સંચરીયે હો. ભ૦ ૭
સદ્‌ગુરૂ વાણી સુણીજે, ઉપદેશ સુધારસ પીજે હો; ભ૦
ભાવસાગર ઇમ ભાષે, નવાનગર રહી ચોમાસે હો. ભ૦ ૮

(૨૮)

માયાની સજ્ઝાય.

(સુંદર! પાપસ્થાનક તજો સોળમું—એ દેશી)

ભવિયણ! માયા મૂળ સંસારનું, માયા મોહની રીઝ હો;
ભવિયણ! માયાએ જગ સહુ નડ્યા, માયા દુરગતિ બીજ હો. ભ૦ ૧
ભ૦ જિમ દાહિણુ પવને કરી, મેઘ હુએ વિસરાળ હો;
ભ૦ તિમ માયાના જોરથી, પુન્ય ઘટે તતકાળ હો. ભ૦ ૨
ભ૦ મરમ વચન બોલ્યા થકી. જિમ સજ્જન પ્રતિકૂળ હો;
ભ૦ તિમ તપ જપ સંજમ ક્રિયા, માયાએ થાયે ધૂળ હો. ભ૦ ૩
ભ૦ મલ્લિ જિનેસર બાંધીયો, માયાએ સ્ત્રીવેદ હો;
ભ૦ ઉત્તમ નર કરજો તુમે, તે માટે તસ છેદ હો. ભ૦ ૪
ભ૦ માયાગારા માનવી, સેવ કરે કરજોડી હો;
ભ૦ માયાએ રીઝે માનવી, આપે ધનની કોડી હો. ભ૦ ૫
ભ૦ ધર્મ જાણીને મત કરો, માયા સાથે રંગ હો;
ભ૦ જિમ જોગીસર મોટકા, ન કરે નારીનો સંગ હો. ભ૦ ૬
ભ૦ **ભાવસાગર** કહે ભવિજના, સાંભળો સદ્‌ગુરૂ વાણુ હો;
ભ૦ માયાના પરિહારથી, લહીયે સુખ નિરવાણ હો. ભ૦ ૭

(૨૯)

લોભની સજ્ઝાય.

(પુષ્કલવઈ વિજયે જયોરે—એ દેશી)

લોભ ન કરીયે પ્રાણીયા રે, લોભ બૂરો સંસાર;
લોભ સરીખો કો નહિરે, દુરગતિનો દાતાર,
ભવિકજન લોભ બૂરો સંસાર, વરજો તુમે નિરધાર. ભ૦
જિમ પામો ભવપાર, ભવિકજન લોભ બૂરો સંસાર. ૧

અતિલોભે લખમીપતિ રે, સાગર નામે શેઠ;
પૂર પયોનિધિમાં પડ્યો રે, જઇ બેઠો તસ હેઠ. ભ૦ ૨

[1]સોવન મૃગના લોભથી રે, દશરથસુત શ્રી રામ;
સીતા નારી ગુમાવીને રે, ભમીયો ઠામો ઠામ. ભ૦ ૩

દશમા ગુણઠાણા લગે રે, મોહતણું છે જોર;
શિવપુર જાતાં જીવને રે, એહજ મોટો ચોર. ભ૦ ૪

નવવિધ પરિગ્રહ લોભથી રે, દુરગતિ પામે જીવ;
પરવશ પડીયો બાપડો રે, અહોનિશ પાડે રીવ. ભ૦ ૫

પરિગ્રહના પરિહારથી રે, લહીયે સુખ શ્રીકાર;
દેવદાનવનરપતિ થઇ રે, જઇએ મુગતિ મોઝાર. ભ૦ ૬

ભાવસાગર પંડિત ભણે રે, વીરસાગર બુધ શિશ;
લોભતણો ત્યાગે કરી રે, પહોંચે સયલ જગીશ. ભ૦ ૭

(૩૦)

નિદ્રાની સજ્ઝાય.

(પરમાતમ પૂરણ કલા—એ દેશી)

નિંદરડી વેરણ હુઇ રહી, ઇણ હુંતી હો બગડે ધર્મ વાત કે;
ચોર ફિરે ચિહું પાખતી, કિમ સોવે હો તે દિન ને રાત કે. નિં૦ ૧

વીર કહે સુણ ગોયમા, મત કરજો હો એક સમય પ્રમાદ કે;
જરા આવે જોબન ગલે, તે સૂતાં હો કહો કવણ સવાદ કે. નિં૦ ૨

ચૌદ પૂરવધર મુનિવરૂ, નિંદ કરતા હો જાય નરક નિગોદ કે;
કાળ અનંતો તિહાં રૂલે, કિમ હોવે હો તિહાં ધરમ વિનોદ કે. નિં૦ ૩

---

૧ લૌકિક માન્યતા પ્રમાણે આ સમજવું.

જાગંતડાં જોખો નહિ, છેતરાયે હો નર સૂતો નેટ કે;
સૂતાં જોખમ છે ઘણાં, તમે કરજો હો સા પુરૂષની ભેટ કે. નિં૦ ૪
જોરાવર ઘણો જુલમી, યમ રાણો હો કહ્યો સબલ કૂર કે;
કટક અનેરાં ચિહું દિશે, જે જાગે હો તે કહીયે શૂર કે. નિં૦ ૫
વીરે દૃષ્ટાંત વખાણીયો, પંખી ન કરે હો ભારંડ પ્રમાદ કે;
તેહ તણી પરે વિચરજો, પરિહરજો હો તુમે મહા ઉન્માદ કે નિં૦ ૬
વીર વયણ એમ સાંભળી, પરિહરીયો હો ગોયમ પરમાદ કે;
લીલા સુખ લાધ્યાં ઘણાં, થિર રહીયો હો જગમેં જસવાદ કે. નિં૦ ૭
તુમે નેડી નિંદ મ આણજો, સહુ કોઇ હો રહેજો સાવધાન કે;
ધરમે ઉદ્યમ આણજો, ઇમ બોલે હો મુનિ કનકનિધાન કે. નિં૦ ૮

(૩૧)

ગુણસ્થાનકની સજ્ઝાય.

(સુત સિદ્ધારથ ભૂપતોરે—એ દેશી.)

પાસ જિનેસર પય નમી રે, લહી સદ્ગુરૂનો આધાર;
તાસ સાનિધ્યે હું ભણું રે, ગુણસ્થાનક સુવિચાર રે,
ચંચલ આતમા, આણી ભાવ તે રૂડો રે, સ્થિરતામાં રમો. ૧
પહેલું ગુણઠાણું સુણો રે, નામે મૂલ મિથ્યાત;
સૂધો ધરમ ન મન ધરે રે, ન ગમે ધર્મની વાત રે. ચં૦ ૨
બીજુ સાસ્વાદન અછે રે, ગુણઠાણું વિખ્યાત;
ખટ આવલિ સમકિત રહે રે, પછી હોયે મિથ્યાત રે. ચં૦ ૩
ત્રીજે મિશ્ર ગુણસ્થાનકે રે, મિશ્ર દૃષ્ટિ રહે સાર;
તત્ત્વરૂચિ અરૂચિ નહિ રે, પરિણતિ મધ્યમ ધાર રે ચં૦ ૪
ચોથે સમકિત ગુણ છતાં રે, વિરતિ ન આવે લગાર;
તત્ત્વ દૃષ્ટિ મનમાં રમે રે, અવિરતિ ચિત્ત અપાર રે. ચં૦ ૫

દેશવિરતિ ગુણ પાંચમે રે. એ ગુણે શ્રાવક હોય;
સ્થૂલ જીવ વધ નવિ કરે રે, વિરતિ વિવિધ ભંગ જોય રે. ચં૦ ૬
છઠ્ઠે પ્રમત ગુણસ્થાનકે રે, બહુલ પ્રમાદે રે લીન;
વિરતિ સર્વથી આદરે રે, સંયમ સાધે અદીન રે. ચં૦ ૭
અપ્રમત્ત ગુણ સાતમે રે, ધર્મે નિશ્ચલ ચિત્ત;
પરિષહ ઉપસર્ગો સહે રે, આતમ તત્ત્વ પવિત્ત રે. ચં૦ ૮
આઠમે નિવૃત્તિપદ લહે રે, શ્રેણિતણું રે મંડાણ;
મોહ સુભટને હઠાવતા રે, વધતા આતમ ઝાણ રે. ચં૦ ૯
બાદર ક્રોધ માયા મદે રે, લોભ તણો પરિહાર;
અનિવૃત્તિ બાદર આદરી રે, સહેજે તરે સંસાર રે. ચં૦૧૦
સૂક્ષ્મ સંપરાય દશમ ગુણે રે, સૂક્ષ્મ લોભ કરે અંત;
નિરમોહી પદ પામવા રે, કરે ઉદ્યમ ભગવંત રે. ચં૦૧૧
ઉપશમ મોહ અગીઆરમે રે, જીવ રહે એણે ઠામ;
વીતરાગતા અનુભવે રે, લહે નિજ ઘર વિશ્રામ રે. ચં૦૧૨
તિહાં થકી તે લડથડે રે, કરમ વિચિત્ર પ્રકાર;
નરક નિગોદે પણ ભમે રે, કાળ અનંત વિચાર રે ચં૦૧૩
ક્ષીણમોહ ગુણ બારમે રે, શ્રેણિ ક્ષપક પઇકૂ;
મોહ દહ્યો ઇહાં મૂલથી રે, જિમ તૃણ અગ્નિ વિસિકૂ રે. ચં૦૧૪
ઘનઘાતી ચારે હણી રે, તેરમે ગુણ સયોગ;
ચૌદરાજ દેખે સવિ રે, કેવલજ્ઞાનો પયોગ રે. ચં૦૧૫
અયોગી કેવલી ચઉદમે રે, પંચ હ્રસ્વાક્ષર માન;
જન્મ મરણ દુઃખ ટાલીને રે, થાય સિદ્ધ ભગવાન રે. ચં૦૧૬
એહ ચૌદ ગુણસ્થાનકાં રે, ભાવે ધરે નરનાર;
ધર્મસાગર શિષ્ય એમ ભણે રે, તે તરે આ સંસાર રે. ચં૦૧૭

(૩૨)

ઉપશમની સજઝાય.

(પ્રભુજી સુખકર સમકિત દીજે—એ દેશી.)

ઉપશમ આણો ઉપશમ આણો, ઉપશમ તપમાંહી રાણો રે;
વિણ ઉપશમ જિનધર્મ ન શોભે, જિમ જગ નરવર કાણો રે. ઉ૦ ૧

તુરમિણી નયરી કુંભ નરેસર, રાજ કરે તિહાં સૂરો રે;
તસ નંદન લલિતાંગ મહામતિ, ગુણમણિમંડિત પૂરો રે. ઉ૦ ૨

સુગુરૂતણી વરવાણી શ્રવણે, સુણી સંવેગ ન માયો રે;
રાજઋદ્ધિ રમણી સહુ છાંડી, ચારિત્ર નીરે ન્હાયો રે. ઉ૦ ૩

દેશવિદેશે ગુરૂ સંઘાતે, વિહાર કરે મુનિ મોટો રે;
સહે પરિષહ દોષ નિવારે, ઋષિ ઉપશમ રસ લોટો રે. ઉ૦ ૪

અન્ય દિવસ તસ ક્ષુધા વેદનીય, કરમે ન સહી જાય રે;
ઇંદ્ર ચંદ્ર વિદ્યાધર મુનિવર, કર્મ કરે તેમ થાય રે. ઉ૦ ૫

કૂરઘડો દિન પ્રત્યે લાવે, એષણા દોષ નિવારી રે;
કૂરગડુ તે માટે કહેવાયા, સંયમ શોભા વધારી રે. ઉ૦ ૬

દિવસ પજ્જુસણ ગુરૂ આદેશે, વોહરી કૂર સુસાધુ રે;
ચાર શ્રમણ ચઉમાસી તપીયા, દેખાડે નિરાબાધ રે. ઉ૦ ૭

તે ચારે તસ પાત્રમાં થુંકે, રોષે લવે તું પાપી રે;
આજ પજ્જુસણ કાં ન વિમાસે, દુરગતિશું મતિ થાપી રે. ઉ૦ ૮

કૂરગડુ સમતા રસમાં ભરીયો, હૈયે વિમાસે રૂડું રે;
લૂખો આહાર જાણી તે મુનિવર, ઘી નાખ્યું નવિ કૂડું રે. ઉ૦ ૯

આહાર કરી નિજ આતમ નિંદે, શુકલ ધ્યાન લય લાગી રે;
ઘનઘાતી ચઉ કર્મ નિવારી, કેવલજ્ઞાની મહાભાગી રે. ઉ૦૧૦

શાસનદેવી ક્ષપકને પૂછે, કૂરગડુ કિહાં ધ્યાએ રે;
રોષભર્યા જલપે તે મુનિવર, એ જા ખૂણે ખાચે રે. ૩૦૧૧
દેવદુંદુભિ ગયણે વાજી, ક્ષપક ખમાવે જાણી રે;
કેવલ પામી મુક્તિ સિધાવે, વાત સિદ્ધાંતે લખાણી રે. ૩૦૧૨
શ્રી વિજયદાન સૂરીશ્વર રાજ્યે, વિમલહર્ષ ઉવજઝાયા રે;
આણંદવિજય પંડિત વર શિષ્યે, ધનવિજયે ગુણ ગાયા રે. ૩૦૧૩

(૩૩)

(સુણ જિનવર શેત્રુજા ધણીજી—એ દેશી.)

ભગવતી ભારતી મન ધરીજી, પ્રણમી ગોયમ પાય;
સદ્ગુરૂ ચરણ પસાઉલેજી, કહું ઉપશમ સજ્ઝાયરે.
પ્રાણી! આણુને ઉપશમ સાર,
જે વિણ તપ જપ ખપ કરીજી, ચારિત્રની હોય હાણરે. પ્રા૦ ૧
ઉપશમથી સંકટ ટળેજી, ઉપશમ ગુણહ ભંડાર;
ઉપશમથી સવિ સુખ મળેજી, ઉપશમથી ભવપારરે. પ્રા૦ ૨
ઉપશમ સંયમ મૂળ છેજી, ઉપશમ સંયમ કોડ;
વૈરી વેર વિના થઇજી, આગળ રહે કર જોડરે. પ્રા૦ ૩
રીશવશે પરવશ પડયોજી, હારે બે ઘડી માંહ;
ચારિત્ર પૂરવ કોડનુંજી, ગણધર દે ઇમ સાહરે. પ્રા૦ ૪
ક્રોધ વૃક્ષ કડુઆ તણાંજી, વિષમાં ફલ ફૂલ જાણ;
ફૂલ થકી મન પરજલેજી, ફલથી કરે ધર્મ હાણરે. પ્રા૦ ૫
વિરૂઓ વૈરી શું કરેજી, મા રે એક જ વા૨;
ક્રોધ રૂપ રિપુ જીવનેજી, આપે અનંત સંસાર રે. પ્રા૦ ૬
જો કો વારે કો દીયેજી, આપણ પહેલી રે ગાલ;
તે ઉપર ઉપશમ ધરીજી, વળતું વચન મ આલરે. પ્રા૦ ૭

મત્સર મનમાંહી ધરીજી, કીજે ક્રિયા કલાપ;
તે રજ ઉપર લીંપણુંજી, વળી જેમ રાન વિલાપરે. પ્રા૦ ૮

રાઈ સરસવ જેવડાંજી, પરનાં દેખે રે છિદ્ર;
બીલાં સરખાં આપણાંજી, નવિ દેખે મન રૂદ્રરે. પ્રા૦ ૯

પર અવગુણ મુખ ઉચ્ચરેજી, કાંઇ વખાણે આપ;
પરભવ સહેતાં દોહિલાંજી, પરનિંદાનાં પાપરે. પ્રા૦ ૧૦

શુદ્ધ ગુરૂ શુદ્ધ દેવનેજી, હીલે હીના ચાર;
કેવલજ્ઞાનીએ કહ્યોજી, તાસ ઘણો સંસાર રે. પ્રા૦ ૧૧

પરની તાંતે બાપડોજી, મહીયાં ગુંથી રે જાળ;
નરક તિર્યંચ ગતિ દુઃખલહેજી, રૂલે અનંતો કાળ રે. પ્રા૦ ૧૨

નરભવ નિંદક નિગમેજી, ધર્મ મર્મ અણજાણ;
આપ પિંડ પાપે ભરેજી, તસ જીવિત અપ્રમાણરે. પા૦ ૧૩

પરનાં પાતક ધોઇએજી, નિપજાવી પરતાંત;
મુકી પૈશૂન્યપણું પરહુંજી, નિજ અવગુણ કર શાંતરે. પ્રા૦ ૧૪

મેતારજ મુનિરાજીયો જી, શમરસતણો નિધાન;
પરિષહ રીશ વિના સહીજી, પામ્યો મુકિત પ્રધાનરે. પ્રા૦ ૧૫

ખંધકસૂરિતણા યતિજી, ક્ષમા તણા ભંડાર;
ઘાણીએ ઘાલી પીલતાંરે, ન ચલ્યું ચિત્ત લગારરે. પ્રા૦ ૧૬

કૂરગડુ હુઆ કેવલીજી, કૂડી છાંડી રીશ;
તપીયા મુનિ મૂકી સુરી જી, પહેલી નામે શિશરે. પ્રા૦ ૧૭

ગિરૂઓ ગજસુકુમાળજીરે, ન કર્યો કોપ લગાર;
સસરે શિર ઉપર ધર્યાજી, ધગધગતા અંગારરે. પ્રા૦ ૧૮

દુરમુખ વચન સુણી કરીજી, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
ક્રોધ ચઢયો કર્મે નડયોજી, બાંધ્યું નરકનું આયરે. પ્રા૦ ૧૯

મસ્તક વૈાચ દેણી કરીજી, વલીયેા મુનિ મનમાંહી;
ક્રોધ ગયેા નિરમળ થયેાજી, લહ્યો કેવલ તિણ ઠાયરે. પ્રા૦ ૨૦
ક્ષમા ખડગ નહિ જેહનેજી, તે દુઃખીયા સંસાર;
ક્રોધ ચેાધશું જુઝતાંજી, કિમ નવિ પામે પારરે પ્રા૦ ૨૧
તપ વિણસે રીશે કરીજી, સ્ત્રીથી શીલ વિનાશ;
માને વિનય વિણાસીયેજી, ગરવે જ્ઞાન અભ્યાસરે. પ્રા૦ ૨૨
જેહને મન ઉપશમ રમેજી, નહિ તસ દુઃખ દંદોલ;
કહે શિષ્ય ઉવજ્ઝાયનેાજી, મુનિ લક્ષ્મી કલ્લેાલરે. પ્રા૦ ૨૩

(૩૪)

આધ્યાત્મિક પદ.

(રાગ કાલિંગડેા)

ચેતન સમતા મિલના, મમતા દૂર કરના દૂર કરના. ૧
મમતા કે ઘર બહુ દુઃખ પાયેા, સમતાશું ઉદ્ધરના. મ૦ ૨
આતમજ્ઞાન અનંત ખજાનેા, ચેતન મમતા હરના. મ૦ ૩
ચેતન જણ સમતાશું મિલના, શિવનગરી સુખ વરના. મ૦ ૪
નિરમલ જ્ઞાનશું નિજમન ધરના, ચિદાનંદ હિત કરના મ૦ ૫

(૩૫)

શ્રી આત્મબેાધની સજ્ઝાય.

(લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં—એ દેશી.)

સુમતિ સદા સુકુલિણી વિનવે, સુણ ચેતન મહારાય ચતુરનર;
કુમતિ કુનારી દૂરે પરિહરેા, જિમ લહેા સુખ સમુદાય સેાભાગી. સુમતિ૧

આવો રંગે વિવેક ઘરે પ્રભુ, કરીયે કેલિ અભંગ પનોતા;
જ્ઞાન પલંગ બિછાયો અતિ ભલો, બેસીજે તસ સંગ રંગીલા. સુ૦ ૨

નિષ્ઠા રૂચિ બેહુ ચામર ધારિકા, વીંજે પુન્ય સુવાય સદાઇ;
ઉપશમ રસ ખુશબો ઇહાં મહમહે, કેમ નવિ આવે તે દાય છબીલા. સુ૦૩

હૃદય ઝરૂખે બેસી હોંશશું, મુજરો લીજીયે સાર સનેહા;
કાયાપુર પાટણનો તું ધણી, કીજે નિજપુર સાર મહારાજા. સુ૦ ૪

જે તેં ચોકી કરવા નગરની, થાપ્યા પંચ સુભટ મહારાજા;
તે તો કુમતિ નારીશું જઇ મલ્યા, તિણે લોપી કુલવટ છબીલા. સુ૦ ૫

પંચ પ્રમાદ મદિરા છાકથી, ન કરે નગર સંભાળ મહારાજા;
મન મંત્રીસર જે તેં થાપીયો, ગુંથે તેહ જંજાલ સોભાગી. સુ૦ ૬

ચૌટે ચાર ફિરે નિત્ય ચોરટા, મુષે અતિઘણું પુણ્યતણું ધન;
વાહર બુંબ ખબર નહિ કેહની, મુજ પરે ન કરો નંદ મહામન. સુ૦ ૭

કપટી કાળ અને બહુ આમયા, ફરતા નગર સમીપ તપીને;
જોર જરા જોવન ધન અપહરે, ડાકણની પરે નિત્ય છપીને. સુ૦ ૮

એણી પરે વયણ સુણી સુમતિતણાં, જાગ્યો ચેતન રાય રસીલો;
તેજ સંવેગ ગ્રહી નિજ હાથમાં, તેડયો શુદ્ધ સમવાય વસીલો. સુ૦ ૯

મન મંત્રીસર કણજ થયો ઘણું, તણ વશ આયારે પંચ મહાભડ;
ચારે ચોર ચિહું દિશિ નાસીયા, ગાલ્યો મોહ પ્રપંચ મહાજડ. સુ૦ ૧૦

સુમતિ નારી સાથે પ્રીતડી, જોર જડી જિમ ક્ષીર ને નીર;
રંગ વિલાસ કરે નિતુ નવનવા, ભેલી હિયડાનું હીર હિલ મિલ. સુ૦ ૧૧

ઇણિ પરે ચતુર સનેહી આતમા, ઝીલે શમ રસપૂર સદાઇ;
અનુપમ આતમ અનુભવ સુખ લહે, દિનદિન અધિક સુનૂર ભલાઇ. સુ૧૨

પંડિત વિનય વિમલ કવિરાયના, ધીર વિમલ કવિરાય જયંકર;
સેવક તસ વિનયી નય ઉપદિશે, સુમતિ થકી સુખ થાય સુહંકર. સુ૦૧૩

(૩૬)

(સાંભળજો મુનિ સંયમરાગે—એ દેશી.)

તે ગિરૂઆ ભાઇ તે ગિરૂઆ જે, વિષય ન સેવે વિરૂઆ રે,
નાગ નચિંત વસે પાતાલે, સૂણે મધુર સૂર મીઠા રે;
તે જાઇ કરંડકમાં પેઠા, વાટ વહંતો દીઠા રે. તે૦ ૧

દીપક દેખી પતંગીઓ કાંઇ, લોચન લોભે છલીયો રે;
રૂપ નિહાળણ કારણે કાંઇ, દીપક દેખી બળીયો રે. તે૦ ૨

ભમર ભમંતો જે વેલડીયાં કાંઇ, વિણ સ્વારથ વિગુતો રે;
નાસિકા ઇંદ્રિયને કારણ એ તો, કેતકી કાને ખૂતો રે. તે૦ ૩

પાણીમાંહિ પલેવણું કાંઇ, માછલડી નવિ દીઠા રે;
ગલીય ગલંતા જીભલડી કાંઇ, એહવો રસ લાગ્યો મીઠા રે. તે૦ ૪

વિંધ્યાચલ પર્વતનો રાજા કાંઇ, મયગલ નામે મોટો રે;
ફરસ ઇન્દ્રિયને કારણે કાંઇ, તે પામે બહુ તોટો રે. તે૦ ૫

એક એક ઇન્દ્રિયને કારણ કાંઇ, જીવ કેતાં દુઃખ પાવે રે;
પંચેન્દ્રિય પરવશ છે જેહ, તેહ ભણો કેઇ ગતિ જાવે રે. તે૦ ૬

પંચેન્દ્રીયો સાંભળજો કાંઇ, વિષય મ સેવો ભોળા પ્રાણી રે;
મુનિલાવણ્ય સમય ઇમ બોલે, સાંભળજો મન આણી રે. તે૦ ૭

(૩૭)

હિત શિખામણની સજ્ઝાય.

(સાંભળજો મુનિ સંયમરાગે—એ દેશી.)

ગર્ભાવાસમાં એમ ચિંતવતો, ધર્મ કરીશ હું ધાઇ રે;
ઉંધે મસ્તક મલ મૂતરમાં, ગમતું નથી મુજ ભાઇ રે. ૧

જો રે જીવડા તું રે વિચારી, આયુ ખૂટે દિનરાત રે;
પંથિમેળાસમ સર્વ સંબંધી, નિજ નિજ મારગ જાત રે. જો૦ ૨

જન્મ થયો તવ તેહ વિસરીયો, ઉહાં ઉહાં એમ કહંતો રે;
મૂઢપણે રમત બહુ કરતો, પરવશ દુઃખ લહંતો રે. જો૦ ૩
યૌવન વય વિષયાસંગ લીનો, તરૂણી રસમાં રાતો રે;
અશન વસન આરંભ પરિગ્રહ, રહે સદા મદમાતો રે. જો૦ ૪
ધર્મ ન કીધો ધન બહુ વંછી, પુત્રાદિક પરિવરીયો રે;
સગાં સહોદર સગપણ કરતાં, મનમાં કાંઇ ન ડરીઓ રે. જો૦ ૫
પચાસ સાઠ વરસ લગે પહોતો, તોહી નાથ ન ગાયો રે;
આશા બંધન પડીયો પ્રાણી, લક્ષ્મી કમાવા ધાયો રે. જો૦ ૬
સીત્તેર એંસીએ બલહીણો, ઓશીઆળો તિહાં થાય રે;
ઘડપણનાં દુઃખ છે અતિ મોટાં, કહ્યું ન કરે કોઇ કાંય રે. જો૦ ૭
પત્ની પ્રેમવતી પણ બળગી, સ્વારથ ન થયો પૂરો રે;
ડગમગતો લાકડીએ હિંડે, શ્વાસ ચડે ભરપૂરો રે. જો૦ ૮
પરવશ પાસ પડ્યો તું જીવડા વિશ્વાસે ધન ખોઇ રે;
ધરમ કરમ સઘલાં નવિ થાયે રહ્યો ઉદાસે રોઇ રે. જો૦ ૯
નેવું ઉપર સો વરસ લગે, હોય આયુષ્યની દોરી રે;
હાથે કર્યું તે સાથે આવે, આશ ફલે સવિ તોરી રે. જો૦૧૦
એમ સમજીને ધર્મ કરો જીવ! આગળ સુખ ઘણેરાં રે;
હીરવર્ધન શિષ્ય ક્ષેમ પયંપે, હિતવચન એ ભલેરાં રે. જો૦૧૧

(૩૮)

શ્રી આત્મ પ્રબોધ સજઝાય.

: ઢાળ પહેલી :

(રાગ—કેદારો.)

શ્રી જિનશાસન પામીય, ગુરૂ ચરણે શિર નામીય;
ધ્યાનીય, સેના અંતરારેપુતણીએ. ૧

સાંભળજો સહુ ધામીય, મુગતિ તણા જે કામીય;
પામીય, જીવ સહુ શું હિત ભણી એ. ૨

હિત ભણી કહું શિખ રસાલી, સાંભળ રે તું પ્રાણી;
હિયડા ભીતર આણ અનુદિન, શ્રી જિનવરની વાણી. ૩

ચોરાશી લખ જીવ યોનિમાં, ભમ્યો અનંતી વાર;
જિન દર્શન સાચું પામ્યા વિણ, નવિ છૂટ્યો સંસાર. ૪

ઇણ જગમાં સહુ સ્વારથી મલીયું, તાહરૂં કુણ હિતકારી;
શ્રી જિનધર્મ વિના નહિ કોઇ, સાચું જોઇ વિચારી. ૫

ઇણ અવસર અધિકાર અપૂરવ, જીવ! જોય તું જાગી;
જેતોહી તુજ અર્થે આવે, તેહનો હોયે રાગી. ૬

જિમ એક મહીમંડન નયરી, પ્રજાપાલ ભૂપાલ;
તેહને સુબુદ્ધિ નામે છે મહેતો, બહુ બુદ્ધિવંત દયાલ. ૭

ત્રણ મિત્ર તે મહેતે કીધા. નિત્યમિત્ર છે પાંહલો;
પર્વમિત્ર તે બીજો બોલ્યો, જુહારમિત્ર તે છેલ્લો ૮

નિત્યમિત્ર શું નેહ અતિ ઘણો. ક્ષણ નવિ અળગો મેલે;
જોઇએ તે આગળથી આપે, તેહનું કથન ન ઠેલે. ૯

લાલે પાલે અને પખાલે, ક્ષણ ક્ષણ તસ સંભાલે;
સંતોષે પોષે શણગારે, દુખ આવતું ટાળે ૧૦

પર્વમિત્ર સાથે પણ પૂરો, પ્રેમ હૈયા શું આણે;
તેહને જે જોઇએ તે આપે, કરી આપણો જાણે. ૧૧

જુહાર મિત્રશું જુહાર લગારેક, સુસ્નેહ પાખે દાખે;
મિત્ર ત્રણ સાથે તે મહેતો, પ્રીતિ એણી પેરે રાખે. ૧૨

: ઢાળ બીજી :

(હવે રાણી પદ્માવતી—એ દેશી.)

તેહને એણી પેરે ચાલતાં, મ્હાલતાં મંદિર આપ;
એક દિવસ રાય રીસીયેા, પ્રગટયું તવ તસ પાપ. ૧

મરણાંત કષ્ટ લહી કરી, મહેતે વિમાસ્યું મન્ન;
હવે જોઉં જુગતે પારખું, મિત્ર છે માહરે ત્રણ. ૨

અવસર પંણ આવ્યે થકે, કાજ કરે મુજ જેહ;
પારખું પહેાંચે પરગડુ, શુભમિત્ર કહીયે તેહ. ૩

મનશું વિમાસી એહવું, નિત્યમિત્ર પૂછ્યું તામ;
સુણ ભાઇ! તુજશું માહરે, એક ઉપન્યું છે કામ. ૪

રાય ઘણું રીસે ચડયેા, હવે મેલશે નહિ આજ;
મન માનશે તેમ પીડશે, લેાપશે સઘલી લાજ. ૫

તેહ ભણી નાશી તિહાં થકી, હું આવ્યેા તુજ પાસ;
મુજ રાખ બંધવ! બુદ્ધિ કરી, બીજું ન કાંઇ વિમાસ. ૬

કષ્ટમાં પડીયેા છેાડવે, આગળ આવી આપ;
તેહ મિત્રશું નેહ માંડીયે, નવિ લહીયે જેણે થાપ. ૭

નિત્યમિત્ર વળતું બેાલીયેા, બેાલીયેા મનનેા ભાવ;
હું તેા રાખીશ નહિ કિમે, મત કર મુજશું રાવ. ૮

વ્યવહાર એહનેા આકરેા, રાય દંડે લખ કેાડ;
નાશ તું અહિં છૂટશે નહિ, વાત બીજી હવે છેાડ ૯

આવ્યું ઉદય તે ભેાગવેા, ભેગવેા જુગતે જાણુ;
રાય રાણા તુજ ઉપહુ મલે, તેા પણ ન ટળે એ હાણ. ૧૦

મુજ દેણું હતું તાહરે, આપ્યું તેં એતી વાર;
તાહરું કર્યું તું પામીયેા, મેં કાંઇ કામ ન સાર. ૧૧

મુજ પાસેથી હવે જા પરહેા, મેં છેડયેા તુજ નેહ;
મહેતેા સદ્ગા જસ પેાષતેા, તેણે દીધેા ઇમ છેહ. ૧૨
રાયના જણના હાથમાં, સેાંપવા લાગ્યેા જામ;
મહેતેા વિમાસે મનશું, એ ખલ નીવડયેા આમ. ૧૩

: ઢાળ ત્રીજી :

(રે જીવ! જિનધર્મ કીજ્યે—એ દેશી)

ઉતાવળેા હવે આવીયેા, પર્વમિત્ર પાસે સેાય;
વાત તસ સઘલી કહી, મનશું ધરી દુઃખ રેાય. ૧
એહ દુઃખથી અલગેા કરેા, ણંધવ હવે સજ્જ થાએા;
રાજા કેાપે મુજપર ચડયેા, વહેલા વહારે ધાએા. ૨
મન રાખવા મહેતાતણું, દેતેા મુખ સંતેાષ;
તુજ દુઃખ કારણ આવીયું, તે નહિ તાહરેા દેાષ. ૩
રાતદિવસ રળતેા ઘણું, તે આપતેા અમ સર્વ;
રાખતેા સહુને રૂડી પરે, શું આણીયે મન ગર્વ. ૪
મુજ મન એ દુઃખ અતિ દહે, તુજને દંડે રાજ;
ટાળી ન શકું કષ્ટ તાહરૂં, નવિ ટળે મનથી લાજ. ૫
એણે યુગતે મુખે સંતેાષીયેા, મહેતા પ્રત્યે તેણે નામ;
મહેતાતણું પણ તે થકી, સિધ્યું નહિ કેા કામ. ૬
દેાય મિત્રનું લહ્યું પારખું, તે રહ્યેા મેલી આશ;
ચિંતાસાગરમાંહિ પડયેા, મૂકતેા મુખ નિસાસ. ૭
જલહીન મીન જિમ ટળવળે, મન નહિ ઠામ લગાર;
અરતિ ચિત્ત આવીયેા, જિહાં છે મિત્ર જુહાર. ૮

: ઢાળ ચોથી :

(ધાતકી ખંડના ભરતમાં—એ દેશી.)

મહેતાને મન બહુ દુઃખ દેખી, બોલ્યો મિત્ર જુહાર;
કાં બાંધવ! એવડું દુઃખ વેઠો. કહો મુજને અધિકાર. ૧

તુમે એવડા પડયા દુઃખમાંહી, કાં મુજ નવિ સંભાર્યો;
હવે તે વાત કહો મુજ આગલ, જે દુઃખ કુણે નવિ વાર્યો. ૨

મહેતો તવ બોલ્યો ગળગળતો, શું કહું તમને ભાઇ;
નિત્યમિત્ર ને પર્વમિત્રની, મેં સવિ જોઇ સગાઇ. ૩

રાજા ઘણું રીસ્યો તે કારણ, લાગી બીક અપાર;
મિત્ર એહું મેં ઘણું વિનવ્યા, મન નવિ ઠર્યું લગાર. ૪

જનમલગે જે ધન અરજ્યું, તે સવિ તેહને દીધું;
દોહિલી વેલા એકે અમારૂં, એહથી કાજ ન સીધું. ૫

તુજશું અલગો રહ્યો નવિ મલીયો, તે બોહને નેહ ભલીયો;
રાતદિવસ તેણે બહુ ઝલફલીયો, તુજશું કિમપિ ન હલીયો. ૬

તુજશું મનની વાત ન કીધી, તુજ વાણી શ્રવણે નવિ લીધી;
તાહરે અરથે કદા પણ સીધી, કોડી એક ન દીધી. ૭

કર્યા અનેક અખત્ર અજાણ્યા, દુહવ્યા જીવ અનંત;
કૂડાં કોડીગમે વલી ભાખ્યાં, નવિ સંતોષ્યા સંત. ૮

ઓછાં આપ્યાં અધિકાં લીધાં, કીધા દગા અપાર;
ગામ સીમ આરંભ કર્યા બહુ, પાપ તણા નહિ પાર. ૯

રાયતણા બહુમાન લહીને, પીડયા પરે પરે લોક;
મનશું દયા ન જરાયે આણી, તિણે પાડે જન પોક ૧૦

પલ્લીપતિ થઇ સાથ લૂંટાવ્યા, ઉજાડયાં પુર ગામ;
મારગ પંથી રાંક સતાવ્યા, દીધાં કોડિ કુકામ. ૧૧

પરપ્રાણિની પીડ ન જાણી. દયા લગાર ન આણી;
જિમ તિમ પરની કીધી હાણી, લખમી લીધી તાણી. ૧૨

: ઢાળ પાંચમી :

(સુરતરૂકેરી શાખા ત્રુટી—એ દેશી)

ઇમ અન્યાય કરી પરેપરે, મેં મેળ્યું ધન જેહ;
નિત્યમિત્ર ને પર્વમિત્રને, અરથે આપ્યું તેહ. ૧

પણ પ્રસ્તાવ પડયે એ મિત્તા, નવિ નીમડ્યા લગાર;
માહરૂં કીધું કાંઇ ન જાણ્યું, કિશી ન કીધી સાર. ૨

તાહરૂં એકવાર મેં અળખે, કાંઇ ન કીધું કાજ;
તો તુજ આગળ શું દુઃખ દાખું, આવે એ મુજ લાજ. ૩

વળતું જુહારમિત્ર હવે બોલ્યો, લાજ ન કીજે ભાઇ;
સાવધાન થાજે હવ સુંદર, જો જે મારી સગાઇ. ૪

પ્રેમ ધરીને સાથ ન મળજે, તેહનું કહ્યું મત કરજે;
તે લંપટ જાણી ઓસરજે, રાજાથી મત ડરજે. ૫

હવે મુજ સાથે મલી મનશુદ્ધે, કહીયું કરજે મારૂં;
મુજશું કપટ કદા નવિ મંડે, તો તાહરૂં દુઃખ વારૂં. ૬

પ્રેમ ભલો તિહાં કપટ ન કીજે, મન દેઇને મલીયે;
વળી દુરજનનાં વચનને સાંભળી, અળગાં કિમે ન ટલીયે. ૭

રાજાનું જિહાં નવિ ચાલે, તિહાં તુજને લઇ મેલું;
આવી બેસ બંધવ મુજ બંધે, તાહરી ચિંતા ટેલું. ૮

જો પણ માહરે બંધ ચડીને, વલી જોઇશ એ સામું;
રાજા તુજ તતકાલ ધરીને, ફેરી માગશે નામું; ૯

તેહ ભણી સાવધાન રહી થાજે. બંધવ અહુ શું કહીયે?
સંધિ નર બે સાથે મિલતાં, બેમારગ કિમ જઇએ. ૧૦

મહેતો કહે એવડું મમ કહેશો, તેહને પ્રેમે ધાયો;
તેહને મિત્ર હવે શું કીજે, ભલે મિત્ર તું પાયો. ૧૧
જે તમે કહેશો તે પરે કરશું. બલિહારી તુજ નામે;
એહ રાજા જિહાં પીડી ન શકે, મુજ મેહલો એણે ઠામે; ૧૨

: ઢાળ છઠ્ઠી. :

(આજ ગઇ મનકેરી શંકા—એ દેશી)

તેણે થાનકે જાતાં એ નૃપનાં, જાણુ બહુ દેખા દેશે;
જો મુજથી ક્ષણ અલગા થાશો, તો તે લૂંટી લેશે. ૧
માહરે ખંધ ચડયો તેણે કાંઇ, તુજ સાથે નહિ ચાલે;
સાવજ સિંહતણે શિર બેઠાં, કિમ જંબૂક મુખ ઝાલે. ૨
એકમનો હું છું તુજ ઉપરે, તેહ માનજો સાચું;
તુમથી ક્ષણ અલગા નહિ રહીયે, કિમ મન કીજે કાચું. ૩
મહેતાનું મન નિશ્ચલ જાણી, જુહારમિત્રે પ્રેમ આણી;
મહેતાને નિજ ખંધ ચડાવ્યો, મિત્ર એહવા કર પ્રાણી. ૪
જુહાર મિત્રે જે આજ્ઞા કીધી, તે સવિ મહેતે કીધી;
આતમરાજતણી તેણે પદવી, દિન થોડામાં લીધી; ૫
તેણે રાજાએ કાંઇ ન કરીયું, નવિ મહેતાશું ચાલે;
એહવા ઉત્તમ સ્થાને મેલ્યો, મ્હેતો મનશું મ્હાલે. ૬
મહેતાની સવિ ચિંતા ભાગી, પામ્યો અવિચલ ઠામ;
જૂઓ જુહારમિત્રની કરણી, કર્યું મહેતાનું કામ. ૭
જુહારમિત્ર પ્રસાદે મહેતાના, દૂર ટળ્યા નૃપફંદ;
સવિ સંતાપ નિવર્ત્યા સાથે પામ્યો પરમાનંદ. ૮
દોહિલી વેળા અરથે આયો, તે મિત્રની બલિહારી;
એહવાશું મિત્રાઇ કીજે, અવિચલ ગુણ સંભારી. ૯

: ઢાળ સાતમી :

(આતમ ભક્તિ મહયા કેઇ દેવા—એ દેશી.)

હુવે એ અંતરંગ સંભાલી, પ્રાણી પ્રીછો વાત;
પહેલું ચૌદરાજ તે ચિહું દિશિ, નગર વડું વિખ્યાત. ૧

કર્મપ્રકૃતિ રાજા તે મોટો, જેહની ત્રિભુવન આણ;
મહેતો તે આતમા કહીજે, જોઇ પરખો જાણ. ૨

આતમ મહેતાને માનીતો, નિત્યમિત્ર તે દેહ;
ક્ષણ અલગો ન શકે રહી તેહથી, આણે અતુલ સનેહ. ૩

પુત્રકલત્રાદિક પ્રાણિને, કહીયે મિત્ર તે પર્વ;
પાપ કરી અરજી જે લક્ષ્મી, તેહને સોંપી સર્વ. ૪

જુહારમિત્ર તે ધર્મજ કહીયે, તેહશું જીવ ન રાચે;
મુખને મેળે કદાચિત મળતો, પણ ન મળે મન સાચે. ૫

એણીપેરે કાળ કેટલો જાતે, કર્મઉદય તસ આવે;
આયુકર્મ તુટે તવ પ્રાણી, એહવું મન સંભાળે. ૬

એ કાયા મેં લાલી પાલી, ઘણી પેરે સંભાલી;
અવસર આવે કામ ન આવે, પ્રીતિ કરી વિસરાલી. ૭

વેદની કર્મ ઉદય જબ આવ્યું, દુઃખથી મુજ નવિ રાખ્યો;
પુત્રકલત્રાદિક મનવલ્લભ, પર્વમિત્ર જે ભાખ્યો. ૮

કર્મઉદય આવે તેહુ પણ, રાખી ન શકે કોઇ;
નમિ મહારાય અનાથિની પરે, હૈયે વિમાસે સોઇ. ૯

: ઢાળ આઠમી :

(પ્રભુ તુજ શાસન અતિ ભલું—એ દેશી.)

એ કોઇ જબ કામ ન આવ્યા, તવ તે ધર્મ સંભારે;
જુહારમિત્ર આવી ઇણ અવસરે, સઘળી પીડ નિવારે. ૧

જુહારમિત્રની સાથે ચાલ્યો, તવ ઠેલ્યાં સવિ કર્મ;
મુગતિ ઠામે નિરભય થઇ બેઠો, પામ્યો અવિચલ શર્મ. ૨
સાચો એ અધિકાર સુણીએ, જીવ! હૈયાશું જાગો;
જુહારમિત્રશું પ્રેમ ધરીને, તેહને વચને લાગો. ૩
વડ તપાગચ્છ ગિરૂઆ ગણધર, **શ્રી દેવરત્નસૂરિ;**
શ્રી જયરત્નસૂરિ તસ પાટે, વંદુ આણંદ ભૂરિ. ૪
સાધુશિરોમણિ **ભાનુમેરૂ** ગણી, પંડિત સકળ પ્રધાન;
વડતપગચ્છમંડન વૈરાગી, હુઆ સુગુણનિધાન. ૫
તસ શિષ્ય **નયસુંદર** વાચક, શિખ દીયે અતિ સારી;
સાંભળે જે વાતો હિતકારી, તે સહી તુચ્છસંસારી. ૬
જુહારમિત્રશું રંગે મળશે, તે તરશે સંસાર;
ધર્મપ્રભાવે સદા ફલ સુંદર, નિત નિત જયજયકાર. ૭

(૩૯)

આત્મશિક્ષા રૂપ નાણાવટીની સજઝાય.

(હે સુખકારી આ સંસારથકી જો મુજને ઉદ્ધરે—એ દેશી.)

હો નાણાવટી, નાણું નિરભય ખરૂં પરખાવી લેજે,
તને ધૂતી જશે, પારખસરનું નિરમળ નજરે જોજે;
આ શહેરમાં ઠગ બહુ આવે છે, તે તો ખોટા રૂપીઆ લાવે છે,
સહુ સંસારને મન ભાવે છે. હો નાણાવટી૦ ૧
ચોટે બેસી લેજે નાણું, ખરું ખોટું પરખી સવિ જાણું;
તારે આ અવસર રળવા ટાણું. હો નાણાવટી૦ ૨
હાટે બેસી વેપાર કરજે, કોથળીમાં નાણું ખરૂં ભરજે;
કપટીની સંગત પરિહરજે. હો નાણાવટી૦ ૩

અહીં રૂપૈયો સિક્કા સહ ચાલે,તારૂં પારખું હોય તો પારખી લે;
તે ખોટા હશે તો નહિ ચાલે. હો નાણાવટી૦ ૪

તું તો લોભી શહેરનો છે રાજા, તને લોભે મળીયા ઠગ ઝાઝા;
તેહવી પરજા જેહવા રાજા. હો નાણાવટી૦ ૫

તું તો માઝમ રાતનો વેપારી, તારી પરદેશે ચિઠ્ઠીઓ ચાલી;
તારા નામની હુંડીઓ સિકારી. હો નાણાવટી૦ ૬

નવિ જાણે કપટીની વાતો, ખોટે નાણે રખે લલચાતો;
તું તો સુરત શહેરનો વીવાતો. હો નાણાવટી૦ ૭

ઇમ બોલે વિવેક વાણી, કવિ રૂપવિજય દીલમાં આણી;
તમે સાંભળજો ભવિયણ પ્રાણી. હો નાણાવટી૦ ૮

(૪૦)

શ્રી દાન ધર્મની સજઝાય.

ચોત્રીસ અતિશયવંત, સમવસરણે બેસી હો જગ ગુરૂ;
ઉપદેશે અરિહંત, દાનતણા ગુણ હો પહેલે સુખકરૂ. ૧

દાન દોલત દાતાર, દાન ભાંજે હો ભવનો આંમળો;
દાનના પાંચ પ્રકાર, ઉલટ આણી હો ભવિયણ સાંભળો. ૨

પહેલું અભય સુદાન, દયા હેતે હો નિજ તનુ દીજીએ;
જિમ મેઘરથ રાજન, જીવ સવેને હો નિરભય કીજીએ ૩

બીજું દાન સુપાત્ર, સત્તર ભેદે હો સંજમ જે ધરે;
નિર્મલ વ્રત ગુણ ગાત્ર,તૃણમણિ કંચન હો અદત્ત જે પરિહરે. ૪

અશનાદિક જે આહાર, હેજે દીજે હો હાજર જે હોવે;
જિમ શાલિભદ્ર કુમાર, સુપાત્ર દાને હો મહા સુખ ભોગવે. ૫

અનુકંપા દાન વિશેષ, ત્રીજું દેતાં હો પાત્ર ન જોઇએ;
અન્નનો અરથી દેખી, તેહને આપી હો પુણ્યવંત હોઇએ. ૬

ધન પામી સસનેહ, અવસર આવે હો જ્ઞાતિ જે પોષીએ;
ઉચિત ચોથું એહ, સ્વજન કુટુંબ હો જેહથી સંતોષીએ. ૭

પાંચમું કીરતિદાન, યાચક જનને હો જે કાંઇ આપીએ;
વાધે તેણે યશવાત, જગમાં સઘળે હો ભલપણ થાપીએ. ૮

પામી ચિત્ત વિત્ત પાત્ર, જેહથી પ્રાણીઓ અવિચલ સુખ લહે;
ધન દેતાં ક્ષણ માત્ર, વિલંબ ન કીજે ઉદયરતન કહે. ૯

(૪૧)

શ્રી સ્થૂલિભદ્રજીની સજઝાય.

: દુહા :

સરસ્વતીને ચરણે નમી, મનમથ મારણ ટોલ;
સ્થૂલિભદ્ર ઋષિ આવીયા, કોશા મંદિર બોલ. ૧

ઉંઠ હાથ અલગી રહી, કોશા વદને બોલ;
ચાર માસ ચિત્રશાલીયે, મુનિવર રહ્યા અડોલ. ૨

: ઢાળ :

(દુઃખ દોહગ દૂરે ટળ્યાંરે—એ દેશી.)

કોશા કહે સ્થૂલિભદ્રજી રે, કૂડા કરો ચકડોલ;
સારી પાસા સોગઠા રે, અમ ઘર એ રંગરોલ,
સ્થૂલિભદ્ર! અમઘર એ રંગરોલ. ૩

સ્થૂલિભદ્ર વળતું ઇમ કહે રે, સુણ કોશા અમ બોલ;
અરિહંત નામ હૈયે ધરૂં રે, અમ ઘર એ રંગરોલ રે. કો૦ અ૦૪

શાલ દાલ શુભ સાલણા રે, પોલી ઘીશું ઝબોલ;
ભોજન કીજે ભાવતાં રે, અમ ઘર એ રંગરોલ. સ્થૂ૦ ૫

સરસ નીરસ કરી એકઠાં રે, ભોજન કીજે ઘોલ;
સ્વાદ લંપટપણું પરિહરી રે, અમ ઘર એ રંગરોલ. કો૦ ૬

આંખડીયું દોય આંજીયે રે, ઝબકે ઝાલ કપોલ;
પટ પીતાંબર પહેરીયે રે, અમ ઘર એ રંગરોલ. સ્થૂ૦ ૭

લોચ કરાવું કેશનો રે, માથે ન બાંધું મોલ;
જીરણ વસ્ત્ર પહેરું સદા રે, અમ ઘર એ રંગરોલ. કો૦ ૮

વારૂ વિલેપન કીજીયે રે, કીજીએ અંગ અંઘોલ;
શરીર સુંદર સોહાવીયે રે, અમ ઘર એ રંગરોલ. સ્થૂ૦ ૯

વારૂ વિલેપન વરજિયે રે, વરજિયે અંગ અંઘોલ;
શીલે શરીર સોહાવીએ રે, અમ ઘર એ રંગરોલ. કો૦ ૧૦

કપૂરે કીજે કોગલા રે, મુખે દીજે તંબોલ;
નવલખો હાર હૈડે ધરૂં રે, અમ ઘર એ રંગરોલ. સ્થૂ૦ ૧૧

સુકૃત કરણી કોગલા રે, મુખે ઠવીયે સત્ય બોલ;
અરિહંત નામ હૈયે ધરૂં રે, અમ ઘર એ રંગરોલ. કો૦ ૧૨

સુખ શય્યાએ પોઢીયે રે, હિંચીયે હરષ હિંડોલ;
ધૂપઘટી અતિ મહમહે રે, અમ ઘર એ રંગરોગ. સ્થૂ૦ ૧૩

સંયમ સુંદર સુંદરી રે, પાસે કરતી કલ્લોલ;
જ્ઞાન દીપક દીપે સદા રે, અમ ઘર એ રંગરોલ. કો૦ ૧૪

સોમવિમલ પંડિતતણો રે, કોશા સ્થૂલિભદ્ર બોલ;
ભણે ગણે ને સાંભળે રે, તસ ઘર નિત્ય રંગરોલ રે.
ભવિકા તસ ઘર નિત્ય રંગરોલ. ૧૫

(૪૨)

આત્મભાવના બત્રીસી.

: દુહા :

પાસ જિણેસર પય નમી, સમરી સરસતી માય;
મુઝ વિતક બોલઉં સહી, નિસુણો શ્રી જિનરાય. ૧
આશાતના કીધી ઘણી, આણ વિરાધી જેહ;
તે સવેં મુજ બોલતાં, કિમઇ ન આવી છેહ. ૨
કાલ અનંતો જે ગયો, તુઝ વિણ સ્વામિ જેહ;
જ્ઞાન વિના તે કુણ કહઇ, જે ભવભ્રમણ અનેક. ૩
ઇણિ સંસારઇ ભમંતડાં, પામ્યાં સુખ અપાર;
તુહિ ઇ જીવ તૃપતુ નહિ, સુણો શ્રી જગદાધાર. ૪
યથાપ્રવૃતિ કરણી કરી, પામિઉ માણસ જન્મ;
કાશ કુસુમ નિષ્ફળ કરીઉ, ધિગ્ ધિગ્ મારાં કર્મ. ૫
વેલુ ઘાણી પીલતાં, નેહ કિહાંથી હોઇ;
મૃગતૃષ્ણા જલ પીયતાં, તૃષા છેઠ કિમ હોઇ. ૬
આકદ્રુધ મેલી કરી, ગાયદ્રુધ કિમ થાઇ;
દુરજન માણસ રૂયડાં, સજ્જન જિમ ન કહાઇ. ૭
દરપણમાંહિ ધન ઘણુઉ, લીધઇ સીંઉં સરઇ કાજ;
સુપનાંતરી રાજા થયઉ, સીઉં ધરી આવી રાજ. ૮
ઇમ નરભવ પામી કરી, મઇં નવિ સારીઉં કાજ;
સુણો સ્વામિ ત્રિભુવનધણી. આલિહું યું ભવ આજ. ૯
માયા માંડી અતિ ઘણી, ભામિ પાડયા લોક;
આપ કાજ કીધઉં નહિ, મેલ્યાં ઉપગરણ ફોક. ૧૦
મઇ સિદ્ધાન્ત ભણ્યા ઘણા, પર રીઝવાની કામી;
પણિ [illegible] નહિ, સુણો સંભીસર સ્વામિ. ૧૧

મલિન વેષ પહિર્યા ઘણા, કીધા મસ્તકી લોચ;
દંભ ક્રિયા માંડી બહુલ, કપટબુદ્ધિ આલોચ ૧૨

તપ જપ મિ કીધા ઘણા, પચખાણ સંકેત;
લોક જણાવા કારણિઈં, નરગતણા સંકેત ૧૩

સાધુ સાધુ પોકાર કરી, શ્રાવક પડ્યા પાસ;
પરનિંદા કીધી ઘણી, ધરમ ખરૂં મુઝ પાસ. ૧૪

આચરણા આજ્ઞા ભણી. લોપીઉં મઈં વદી વાદ;
સૂધઉ મારગ ઉલવી, માંડિઉં મિથ્યા વાદ ૧૫

સામાચારી પરતણી, મિ મૂકાવી દેવ;
અક્ષર ખરૂ જાંણુઉં નહી, એ મુઝ ભૂંડી ટેવ. ૧૬

ધરમ જેહથી ઓલખાઉં, હીલ્યા તે ગુરૂરાજ;
તે છાંડી અલગઉ થયઉ, નવિ મુઝ સીધઉ કાજ. ૧૭

સ્વપ્નાંતર સંચઉ નહી, મનસીં ચોરી કીધ;
અણુજાણ્યા અણુઓલખ્યા, પરનઇ આલજ દીધ. ૧૮

સ્વામિ મુઝમાંહી ગુણ નહિ, દોષ તણુઉ આધાર;
તોહિ માન ન મૂંકીઉં, એહવઉ મૂઢ ગમાર. ૧૯

વનિતા સંગ ન છંડીઉં, સીયલ તણુઉ જે ઘાત;
જે લાજું જે ભાખતાં, તે તું જાણઇ વાત. ૨૦

સહિજઇ અબલા જનતણુ, વિભ્રમરૂપ વિલાસ;
શકટ શ્વાન તણીં પરિઇં, તિહાંતિહાં માંડી આશ. ૨૧

ધરમતણુઉ મસ માંડી કરી, પોસ્યા ઇંદ્રી જેહ;
ચુઆ ચંદન છાંટણાં, સુગંધ વિલેપન જેહ ૨૨

ગીતગાન જે આપણાં, નિસુણી હરખ અપાર;
તેહજ કરણી આચર્યા, જિણી હુઇ બહુલ સંસાર ૨૩

શ્રાવકજનથી બીહતાં, તજ્યા પરિગ્રહ સાર;
અભ્યંતર છાંડીઉં નહિ, રાગદ્વેષ નિવાર. ૨૪
એક નિજ ઘર છંડી કરી, બહુ ઘરી મમતા કીધ;
હાહા હું તું નવિ ટલિઉં, સંયમ સીયલ ન લીધ. ૨૫
મહાવ્રત પંચ ન પાલિઆં, મોક્ષતણાં દાતાર;
મઈં લીહાલા કારણે, ચંદન કીધઉં છાર. ૨૬
ક્રોધ લોભ ન છંડીઉં, ન ધરિઉ ઉપશમ રંગ;
પાંચઇ આશ્રવ સેવીયાં, મેં નિઇ હુએા સુચંગ. ૨૭
કહિઇ સ્વામિ કેતી ભણઉં, તુઝ આગલિ હું વાચ.
જઉ કડૂરૂઉ આપણઉ, તે કિમ થાઇ સાચ. ૨૮
હવે સ્વામિ તું મુઝ મલિઉ, ત્રિભુવન માંહિ ઇસ્સીહ;
કરિવરગણ તસુ સિઉં કરઇ, જસુ વુલામણિ સીહ ૨૯
ગરૂડતણી ખંધિઇ ચડી, અહિવિષ કસિઉં કરેઇ;
તિમ સ્વામિ તુંમ નિવસિ, પાપ પીયાણાં લેઇ. ૩૦
વિનતડી તુઝ આગલિઇ, સમરથ જાણી આજ;
જઉ વાહર તું નવિ કરિ, તુસહી પાંચઉ રાજ. ૩૧
બત્રીસ દુહે કરી, સ્તવીઉં પાસ જિણંદ
શ્રીવિદ્યાપ્રભસૂરિ ધમ ભણઇ. તુમ્હે તુઠઇ આણંદ. ૩૨

વિભાગ ચોથો શ્રી સજ્ઝાય સંગ્રહ સંપૂર્ણ

શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ

સમાપ્ત.